સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 24 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૪ જૂન ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# આસામમાં ૧૮ વર્ષથી ઉપરનાને 'આધાર' કાર્ડ નહીં

## ઘૂસણખોરી અટકાવવા રાજ્યના પ્રધાનમંડળનો નિર્ણયઃ આધાર કાર્ડ મેળવવા હવે સરકારને અરજી કરવી પડશે અને વ્યક્તિની પાત્રતા સરકાર નક્કી કરશે

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા વિશ્વ શર્માએ શનિવારે જણાવ્યું હતું કે ગેરકાયદે વસાહતીઓ, ખાસ કરીને બાંગ્લાદેશીઓ આધાર કાર્ડ મેળવી ન શકે, તે માટે રાજ્યના પ્રધાનમંડળે ૧૮ વર્ષથી મોટી વયના લોકોને આધાર કાર્ડ નહિ આપવાનો નિર્ણય લીધો છે.

તેમણે પ્રધાનમંડળની બેઠક બાદ પત્રકાર પરિષદમાં સંબંધિત જાણકારી આપતા જણાવ્યું હતું કે આધાર કાર્ડ આપવા માટે હવે જિલ્લાના કમિશનરે રાજ્ય સરકારને એક દરખાસ્ત મોકલવી પડશે અને તે પછી રાજ્ય સરકાર અરજદાર આધાર કાર્ડ મેળવવા માટે લાયક છે કે નહિ, તે અંગે નિર્ણય કરશે.

આસામના મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યમાં અત્યાર સુધીમાં લગભગ બધા નાગરિકોને આધાર કાર્ડ આપી દેવાયા છે અને તેથી આધાર કાર્ડ માટેનો નવો અરજદાર કોણ છે? તેની તપાસ થવી જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે કોઇ ગેરકાયદે બાંગ્લાદેશી આધાર કાર્ડ મેળવી ન લે, તેનું ધ્યાન રાખવા માટે આ પગલું ભરાયું છે.

આમ છતાં, આસામમાં ચાના બગીચામાં કામ કરતા લોકો અને અનુસૂચિત જનજાતિના લોકોને હાલમાં આધાર કાર્ડ આપવાનું ચાલુ રખાશે.

આસામના મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે (જુઓ પાનું ૨) ▶▶

## ભારતે બેલિસ્ટિક મિસાઈલ આંતરવાની ક્ષમતા મેળવી

નવી દિલ્હીઃ ભારતે બહુસ્તરીય બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ (બીએમડબ્લ્યુ) સિસ્ટમની લાંબા અને મધ્યમ આંતરવાની ક્ષમતાની ચાવીરૂપ પ્લેટફોર્મ પર ફ્લાઈટ ટેસ્ટ કરી હતી. બીએમડી લાંબા અંતરના અણુ મિસાઈલ અને અવાકસ (એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ) સહિતની મિસાઈલને આંતરવાની ક્ષમતા ધરાવે છે, એવી માહિતી સંરક્ષણ મંત્રાલયે આપી (જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝની નાકાબંધીનો ભંગ નહીં સાંખી લેવાયઃ રુબિયો

### ત્રણ ભારતીયનાં મોત સંબંધે અમેરિકાના વિદેશ પ્રધાનને જયશંકરે ફોન કર્યો ત્યારે મળ્યો આવો જવાબ

નવી દિલ્હીઃ હાલમાં યુરોપના પ્રવાસે રહેલા ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન તેમણે ઓમાનની ખાડીમાં અમેરિકન નૌકાદળના હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોતનો મુદ્દો ઉઠાવ્યો હતો. તમામ વેપારી જહાજ હોર્મુઝ સામુદ્રધુનીમાં અમેરિકાના આદેશોનું તાત્કાલિક પાલન કરે, એમ અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરને જણાવ્યું હતું. અમેરિકા દ્વારા મૂકવામાં આવેલા (જુઓ પાનું ૨) ▶▶

## આજે અમેરિકા સાથે કરાર નહીંઃ ઈરાન

### ૨૪ કલાકમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થશે એવા પાકિસ્તાનના નિવેદનનો તહેરાને છેદ ઉડાડ્યો

ઇસ્લામાબાદઃ શાંતિ કરારની શરતોને મામલે અમેરિકા અને ઇરાન વચ્ચે સહમતી સધાઈ હોવાનું જણાવતાં પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે પ્રદેશમાં રાજદ્વારી ક્ષેત્ર આ મહત્ત્વપૂર્ણ સફળતા છે. આગામી ૨૪ કલાકમાં કોઈપણ ઘડીએ કરાર થશે એમ પણ તેમણે કહ્યું હતું. જોકે શનિવારે મોડી સાંજે પાકિસ્તાનના નિવેદનનો છેદ ઊડાડતા ઇરાને સ્પષ્ટતા કરી હતી કે આજે રવિવારે તો બંને દેશ વચ્ચે કોઇ શાંતિ કરાર (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાનના સુપ્રીમ નેતાની દફનવિધિ નવમી જુલાઈએ

તહેરાનઃ ઇરાનના સર્વોચ્ચ નેતા આયોતલ્લા અલી ખામનેઈને દફનાવવાની નવી તારીખ જાહેર કરી દેવામાં આવી છે.

વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર અલી ખામનેઈના રાજકીય અંતિમસંસ્કારની વિધિ ચાર જુલાઈથી શરૂ થશે અને નવ જુલાઈએ તેમને દફનાવવામાં આવશે.

દેશમાં મોહર્રમના આયોજનની તૈયારી ચાલી (જુઓ પાનું ૨) ▶▶

## રામ મંદિરમાં દાનની ચોરીઃ 'સિટ' રચાઇ, એક પકડાયો

**છાણની નીચે છુપાવેલા રોકડા દસ લાખ રૂપિયા મળ્યા**

અયોધ્યાઃ રામ મંદિરમાં શ્રદ્ધાળુઓએ આપેલા દાન કે ચઢાવાની ચોરીની તપાસ કરવા માટે ઉત્તર પ્રદેશ સરકારે સ્પેશલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સિટ) રચી છે. સ્પેશલ ઑપરેશન ગ્રૂપે એક યુવાનની ધરપકડ કરી છે. તે મંદિરનો કર્મચારી હોવાનું કહેવાય છે.

તપાસ કરી રહેલી એજન્સીઓ સીસીટીવી ફૂટેજને આધારે તપાસ આગળ વધારી રહી છે.

અયોધ્યાના રામ જન્મભૂમિ મંદિરમાં શ્રદ્ધાળુઓએ આપેલા દાનની રકમમાંની કહેવાતી ગેરરીતિની તપાસ ઝડપથી આગળ વધી રહી છે.

ચોરીના કિસ્સામાં પકડાયેલા યુવાનનું નામ લવકુશ મિશ્ર છે અને તે રુદૌલીના (જુઓ પાનું ૨) ▶▶







## લેફ. જનરલ ધીરજ સેઠ પાયદળના નવા વડા

નવી દિલ્હીઃ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય પાયદળના નવા વડા હશે એવી જાહેરાત સંરક્ષણ ખાતાએ શનિવારે કરી હતી.

લેફ. જનરલ સેઠ હાલ સેનાના નાયબ વડા તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેઓ ૩૦ જૂને હોદ્દા પરથી વિદાય લઈ રહેલા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનું સ્થાન લેશે. સેનાના વરિષ્ઠ અધિકારી સેઠ, નેશનલ ડિફેન્સ એકેડમી (ખડકવાસલા)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે (જુઓ પાનું ૨) ▶▶

## આસામમાં હવાઇ દળનું વિમાન તૂટી પડ્યુંઃ પાંચ સૈનિક શહીદ

નવી દિલ્હીઃ આસામના જોરહાટમાં શનિવારે ઉતરાણ દરમિયાન આઈએએફનું રશિયન બનાવટનું એએન-૩૨ માલવાહક વિમાન તૂટી પડતાં ભારતીય હવાઈદળના બે અધિકારી સહિત પાંચ સૈનિક શહીદ થયાં હતાં.

વિમાનના ઈજાગ્રસ્ત કો-પાઈલટને સારવારાર્થે જોરહાટસ્થિત મિલિટરી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર દુર્ઘટના સમયે વિમાનમાં કુલ છ જણ સવાર હતા.

ભારતીય હવાઈ દળના જણાવ્યા અનુસાર રૂટિન સૉર્ટી દરમિયાન સવારે ૧૦:૦૦ વાગે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. મૃતક અધિકારીઓમાં સ્ક્વોડ્રન લીડર (જુઓ પાનું ૨) ▶▶

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૪-૬-૨૦૨૬ થી તા. ૨૦-૬-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મેષ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ મિથુન રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃષભ રાશિમાં રહે છે. તા. ૧૫મીએ મિથુનમાં, તા. ૧૭મીએ કર્કમાં, તા. ૧૯મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના આ સપ્તાહના કામકાજમાં પરિવર્તનો લાવશો. શૅરબજારનું આ સપ્તાહનું કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. તા. ૧૬, ૧૭, પ્રવાસ માટે શુભ જણાય છે. ધાર્યા મુજબના મિલકત, વાહનના કામકાજ સફળ પુરવાર થશે. કારોબારમાં નાણાં ખર્ચ, નાણાંના રોકાણ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓ આ સપ્તાહમાં પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી કરી શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયનના નિર્ણયોમાં સફળતા પ્રાપ્ત કરશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વેપારમાંથી નાણાં લાભ મેળવશો. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૮ શુભ જણાય છે. નવા નાણાં આવકનાં સાધનો મેળવશો. પરિવારના સભ્યો સાથે એકવાક્યતા અને સંપ જળવાઈ રહેશે. મિલકતના નિર્ણયોમાં જન્મકુંડળીનો આધાર લેવો જરૂરી જણાય છે. નાણાં ખર્ચ પરત્વે સતર્કતા દાખવવી જરૂરી છે. વેપારના કામકાજ સફળતાથી પૂર્ણ કરશો. મહિલાઓને સ્વતંત્ર કારોબારમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં એકાગ્રતા દાખવી શકશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થાય. નવું રોકાણ થાય. તા. ૧૬, ૧૭, ૨૦ના કામકાજ સફળતા દર્શાવે છે. પરિવારના સભ્યો સાથેના કારોબાર માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. નાણાં વ્યવહાર અનુકૂળ પુરવાર થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે સફળતા અનુભવાય. પરિવારમાં માંગલિક પ્રસંગોની ઉજવણી શક્ય જણાય છે. મહિલાઓ માટે આ સપ્તાહ અનુકૂળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયના અભ્યાસ માટે સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં ધાર્યા મુજબ અધ્યયન કાર્ય પૂર્ણ કરી શકશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરી માટે આ સપ્તાહમાં તા. ૧૭, ૧૮, ૧૯ શુભ જણાય છે. મિલકત-વાહન, મકાન ઈત્યાદિના કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. ભાગીદાર કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. મિત્રોમાં યશ મેળવશો. મહિલાઓને નોકરીના કામકાજમાં પરિવર્તનો જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ અનુભવશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નવીન કાર્યપદ્ધતિ પણ અપનાવશો. નોકરી માટે તા. ૧૫, ૧૬ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સમયાનુસાર માર્ગદર્શન પણ મેળવશો. વેપાર માટે આ સપ્તાહના ગોચરગ્રહ સતર્કતા દાખવવાનું સૂચવે છે. નાણાં વ્યવહારમાં સાવચેતી દાખવવી જરૂરી છે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. નોકરી વિશેના પ્રશ્નો ઉકેલાશે. વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ સફળતાસૂચક જણાય છે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ, નવી કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો સાથેનો જૂનો વિવાદ પણ ઉકેલાશે. નાણાંની આવક સ્વતંત્ર કારોબારમાં જળવાઈ રહેશે. તા. ૧૬, ૧૭, ૧૮ કારોબારની નાણાં આવકની વૃદ્ધિ દર્શાવે છે. સપ્તાહમાં સ્વતંત્રપણે કારોબારના નિર્ણયો સફળતાથી લઈ શકશો. પ્રવાસ લાભદાયી પુરવાર થશે. મહિલાઓના ધાર્મિક કાર્યો પણ સફળ બની રહેશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના કામકાજનો પ્રારંભ કરી શકશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં વ્યક્તિગત પ્રભાવ, માનમરતબો વધશે. કારોબારના મિત્રો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. આત્મવિશ્વાસ દૃઢ બનશે. નવીન પ્રવૃત્તિઓના પ્રારંભ માટે મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભમાં અનુકૂળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં મંદગતિનો અનુભવ થાય. લે-વેંચના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં સફળતા અનુભવશો. તા. ૧૭, ૧૮, ૧૯ પ્રવાસ માટે શુભ ફળદાયી જણાય છે. કુટુંબીજનો સાથેના નાણાં વ્યવહારમાં અનુકૂળતા જણાશે. મહિલાઓને કુટુંબના પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. પ્રવાસ દ્વારા કુટુંબના કામકાજ પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં સંઘર્ષ છતાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કાર્યદક્ષતા, એકાગ્રતા અનુભવ ઉપયોગી થશે. નવું રોકાણ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૧૫, ૧૬, ૧૮ નોકરી માટે પ્રગતિસૂચક જણાય છે. યશ, માન-પાન વગ ઈત્યાદિનો પૂર્ણ ઉપયોગ કાર્યક્ષેત્રે થઈ શકશે. નવા નાણાં આવકનાં સાધનો મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. કુટુંબના સદસ્યો સાથે પ્રવાસ જણાય છે. વિદ્યાર્થીઓ નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપારથી લાભ મેળવશો. લાંબા સમયનું નાણાં રોકાણ પણ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૧૫, ૧૬, ૧૭ ધાર્યા મુજબનો પ્રવાસ દર્શાવે છે. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. નાણાં આવક જળવાઈ રહે છતાંય નાણાં ખર્ચ માટે સતર્ક રહેવું જરૂરી છે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં સફળતા જણાય. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું રોકાણ શક્ય જણાય છે. નોકરીમાં આ સપ્તાહ શુભ પુરવાર થશે. તા. ૧૮, ૧૯, ૨૦ નોકરી માટે સફળતા દર્શાવે છે. મિત્રોમાં આ સપ્તાહમાં નાણાં વ્યવહાર પૂર્ણ કરી શકશો. સાહસિકતા, આત્મવિશ્વાસપૂર્વક કાર્યક્ષેત્રે સફળતા મેળવી શકશો. વ્યવહારુતાથી કામકાજના પ્રશ્નોનો ઉકેલ લાવી શકશો. મુસાફરી દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન મેળવશો.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. તા. ૧૪, ૧૫, ૧૯, ૨૦ નોકરી માટે શુભ પુરવાર થશે. નોકરીમાં ધાર્યા મુજબના નિર્ણયો સ્વપ્રયત્ને લઈ શકશો. નાણાંની આવક જળવાય, બચત થાય તથા પરિવારના પ્રસંગો માટે નાણાંની જોગવાઈ સફળતાથી થઈ શકશે. સ્વાસ્થ્ય જળવાશે. મહિલાઓ વ્યવહારુપણે પરિવારના પ્રશ્નોનો ઉકેલ લાવી શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અપેક્ષિત તક પ્રાપ્ત કરશે. ■

## આજનું પંચાંગ

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, રવિવાર, તા. ૧૪-૬-૨૦૨૬ દર્શ અમાવસ્યા, અન્વાધાન,

ભારતીય દિનાંક ૨૪, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ -૧૪
જૈન વીર સંવત ૨૫૫૨,
માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ-૧૪
પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨૮મો,માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૨-૧૩ સુધી, પછી મૃગશીર્ષ
ચંદ્ર વૃષભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભમાં (બ, વ, ઉ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
:- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી : સવારે ક. ૧૧-૨૮, રાત્રે ક. ૨૩-૦૧
ઓટઃ સાંજે ક. ૧૭-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૧૯ (તા. ૧૫).

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ - ચતુર્દશી. દર્શ અમાવસ્યા, અન્વાધાન, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ સૂર્ય-ચંદ્ર દેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, બ્રાહ્માજીનું પૂજન, જાંબુના ઔષધીય પ્રયોગો, તીર્થમાં પિતૃશ્રાદ્ધ, તર્પણ, સ્નાન, નિત્ય થતાં દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
પુરુષોત્તમ માસ મહિમાઃ માસના અંતે કરેલી ભૂલોની ક્ષમા માગવી અને ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા (આભાર) વ્યક્ત કરવી. આજ રોજ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચનનું મહત્ત્વ છે.આજ રોજ તીર્થમાં તર્પણ શ્રાદ્ધ, પીંડ શ્રાદ્ધ, ગાયમાતાનું પૂજન,સમાજોપયોગી સેવા કાર્યો કરવાં.
આચમનઃ ચંદ્ર-શનિ અર્ધત્રિકોણ કાળજીવાળા, બુધ-હર્ષલ અર્ધચતુષ્કોણ કટાક્ષપ્રિય.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ અર્ધત્રિકોણ, બુધ-હર્ષલ અર્ધચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૪-૬-૨૦૨૬ થી તા. ૨૦-૬-૨૦૨૬

રવિવાર, અધિક જયેષ્ઠ વદ-૧૪, વિ. સં. ૨૦૮૨, તા. ૧૪મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૨-૧૩ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, અધિક જયેષ્ઠ વદ-૩૦, તા. ૧૫મી. નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૧૯-૦૭ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૮-૪૦ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. સોમવતી અમાવસ્યા સવારે ક. ૦૮-૨૩ સુધી, નિરયન સૂર્ય મિથુન રાશિમાં બપોરે ક. ૧૨-૫૧, મુહૂર્ત ૩૦, સામ્યાર્ઘ, પ્રતિપદા ક્ષય તિથિ છે. સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૫૧ થી સૂર્યાસ્ત, રાજસ સંક્રાંતિ (ઓરિસ્સા), ઈષ્ટિ, શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, નિજ જયેષ્ઠ સુદ-૨, તા. ૧૬મી, નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૬-૧૧ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મુહૂર્ત, ૪૫, સમર્ઘ, દશહરા પ્રારંભ. ઉપનયન, શુભ દિવસ.

બુધવાર, નિજ જયેષ્ઠ સુદ-૩, તા. ૧૭મી, નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૩-૩૬ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૮-૧૨ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. મુસ્લિમ ૧લો મોહર્રમ માસારંભ ૧૪૪૮, રંભાવ્રત, મહારાણા પ્રતાપ જયંતી, મેલા હલદી ઘાટી (રાજસ્થાન). વાસ્તુ, ખાત, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા શુભ દિવસ.

ગુરુવાર, નિજ જયેષ્ઠ સુદ-૪, તા. ૧૮મી, ૨૦૨૬, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૧૧-૩૧ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, ગુરુ અર્જુનદેવ શહીદ દિન (શીખ), ઉમા ચતુર્થી (બંગાળ-ઓરિસ્સા), ભદ્રા પ્રારંભ ક. ૦૮-૧૩થી સાંજે ક. ૧૮-૫૮, ગુરુ પુષ્યામૃત યોગ સૂર્યોદયથી ૧૧-૩૧. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, નિજ જયેષ્ઠ સુદ-૫, તા. ૧૯મી, નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૧૦-૦૬ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૧૦-૦૬ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. મહાદેવ વિવાહ (ઓરિસ્સા). લગ્ન, વાસ્તુ, ખાત, ઉપનયન સવારે ક. ૧૦-૧૦ પછી શુભ.

શનિવાર, નિજ જયેષ્ઠ સુદ-૬, તા. ૨૦મી, નક્ષત્ર મઘા સવારે ક. ૦૯-૨૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. આરોગ્ય ષષ્ઠિ, અરણ્ય ષષ્ટિ, જામાત્રા ષષ્ઠી (બંગાળ), વિંધ્યવાસિની પૂજા, મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણદિન (ઝાંસી) મંગળ વૃષભમાં ક. ૨૩-૫૯, લગ્ન, ખાત, સામાન્ય દિવસ. ■

# એન્થ્રોપિકે ફેબલ ફાઈવ, માઈથોસ ફાઈવ એઆઈ મૉડલ્સનું ઍક્સેસ બંધ કર્યું

### અમેરિકામાંના કે બહારનાઓને ઍક્સેસ બંધ કરવા સરકારના આદેશ પછી કંપનીનું પગલું

નવી દિલ્હીઃ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ક્ષેત્રની મોટી કંપની એન્થ્રોપિકે એડવાન્સ્ડ એઆઇ મૉડલ્સ - ફેબલ ફાઇવ અને માઇથોસ ફાઇવનું ઍક્સેસ બધા ગ્રાહકો માટે બંધ કર્યું છે.

અમેરિકાની સરકાર દ્વારા રાષ્ટ્રીય સુરક્ષાનું કારણ આપીને એડવાન્સ્ડ એઆઇ મૉડલ્સની નિકાસ પર અંકુશ મૂકતા અપાયેલા નિર્દેશને પગલે એન્થ્રોપિકે આ પગલું ભર્યું હતું. કંપનીએ બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકાની સરકારે ફેબલ ફાઇવ અને માઇથોસ ફાઇવ જેવા એડવાન્સ્ડ એઆઇ મૉડલ્સનું ઍક્સેસ અમેરિકામાંના એન્થ્રોપિકના વિદેશી કર્મચારીઓ સહિત અમેરિકાની અંદર કે બહાર રહેતા વિદેશી નાગરિકો મેળવી ન શકે, એવો આદેશ આપ્યો હોવાથી અમે તેનું ઍક્સેસ બધા ગ્રાહકો માટે બંધ કર્યું છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે અમારા બધા ગ્રાહકોનું ફેબલ ફાઇવ અને માઇથોસ ફાઇવ એઆઇ મૉડલ્સનું ઍક્સેસ ડિસએબલ (બંધ) કર્યું છે. આમ છતાં, એન્થ્રોપિકના અન્ય મૉડેલ્સના ઍક્સેસને કોઇ અસર નહિ થાય. એન્થ્રોપિકના સૌથી મોટાં બજારોમાં બીજો ક્રમ ભારતનો છે અને તેથી કંપનીના આ પગલાંની માઠી અસર ભારતીય વપરાશકારો પર પડશે.

ટીસીએસના ૫૦,૦૦૦ કર્મચારીને એન્થ્રોપિક્ના મૉડલ્સ પૂરા પાડવા તાજેતરમાં કરાર થયા હતા.

આ ઉપરાંત, ઇન્ફોસીસ દ્વારા ફેબ્રુઆરીમાં જાહેર કરાયેલા આપસમાં સહકાર વધારવાના કરારમાં ક્લાઉડ ફેમિલીના મૉડલ્સનો ઉપયોગ કરીને એડવાન્સ્ડ એન્ટરપ્રાઇઝ એઆઇ સોલ્યુશન્સ પૂરા પાડવાની જોગવાઇ હતી. ભારત સરકારની ચોક્કસ એજન્સીઓ અને ખાનગી કંપનીઓએ પ્રૉજેક્ટ ગ્લાસવિંગ હેઠળ સાયબરસિક્યોરિટી ઇનિશ્યટિવ હેઠળ તાજેતરમાં માઇથોસ મૉડલના ઍક્સેસની પરવાનગી આપી હતી. (એજન્સી)■

# ભારત જી-૭ સમિટમાં વિકાસશીલ દેશની આકાંક્ષાને વાચા આપશેઃ મોદી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે ભારત આગામી જી-૭ શિખર પરિષદમાં ફક્ત ભારત માટે જ નહીં બોલે પરંતુ અવિકસિત અને વિકાસશીલ દેશોની આકાંક્ષાને વાચા આપશે. ફ્રાન્સ અને સ્લોવૅકિયાની સાત દિવસની મુલાકાત માટે રવાના થતા પહેલાંના તેમના નિવેદનમાં તેમણે કહ્યું હતું કે જી-૭માં ભારતની હાજરી તેના ભાગીદાર દેશો ભારતમાં કેટલો વિશ્વાસ રાખે છે અને ભારત વૈશ્વિક સ્તરે વિકાસ કરી રહ્યો છે એની ખાતરી આપે છે.

મોદીએ કહ્યું હતું કે ભારતને જી-૭ની આઠમી શિખર પરિષદમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. આમાં ભારત ફક્ત પોતાના દેશ માટે નહીં, પરંતુ અવિકસિત અને વિકાસશીલ દેશોન આકાંક્ષાને વાચા આપશે. જી-૭ શિખર પરિષદ ફ્રાન્સના ઈવિઆનમાં ૧૬ અને ૧૭ જૂને યોજાવાની છે. (એજન્સી)■

# પાકિસ્તાની એલઓસી પરથી પકડાઈ ગયો

**સુરેશ એસ ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લાના સિમરી ગામમાં સુરક્ષા દળોએ એક પાકિસ્તાની નાગરિકને પકડ્યો હતો. પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીરના ૧૯ વર્ષના યુવાનને પકડવામાં આવ્યો છે. તેની ઓળખાણ મુઝફ્ફરાબાદમાં રહેતા અશદ ખાનના પુત્ર જાનજે ખાન તરીકે થઈ છે. ચિનાર કોરના સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ પરથી મળેલી ગુપ્તચર બાતમીના આધારે ચિનાર વોરિયર્સે જમ્મુ અને કાશ્મીર પોલીસ સાથે સંયુક્ત અભિયાન ચલાવીને કુપવાડાના સિમરી ગામમાં એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી હતી. આ યુવાને શંકાસ્પદ સંજોગોમાં અંકુશરેખા પાર કરી હતી. ધરપકડ કરાયેલા યુવાનની પૂછપરછ કરાઈ રહી છે. અગાઉ સોશ્યલ મીડિયા પર આવી જ એક લવ સ્ટોરીએ ચકચાર મચાવી હતી. પીઓકેના બાવીસ વર્ષના યુવાને અંકુશરેખા પાર કરીને કાશ્મીર પહોંચી ગયો હતો. ભારતીય લશ્કરે ઉડી સેક્ટરમાં તેની ધરપકડ કરી હતી. તેને બાદમાં જમ્મુ ને કાશ્મીર પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો. લશ્કરની શ્રીનગરસ્થિત ચિનાર કોરે માહિતી આપી છે કે એક ઘૂસણખોરને ઉડી સેક્ટરમાં અંકુશરેખા પાર કરતો હતો ત્યારે પકડી લેવામાં આવ્યો હતો. કુપવાડામાં અગાઉ પણ સ્થાનિક લોકોની સજાગતાને લીધે ઘણા ઘૂસણખોરો પકડાયા છે. ■

# કેન્દ્રીય વિદ્યાલયોમાં ધોરણ છ અને નવમાં એક સંસ્કૃત સૅક્શન ફરજિયાત

નવી દિલ્હીઃ કેન્દ્રીય વિદ્યાલય સંગઠને પોતાની બધી શાળામાં ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્રથી ત્રણ ભાષાના માળખાના અમલ માટે ધોરણ છ અને નવમાં ઓછામાં ઓછા એક સંસ્કૃત સૅક્શનને ફરજિયાત રાખવાનો નિર્ણય લીધો છે.

શિક્ષણ મંત્રાલય દ્વારા ૨૯ મેએ બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું હતું કે બધી કેન્દ્રીય વિદ્યાલયોએ ત્રણ ભાષા શીખવવાના માળખા હેઠળ વિદ્યાર્થીઓ અને તેઓના માતા-પિતા પાસે વિકલ્પ પસંદ કરવાની પ્રક્રિયા પૂરી કરવી પડશે.

તેણે જણાવ્યું હતું કે હિંદી અને અંગ્રેજી ઉપરાંત ત્રીજી ભાષા તરીકે સંસ્કૃત અથવા પ્રાદેશિક કે રાજ્યની ભાષા હોવી જરૂરી છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ સંસ્કૃત કે પ્રાદેશિક ભાષા વચ્ચે પસંદગી કરી શકે છે. દરેક કેન્દ્રીય વિદ્યાલયોમાં ઓછામાં ઓછું એક સૅક્શન સંસ્કૃતનું હોવું જરૂરી રહેશે.કેન્દ્રીય વિદ્યાલય સંગઠને શાળાના સ્તરે કર્મચારીઓની ફરી ગણતરી કરવા માટે ત્રીજી ભાષા કઇ પસંદ કરાય છે, તેની માહિતી સમાગમ પૉર્ટલ પર આપવા સૂચના આપી હતી.

પરિપત્રમાં જણાવાયું હતું કે દરેક કેન્દ્રીય વિદ્યાલયે ધોરણ છ અને નવમાં વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરાયેલી ત્રીજી ભાષાને આધારે સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાના વિલીન કરાયેલા સૅક્શનની માહિતી અલગ - અલગ આપવાની રહેશે. આ ઉપરાંત, ત્રીજી ભાષા તરીકે અગાઉ પસંદ કરાયેલી ભાષા જ ચાલુ રાખનારા વિદ્યાર્થીઓને વર્ગોના સરળ સંચાલન માટે એ જ સૅક્શનમાં ચાલુ રાખવા.

તેણે જણાવ્યું હતું કે કેટલા વિદ્યાર્થીઓએ કઇ ભાષા પસંદ કરી છે, તેના પરથી શાળામાં સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાના સૅક્શનની સંખ્યા નક્કી થશે. જે શાળામાં એક જ સૅક્શન હશે, તેમાં ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થી સાથે સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાના અલગ બૅચ રચી શકાશે. (એજન્સી)■

# ટીએમસીના અભિષેક બેનરજીના ઘરે દરોડાઃ તેમના પીએને શોધવા પોલીસ આવેલી

### મધરાત પછી પોલીસ પહોંચી, તાળાં તોડયાંઃ મમતા પણ દોડી આવ્યાં

કોલકાતાઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કથિત નાણાકીય છેતરપિંડીના સંબંધમાં તેમના પીએને પકડવા માટે કેન્દ્રીય દળો સાથે પોલીસ કર્મચારીઓએ શનિવારે અહીં ટીએમસી સાંસદ અભિષેક બેનરજીના નિવાસસ્થાનની ઘણા કલાકો સુધી તપાસ કરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે શોધનો હેતુ મુખ્યત્વે અભિષેકના અંગત સહાયક (પીએ) સુમિત રોયને શોધવાનો હતો, જે સાલ્બોની પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા નાણાકીય છેતરપિંડી કેસમાં ચાલી રહેલી તપાસના સંદર્ભમાં વોન્ટેડ છે. પશ્ચિમ મેદિનીપુરના સાલ્બોની પોલીસ સ્ટેશનની એક ટીમ અને કોલકાતા પોલીસ કર્મચારીઓની મદદથી, આ કાર્યવાહી મોડી રાત્રે લગભગ બે વાગ્યે શરૂ થઈ હતી અને ત્યારબાદ વિવાદ શરૂ થયો હતો, જેમાં ટીએમસીએ ‘‘રાજકીય બદલો’’ લેવાનો આરોપ લગાવ્યો હતો અને ભાજપના નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તપાસકર્તાઓ ફક્ત યોગ્ય પ્રક્રિયાનું પાલન કરી રહ્યા છે.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ટીએમસી સુપ્રીમો મમતા બેનરજી અભિષેકના કાલીઘાટ નિવાસસ્થાને દોડી ગયા હતા અને સર્ચ ઓપરેશન પૂર્ણ ન થાય અને પોલીસ પરિસર છોડી ગઈ ત્યાં સુધી ત્યાં જ રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, રોયનો મોબાઇલ ફોન છેલ્લે બેનરજીના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાન પરથી ટ્રેસ થયો હતો, જેના કારણે તપાસકર્તાઓએ કાર્યવાહી શરૂ કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દરોડા પાડતી પોલીસ ટીમે વારંવાર અભિષેકના નિવાસસ્થાનના દરવાજા ખખડાવ્યા હતા, પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો અને તેમને લગભગ ચાર કલાક સુધી બહાર રાહ જોવાની ફરજ પડી હતી.

જોકે, લગભગ દોઢ કલાક સુધી પરિસરની તપાસ કર્યા પછી સવારે ૭.૩૦ વાગ્યે દરોડા પાડતી ટીમ રવાના થયા બાદ અભિષેકે પત્રકારોને જણાવ્યું હતું કે ‘‘તેઓએ તાળું તોડીને આખા ઘરની તપાસ કરી હતી.’’

કાલીઘાટના પટુઆપારા વિસ્તારમાં પરિસરમાં ભારે સુરક્ષા રાખવામાં આવી હતી, પડોશમાં કેન્દ્રીય દળો તૈનાત હતા, જ્યારે કાલીઘાટ અને ભવાનીપુર પોલીસ સ્ટેશનના પોલીસોએ શોધખોળ ટીમને મદદ કરી હતી.

પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે રોય, જે હજુ સુધી શોધી શકાયો નથી, તેની શોધ ૬ જૂનના રોજ ભૂતપૂર્વ ટીએમસી ધારાસભ્ય અને પશ્ચિમ મેદિનીપુર જિલ્લાના પાર્ટીના ભૂતપૂર્વ પ્રમુખ સુજોય હાજરાની ખડગપુરથી ખંડણી અને જમીન છેતરપિંડીના આરોપસર ધરપકડ સાથે જોડાયેલી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આસામમાં

આ પ્રતિબંધનો સંપૂર્ણ અમલ ૨૦૨૭ની પહેલી એપ્રિલથી કરાશે અને ત્યારથી બધા સમુદાયના ૧૮ વર્ષથી મોટી વયના લોકોને આધાર કાર્ડ આપવાનું બંધ કરાશે.

રાજ્યમાંના ૧૮ વર્ષથી નાની વયના લોકોને આધાર કાર્ડ આપવાનું ચાલુ રખાશે.

અગાઉ, હિમંતા વિશ્વ શર્માએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આધાર કાર્ડ આપવામાં ‘ઘણું કડક’ વલણ અપનાવશે. આસામમાં આધાર કાર્ડ મેળવવાનું સરળ નહિ હોય. (એજન્સી)■

### આજે અમેરિકા

નહીં થાય અને સમજૂતી માટેની તારીખ માટે હજી થોડી રાહ જોવી પડશે.

બંને દેશ વચ્ચે મધ્યસ્થી કરાવવાના પાકિસ્તાન દ્વારા સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવા વચ્ચે તેમણે કહ્યું હતું કે આ શાંતિ મંત્રણા ભાંગી પડે તે માટે અમુક લોકો ખોટી માહિતી ફેલાવવાની ઝુંબેશ સતત ચલાવી રહ્યા છે. (એજન્સી)■

### ઈરાનના

રહી હોવા વચ્ચે આ જાહેરાત કરવામાં આવી હતી.

તહેરાનના મેયર અલીકેજા જકાનીના જણાવ્યા અનુસાર મોહરમને ધ્યાનમાં રાખીને ઇરાનના સર્વોચ્ચ નેતા અલ ખામનેઈના રાજકીય અંતિમ સંસ્કારને ટાળી દેવામાં આવ્યો છે.

મોહરમ દરમિયાન થનારાં પારંપારિક આયોજનો અને શોક સભાઓ પર અસર ન પડે તે માટે ખામનેઈના અંતિમસંસ્કાર સંબંધિત જે કાર્યક્રમની અગાઉ તૈયારી કરવામાં આવી હતી તેમાં ફેરબદલ કરવામાં આવ્યો છે. ■

### રામ મંદિરમાં

શુજાગંજ ક્ષેત્રમાં મીનાપુર ફગૌલી ગામનો રહેવાસી છે. તેની મંદિરમાંની દાનની રકમની ગણતરીમાંની ભૂમિકાની તપાસ થઇ રહી છે. તેના ઘરમાંથી રૂપિયા દસ લાખ રોકડા મળ્યા હતા. તેણે આ રકમ છાણની નીચે છુપાવી હતી.

મંદિરમાંની દાનની રકમની ગણતરી કરતા અનેક કર્મચારીની પૂછપરછ હજી ચાલુ છે. દાનની રકમના રેકોર્ડને તપાસવામાં આવી રહ્યો છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતિને પગલે ઉત્તર પ્રદેશ સરકારે રચેલી ‘સિટ’ને સાત દિવસમાં તપાસનો પ્રાથમિક અહેવાલ અને ૧૫ દિવસમાં અંતિમ અહેવાલ સુપરત કરવાની સૂચના અપાઇ છે. ■

### આસામમાં હવાઈ દળનું

પ્રશાંત સિંહ, ફ્લાઈટ લેફ્ટનન્ટ શુભમકુમાર, સાર્જન્ટ જિતેન્દ્ર શર્મા, અગ્નિવીરવાયુ ખેમારામ કુમાવત અને અગ્નિવીરવાયુ દાનિશ આલમનો સમાવેશ થાય છે. ઘટનાનું કારણ શોધી કાઢવા કૉર્ટ ઑફ ઈન્કવાયરીની રચના કરવામાં આવી છે. ■

### ભારતે

હતી. પૃથ્વીના વાતાવરણની મર્યાદાની અંદર અને બહારથી આવતી દુશ્મનની મિસાઈલને રોકવાની બીએમજીની બહુસ્તરીય બીએમડીનું પ્રદર્શન કર્યું હતું. બીએમડીએ ૧૦ અને ૧૧ જૂને ફ્લાઇટ ટેસ્ટ કરી હતી.

ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટે (ડીઆરડીઓ) અનેક મહત્ત્વની ટેક્નોલોજીનું પ્રદર્શન કયું હતું. આનાથી દુશમનના પડકારનો સામનો કરવાની ક્ષમતાનું પ્રદર્શન પણ થયું હતું (એજન્સી)■

### હોર્મુઝની

પ્રતિબંધ અને ઇરાનના તેલનું ગેરકાયદે વહન કોઈ પણ સંજોગોમાં સહન કરી લેવામાં નહીં આવે, એમ તેમણે કહ્યું હતું.

વિદેશ પ્રધાને વાતચીત દરમિયાન કમર્શિયલ શિપિંગ વિરુદ્ધ અમેરિકન સેનાની ઘાતક કાર્યવાહીની નિંદા કરી હતી. જયશંકરે સોશિયલ મીડિયા પર કહ્યું કે આજે સાંજે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો સાથે વાત કરી હતી. મેં ખાડીમાં અમેરિકન નેવીના હુમલાઓ મુદ્દે ભારતનો સખત વિરોધ નોંધાવ્યો છે. જેમાં ત્રણ ભારતીય ખલાસીઓ મૃત્યુ પામ્યા હતા.

#### ટ્રમ્પ જૂઠું બોલે છેઃ ઈરાન

ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીમાં ભારતીય જહાજ પર ડ્રોન હુમલો કર્યો હોવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલા દાવાને ઇરાને પાયાવિહોણો લેખાવ્યો હતો. ઓમાનના દરિયાકાંઠે અમેરિકાએ ભારતીય મર્ચન્ટ ટેન્કર પર કરેલા હુમલામાં ત્રણ નિર્દોષ ભારતીય નાવિકનાં મોત થયાં હોવાની ઘટના પરથી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા ટ્રમ્પે આ નિવેદન કર્યું હોવાનું ઇરાને કહ્યું હતું. હોર્મુઝ સામુદ્રધુનીમાં ભારતીય જહાજ પર ઇરાને હુમલો કર્યો હોવાનો ટ્રમ્પનો દાવો પાયાવિહોણો હોવાનું ઇરાને કહ્યું હતું. (એજન્સી)■

### લેફ. જનરલ

અને ડિસેમ્બર ૧૯૮૬માં તેઓ બખ્તરબંધ દળમાં અધિકારી તરીકે જોડાયા હતા. ચાર દાયકા કરતાં પણ વધુની તેમની સુદીર્ઘ અને ગૌરવશાળી સૈન્ય કારકિર્દી રહી છે.

ઑપરેશન્સ, સ્ટ્રેટેજિક, કેપેબિલિટી ડેવલપમેન્ટ અને ઈન્સ્ટિટ્યૂશનલ ડોમેઈન ક્ષેત્રમાં તેઓ બહોળો અનુભવ ધરાવે છે અને વિવિધ પરિસ્થિતિમાં તેમણે દરેક સ્તરે નેતૃત્વ સંભાળ્યું છે. (એજન્સી)■








# ઔરંગઝેબનો જન્મ થયો, ત્યાં જ મોદીનો જન્મ થયો: સંજય રાઉતની ટિપ્પણીથી વિવાદ વકરશે

મુંબઈ: શિવસેના (ઠાકરે જૂથ)ના સાંસદે ફરી એકવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે મોદીની સરખામણી ઔરંગઝેબ સાથે કરીને કેન્દ્ર સરકારની નીતિઓની ટીકા કરી હતી. તેમના આ નિવેદન પર ભાજપ દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી, પરંતુ તેના કારણે મોટો રાજકીય વિવાદ ઊભો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, આ દેશે જવાહરલાલ નેહરુ, ઇન્દિરા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, પી. વી. નરસિંહા રાવ, રાજીવ ગાંધી, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને બાળાસાહેબ ઠાકરે જેવા મહાન નેતાઓ આપ્યા છે. આ દેશની માટીએ આવા મહાન નેતાઓને જન્મ આપ્યો છે, પરંતુ નરેન્દ્ર મોદીનું સમગ્ર વ્યક્તિત્વ અને કાર્યશૈલી જોયા પછી મને ચિંતા થાય છે, કારણ કે- જે ભૂમિએ ઔરંગઝેબને જન્મ આપ્યો હતો, તે જ ભૂમિએ મોદીને પણ જન્મ આપ્યો છે. ઔરંગઝેબનો જન્મ પણ ગુજરાતમાં થયો હતો. સંજય રાઉતના આ નિવેદનને કારણે રાજકીય વાતાવરણ ગરમાવાની શક્યતા છે.

૨૦૨૪માં પણ રાઉતે વડા પ્રધાન મોદીની સરખામણી ઔરંગઝેબ સાથે કરી હતી. તે સમયે ભાજપના નેતાઓએ તેમના આ નિવેદન સામે તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. તેના થોડા દિવસો બાદ જ છત્રપતિ સંભાજીનગર ખાતેના એક કાર્યક્રમમાં રાઉતે મોદીને 'ગબ્બર'ની ઉપમા આપી હતી. એટલાથી જ ન અટકતા તેમણે કહ્યું હતું કે, આપણા દેશને એક નંબરના જુઠ્ઠા વડા પ્રધાન મળ્યા છે. જો જૂઠું બોલવાની સ્પર્ધા ઓલિમ્પિકમાં યોજાય, તો નરેન્દ્ર મોદીને ગોલ્ડ મેડલ મળશે. દેશમાં જો 'ઇન્ડિયા ગઠબંધન'ની સરકાર આવશે, તો આપણે આ સ્પર્ધાનું આયોજન કરીને તેમાં મોદીને સહભાગી કરીશું જેથી તેઓ જૂઠું બોલવામાં ગોલ્ડ મેડલ જીતી શકે. આ નિવેદનને કારણે પણ રાજ્યમાં મોટો વિવાદ ઊભો થયો હતો. ■

## લોન માફી મુદ્દે રોહિત પવારનું અન્ન ત્યાગ આંદોલન

# આ બધુ ટીઆરપી મેળવવાનો પ્રયાસ, બીજું કંઈ નહીં: ગિરીશ મહાજન

મુંબઈ: સરકારે ખેડૂતો માટે લોન માફીની જાહેરાત કરી છે, પરંતુ એમાંની એક શરત રદ કરવા માટે એનસીપી શરદ પવાર જૂથના વિધાન સભ્ય રોહિત પવાર દ્વારા અન્ન ત્યાગ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. સરકારે ખેડૂતોને બે લાખ રૂપિયા સુધીની લોન માફ કરી દીધી છે, પરંતુ જો ખેડૂતો જેનું દેવું બે લાખ રૂપિયાથી વધુ છે તેઓ આ લોન માફીનો લાભ લેવા માગતા હોય, તો તેમણે બાકીની રકમ એક સાથે ચૂકવવી પડશે. રોહિત પવારે આરોપ મૂક્યો છે કે આ લોન માફી નથી પરંતુ વસૂલાત છે. આ શરત રદ કરવા માટે રોહિત પવારએ અન્ન ત્યાગ આંદોલન શરૂ કર્યું છે. ભારતીય જનતા પક્ષના પ્રધાન ગિરીશ મહાજનએ રોહિત પવારના વિરોધની ટીકા કરી છે.

મહાજને ટીકાનો મારો ચલાવી કહ્યું હતું કે રોહિત પવારના આંદોલનનો કોઈ અર્થ નથી, તેઓ ફક્ત ટીવી ચેનલ પર ચમકી લોકોનું ધ્યાન ખેંચવા માંગે છે. રોહિત પવાર શ્રેય લેવા માગે છે. ઘરે તમારા દાદાને પૂછો કે જ્યારે તમે સત્તામાં હતા ત્યારે શું કાંદો કાઢ્યો? આંદોલનને હજી એક દિવસ થયો ત્યાં તેઓ સૂઈ ગયા. અમે બાર બાર દિવસ ભૂખ હડતાળ પર ઉતર્યા છીએ. લોકો રોહિત પવારનું નાટક લોકોને દેખાય છે. લોકો રોહિત પવારની દિશા ભૂલોનો શિકાર નહીં બને. ■






# માથેરાનની મિનિ ટ્રેનને ચાર મહિનાનો બ્રેક

મુંબઈ: મુંબઈના પ્રખ્યાત હિલ સ્ટેશન માથેરાનમાં પ્રવાસીઓની ભીડ ચોમાસા દરમિયાન પણ જોવા મળતી હોય છે. પ્રવાસીઓ આવનારા સમયમાં જો માથેરાન જવાનું નક્કી કરતા હોય તો તેઓને ખાસ જાણવું જરૂરી છે કે માથેરાન હિલ સ્ટેશનની મીની ટ્રેન ૧૫ જૂનથી૧૫ ઓક્ટોબર સુધી બંધ રહેશે.

મધ્ય રેલવે દ્વારા ચોમાસા દરમિયાન માથેરાન હિલસ્ટેશન પર જોખમ ઊભું ન થાય તે માટે આ સેવાઓ બંધ કરવામાં આવતી હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મધ્ય રેલવે દ્વારા આ ચોમાસામાં પણ નેરલથી અમનલોજના વિસ્તાર વચ્ચે ટ્રેન બંધ રાખવામાં આવશે. હિલસ્ટેશનના આ વિસ્તારોમાં કાચા રસ્તાઓના લીધે ભુસસ્ખલનનું જોખમ વધતું હોવાના કારણે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવે દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મધ્ય રેલવે દ્વારા પ્રવાસીઓને માથેરાન હિલસ્ટેશન જવા માટે વધુ મુશ્કેલીનો સામનો ન કરવો પડે તેના માટે અમનલોજથી માથેરાન વચ્ચે ટ્રેન સેવાઓના ટાઈમટેબલમાં ફેરબદલી કરીને શરૂ રાખવામાં આવશે. પ્રવાસીઓને અમનલોજ સુધીની મુસાફરીની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. ■

# મુંબઈ-ગોવા વંદે ભારત માત્ર ત્રણ દિવસ

મુંબઈ: ચોમાસામાં સુરક્ષાના મુખ્ય કારણોસર ઘણી ટ્રેનોના સમયમાં ફેરફાર થયો છે. અઠવાડિયામાં ૬ દિવસ ચાલતી મુંબઈ-ગોવા વંદે ભારત ટ્રેન આ સમયગાળા દરમિયાન માત્ર ત્રણ દિવસ જ ચલાવવામાં આવશે.

ચોમાસાના ટાઈમટેબલ મુજબ, ટ્રેન નંબર ૨૨૨૨૯ સીએસએમટી-મડગાંવ વંદે ભારત એક્સપ્રેસ હવે દર સોમવાર, બુધવાર અને શુક્રવારે સીએસએમટી સ્ટેશનથી સવારે ૫.૨૫ વાગ્યે ઉપડશે અને સાંજે ૪ વાગ્યે મડગાંવ પહોંચશે. બીજી તરફ ટ્રેન નંબર ૨૨૨૩૦ મડગાંવ-સીએસએમટી વંદે ભારત એક્સપ્રેસ દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે બપોરે ૧૨.૨૦ વાગ્યે મડગાંવથી ઉપડશે અને રાતે ૧૦.૩૦ વાગે મુંબઈ પહોંચશે. ■

# કાંજૂરમાર્ગ-બદલાપુર 'મેટ્રો ૧૪' પ્રોજેક્ટને લીલી ઝંડી

મુંબઈ: મુંબઈ મહાનગર પ્રદેશમાં ટ્રાફિક જામની સમસ્યામાંથી નાગરિકોને રાહત આપવા માટે રાજ્ય સરકારે કાંજૂરમાર્ગથી બદલાપુર વચ્ચેના 'મેટ્રો ૧૪' પ્રોજેક્ટને આખરે મંજૂરી આપી દીધી છે. નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં આશરે રૂ. ૧૮ હજાર કરોડના આ ભવ્ય પ્રોજેક્ટને 'ઈપીસી' મોડલ પર ઝડપથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ એક મેટ્રો પ્રોજેક્ટને કારણે બદલાપુર, અંબરનાથ, કલ્યાણ અને ડોંબિવલી જેવા થાણેથી આગળના શહેરોના લાખો મુસાફરોની રોજિંદી મુસાફરી અત્યંત સરળ અને ઝડપી બની જશે. મુંબઈ, થાણે અને નવી મુંબઈ આ ત્રણેય પ્રમુખ શહેરો સાથે સીધી કનેક્ટિવિટી મળવાના કારણે મુસાફરોનો કલાકોનો સમય બચશે. આ પ્રોજેક્ટ સમગ્ર પૂર્વ ઉપનગરોના વિકાસનો ચહેરો બદલી નાખનારો 'ગેમચેન્જર' સાબિત થશે. મેટ્રો-૧૪ પ્રોજેક્ટની કુલ લંબાઈ ૪૩.૬૯ કિલોમીટર હશે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. આ મેટ્રો થાણે ખાડીની નીચેથી અંડરગ્રાઉન્ડ માર્ગે દોડશે. ચિખલોલી ખાતે એક ભવ્ય ટ્રાન્સપોર્ટ હબ ઊભું કરવામાં આવશે. મેટ્રો-૫, મેટ્રો-૧૪, સેન્ટ્રલ રેલ્વેની લોકલ અને રોડ ટ્રાન્સપોર્ટ અહીં જોડાશે. આ ૪૩ કિલોમીટરની મુસાફરીમાં કાંજૂરમાર્ગ, ઘણસોલી, મ્હાપે, શીળફાટા, નિલજેથી લઈને બદલાપુર સુધીના રેલવે સ્ટેશનો હશે. ■






# મહારાષ્ટ્ર સરકાર કોલેજ એડમિશન ફોર્મમાં 'સિંગલ પેરન્ટ ચાઈલ્ડ' વિકલ્પ શરૂ કરશે

મુંબઈ : મહારાષ્ટ્ર સરકાર ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મેળવતા પિતાની ગેરહાજરીમાં એકલ માતા (સિંગલ પેરેન્ટ)ના બાળકોને ટેકો આપવા અને યોગ્ય પગલાં લેવાની વ્યાપક પહેલના ભાગ રૂપે કોલેજ પ્રવેશ ફોર્મમાં એક અલગ સિંગલ પેરેન્ટ ચાઇલ્ડ વિકલ્પનો સમાવેશ કરવાનું વિચારી રહી છે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે શનિવારે જણાવ્યું હતું કે આ વિચારને અસરકારક રીતે અમલમાં મૂકવા અને સિંગલ મધરના બાળકોને સગવડો, પ્રાથમિકતા અને શૈક્ષણિક સહાય પૂરી પાડવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવામાં આવશે. આ નિર્ણયથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા સિંગલ પેરેન્ટનાં બાળકોની ચોક્કસ સંખ્યા જાણી શકાશે અને સરકારને યોગ્ય સહાયક પગલાંનું આયોજન કરવામાં મદદ મળશે.

પાટીલે વધુમાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની લગભગ એક હજાર ૫૦૦ કોલેજોના પ્રિન્સિપાલોની એક ખાસ ઓનલાઈન બેઠક ૧૭ જૂને યોજાશે જેમાં હકીકત જાણી એડમિશન દરમિયાન આવા વિદ્યાર્થીઓની સચોટ નોંધણી માટેની પ્રક્રિયાની ચર્ચા કરવામાં આવશે. (પીટીઆઈ) ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અધિક માસના ધર્મલાભના બે અમાસનાં શ્રેષ્ઠ અંતિમ અવસરો

**દર્શ અમાવસ્યા, અન્વાધાન, રવિવાર, તા. ૧૪-૬-૨૦૨૬**

બ્રહ્મા,વિષ્ણુ, સૂર્યનારાયણ, મા ગાયત્રીની પૂજાનો અધિક માસના ધર્મલાભનો અતિ દુર્લભ યોગ

**આજના વ્રત પર્વાદિઃ** ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ - ચતુર્દશી. દર્શ અમાવસ્યા, અન્વાધાન, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન દેડકો. નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૨-૧૩ સુધી, પછી મૃગશીર્ષ,ચંદ્ર વૃષભમાં,ચંદ્ર વૃષભ રાશિ નામાક્ષરઃ બ, વ, ઉ.

સાજે સાંસારિક માંગલિક શુભ કાર્ય વર્જ્ય છે.

પુરુષોત્તમ માસનાં આજનાં મુહૂર્ત વિશેષઃ માસના અંતે કરેલી ભૂલોની ક્ષમા માગવી અને ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા (આભાર) વ્યક્ત કરવો. આજ રોજ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠનું વાંચન કરવું.આજ રોજ તીર્થમાં સ્નાન, દાન, તર્પણ શ્રાધ્ધ, પીંડ શ્રાદ્ધ, ગાય માતાનું પૂજન, સમાજોપયોગી સેવા કાર્યો કરવાં. સૂર્ય-ચંદ્ર દેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, બ્રહ્માજીનું પૂજન, જાંબુના ઔષધીય પ્રયોગો.નિત્ય થતાં દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.

**સોમવતી અમાસ,સંક્રાન્તિ પુણ્યકાળ સોમવાર, તા. ૧૫-૬-૨૦૨૬, શ્રી વિષ્ણુ અને શિવની ભક્તિનો અતિ દુર્લભ અને પવિત્ર અવસર. સોમવતી અમાસના નિયમ પાલન આખો દિવસ ,અહોરાત્રમાં કરવા.**

**આજના વ્રતપર્વાદિઃ** ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ - અમાવસ્યા. સોમવતી અમાવસ્યા , નિરયન સૂર્ય મિથુન રાશિમાં બપોરે ક. ૧૨-૫૧, મુહૂર્ત ૩૦, સામ્યાર્ઘ, પ્રતિપદા ક્ષય તિથિ છે. નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૧૯-૦૭ સુધી, પછી આર્દ્રા,ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૮-૪૦ સુધી, પછી મિથુનમાં.ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભમાં (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ),સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૫૧થી સૂર્યાસ્ત, રાજસ સંક્રાંતિ (ઓરિસ્સા), ઈષ્ટિ, શુભ કાર્ય વર્જ્ય છે. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો. શુભ કાર્ય વર્જ્ય છે.

પુરુષોત્તમ માસનાં આજનાં મુહૂર્ત વિશેષઃ અધિક માસના અંતિમ દિવસે યથાશક્તિ ધર્મકાર્ય કરવું. બ્રાહ્મણ ભોજન, સીધું (કાચુ અન્ન), આખા મહિનાના નિયમોનું ધામધૂમથી ઉદ્યાપન કરવું.આજ રોજ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચનનું મહત્ત્વ છે. તીર્થમાં સ્નાન, જપ, તપ, દાન તર્પણ ,પીંડ શ્રાદ્ધ,ગાય માતાનું પૂજન, જરૂરિયાતમંદને મદદ કરવી, સુપાત્રને દાન આપવું, ગૌશાળા, અનાથાલાયોમાં દાન આપવું.અન્ન, વસ્ત્ર, તલનું દાન આપવું. સમાજોપયોગી સેવા કાર્યો કરવાં.પિપળાનાં વૃક્ષનું પૂજન,જળની પ્રદક્ષિણા અભિષેક, ૧૦૮ વાર સુતરનાં દોરાથી પ્રદક્ષિણા કરવી. વિશેષ રૂપે ચંદ્ર પૂજા, જાપ, હવન, ખેરનું વૃક્ષ વાવવું, તીર્થમાં પિતૃશ્રાદ્ધ, તર્પણ, સ્નાન, નિત્ય થતાં દુકાન-વેપાર, પશુ લે-વેચ, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા. - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

## શિંદેની મુલાકાત બાદ રેશ્મા કાળેએ ઉમેદવારી પાછી ખેંચી

જળગાંવઃ જળગાંવ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા વિધાન પરિષદ ચૂંટણીના મેદાનમાંથી શિવસેના (શિંદે જૂથ)ના બળવાખોર ઉમેદવાર રેશ્મા કાળેએ નાટકીય ઘડામણો બાદ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની જાહેરાત કરી. વિધાન પરિષદ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા મતવિસ્તારની ચૂંટણીમાં જળગાંવથી મહાયુતિ તરફથી ભાજપના નંદકિશોર મહાજનને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા. જો કે, શિવસેના (શિંદે જૂથ)ના કોર્પોરેટર રેશ્મા કાળેએ પોતાની અપક્ષ ઉમેદવારી યથાવત રાખી હતી. જેના કારણે મહાયુતિમાં બળવો થયો હોવાનું ચિત્ર સામે આવ્યું હતું. પરંતુ હવે રેશ્મા કાળેએ ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

રેશ્મા કાળેએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે મુલાકાત કર્યા બાદ ચૂંટણીમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી. ટિકિટ ન મળ્યા બાદ કે ઉમેદવારી પાછી ખેંચવી પડ્યા પછી નારાજગી હોવી સ્વાભાવિક બાબત છે. પરંતુ તેમણે આ નિર્ણય મહાયુતિ માટે લીધો છે. તેમણે મુખ્ય પ્રધાન ફડણવીસ તેમજ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની વાતને માન આપ્યું છે, તેમ ગિરીશ મહાજને જણાવ્યું હતું.

દરમિયાન, રેશ્મા કાળેને મનાવવા માટે મહાયુતિના વિવિધ પક્ષોના વરિષ્ઠ નેતાઓએ પ્રયાસો શરૂ કર્યા હતા. જો કે, બે દિવસ પહેલા તેમણે પોતે ઉમેદવારી પાછી નહીં ખેંચે તેવું જણાવ્યું હતું. મને હજુ સુધી પક્ષના વરિષ્ઠ નેતાઓ તરફથી કોઈ સત્તાવાર નિર્દેશ મળ્યા નથી.

હું ચૂંટણી લડવાના મારા નિર્ણય પર મક્કમ છું, એવું તેમણે કહ્યું હતું, પરંતુ એકનાથ શિંદે સાથેની મુલાકાત બાદ રેશ્મા કાળેએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. હવે મહાયુતિ તરફથી નંદકિશોર મહાજન ઉમેદવાર છે.

## રીઢો આરોપી પકડાયોઃ ચોરીની પાંચ મોટરસાઈકલ જપ્ત

થાણેઃ વાહનચોરીના ગુનામાં સંડોવાયેલા ૨૧ વર્ષના આરોપીને નવી મુંબઈ પોલીસે ઝડપી પાડ્યો હતો અને ચોરીની પાંચ મોટરસાઇકલ જપ્ત કરી હતી. સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર (ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧) વિકાસ ઘોડકેએ કહ્યું હતું કે ઘટનાસ્થળો તથા આસપાસના વિસ્તારોમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા અને ફૂટેજના આધારે આરોપીને ઓળખી કાઢવામાં આવ્યો હતો. આરોપીને બાદમાં ઝડપી પાડીને મોટરસાઇકલ જપ્ત કરવામાં આવી હતી. મોટરસાઇકલ તેણે ચોરી હોવાની પૂછપરછમાં કબૂલાત કરી હતી. આ અંગે નવી મુંબઈના કોપરખૈરાણે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ છે.

## નાલાસોપારામાં ૧.૩૯ કરોડના કોકેઇન સાથે વિદેશી નાગરિકની ધરપકડ

પાલઘરઃ નાલાસોપારામાં ભાડાના ઘરમાં રહેનારા વિદેશી નાગરિક પાસેથી ૧.૩૯ કરોડ રૂપિયાનું કોકેઇન મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

તુલિંજ પોલીસ સ્ટેશનના એન્ટિ-ટેરરિઝમ સેલ (એટીસી) દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ધરપકડ કરાયેલા વિદેશી નાગરિકની ઓળખ એન' ગ્યુસેન માર્ક કૉફી ઉર્ફે પીટર ઔક્રાફોર (૩૮) તરીકે થઇ હોઇ તે આઇવરી કોસ્ટનો રહેવાસી છે.

એટીસીની ટીમ ગુરુવારે સાંજે નાલાસોપારામાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે તેમને માહિતી મળી હતી કે નાલાસોપારા પૂર્વમાં પ્રગતિનગર ખાતે બસેરા અપાર્ટમેન્ટના ફ્લેટ નંબર-૪૦૯માં રહેનારો વિદેશી નાગરિક ડ્રગ્સની તસ્કરી કરે છે.

આ માહિતીને આધારે પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને વિદેશી નાગરિકને તાબામાં લીધો હતો. પોલીસ ટીમે ઘરમાં તપાસ કર્યા બાદ વિદેશી નાગરિકની તલાશી લેતાં તેની પાસેથી ૧.૩૯ કરોડ રૂપિયાનું કોકેઇન મળી આવ્યું હતું.

આથી વિદેશી નાગરિક વિરુદ્ધ તુલિંજ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપી ડ્રગ્સ ક્યાંથી મેળવતો હતો અને તે કોને વેચતો હતો તેની તપાસ કરવામાં આવી રહી છે.

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઇ, થાણે,

છે. હવામાન વિભાગે કહ્યું છે કે રાજ્યમાં ઓછામાં ઓછા પાંચ દિવસ વરસાદ નહીં પડે. ટૂંકમાં રાજ્યના લોકોને વધુ પાંચ દિવસ ગરમી સહન કરવી પડશે. કોંકણ પ્રદેશના પાલઘર, થાણે, મુંબઈ અને રાયગડ જિલ્લાઓ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભેજમાં વધારો થવાને કારણે લોકો ઉકળાટનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના ઉત્તરીય ભાગના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધ્યું હોવા છતાં, મહારાષ્ટ્રમાં તેની ગતિ ધીમી પડી ગઈ છે.

અરબી સમુદ્રમાં નૈઋત્ય પશ્ચિમ ચોમાસાના પવનોની ગતિ ઘટી ગઈ છે. અરબી સમુદ્રમાં નબળા પવનો અને વૈશ્વિક આબોહવા પરિવર્તનને કારણે ચોમાસાની પ્રગતિ ધીમી પડી ગઈ છે. કોંકણના ઘણા ભાગોમાં ભારે વરસાદની અપેક્ષા છે, પરંતુ વરસાદના વલણને ધ્યાનમાં રાખીને રાજ્યને વાવણી માટે ઉતાવળ કરવાનું ટાળવા અપીલ કરવામાં આવી રહી છે. જૂનના ૧૨ દિવસમાં, કોંકણમાં ફક્ત ૨.૩૭ ટકા વરસાદ પડ્યો છે.

એવી આગાહી છે કે ૨૦ જૂન પછી જ રાજ્યમાં ચોમાસું સક્રિય થશે. પરિણામે, ખેડૂતોની વાવણીમાં વિલંબ થશે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે જો વાવણીમાં વિલંબ થશે તો તેની અસર ઉત્પાદન પર પડશે.

### મધ્ય-હાર્બરમાં

દરેક સીએસએમટી-બાંદ્રા-સીએસએમટી અને સીએસએમટી/પનવેલ-ગોરેગાંવ-સીએસએમટી/પનવેલ જેવી સેવાઓ બંધ રહેશે. પશ્ચિમ રેલવેની અમુક સેવાઓમાં ચર્ચગેટ-ગોરેગાંવ-ચર્ચગેટ સ્લો જેવી ટ્રેનો પણ બંધ રહેશે. જેની પ્રવાસીઓએ ખાસ નોંધ લેવી પડશે. મધ્ય રેલવે દ્વારા રવિવારે,૧૪ જૂને હાર્બર લાઈન પર સીએસએમટી-ચુનાભટ્ટી/ બાંદ્રા વચ્ચે દિવસે મેગા બ્લોક રાખવામાં આવ્યો છે. સીએસએમટી અને ચુનાભટ્ટી/બાંદ્રા વચ્ચે ડાઉન હાર્બર લાઈન બ્લોકને સવારે ૧૧.૪૦ વાગ્યાથી બપોરે ૪.૪૦ વાગ્યા સુધી અસર થશે. એ જ રીતે ચુનાભટ્ટી/બાંદ્રા વચ્ચે અપ હાર્બર લાઈન બ્લોકની અસર સવારે ૧૧.૧૦ વાગ્યાથી બપોરે ૪.૧૦ વાગ્યા સુધી રહેશે.

સીએસએમટી સ્ટેશનથી વાશી, પનવેલ અને બેલાપુર ડાઉન હાર્બર લાઈન ટ્રેન સેવાઓ બ્લોક સમયગાળા દરમિયાન સવારે ૧૧.૧૬ વાગ્યાથી સાંજે ૪.૪૭ વાગ્યા સુધી બંધ રહેશે. તેમજ સીએસએમટી સ્ટેશનથી બાંદ્રા અને ગોરેગાંવ ડાઉન હાર્બર લાઈન સેવાઓ પણ બ્લોક દરમિયાન બંધ રહેશે.

સીએસએમટી સ્ટેશનથી પનવેલ, બેલાપુર અને વાશી અપ હાર્બર લાઈન સેવાઓ સવારે ૯.૫૩ વાગ્યાથી બપોરે ૩.૨૦ વાગ્યા સુધી બંધ રહેશે. સીએસએમટી સ્ટેશનથી ગોરેગાંવ અને બાંદ્રા અપ હાર્બર લાઈન સેવાઓ સવારે ૧૦.૪૫ થી સાંજે ૫.૧૩ સુધી બંધ રહેશે.

પ્રવાસીઓને થતી અસગવડ ઓછી કરવા માટે મધ્ય રેલવે દ્વારા પનવેલ અને કુર્લા સ્ટેશનો વચ્ચે બ્લોક સમયગાળા દરમિયાન ૨૦ મિનિટના અંતરે સ્પેશ્યલ ટ્રેન સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આ સગવડના લીધે પ્રવાસીઓને થતી હાલાકીમાં થોડી રાહત મળશે. મધ્ય રેલવેની મેઈન લાઈન અને પશ્ચિમ રેલવે નેટવર્ક દ્વારા હાર્બર લાઈનથી મુસાફરી કરતા પ્રવાસીઓને ૧૪ જૂને, સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મુસાફરી કરવા મળશે.

### પાલિકા સ્તરે

હતો. ખણકરે તેને ટેકો આપતાં પ્રશાસનને યોજનાની વ્યવહારિકતા તપાસવા જણાવ્યું હતું. આ યોજના હેઠળ બીમારી, વૃદ્ધાવસ્થા કે આર્થિક સંકટનો સામનો કરી રહેલી મુંબઈની ઘરેલુ કામદાર મહિલાઓને આર્થિક સહાય આપવા માટે 'સ્વાભિમાની નિધિ યોજના'નો પ્રસ્તાવ સરકારની મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે. મંજૂરી મળ્યા બાદ મહાનગરપાલિકાની ૨૬ વોર્ડ ઓફિસો દ્વારા ઈ-શ્રમ પોર્ટલ, હાઉસિંગ સોસાયટીઓ અને એનજીઓના માધ્યમથી પાત્ર લાભાર્થીઓનું સર્વેક્ષણ અને ચકાસણી કરવામાં આવશે.

### ગુટખાની હેરફેર

દાખલ કરવામાં આવશે. આ અભિયાન ૧૨ જૂનથી સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો છે.

ફુડ એન્ડ ડ્રગ વિભાગના કમિશનર તુકારામ મુંઢેએ કડક આદેશ જાહેર કર્યા છે, જેના અંતર્ગત આ કાર્યવાહી ફક્ત નાની દુકાનો કે ફૂટપાથ પર ગુટખા વેચનારા સુધી મર્યાદિત રહેશે નહીં. આ સંગઠિત નેટવર્કમાં સામેલ ગુટખા નિર્માતા, વિક્રેતાઓ, રોકાણકારો, સપ્લાયરો, કમિશન એજન્ટો, ટ્રાન્સપોર્ટર, ગોડાઉન સંચાલક જેવા દરેક આરોપીઓ વિરુદ્ધ એમસીઓસીએ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે.

૧૨ જૂનથી શરૂ થનારા આ મહા-અભિયાનમાં એમસીઓસીએની સાથે સાથે ખાદ્ય સુરક્ષા અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતાની કલમનો પણ ઉપયોગ કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં પાન મસાલા અને ગુટખા પર પ્રતિબંધ છે. તેમ છતાં એક મોટા સંગઠિત નેટવર્ક દ્વારા રાજ્યમાં સરેઆમ તેનું ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી ઘણીવાર દરોડા પાડવામાં આવ્યા, એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી અને મુકદ્દમા પણ ચાલ્યા છતાં આ નેટવર્ક વારંવાર સક્રિય થઈ જાય છે. આ ગેરકાયદેસર કારોબારથી સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્યને ગંભીર જોખમો ઉભા થઇ રહ્યા હતા, જેને જોઈને આ સમગ્ર પ્રકરણને સંગઠિત અપરાધ માનીને તોડવાનો નિર્ણય કરવામાં આવ્યો.

### ઓપરેશન ટાઇગર

તાલુકાના સુનેગાંવમાં એક હર્બલ ફાર્મા કંપનીના ઉદ્દઘાટન માટે આવ્યા હતા. તેમણે મીડિયા સાથે વાત કરતી વખતે આ દાવો કર્યો હતો. જાધવે વધુમાં કહ્યું હતું કે યુબીટી નેતા અને ભૂતપૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવેએ આડકતરી રીતે આ ઓપરેશન વિશે કબૂલાત કરી હોવાથી વધુ કંઈ કહેવાની જરૂર નથી. તેમણે એમ પણ કહ્યું.

અંબાદાસ દાનવેએ કહ્યું હતું કે 'કેટલાક લોકો સંપર્કમાં છે, જ્યારે કેટલાક ખલ્લેઆમ બોલે છે. આપણે બધા જાણીએ છીએ. લોકસભા ચૂંટણી પછી દર બે મહિને સંપર્કમાં હોવાની વાત વહેતી થતી હતી. હવે આ વાતને સત્તાવાર રીતે સ્વીકારવી જોઈએ.

આજે ઉદ્ધવ જૂથની મહત્ત્વની બેઠક

ઓપરેશન ટાઇગરની પાર્શ્વ ભૂમિમાં શિવસેના ઠાકરે પક્ષના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ રવિવાર, ૧૪ જૂને, માતોશ્રી નિવાસસ્થાને શિવસેના સંસદ સભ્યોની તાત્કાલિક અને મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. આગામી રાજકીય વિકાસ અને પાર્ટીની આંતરિક રણનીતિ નક્કી કરવા માટે તમામ સંસદ સભ્યોને મુંબઈ પહોંચવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### રિઝર્વ બેન્કે

આનાથી બેંકના ખાતાધારકોના વ્યવહારો પર તીવ્ર અસર થવાની સંભાવના છે. આરબીઆઈના નિર્દેશો અનુસાર મોગાવીરા કોઓપરેટિવ બેંક હવે કોઈપણ નવી લોન મંજૂર નહીં કરી શકે તેમજ હાલની લોન રીન્યુ નહીં કરી શકે. બેંક કોઈપણ પ્રકારનું રોકાણ પણ નહીં કરી શકે. નવી નાણાકીય જવાબદારીઓ સ્વીકારવા, ઉધાર લેવા અથવા નવી થાપણો સ્વીકારવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રિઝર્વ બેંકએ આ પ્રતિબંધો મૂકી કહ્યું હતું કે બેંકની વર્તમાન રોકડ સ્થિતિને ધ્યાનમાં લેતા, થાપણદારોને તેમના બચત, ચાલુ અથવા અન્ય કોઈપણ ખાતામાંથી મહત્તમ એક લાખ રૂપિયા ઉપાડવાની મંજૂરી આપવામાં આવશે.

### દર્દીઓને કોઇ પણ

દવાઓ ખરીદવાની ફરજ પાડવામાં આવે છે. આ અંગે કડક વલણ અપનાવતા એફડીએ એ સ્પષ્ટતા કરી છે કે દર્દીઓને કોઈપણ લાઇસન્સ પ્રાપ્ત દવા વેપારી પાસેથી દવાઓ ખરીદવાનો સંપૂર્ણ અધિકાર છે. હોસ્પિટલ વહીવટ તેમને કોઈપણ ચોક્કસ દુકાનમાંથી દવાઓ ખરીદવા દબાણ કરી શકતી નથી.

કેટલીક હોસ્પિટલોમાં ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન સીધા ઇન્ટરનલ મેડિસિનને મોકલવામાં આવે છે અને દર્દીના સંબંધીઓને આપવામાં આવતું નથી. આનો વાંધો ઉઠાવતા મુંઢેએ આદેશ આપ્યો છે કે ડોક્ટરો માટે દર્દીઓ અથવા તેમના સંબંધીઓને સીધા પ્રિસ્ક્રિપ્શન આપવાનું કાયદેસર રીતે ફરજિયાત છે. જો દર્દીઓને પ્રિસ્ક્રિપ્શન આપ્યા વિના ચોક્કસ તબીબી સુવિધામાં મોકલવામાં આવે અથવા ત્યાંથી દવાઓ લેવાની ફરજ પાડવામાં આવે તો સંબંધિતો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આ સિવાય હોસ્પિટલોને મરાઠી અને અંગ્રેજી બંનેમાં નોટિસ બોર્ડ લગાવવા ફરજિયાત કરવામાં આવ્યા છે. આ બોર્ડમાં દર્દીઓને તેમની પસંદગીની કોઈપણ લાઇસન્સ પ્રાપ્ત ફાર્મસીમાંથી દવાઓ લેવાનો સંપૂર્ણ અધિકાર છે એવું જણાવવું જરૂરી છે.

**ફરિયાદ ક્યાં નોંધાવવી?**

જો કોઈ હોસ્પિટલ પ્રિસ્ક્રિપ્શન આપવાનો ઇનકાર કરે છે, તેમને ચોક્કસ ફાર્મસીમાંથી દવાઓ લેવા દબાણ કરે છે અથવા અન્ય કોઈ અવરોધ ઊભો કરે છે, તો નાગરિકો એફડીએના સંબંધિત વિભાગીય કાર્યાલયમાં તેમની ફરિયાદ નોંધાવી શકે છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે આ ફરિયાદોને ગંભીરતાથી લેવામાં આવશે અને દોષિતો સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી બેતાલીસ જ્ઞાતિ જૈન**

કટોસણ નિવાસી હાલ દહીંસર ચંદ્રકાંત પૂનમચંદ શાહ (ઉં. વ. ૭૦) તા. ૧૩-૬-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. નિવાસ સ્થાન : એ ૨૦૧, સંસ્કૃતિ એપાર્ટમેન્ટ સાંજી હોટેલની બાજુમાં, દહીંસર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વરતેજ નિવાસી હાલ બોરીવલી, શ્રીમતી નિરંજનાબેન ખાખરિયા (ઉં.વ.૭૭) તા. ૧૨ જૂન, ૨૦૨૬ના શુક્રવાર દેવલોક પધાર્યા છે. મહેન્દ્રભાઈ જયંતીલાલ મગનલાલ ખાખરિયાના ધર્મપત્ની. જય, શીતલ, સેજલ તથા પિનલના માતુશ્રી. હેમાંગ, ભાવિક, તેજસ તથા ઉર્વીના સાસુ. સ્વ. નવીનભાઈ, ભરતભાઈ, અશોકભાઈ, પ્રદીપભાઈ, સ્વ. મંજુબેન અને સ્વ. હર્ષાબેનના ભાભી. સ્વ. ચંદ્રાબેન જગજીવનદાસ જેઠાલાલ શાહ (મૂળ પાલીતાણા, હાલ સુરત)ના સુપુત્રી, ભાવયાત્રા તા. ૧૬/૬/૨૬ મંગળવાર સવારે ૧૦ થી ૧૨. સ્થળઃ પાવનધામ, ખઈઅ ગ્રાઉન્ડની નજીક, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ગોહીલવાડ દશા શ્રીમાળી જૈન**

થોરડી નિવાસી હાલ ઘાટકોપર, સૌ. અરુણાબેન તા. ૧૩.૦૬.૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે કિશોરચંદ્ર પ્રેમચંદ સરવૈયાના ધર્મપત્ની. મયંક, સૌ. હિના (હેતલ) રાજેશભાઈ અજમેરા, સૌ. જીજ્ઞા અજયભાઈ દેસાઈના માતુશ્રી, સૌ. મીતાબેન મયંકભાઇના સાસુ. સૌ. શુભ્રા બંદીશભાઈ, સૌ. હિરલ મિહીર ચોકસી, ધ્વની, નીલકંઠ, પ્રતિકના નાનીમા, પૂર્વાશાબાઈ, સ્વ. જગદીશભાઈ, પ્રફુલબેન ગુણવંતરાય મહેતા તથા જશીનબેન રજનીકાંત શાહિયાના ભાભી, પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૫-૬-૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. પરમકેશવ બાગ, કામા ગલી, ઘાટકોપર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસ (દુર્ગાપુર)ના કૌશલ આશાબેન વિરેન્દ્ર ગડા (ઉં. વ. ૪૧) તા.૧૨-૬-૨૬ ના દેહ પરિવર્તન કરેલ છે. ગં.સ્વ.આશાબેન વિરેન્દ્રના સુપુત્ર. ઉર્વીના પતિ, આરવીના પિતાશ્રી. કેકીન, કપિલના ભાઈ. પ્રીતિ કુંદન ખીમસરીયાના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૧૨ થી ૧.૩૦. ચક્ષુદાન કરેલ છે.

ભોજાયના કલરવ (પારસ) ગડા (વય ૪૬) તારીખ ૧૧-૦૬-૨૬ના વડોદરા મુકામે અવસાન પામેલ છે. દેવકાંબેન વિશનજી ગડાના પૌત્ર. પ્રભાબેન હરખચંદના સુપુત્ર ગામ કોટડારોહાના મફાબાઈ શામજી માલશી ગાલાના દોહિત્ર, પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. હરખચંદ ગડા- સી/૨ પ્રાર્થના ફ્લેટ્સ,વારસીયા રીંગ રોડ, વડોદરા ૩૯૦૦૦૬

નાના ભાડીયાના કેતન દેવચંદ રાંભીયા (ઉં. વ. ૫૮) તા. ૧૨-૬-૨૬ ના અવસાન પામેલ છે. ભાનુમતીબેન દેવચંદના પુત્ર. ગીતાના પતિ. જુગલના પિતા. જયંત, પ્રજ્ઞા, દીનાના ભાઈ. તારાબેન હિતેનચંદ્ર ગંગરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન દેવચંદ રાંભીયા. એફ/ ૧૧, ગ્રેન મર્ચન્ટ કો.ઓ.હા.સો.,પ્લોટ નં.૨૬/ ૩૫, સેક્ટર ૧૭, વાશી, ૭૦૫.

કોટડા રોહાના વિશનજી શિવજી દેઢિયા (ઉં. વ. ૬૬) તા. ૧૨.૦૬.૨૬ ના અવસાન પામેલ છે. મા. પાનબાઈ શામજી ના પૌત્ર, કુંવરબાઇ શિવજી ના સુપુત્ર, નયનાના પતિ, ઉર્વશી, જીજ્ઞા, મયંકના પિતાજી, મણીબેન, ગાંગજી, કાંતિના ભાઇ, દુધઇના શાંતાબેન કેશવજી સોનીના જમાઇ, પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : વિશનજી શિવજી દેઢિયા, જી -૬૦૧, નવનીત નગર, દેશલેપાડા, લોઢા હેરિટેઝ, ડોંબિવલી (પૂર્વ).

સાડાઉના માતુશ્રી સાકરબેન લાલજી પ્રેમજી ગાલા (મંગરાઈ)ના જમાઈ તે વરાડીયાના હીરાલાલ હંસરાજ ડાઘા (ઉં. વ. ૬૮) તા. ૧૧.૬.૨૦૨૬ ના અવસાન પામ્યા છે. માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘાના સુપુત્ર. હસુમતીના પતિ. ધ્વની, મોનાલીના પિતાશ્રી. કિરીટ, ચેતના, રજનીના ભાઈ. પ્રાર્થનાઃ આજે માટુંગા ક.શ્વે. મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૧.૩૦ થી ૩.૦૦).

રાયધણજરના રમણીક હેમરાજ ગડા (ઉં. વ. ૬૯) તા. ૧૦-૬-૨૦૨૬ના અવસાન પામેલ છે. રતનબાઈ ભાણજી સામતના પૌત્ર. પુરબાઈ હેમરાજના સુપુત્ર. અમરચંદ, નવીન, મુલચંદ, સાકરના ભાઈ. કોટડી મહાદેવપુરીના કંકુબાઈ સોજપારના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે મુલચંદ હેમરાજ ગડા : બિલ્ડીંગ નં. એ/૮, ફ્લેટ નં. ૧૦૨, સેક્ટર નં. ૨, શાંતિ નગર, મીરા રોડ (ઈસ્ટ).

પત્રીનાં છગનલાલ વિસનજી સૈયા (ઉં. વ. ૭૦) તા. ૧૦-૬નાં કચ્છમાં અવસાન પામેલ છે. તે માતુશ્રી તેજબાઇ વીરજી જેઠાના પૌત્ર. માતુશ્રી હીરબાઇ વિસનજીના પુત્ર. સ્વ. હરીલાલ, મનસુખ, સ્વ. વિમળાબેન, લક્ષ્મીચંદ, નીતીન, અનિલના ભાઇ. વાંકીના સ્વ. દેવકાંબાઇ ઉમરશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : મધુબેન સૈયા, પત્રી, ઓતરો ફરીયો, તા. મુંદ્રા, કચ્છ. ૩૭૦૪૦૫.

ડેપાના પ્રભા પ્રવીણ મારૂ (ઉં. વ. ૭૧) તા. ૧૧-૦૬-૨૬ ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી જેઠીબાઈ કુરપાર વરજાંગ મારૂના પુત્રવધુ. પ્રવીણના પત્ની. શીતલ, પરેશના માતુશ્રી. વાંઢના ભાનુમતિ વિશનજી બોરીયાના પુત્રી, જયંત, રમેશના બહેન. પ્રા.શ્રી.વ.સ્થા.જૈન.શ્રા. સં. કરસન લધુ નિસર હોલ-દાદર. ટા. ૨ થી ૩.૩૦.

નવીનાળના અ.સૌ. હેમલતા પ્રદિપ વોરા (ઉં. વ. ૭૫) તા. ૧૧-૬-૨૬ના અવસાન પામેલ છે. કસ્તુરબેન લાલજીના પુત્રવધુ. પ્રદિપના પત્ની. રાજેશ, મેહુલ, ઉર્મીના માતુશ્રી. વાંકીના નાનબાઈ રામજી નંદુના પુત્રી. ખીમજી, શાંતિલાલ, મણીલાલ, મણીબેન, જેઠીબાઈ, જવેરબેનના બેન. પ્રા. શ્રી સુમતિનાથ ભગવાન જૈન દેરાસર ન્યુ સંકુલ, માટુંગા (સે.રે.) ટા. ૩.૩૦ થી ૫.

બાડાના હીરબાઇ દામજી ગોસર (ઉં. વ. ૭૯) તા. ૧૨-૦૬-૨૬ ના દેહત્યાગ કરેલ છે. ખેતબાઈ હરશીના પુત્રવધુ. દામજી હરશીના પત્ની. બાડાના ખેતબાઈ મુરજી ગોસર ગડાના સુપુત્રી. ભુજપુરના જ્યોત્સના મણિલાલ, ઉનડોઠના લતા ભાઇલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરખચંદ ગોસર, ૩૦૪, ત્રિસંધ્યા બિલ્ડીંગ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર, મું. ૪૦૦૦૧૪.

ફરાદ્રીના સુશીલા રમણીકલાલ ગાલા (ઉં. વ. ૮૧) તા. ૧૨-૬-૨૬ ના અવસાન પામેલ છે. માતુશ્રી પુરબાઈ ખીમજી ગાલાના પુત્રવધુ. રમણીકલાલના ધર્મપત્ની. ફાલ્ગુની, નિકીતા, ધીરેન, વિશાલના માતુશ્રી. નાની ખાખરના ભાણબાઈ કેશવજી વીરાના સુપુત્રી. ફરાદ્રીના વસંતબાળા ભવાનજી, બિદડાના રસિકબાળા વિનયચંદ, કોડાયના જયાબેન સૂર્યકાંત, નાના આસંબિયાના અરૂણા ચંદ્રકાંત, દેશલપરના સરલા અરવિંદ, ગોધરાના કુસુમ, ચંદ્રેશના બેન. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ શ્રી. સં. કરશન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦.

મોટી રાયણના મુલચંદ છેડા ૧૨-૦૬-૨૬નાં (ઉ.વ. ૮૧) અવસાન પામેલ છે. મઠાબાઈ જીવરાજ કુંવરજીના પુત્ર. સ્વ.રમિલાના પતિ. પંકજ, દીના, નીપા, દક્ષાના પિતા. મણિલાલ, કલ્યાણજી, પોપટલાલ, હાંસબાઈ, રતન, પુષ્પા, મંજુલાના ભાઈ. કોડાયના કસ્તુરબેન જયંતીલાલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પંકજ છેડા, ૧/૧૮, હકીમવાડી, દૌલત કોમ્પ્લેક્ષની સામે, ગ્રાન્ટ રોડ (ઈસ્ટ).

નવાવાસના કસ્તુરબેન નાગજી વીરા (ઉં. વ. ૮૫) તા. ૧૧.૬.૨૬ ના અવસાન પામ્યા છે. ભાણબાઈ વીરજી ટોકરશીના પુત્રવધુ. નાગજી વીરજીના ધર્મપત્ની. દિલેશ, ભાવના, ચેતનાના માતુશ્રી. નાના ભાડીયા પાનબાઈ પોપટલાલ ચાંપશીના સુપુત્રી. ટોકરશી, રામાણીયા જવેરબેન ગાંગજી, કાંડાગરા નાનબાઈ કાનજી, વાંઢ ખેતબાઈ (સુશીલા) શામજી, કાંડાગરા કમળા વસનજીના બેન. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦).

બિદડા (દ.ફ.)ના લક્ષ્મીબેન પ્રેમજી કક્કા (ઉં. વ.૯૩) તા. ૧૧-૬ ના અવસાન પામેલ છે. ગોમીમા દેવશી મુરાના પુત્રવધુ. પ્રેમજીના પત્ની. મનોજ, સ્વ. શરદ, દિનેશ, હેમલતા, ગીતાના માતુશ્રી. મોટા આસંબિયા વેલબાઈ પ્રેમજી કેનીયા, નાના ભાડીયા હીરાવંતી ભાણજી કુંવરજીના પુત્રી. મોટા આસંબિયા લખમશી, ધનજી, માવજી, દામજી, વેજબાઈ, પુષ્પા, ભાનુ, નાના ભાડીયા પોપટલાલ, ચુનીલાલ, નવીન, કાંતિના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ પ્રેમજી, દખણો ફરીયા, બિદડા-૩૭૦૪૩૫.

## પારસી મરણ

હોમી બેજનજી સીધવા તે રોશનના ધની. તે મરહુમો બાનુ બેજનજી સીધવાના દીકરા. તે હારુનહૈદરના પપ્પા. તે સકીનાના સસરા. તે નોશીર, હોમાય, રશના ને મરહુમ બેહરામના ભાઇ. તે ઝુબીન, નાઝરીન, બેનાઝના કાકા. (ઉં. વ. ૮૩) રે. ઠે. જે-૯૦૩, નરગીસ જલવાયુ એનકલેવસ, ૧-ફેઝ પ્લોટ -૨૦, સેક્ટર-૨૦, ખારઘર-૪૧૦૨૧૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૬-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે ડુંગરવાડી અગિયારી પર (પેતરસ).

કાવસ ફરામજી તંબોલી તે મરહુમો તેહમી ફરામજી તંબોલી તે હોશંગ જમશેદ દોકતરના મામાના દીકરા. તે ફીરદોશ ને ફરહાદના મામાના દીકરાના દીકરા. (ઉં. વ. ૭૩) રે. ઠે. ૬૭૧ બોઇસ બિલ્ડિંગ, બીજે માળે, કાર્ટર રોડ, પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪.

## મુસ્લિમ મરણ

**દાઉદી વહોરા**

હુશેનાબાઇ ઇસમાઇલજી પલતણવાલા ઝવઝતે હુશેનાબાઇ અબ્બાસભાઇ બોકસવાલા (ઉં. વ. ૮૨) તા. ૧૨-૬-૨૬ શુક્રવારના દિવસે ૧૧૮, રાજકોટવાલા બિલ્ડિંગ. ચીમનાબુચર સ્ટ્રીટ, મુંબઇ-૩. ૧લા માળે, એના ઘરે ગુજરી ગયા છે. તેના બીજયા અને તીજયાના સીપારા કાલે ૧૧ વાગે કુતબી મસ્જિદમાં રાખેલા છે.

## હિન્દુ મરણ

વેરાવળ નિવાસી હાલ મુંબઈ, વિક્રમભાઈ નાથાલાલ બઘણી (ઉં. વ. ૬૫) તા. ૧૨.૦૬.૨૬ના રોજ અરીહંશરણ થયેલ છે. તે ચારુબેન (ચેતનાબેન)ના પતિ, કિંજલ, પ્રાચીના પિતા, પૂર્વીશ હરિનભાઈ શેઠના સસરા. દિયાના નાના, જયશ્રીબેન, સ્વ. બીનાબેન, પ્રીતિબેનના ભાઈ. સ્વ. વિલાસબેન રસિકભાઈ રાઠોડના જમાઈ. લોકિક વ્યવહાર બંધ છે.

ગામ વેકરી હાલ ઘાટકોપર સ્વ. જયસુખલાલ (ઉં. વ. ૮૭) તે સ્વ. વિજયાબેન અચરતદાસ સેલારકાના સુપુત્ર. સ્વ. કુસુમબેનના પતિ. જતીન-ભાવના, સંજય-હિના, કવિન-દિપ્તીના પિતાશ્રી. સ્વ. ભીખાલાલ, પ્રફુલચંદ્ર, નલીનીબેન, તરૂલતા તથા ચંદ્રિકાના ભાઇ. સ્વ. કેશવલાલ મોહનલાલ સાંગાણીના જમાઇ. નિશીતા પ્રિયાંશ, ઉર્મિત, ઋષિત-સલોની, ઉર્વી, દર્શિતા તથા હિતાર્થના દાદા. તા. ૧૨-૬-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**લેઉઆ પાટીદાર**

ગામ બુરહાનપુર મધ્ય પ્રદેશ તે હાલ વાશી સ્વ. રજનીકાંત રંગલાલ પટેલના ધર્મપત્ની કુસુમબેન પટેલ (ઉં. વ. ૮૬) તા. ૧૧-૬-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે મનીષભાઇ તથા ડો. સુવ્રતભાઇ, આરતીબેન જયરાજ પટેલ, અર્ચનાબેન રાજેન્દ્ર પટેલના માતુશ્રી. ભાગ્યશ્રી તથા શિલ્પાના સાસુમા. સ્વ.કલાવતી બાબુલાલ પટેલના દીકરી. ડો. વેદશ્રી શોમના દાદી. લૌકિક ક્રિયા તેમ જ પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ૮૦૨-શીવઘર ટાવર, સેકટર-૩૧, વાશી વિલેજ, નવી મુંબઇ-૪૦૦૦૦૭.

**લોહાણા**

કીર્તિભાઇ ઠક્કર (ઉં. વ. ૬૪) તા. ૧૧-૬-૨૬ના ચુનાભટ્ટી મધ્યે રામશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. શિવઓમના પિતા. ત્રીનાક્ષી રૂક્ષ્મણીબેન કાનજી જાધવજીવાળા, સ્વ. રમેશ ગોકુલદાસ કાનજી જાદવજીના પુત્ર. ભરતભાઇ અને ચેતનભાઇના મોટાભાઇ. સ્વ. અનસુયાબેન, સ્વ. કૃષ્ણકુમાર લધારામ હીરાણીના જમાઇ. હીરાણી અને યોગેશભાઇ અને નરેશભાઇ અને સ્વ. ગીતાબેન અને મધુના બનેવી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૪ જૂન ૨૦૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોશી લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (પૂર્વ).

**હાલાઇ લોહાણા**

મુંબઇ નિવાસી હાલ રાજકોટ સ્વ. નરેન્દ્રકુમાર પુરુષોતમ દતાણી (ઉં. વ. ૮૮) તા. ૧૦મી જૂન ૨૦૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે વિજયાલક્ષ્મીબેનના પતિ. સ્વ. પાર્વતીબેન તથા સ્વ. પુરુષોતમ દામોદર દતાણીના સુપુત્ર. સ્વ. રામકુંવરબેન તથા સ્વ. માધવજીભાઇ મેઘજીભાઇ રતનધાયરાના જમાઇ. પ્રતાપભાઇ તથા સ્વ. કમલેશભાઇ દતાણીના મોટાભાઇ. વિપુલભાઇ તથા વૈશાલીબેનના પિતાશ્રી. હર્ષાબેન દતાણી તથા અજયકુમાર તન્નાના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા નીમા વાણિયા**

બાલાસિનોર નિવાસી હાલ મુંબઇ (વાલકેશ્વર) સ્વ. મણીબેન મણિલાલ ધારીયા (ઓલ્લા)ના સુપુત્ર ડો. ચંદ્રકાંત મણિલાલ ધારીયા (ઉં. વ. ૮૮) તા. ૧૨-૬-૨૬ના દિવસે શ્રીજીચરણ પામેલ છે. ડો. કોકિલાબેન ધારીયાના પતિ. અમીષ, મીતા, નમ્રીતાના પિતા. સ્વાતી કેતનભાઇ, ડો. દક્ષેશભાઇના સસરા. નીલ-નેહાના દાદા. આશિષ, પિન્કી, સાહિલ, પૂજા, કરિશ્માના નાના. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

દાડમાવાળા હાલ વરંગલ સ્વ. જયલક્ષ્મી અનંતરાય જગજીવનદાસ સંઘવીના પુત્ર સ્વ. વિનોદરાયના પત્ની ગં. સ્વ. ઉષાબેન (ઉં. વ. ૬૮) ગુરુવાર તા. ૧૧-૬-૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નિતેશ, નિખિલના માતા. ભામિની, શિરીસાના સાસુ અને જયના દાદી. ચિતળવાળા સ્વ. કમળાબેન પરશોતમદાસ વિઠ્ઠલદાસ મોદીના દીકરી.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ત્રાપજ નિવાસી હાલ મુંબઇ સ્વ. દયાબેન અને સ્વ. બાબુભાઇ પ્રભાશંકર ભટ્ટના પુત્ર પરેશ (ઉં. વ. ૬૩) તા. ૧૦-૬-૨૬ના મુંબઇ મુકામે કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. અલકાના પતિ. ચૈતાલી તથા ખુશાલના પિતાશ્રી. ગુણવંતરાય પ્રભાશંકર ભટ્ટના ભત્રીજા. સ્વ. દેવેન્દ્ર, દિવ્યકાંત તથા ઉમેશના ભાઇ. સ્વ. રમેશચંદ્ર હરગોવિંદ જોશીના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી રાજગોર**

મૂળ ગામ પત્રી-મુન્દ્રા કચ્છ હાલ ગાંધીધામના મણીબેન રતિલાલ કેશવાણી (ગોર) (ઉં.વ. ૮૯) તા. ૧૨-૬-૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. રતિલાલ વિશનજી કેશવાણીના પત્ની. સ્વ. હરીશ ગોર, લાભશંકર ગોર (મુન્દ્રા) ગં. સ્વ. મીનાબેન કાંતિલાલ બોડા, નીતાબેન અજિત મહેતા, (મુંબઇ)ના માતુશ્રી. ગં. સ્વ. કલ્પના, જયશ્રી, સ્વ. કાંતિલાલ શામજી બોડા, અજિત રવિશંકર મોતાના સાસુ. કૈલેશ, જય, પૂનમ દેવશી પંડ્યા, નેહા અભિષેક ઠાકર, ધારા શક્તિ ગુપ્તાના દાદીમા. સ્વ. મેગજી કાનજી જેસેરેગોર (પત્રી)ના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૬-૨૬ના સાંજે ૫થી૬.ઠે.લાયન્સ કલબ, ઓસ્લો, ગાંધીધામ ખાતે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ તેરા હાલે મુલુંડ, સ્વ.દિનેશભાઈ ગણાત્રા (ઉં. વ. ૭૯) શુક્રવાર તા.૧૨-૬-૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન મેઘજી વિસરામ ગણાત્રાના પુત્ર, ગં.લીનાબેન (ભાનુબેન) લક્ષ્મીકાંત ગણાત્રાના જેઠ, સ્વ. લક્ષ્મીકાંતભાઈ મેઘજી ગણાત્રા તથા સ્વ. હરેશભાઈ મેઘજી ગણાત્રાના મોટાભાઈ, ગં.નિરંજના ગીરીશકુમાર ઠક્કર, ગં.હંસાબેન મધુસૂદન માણેક, ગં. જ્યોતિબેન ભરતકુમાર રૂપારેલના ભાઈ, અનન્યા, ગર્વના દાદાજી, નિષ્ઠા, હિતાંશ, ધરની, અર્હમના મોટાનાનાજી. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૪-૬-૨૬ના રોજ ૫ થી ૭. ગોપુરમ હોલ, પી.કે.રોડ, મુલુંડ વેસ્ટ.

**લુહાર સુતાર**

બાબરા નિવાસી હાલ નાયગાવ, રતિભાઈ રામજીભાઈના પુત્ર રમેશભાઈ (ઉમર.૭૨) તે ઉર્મિલાબેનના પતિ, જીજ્ઞેશ, કૌશિક તથા નિખિલના પિતા, સોનલ, કાજલ નેહાના સસરા, ઘુસાભાઈ ભુરાભાઇ કવાના જમાઈ, પ્રશાંત, રેખાબેન નરોત્તમદાસના ભાઈ. પ્રાર્થનાસભા ૧૫/૬/૨૬ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**ભાવનગરી વડનગરા નાગર ગૃહસ્થ**

ભાવનગરના હાલ મુંબઈ પ્રમથેશ શિરીષકુમાર મહેતા (ઉં. વ. ૮૧) તે સ્વ. નેહાબેનના પતિ. સત્ય, નમ્રતાના પિતા. ઉર્જા, ચિરાગ ઓઝાના સસરા. ઉત્તરા ધીરેન મહેતા, સ્વ. ભૈરવી વિપુલ વૈદ્યના ભાઈ, હીર-હેલી, તીર્થ, સ્વસ્તિના દાદા-નાના. ૧૨મી ને શુક્રવારે હાટકેશશરણ પામ્યા છે. સ્મૃતિ સભા રવિવાર, ૧૪ મીને રવિવારે સાંજે ૫ થી ૭. વિલે પાર્લે વેસ્ટ, બજાજ રોડ, અમૃત બાગમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સ્ટેન્ડ-અપ કૉમેડીના નામે જાહેરમાં ઉછાળવામાં આવે છે ગંદવાડ, છતાં સત્તાવાળા કેમ ચૂપ?



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

છેલ્લા કેટલાક સમયથી હિંદુ સંસ્કૃતિ- પરંપરા વગેરે પર જ્ઞાન પિરસવાની મોસમ પૂરબહારમાં ખિલી છે, પણ ઉઘાડે છોગે અશ્લીલતાનો ગંદવાડ પિરસતી સ્ટેન્ડ અપ કોમેડી સામે કોઈ હિંદુવાદી ઉગ્રતાથી બોલતો કેમ નથી કે કેમ સત્તાવાળા એની વિરુદ્ધ કડક કાયદો ઘડતા નથી? જાહેર શોમાં મા-બહેનોની લાજ-શરમ રાખ્યા વગર આ સ્ટેન્ડ અપ કોમેડિયનો બેફામ બીભત્સ બોલે પછી બહુ ઊહાપોહ થાય તો સોશ્યલ મીડિયા પર ‘સોરી’ કહી દે એટલે વાર્તા પૂરી!

હમણાં જાણીતા સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરેના કાર્યક્રમની ‘૩૭૦ રૂપિયા કી બિરયાની’ની ક્લિપ વાયરલ થઈ તેમાં બબાલ મચી ગઈ છે. ગુડગાંવમાં રહેતા ૨૨ વર્ષના હિમાંશુ જાંગરા નામના યુવકે એક યુવતીને ૩૭૦ રૂપિયાની બિરયાની ખવડાવી તેના બદલામાં પોતે તેની સાથે બળજબરીથી લીધેલી શારીરિક છૂટની કથા જાણે બહુ મોટી બહાદુરી કરી હોય એ રીતે કરી. તેને સૌએ તાળીઓથી વધાવી લીધી અને મોરેએ તો જાંગરાને રોકડ ઈનામ આપીને પીઠ થાબડી.

મોરે અને જાંગરાની આ હરકતના પગલે સોશ્યલ મીડિયા પર લોકો તૂટી પડ્યાં છે. જાંગરાને તેની કંપનીએ નોકરીમાંથી કાઢી મૂક્યો જ્યારે મહારાષ્ટ્રમાં જાંગરા અને મોરે સામે કેસ નોંધાઈ ગયો. મહિલા પંચે પણ બંનેને નોટિસ ફટકારી છે. પગ નીચે રેલો આવ્યો એટલે બંનેએ માફી માગવાનું ને ક્લિપ હટાવી દેવાનું નાટક કર્યું, પણ એ પહેલાં તો આ નીચ હરકતનો વીડિયો વાયરલ થઈ ગયેલો તેથી થવાનું હતું એ નુકસાન થઈ જ ગયું છે.

આ વિવાદ ચાલતો જ હતો ત્યાં મોરેના જ શોમાં સેજલ પવાર નામની ડોક્ટર યુવતીએ કરેલી વાતની ક્લિપ વાયરલ થઈ. સેજલ મુંબઈની કેઈએમ હોસ્પિટલમાં નોકરી કરે છે. સેજલના કહેવા પ્રમાણે, હોસ્પિટલમાં પુરુષોના મૃતદેહો આવતા ત્યારે અમે તેમનાં ગુપ્તાંગોની સરખામણી કરીને મજા લેતાં. આ અંગે બબાલ થઈ પછી સેજલે પણ ક્લિપ હટાવીને માફી માગી લીધી. સોશ્યલ મીડિયા એકાઉન્ટ પરથી પોતાની પોસ્ટ્સ દૂર કરીને પોતાના પ્રોફાઇલને થોડા સમય માટે ખાનગી રાખીને ફરી પબ્લિક કરી દીધો. બોલો...

સોશ્યલ મીડિયામાં ફરતી થયેલી પેલી ક્લિપની અધૂરી કથા પહેલાં જાણી લઈએ... પ્રણિત મોરેના લાઇવ શોમાં હિમાંશુ જાંગરા નામના યુવકે પોતાનો કહેવાતો જાત-અનુભવ વર્ણવેલો. હિમાંશુના કહેવા પ્રમાણે, એક યુવતીને ડેટ પર લઈ ગયેલો ત્યારે ૩૭૦ રૂપિયાની બિરયાની ખવડાવી હતી. ડિનર પત્યું પછી પોતે યુવતીને ઘરે છોડવાની ઓફર કરી. જાંગરાએ કોમેન્ટ કરી કે, મૈંને કહા કિ, ૩૭૦ રૂપયે લગે હૈં, વસૂલ તો કરુંગા........જાંગરાના કહેવા પ્રમાણે, પોતે યુવતીને પાર્કમાં લઈ ગયો અને કિસ કરવાનો પ્રયત્ન કર્યો, પણ છોકરીએ ઈનકાર કરી દીધો. પછી જાંગરાએ છોકરીને કિસ માટે દબાણ કર્યું ને સાથોસાથ પેલીનાં વસ્ત્રોની અંદર હાથ નાખ્યો.........

આવી એકદમ ગંદી અને હલકી કક્ષાની આ વાતો વાંચીને જ ચિતરી ચડે છે ત્યારે મોરેના ચાહકોએ જાંગરાને વધાવ્યો અને મોરેએ એને રોકડ ઇનામ પણ આપ્યું ! છિછરાપણાની તમામ હદ આ લોકોએ વટાવી ખાધી..

તાજેતરની આ બંને બહુ ગંભીર ઘટના છે ને આપણે ત્યાં ‘વાણી સ્વતંત્રતા’ના નામે આ સ્ટેન્ડ અપ કોમેડીવાળા કેવો ગંદવાડ ઠલવાય છે તેનો આ વધુ એક પુરાવો છે. પ્રણિત મોરે અત્યારે છીંડે ચડેલો ચોર છે ને ભૂતકાળમાં બીજા પણ આવા ચોર છીંડે ચડી ચૂક્યા છે છતાં આ ગંદવાડ ઠાલવવાનું બંધ થતું નથી. શરમની વાત એ છે કે, આવી અશ્લીલ વાતો જાહેરમાં ઠાલવ્યા પછી માફી માગવાના નાટક કરીને છટકી જાય છે. થોડો સમય ચૂપ રહે છે ને પછી ફરી પોતાની જાત બતાવીને એ જ ધંધા શરૂ કરી દે છે.

આ બધું બંધ કેમ નથી થતું એમને સજા કેમ નથી થતી, કારણ કે, આપણા શાસકો લોકોને સંસ્કાર ને સભ્યતાનાં ભાષણો ભરડે છે, પણ કોમેડીના નામે અશ્લીલતા અને અસભ્યતા ફેલાવનારા આ નમૂનાઓને પાઠ ભણાવવાને બદલે શાસકો પાણીમાં બેસી જાય છે.

ગયા વરસે ‘ઈન્ડિયા ગોટ લેટેન્ટ’ નામના શોમાં કહેવાતા કોમેડિયનોએ એક છોકરીને તેનાં માતા-પિતાના સેક્સ વિશે એકદમ ગંદા સવાલ કર્યા હતા. આશિષ ચંચલાની, જસપ્રિત સિંઘ, અપૂર્વા મખિજા, રણવીર અલ્લાહાબાદિયા વગેરે કોમેડિયનોએ ત્યારે લાજશરમ નેવે મૂકીને તમામ હદો વટાવી દીધી પછી ભારે હોહા થઈ ગયેલી. આસામમાં કેસ થયો પછી બધાંએ માફી માગી, થોડોક સમય શો બંધ રહ્યો ને હવે પાછો શરૂ થવાનો છે. દોઢ વરસ થઈ ગયાં આ વાતને પણ એક પણ કોમેડિયન જેલમાં ગયો નથી. જેલની વાત છોડો પણ તેમનાં સ્ટેટમેન્ટ લઈને ચાર્જશીટ દાખલ કરવા સુધી પણ વાત પહોંચી નથી.

સ્ટેન્ડ અપ કોમેડીના નામે ચાલતા અશ્લીલતાના નગ્ન નાચ રોકવા માટે સરકાર દ્વારા કોઈ કાયદો બન્યો નથી કે નથી કોઈ સેન્સરશિપ લાદવામાં આવતી. શાસકની રાજ્ય સરકારો વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર પોસ્ટ મુકાય તો સરકારને તરત તેને બ્લોક કરાવવાનું શૂરાતન ચડી જાય છે પણ અશ્લીલતા પિરસતી ચેનલ કે એકાઉન્ટને બ્લોક નથી કરાતું. આનો અર્થ એ થયો કે સરકારને પોતાની ટીકા પસંદ નથી, બાકી અશ્લીલતા કે ગંદી ગાળો સામે વાંધો નથી. !

આ વિરોધાભાસ જુવો ... ‘કોક્રોચ જનતા પાર્ટી’ દેશના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવે તો તેનું એકાઉન્ટ બ્લોક કરવા સરકાર ‘એક્સ’ને ફરજ પાડે પણ અશ્લીલતા પિરસતાં એકાઉન્ટને કંઈ નથી થતું. જાણીતા અભિનેતા કોમેડિયન વિર દાસે ‘ભારતમાં દિવસે નારીની પૂજા થાય છે ને રાત્રે તેના પર ગેંગ રેપ થાય છે...’ એવી કોમેન્ટ કરી ત્યારે તેને માફી માગવાની ફરજ પાડવામાં આવી પણ દરેક વાક્યમાં બબ્બે ગંદી ગાળો બોલનારા કોમેડિયનો બેરોકટોક શો કરે છે- ધૂમ કમાય છે ને ચાલતી પકડે છે.

કોમેડિયન કોઈ મોટા માથાને લપેટી લે તો તેને ચૂપ કરવા કેસ ફટકારવામાં આવે. બસ, બાકી કોઈ નક્કર પગલાં તો નથી જ લેવાતાં. થોડા સમય પહેલાં સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ઉપ મુખ્ય મંત્રી એકનાથ શિંદેને ‘ગદ્દાર’ કહ્યા તો ભડકેલા શિવસૈનિકોએ મુંબઈમાં હોહા કરી મૂકેલી. કામરાનો એકાદ શો રદ કરવાની ફરજ પાડેલી ને કેસ પણ થયો પણ પછી બધું ટાઢુંબોળ. કામરા આજે છૂટ્ટો ફરે છે ને સ્ટેન્ડ અપ કોમેડીના નામે મનફાવે એવો બકવાસ કર્યા કરે છે. એ પહેલાં મુનાવર ફારૂકીએ અમિત શાહની મજાક ઉડાવી હતી તો મધ્ય પ્રદેશમાં મુનાવર સામે કેસ કરીને એને જેલભેગો કરી દેવામાં આવ્યો . તેના થોડાક શો પણ રદ કરી થયા , પણ હવે મુનાવર મિયાં પાછો એ જ પ્રકારની વાતો કર્યા કરે છે ને તેના શો પણ બેરોકટોક ચાલે છે.

આપણે ત્યાં છેલ્લાં કેટલાંક વરસોથી હિંદુ સંસ્કૃતિ, પરંપરા વગેરે પર જ્ઞાન પિરસવાની મોસમ પૂરબહારમાં ખિલી છે. ‘વેલેન્ટાઈન ડે હિંદુ સંસ્કૃતિની વિરુદ્ધ છે તો તેનો વિરોધ કરો, થર્ટી ફસ્ટની પાર્ટીઓ ભારતીય પરંપરાનો ભાગ નથી તેથી એ પાર્ટીઓમાં ઘૂસીને તોડફોડ કરો...’ જેવી ભાંગફોડ પ્રવૃત્તિ આ પૂરજોશમાં ચાલે છે, પણ અશ્લીલતાનો ગંદવાડ પિરસતી સ્ટેન્ડ અપ કોમેડી સામે કોઈ હિંદુવાદી ઉગ્રતાથી બોલતો નથી કે આવા કાર્યક્રમોને રોકવા માટે કોઇ ઉધામા થતા નથી. એ સૌ ચૂપ છે.

આ ચૂપકીદીનું કારણ સમજવા જેવું છે. સ્ટેન્ડ અપ કોમેડીના મોટા ભાગના શો ફાઈવ સ્ટાર હોટલોમાં. હાઈ-ફાઈ ક્લબો કે કાફેમાં થાય છે. તેના માલિકો ધનિકો હોય કે પછી રાજકારણીઓ હોય છે. આ શોમાં આવનારા ને ગંદી ગાળો પર તાળીઓ પાડનારા મોટા ભાગે સારી કમાણી કરનારા યંગસ્ટર્સ હોય છે તેથી શોની મોંઘી ટિકિટો તો ખરીદે જ છે પણ ખાવા-પીવામાં પણ બેફામ ખર્ચા કરે છે. આ કમાણી પર તરાપ મરાય તો સીધા ઉપર ફોન જાય ને તેમના ઈશારે પોલીસ આવીને વિરોધ કરનારાંના ઢેકા ભાંગી નાંખે તેથી કોઈ વિરોધ કરવા આગળ આવતું નથી... આપણે નયા ભારતની વાત કરીએ છીએ પણ સ્ટેન્ડ અપ કોમેડીના આવા માહોલ વચ્ચે આ નયા ભારત કેવું છે-શું છે એ કળવું મુશ્કેલ છે. ■

મોર્નિંગ મ્યૂઝિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# બશીર બદ્ર

## સ્મૃતિઓના શાયર ને સ્મૃતિભ્રંશની સાંજ



કવિ- શાયર અને લેખકના જીવનની એક કરુણ વિડંબના એ છે કે તેમણે પોતાની રચનાઓમાં જીવનના એવા પક્ષને પ્રસ્તુત કર્યા હોય છે જે પાછળથી તેમના પોતાના જીવન માટે પ્રાસંગિક બની જાય છે.

૨૮ જૂને, ૯૧ વર્ષની ઉંમરે અવસાન પામેલા મશહૂર ઉર્દૂ શાયર બશીર બદ્ર પાછલાં કેટલાંય વર્ષોથી ડિમેંશિયા (સ્મૃતિભ્રંશ) સાથે જીવી રહ્યા હતા. તે એ બધી જ યાદદાસ્ત ગુમાવી રહ્યા હતા, જે તેમણે જીવનભર તેમની રચનાઓમાં સંગ્રહિત કરી હતી. જાણે આવા જ કોઈ દિવસોનું પૂર્વાનુમાન હોય તેમ વર્ષો પહેલાં તેમણે લખ્યું હતુંઃ

ઉજાલે અપની યાદોં કે હમારે સાથ રહને દો
ના જાને કિસ ગલી મેં જિંદગી કી શામ હો જાયેં

બદ્ર સાહેબની મનની ગલીઓમાં સાંજ પડી ગઈ હતી. એકવાર તેમણે પોતાનો જ શેર સાંભળીને પૂછ્યું હતું કે ‘બહુ સુંદર છે આ તો, કોણે લખ્યો છે?’

તેમને એ સાધારણ ડિમેંશિયા ન હતો. ડૉક્ટરોએ કહ્યું હતું કે તે નામો ભૂલી જશે, રસ્તાઓ ભૂલી જશે અને શાયરીઓ પણ ભૂલી જશે... તેની શરૂઆત બહુ પહેલાં થઈ ચૂકી હતી. તેમના પરિવારને યાદ છે કે ૨૦૦૮માં તે હજ કરવા ગયા ત્યારે ભીડમાં વિખૂટા પડી ગયા હતા. એક પાકિસ્તાની ચાહક તેમને ઓળખી ગયો અને તેમને પાછા ભારતીય સમૂહો સાથે મેળવી દીધા.

નોબેલ પુરસ્કાર વિજેતા કોલમ્બિયન લેખક ગેબ્રિયલ ગાર્સિયા માર્કેઝ તેમના મૃત્યુનાં અમુક વર્ષો પહેલાં, વૃસ્થાવસ્થા પ્રેરિત સ્મૃતિભ્રંશ (સેનાઇલ ડિમેંશિયા)નો શિકાર થયા હતા. તે બીમારી એટલી વધી ગઈ હતી કે તે પુત્રોને પણ ઓળખી શકતા નહોતા અને પત્નીને પણ કોઈ બનાવટી વેશધારી માનીને વાતો કરતા હતા. તેમને જ્યારે ભૂલવાની નાની-મોટી ઘટનાઓનો અનુભવ થવા લાગ્યો, ત્યારે ચિંતા સાથે તેમના એક પુત્રને કહ્યું હતું, ‘સ્મૃતિ જ મારું ઓજાર છે અને એ જ મારો કાચો સામાન છે. એના વગર હું કામ નહીં કરી શકું.’

આ કથન કેવળ એક લેખકની વ્યથા નથી, પણ એ વ્યક્તિની ઊંડી આશંકાને પણ વ્યક્ત કરે છે જેનો સર્જનાત્મક સંસાર સ્મૃતિઓની માટીમાંથી બનેલો છે. તેના માટે સ્મૃતિનું લુપ્ત થવું ખાલી યાદદાસ્તનું જ જવું નથી - તે તેની સર્જનાત્મક ઓળખ અને અસ્તિત્વના આધારનો પણ વિખરાવ છે, પણ બશીર બદ્ર જાણે તેના માટે તૈયાર હતા. તેમનો ઇલાજ તો ચાલતો હતો, પણ તેમને સારા થઈ જવા કરતાં સારી રીતે જતા રહેવાની વધુ ચિંતા હતી. તેમને ખબર હતી કે ધીરે ધીરે તે ‘મગજ ગુમાવી’ દેશે માટે તે બધું સમેટી રહ્યા હતા, ખાસ કરીને તેમનું લખવાનું અને તેનું પ્રકાશન. તેમણે જ લખ્યું હતું :

*ચરાગોં કો આંખો મેં મહફૂઝ રખના*
*બડી દૂર તક રાત હી રાત હોગી*

મશહૂર ફિલ્મકાર વિશાલ ભારદ્વાજ ૧૯ વર્ષની ઉંમરથી બદ્ર સાહેબના પરિચયમાં હતા. તે સમયે બદ્ર સાહિત્ય જગતમાં ઊભરતા તારા સમાન હતા. વિશાલ તેમની શાયરી પાછળ પાગલ એક વિદ્યાર્થી. બદ્રની શાયરીઓની અસર એવી હતી કે વિશાલને એ પહેલો શેર આજે પણ યાદ છે, જે તે ઉંમરે સાંભળ્યો હતો;

*યે એક પેડ હૈ, આ ઇસસે મિલ કે રો લેં હમ,*
*યહાં સે તેરે-મેરે રાસ્તે બદલતે હૈ*

વિશાલને તેમના ડિમેંશિયાની શરૂઆત યાદ છે. એક સમચારપત્રને વિશાલે કહ્યું હતું, ‘હું જ્યારે પણ તેમના ખબર-અંતર પૂછવા માટે ઘરે ફોન કરતો તો તેમનો દીકરો તૈયબ અને પત્ની રાહત આપા મને કહેતાં કે મારું નામ સાંભળીને તેમના દિમાગમાં હલચલ થતી. જ્યારે અમને ખબર પડી કે તેમને ડિમેંશિયા થયો છે તે જાણીને અમે બહુ રડ્યા હતા.’

૨૦૧૦માં તેમણે કેટલાય દિવસો સુધી બોલવાનું બંધ કરી દીધું હતું. એક દિવસ વિશાલ પોતાનો જ એક શેર ભૂલી ગયા. તેમણે બશીર બદ્રને કહ્યું;

*‘મેરા દિમાગ ભી ધડકતા હૈ મેરે દિલ કી તરહ...’*

અને પછી પૂછ્યું, ‘ડૉક્ટર સાબ, અગલી પંક્તિ યાદ નહિ આ રહી.’

અને તેમણે અચાનક આગળની પંક્તિ જોડી દીધીઃ

*‘મિટા દિયે હૈં ફાસલે સબ મહોબ્બત ને.’*

ડિમેંશિયાની કરુણતા વચ્ચે આ પ્રસંગ એક અદ્ભુત સત્યને ઉજાગર કરે છે. સ્મૃતિઓ ભલે ધીમે ધીમે ધૂંધળી પડતી જાય, પરંતુ કવિતા, પ્રેમ અને આત્મીય સંબંધોની કેટલીક ઊંડી છાપો ઘણી વાર અંતિમ ક્ષણો સુધી જીવંત રહે છે.

બશીર બદ્રનું પૂરું નામ સૈયદ મુહમ્મદ બશીર હતું. તેમનો જન્મ ૧૫ ફેબ્રુઆરી, ૧૯૩૫ના રોજ અયોધ્યામાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે કાનપુરમાં મેળવ્યું. યુવાનીના દિવસોમાં તેમણે થોડો સમય પોલીસ વિભાગમાં નોકરી પણ કરી હતી. વીસ વર્ષની ઉંમર સુધી પહોંચતાં-પહોંચતાં તેમની ગઝલો ભારત અને પાકિસ્તાનના ઉર્દૂપ્રેમીઓમાં લોકપ્રિય બની ગઈ હતી. ઉચ્ચ શિક્ષણ માટે તેમણે ‘અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી’માં અભ્યાસ કર્યો અને ત્યારબાદ ‘મેરઠ યુનિવર્સિટી’ના ઉર્દૂ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી. સાહિત્યક્ષેત્રે તેમણે અનેક સન્માનો અને પ્રતિષ્ઠા મેળવી. ભારત સરકારે તેમને ‘પદ્મશ્રી’થી નવાજ્યા હતા, જ્યારે સાહિત્ય અકાદમી તથા વિવિધ રાજ્યસ્તરીય ઉર્દૂ અકાદમીઓએ પણ તેમનું સન્માન કર્યું હતું.

જોકે જીવનના ઉત્તરાર્ધમાં એક એવી બીમારી આવી જેણે તેમની સૌથી મોટી શક્તિ જ તેમની પાસેથી છીનવી લીધી. શબ્દો અને સ્મૃતિના આધારે આખી જિંદગી જીવેલા આ શાયરને ડિમેંશિયાએ ઘેરી લીધા, પણ તેમની શાયરી આજે પણ લાખો લોકોની યાદોમાં જીવંત છે.

બશીર બદ્રની સૌથી મોટી ખાસિયત તેમની ભાષાની સરળતા હતી. તે અત્યંત સાદા શબ્દોમાં એવી ઊંડી વાત કહી જતા કે તે સીધી જ વાચકના હૃદય સુધી પહોંચી જતી. જેમ કે કોમી તોફાનોમાં પોતાનું ઘર ગુમાવ્યા પછી તેમણે લખ્યું હતું;

*લોગ તૂટ જાતે હૈં એક ઘર બનાને મેં*
*તુમ તરસ નહીં ખાતે બસ્તિયાં જલાને મેં.* ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો

| | | |
|---|---|---|
| સોમવાર | ધર્મતેજ | આધ્યાત્મિક ચેતનાની જ્યોત |
| મંગળવાર | તરોતાજા (તન-મન-ધનથી રહો) | મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું |
| બુધવાર | ઈન્ટરવલ | થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ |
| ગુરુવાર | લાડકી પુરુષ | સંવેદના-સમસ્યા નર-નારીની |
| શુક્રવાર | મેટિની | મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન |
| શનિવાર | વીક એન્ડ | વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની |
| રવિવાર | ઉત્સવ | અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ |

# પશ્ચિમ બંગાળ અને આવતીકાલનું ભારત... (૨)

આજે આટલું જ

શોભિત દેસાઈ

feedback@bombaysamachar.com



ટીએમસી હારી અને આજની તારીખમાં અત્યાર સુધીમાં તો એના કૈં કેટલાયે ભાગલા પડ્યા અને દરેક ફિરકો એમ જણાવાનું તો ચૂકતો નથી જ કે 'અમારી કોઈ શાખા નથી.' હજી તો ઘણા ભવાડા જોવા મળશે.

**અભી તો ઝીક્રે સહર દોસ્તોં! હૈ દૂર કી બાત**
**અભી તો દેખતે જાઓ, બડી ઉદાસ હૈ રાત**

(હજી તો સવારનો ઉલ્લેખ પણ બહુ દૂરની વાત છે, હજી તો જોતા જાઓ કે રાત કેટલી ઉદાસ છે !) **– ફિરાક ગોરખપુરી**

આપણા દેશમાં દેશ સાથે ગદ્દારી કરીને બંગ્લા કે પાકિસ્તાનના લોકોને ઘુસાડવાનું પાપ કોઈ કરે અને એ પાપનો ઘડો ભરાય પછી શું થાય એ કોઈએ જોવું/ જાણવું હોય તો તકલાદી બાઈ (નામ લેતાંય ખુદના માથાના વાળ ખેંચવા જેટલો ગુસ્સો આવે, એટલે...)ને જોઈ લેવી. હલકામાં હલકી કક્ષાની મેન્ટાલીટી ધરાવતી ઘુસપેઠિયણ હતી એ તો એના કૉંગ્રેસ કાળથી ખબર હતી પણ આટલી નીચ પણ હતી એ છેલ્લાં ૧૫ વરસમાં જાણ્યું. પણ અવિનાશ વ્યાસસાહેબના શબ્દો ઉધાર લઈને કહું તો મરેલાને મારવાનું પરાક્રમ કરીને અમથો વિજયનો લ્હાવો નથી લેવો એટલે અહીં અટકું.

ગયા રવિવારે આપણે ત્રણ- ચાર-પાંચ ભયની વાત પર અટકયા'તા. ત્યાંથી વાત આગળ વધારીએ. આ બધા INDI નામના PIDC ગઠબંધને (Politicaly Inferiors Development Corporation) હિસ્સેદારોને થોડા વખત પૂરતા બાંધીને રાખ્યા આપણે ગયે અઠવાડિયે જોઈ ગયા એ ભયના અલગ પ્રકારોએ. પણ ભય એ કાંઈ રાષ્ટ્ર સંચાલનનો અભિગમ નથી. જૂનાં ધોતિયાબાજો 'ઈન્દિરા આવી જશે'નો ભય દેખાડી આવી તો ગયા, ચોખા અને ખાંડ ૬ અને ૫.૫૦ રૂપિયાથી ૨ રૂપિયાની નીચે પણ લઈ આવ્યા. પણ એ જ ભયથી ખુદને જ ન બચાવી શક્યા અને હોમાઈ ગયા. મમતા અને ડાબેરી વચ્ચે બીજેપી તરફની નફરત સિવાય કશું જ સામ્ય નહોતું. ડીએમકે અને કૉંગ્રેસને કશું લાગે ન વળગે સિવાય કે સગવડ. કૉંગ્રેસને રાજ્યનાં રાજકીય પક્ષો સાથે કશુંય સરખાપણું નથી સિવાય કે કૉંગ્રેસની 'હું છું હજી' એમ પોકારી શકવાની તાતી માંગ/ જરૂર. દંભી એકતા કોઈકને અટકાવવાની નકારાત્મક શક્તિ પર ચણાઈ હતી, નહીં કે કશુંક દેશ માટે કરી છૂટવાની સર્જનાત્મક ઊર્જા પર. એ દંભી એકતા તૂટવાની શરૂ તો ક્યારની થઈ હતી હવે એ કડડડભૂસ પણ થવા માંડી છે. સંભળાય છે એનો અવાજ? એની સાથે તૂટશે એકસામટા છેલ્લાં ૮૦ વર્ષમાં ચણાયેલા દંભી ધર્મનિરપેક્ષતાના અદશ્ય અને દેખાતા સ્તરો, પરિબળો. કારણ? ભારતમાં હવે સામાન્ય લોકોના વાસ્તવિક પ્રશ્નોમાંથી આપોઆપ આકાર લેતી કોઈ રાજનીતિ બચી જ નથી જે સનાતન ધર્મને નીચો દેખાડીને ચૂંટણી જીતી શકે. હિન્દુ વિધિઓની મજાક, મંદિરોનું અપમાન અને અચાનક ચૂંટણી પહેલા ચાર કે સાત દોરા પહેરી લેવાનો સમય આથમી ગયો, સમાપ્ત થઈ ગયો, પૂરો થઈ ગયો.

આવનારા સો વરસ ભારતીય રાજનીતિમાં હશે એમના, જે જમીની તથ્યો સાથે સૌથી વધારે જોડાયેલાં હશે, જેને ભારતીય સંસ્કૃતિની દરકાર હશે, પોતાના સંસ્કારજન્ય વારસા વિશે જે વધુ માહિતગાર હશે અને ખૂલ્લી રીતે હિન્દુતરફી હશે. દરેક પક્ષ હવે 'અમે સૌથી વધુ હિંદુ છીએ'નો દાવો કરવાની કોશિશ કરશે. કેટલાક બુડથલ રીતે, કેટલાક દેખાડા પૂરતા, કેટલાક મસમોટા જાપ- પૂજા- મંદિર ઈત્યાદિના ધ્યાનાકર્ષક દેખાડાઓ મૂકીને, કેટલાક વેદ પૂરાણથીયે જૂની લિપીઓ શોધીને, કેટલાક નવા તહેવાર શોધીને, કેટલાક એ અચાનક યાદ કરીને કે એમની પૂજ્ય દાદી તો મહાધાર્મિક હતાં, કેટલાક એવો ખેલ પણ મૂકશે કે એમણે સનાતનનું અપમાન ક્યારેય કર્યું જ નથીં. પણ અહીં જ આ બધાને માટે મોટી મુશ્કેલી છે. આ અત્યંત આદર્શ અવકાશ ક્યારનો કબ્જામાં છે ભાજપા અને આરએસએસના. ખરેખર તો આ બન્ને હિન્દુ રાજકારણમાં ઈલેકશનની મોસમના પહેરવેશ તરીકે આ અવકાશને સજાવીને નથી આવ્યા. ૨ પરથી ૮૯ અને પછી વધતો વ્યાપ માત્ર અને માત્ર પહેલા Partial અને પછી full હિંદુત્વ માટે મરી ફીટવામાંથી જ આવ્યો છે.

અને સનાતન શું અને એનો અવકાશ કેવો/ અને એનો સ્વીકાર કેવડો! અને એ માટે મરી ફીટવાની તૈયારી ક્યાં સુધીની?

**एकोऽहम बहुस्याम.**
**સદ્પ્રણવને સ્વીકાર છે મારો**
**ઓમ ને આવકાર છે મારો**

**ઉત્પત્તિથી જ્યાં સૂર્ય પહોંચ્યો નથી**
**એટલો અંધકાર છે મારો**

**મૌનની સૃષ્ટિ સર કરી છે મેં**
**શબ્દને ઈન્તઝાર છે મારો**

**જે ડૂબી જાય એ હકીકત છે**
**જે તરે એ વિચાર છે મારો**

**બે જ પગલામાં માપી લઉં સૃષ્ટિ**
**એવડો કારોબાર છે મારો**

**– શોભિત દેસાઈ**

**આજે આટલું જ...** ■

# ભક્તિનો ચરખો ને જીવનનો મર્મ : પ્રભુ ભક્તિના દેખાડા જોને, 'હિંયડો મૂં લૂણ થેઓ'

વલો કચ્છ

ગિરિરાજ

feedback@bombaysamachar.com

'કતણ ન સિખઈયેં કાપાતી, કુલા કપા વિઆઈયેતી?' (હે કાંતનારી! જો તને સાચું કાંતતા આવડતું નથી, તો પછી આ કપાસ શા માટે બગાડે છે?) અત્યારે પવિત્ર પુરુષોત્તમ મહિનો ચાલી રહ્યો છે. આ એ માસ છે જે આપણને લૌકિક દુનિયાની મોહમાયા છોડીને પરમાત્મા તરફ વળવાનો, આત્મખોજ કરવાનો સંદેશ આપે છે. આવી આધ્યાત્મિક વેળાએ સિંધ અને કચ્છના મહાન સૂફી સંત કવિ શાહ અબ્દુલ લતીફ ભટાઈના 'રસાલા' (કાવ્યસંગ્રહ) પર નજર કરતાં ભક્તિ વિશે લખવાનું મન થઈ જાય છે. શાહસાહેબે આ લોકજીવનના સાધન 'રેંટિયા' અને 'કાપાતી' (સૂતર કાંતનારી સ્ત્રી)ના પ્રતીક દ્વારા જીવ અને પ્રભુ મિલનની બહુ ઊંડી વાત કરી છે. શાહ લતીફની આધ્યાત્મિક દૃષ્ટિ કહે છે કે 'કાંતવું' એટલે પ્રભુભક્તિ કરવી. આપણું આ આયખું એ કપાસ છે અને આ શ્વાસનો ચરખો છે. આ જિંદગીના રેંટિયા પર આપણે કેવું સૂતર કાંતિયે છીએ તેના પર જ આપણો મોક્ષ નિર્ભર છે.

શાહસાહેબ કહે છે કે જે સાધક કપટ વગર, સાચા હૃદયથી પ્રભુભક્તિ કરે છે એટલે કે 'ઝીણું કાંતે છે' તેના પરમાત્મા પર એટલો ભરોસો હોય છે કેઃ ચાંઅત પાએ ચિત્તમેં, સનું કતેઓ જિન, તિનજો સરાફન, ધુકો ધાખલ ન કેઓ. અર્થાત્, જેણે મનની અંદર પૂરી કાળજી રાખીને ઝીણું (શુદ્ધ) સૂતર કાંત્યું છે, તેનું સૂતર તોળવા માટે એ પરમ શરાફે (ભગવાને) ત્રાજવામાં કાટલું પણ મૂક્યું નહીં! એ તો એમનેમ જ સ્વીકારી લીધું. એટલું જ નહીં, જો કોઈ ભક્ત ભોળો છે, તેનામાં બહુ જ્ઞાન નથી અને તે 'જાડું-મોટું' સૂતર કાંતે છે, પણ જો તેનામાં સાચી શ્રદ્ધા અને અખૂટ પ્રેમ હોય તો ભગવાન તેનો સ્વીકાર પણ તોલ્યા વગર જ કરી લે છે.

અમુક લોકોનાં ભક્તિ વર્તન જોઈને શાહસાહેબનો તીખો કટાક્ષ યાદ આવે છેઃ પલે પાયો પૂણિયું, ઘર ઘર ફેરા ડે, કા મૂં કતાએ, આંઉં કાપાઅતી આંઈયાં. એટલે કે પૂણીઓને પોતાના છેડામાં (પાલવમાં) લઈને જે સ્ત્રી ઘેર-ઘેર આંટા ફેરા કરે છે અને પૂછે છે કે 'કોઈને સૂતર કંતાવવું છે? હું કાપાતી છું!' તે અસલમાં કાંતતી નથી, માત્ર ડોળ કરે છે. સાચો ભક્ત તો ચરખાનો અવાજ પોતાના શ્વાસને પણ સાંભળવા નથી દેતો! એ ગુપ્તપણે પ્રભુના પ્રેમમાં કંપતો કંપતો કાંતે છે અને એ ભક્તિનું મૂલ્ય હીરા-માણેક કરતાં પણ મોંઘું છે.

માનવ જીવન ક્ષણભંગુર છે. આપણને મળેલા આ સોના જેવા હાથોથી જો પ્રભુ સ્મરણ ન કર્યું તો અંતકાળે પસ્તાવાનો વારો આવશે. શાહ લતીફ આપણને ચેતવે છેઃ કતણજી કા ન કરીએં, સુતી, સાહીએં હડ, સુભાહ ઈંધે ઑચતી, ઈંધ ઉઘાડન ગડ... તું આખો દિવસ આળસમાં સૂતી રહીને હાડકાંને આરામ આપે છે અને કાંતવાનું કંઈ કરતી નથી.



યાદ રાખજે, કાલે ઓચિંતી 'ઈદ' (મૃત્યુ અથવા હિસાબનો દિવસ) આવીને ઊભી રહેશે. ત્યારે તારી સખીઓ જ્યારે શણગાર સજીને નીકળશે, ત્યારે તું વસ્ત્રવિહીન (પુણ્ય વગરની) શણગાર માટે તલસતી રહી જઈશ. જુવાનીના, ભક્તિ કરવાના દિવસો તો તેં આમનેમ ગુમાવી દીધા. હવે જ્યારે શરીર વૃદ્ધ થશે ત્યારે આ આંખે ભક્તિનો દોરો કેમ પરોવી શકીશ?

સમય વહી જાય છે અને એક દિવસ આ મેળો વિખરાઈ જવાનો છે. શાહસાહેબ ભૂતકાળને યાદ કરીને ભાવુક હૃદયે કહે છેઃ

ન સે વોણ વણન મેં, ન સે કાતારિયું, પસેઓ ભાજારિયું, હિંયડો મૂજો લૂણ થેઓ. હવે ખેતરોમાં એ વણના છોડ (કપાસ) પણ નથી રહ્યા અને એ પ્રેમથી કાંતનારીઓ પણ નથી રહી. એમના વિનાની સૂની બજારો જોઈને મારું હૈયું લૂણ (મીઠા જેવું ખારું) બની ગયું છે. ચરખા વીંખાઈ ગયા છે અને કાંતવાવાળીઓ ક્યાંય ચાલી ગઈ છે.


આ બધી ચેતવણીઓ વચ્ચે શાહ અબ્દુલ લતીફ ભટાઈ આપણને એક પરમ આશ્વાસન અને આશાનું કિરણ પણ આપે છેઃ ચરખો પાંહ જે ચિત્તમેં, ભઈ ભેરેઓ જિન, તોણે કીં ન કતન, ત પ કાંધ ઉનીજો કોડિયો. જે ભક્તના દિલની અંદર ભગવાનનો સાચો ભય અને પ્રેમ છે, જેણે આદરપૂર્વક પોતાના દિલમાં ચરખો ફેરવ્યો છે; તે ભલે સંજોગોવશાત કંઈ કાંતિ ન શક્યો હોય (બહુ ભક્તિ ન કરી શક્યો હોય), છતાં તેનો માલિક - એ પરમાત્મા તેને મેળવવા માટે તલસે છે.

અંતમાં... પુરુષોત્તમ માસના આ પવિત્ર દિવસોમાં; આ ફાની દુનિયામાંથી એક દિવસ વિદાય થવાનું જ છે તો આ અવસરનો સદુપયોગ કરીને આપણી આત્મિક મૂડી કમાઈ લઈએ. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ

feedback@bombaysamachar.com




'આ રાઘવ કોણ છે...? આ રાધા કોણ છે...?' ગાયોની ગમાણ, છાણવાસીદું અને વલોણાંથી આગળની કોઈ દુનિયા નહીં જોનારા રણછોડને બિલ્લી, સામાન અને ગન જેવા રાઘવના શબ્દોએ વિચારોના ઊંડા કૂવામાં ધકેલી દીધો હતો. અને એ પહેલાં રાધાએ બાબુજી પછી હવે તારા પર ખતરો હોવાની વાત કરીને એને ડરાવી દીધો હતો. આટલું ઓછું હોય એમ હવે રાઘવે એને ગન આપવાની વાત કરી. રાઘવ ગન આપે તો લઈ લઈશ... સલામતી માટે કામ આવશે... અને જો રાઘવ મને મારી નાખવા આવે તો એને જ ખતમ કરવા પણ કામ લાગશે. રણછોડે જીવ બચાવવાને વાસ્તે આટલું વિચાર્યું.

'રણછોડ, ક્યા સોચ રહે હો?' રાઘવે રણછોડના ખભા હચમચાવતાં પૂછ્યું.

'ગન... ગન કે બારે મેં સોચું કી ગન હોતી કેસી હે,' રાઘવે મોતનો સામાન ક્યાં છૂપાવ્યો હશે એ જાણવાના ઇરાદે તીર છોડ્યું.

'ટેમ આણે દે બચ્ચુ....તુઝે ગન ભી દિખા દુંગા.' રાઘવે એના ગાલે ટપલી મારતાં કહ્યું.

'રાઘવ ભૈયા, આજ આપ જલદી આ ગયે હો તો મૈં બાઇક લે કર જાતા હું... બાજાર મેં એક ચક્કર લગા કર આતા હું... બસ, યું ગયો ઔર યું આયો.' રણછોડ ઉઠ્યો.

'રણછોડે, લગતા હૈ કોઈ લડકી કા ચક્કર હૈ...' રણછોડના મનમાં અડધે રસ્તે રાહ જોતી રાધાનો વિચાર ભમી રહ્યો હતો.

'જા ઐશ કર...' રાઘવનું વાક્ય પૂરું થાય તે પહેલાં રણછોડે બાઇકને કિક મારી...

***

રાધા રસ્તે ચાલતા વિચારતી હતી કે રાઘવ ધાર્યા કરતાં વહેલો કેમ આવી ગયો હશે. શું એને મારા આવવાની જાણ થઈ ગઈ કે રણછોડને ખતમ કરવાના ઇરાદે પહેલો આવ્યો હશે. રણછોડ હજી સુધી આવ્યો કેમ નહીં... ક્યાંક રાઘવે એને બાબુજીની જેમ... ઓહ, મેં મોટી ભૂલ કરી નાખી... મારે ત્યાં જ કશે છૂપાઇ જવાની જરૂર હતી. પાછા જવાના વિચાર સાથે એના પગ થંભી ગયા. એ ચાર રસ્તાથી થોડે દૂર જઈને ઊભી રહી ગઈ. અચાનક એને હૉર્નનો અવાજ સંભળાયો. રણછોડે એના પગ પાસે બાઇક ઊભું રાખતાં કહ્યુઃ 'જલદી સે બૈઠ જાઓ.' રાધા પાછળ બેઠી. રણછોડ અને રાધા બંને પોતપોતાના વિચારોમાં હતાં. બેજલમેડ ગામ આવતાં પહેલાં રણછોડે અચાનક બ્રેક મારી.

'યહાં સે સીધા રાસ્તા ધરમશાળા જાતા હૈ...' રાધા ઊતરી.

'મૅડમજી, યે બતાઓ આપ અસ્સલ મેં હો કોણ...?' રણછોડે મનમાં વલોવાતો સવાલ ફરી કર્યો.

'ટાઇમ આને દે... સબ પતા ચલ જાયેગા... તૂઝે કહા વો કામ કર... તેરે લિયે... મેરે લિયે... અપને લિયે...'

'મોત કા સમાન મિલ જાણો હે... ઢૂંઢણે કા કામ મેરા,' રણછોડ બોલ્યો.

'સૂન, યે બાત હોમદોનોં કે બીચ મેં રહેગી...' રાધા બોલીને બેજલમેડ ગામ તરફ ચાલતી થઈ ગઈ. રણછોડ ક્યાંય સુધી એને જતા જોઈ રહ્યો.

***

રાધા ધરમશાળામાં પહોંચી. જગદીશ કાઉન્ટર પર જ હતો.

'ક્યાં હતાં આટલો વખત.? પુરોહિત તમને શોધે છે...' જગદીશે કહ્યું.

'શું કહ્યું એણે...?' રાધાએ પૂછ્યું.

'કાંઈ બોલ્યો નથી, પણ એના અવાજ પરથી લાગ્યું કાંઈક અર્જન્ટ હશે.'

રાધા ઝડપથી રૂમમાં ગઈ. દરવાજો બંધ કરીને પુરોહિતને કૉલ કર્યો.

'હેલો...'

'સાંભળો, આમ ફોન પર વાત નહીં થાય...ચાની ટપરી પર આવો...' પુરોહિત બોલ્યો.

'ના, આપણે મળવું નથી... ચા પીવાને બહાને પણ નહીં... તમે લખીને દાનપેટીમાં નાખી દો....' રાધાએ કહ્યું.

'ભલે... શંકર શંભો... શંકર શંભો... શંકર શંભો.' એણે શંકર શબ્દ પર ભાર મુક્યો. ફોન કટ થયો.

***

'દેખો તુમ્હારા બહાર નીકલના ખતરોં સે ખાલી નહીં હૈ... બહેતર હૈ તુમ રૂમમેં હી રહો... કૂછ બુક્સ રખી હૈ... પઢતે રહો... ટાઇમ પાસ કરો... જબતક અગલા ઑર્ડર ન મિલે,' રહેમત અલીએ અજમલને કહ્યું.

'સમંદર ખાન સે મેરી બાત કરાઓ,' અજમલે કહ્યું.

'ઉસકા ફોન આયેગા તો ઝરૂર બાત કરાઉંગા... લેકિન તૂ યહાં સે બાહર નહીં જાયેગા,' રહેમત અલીએ કહ્યું.

'મુઝે બાહર જાના હોગા... મુઝે કિસી કો ઢૂંઢના હૈ...' અજમલ બોલ્યો

'કિસકો ઢૂંઢના હૈ?' રહેમતે પૂછ્યું.

'ઇન્ટેલિજન્સ બ્યુરો કી એજન્ટ મિત્સુ આનંદ કો...' અજમલે કહ્યું.

'જાનતા હું... વોહી મિત્સુ આનંદ જિસને હમારે સ્લીપર સેલ કા પર્દાફાશ કરવા કે હમારે લોગોં કો પકડવાયા થા... મુઝે પતા ચલા હૈ કી ઉસ ઑપરેશન કે બાદ ઉસકી જાન કો ખતરા થા ઇસલિયે આઇબીને ઉસે કોઇ મહેફૂઝ જગહ ભેજ દિયા હૈ...'

'નહીં મૈં નહીં માનતા ઇસ બાતકો...કોઈ તો બડા રાઝ હૈ... વો ખતરોં સે ડરનેવાલી નહીં હૈ. રહેમતભાઈ, ઉસકા ઝીંદા રહેના.... મતલબ મેરી જાન કો ખતરા હૈ...' અજમલે કહ્યું.

'ફિલહાલ તૂં યહાં મહેફૂઝ હૈ...' રહેમત અલી કહીને જતો રહ્યો.

***

બીજે દિવસે રાઘવ મંદિરે જવા નીકળ્યો કે તરત જ રણછોડ શસ્ત્રો શોધવાના કામે લાગી ગયો. એણે પાછળ આવેલા બાબુજીના નાનકડા ખેતરમાં શોધખોળ શરૂ કરી... પંપ રૂમમાં ગયો. કાંઈ મળ્યું નહીં. ઘાંસ ખડકેલા રૂમમાં જઈને નજર કરી... છત સુધી નજર ફેરવી. આટલી બધી ઘાસની ગંજીઓ ઊથલાવવામાં સમય લાગી જશે ને ત્યાં સુધીમાં જો રાઘવ આવી ગયો તો મને ગોળીએ દઈ દેશે. એને બીજી તરફ રાધાએ કહેલી વાત યાદ આવી ગઇ. મારે જીવ બચાવવો હોય તો જોખમ તો લેવું જ પડે. એણે શસ્ત્રો શોધવાનું શરૂ કર્યું. ઘાંસની ગંજીઓ એક તરફ ફેંકવા લાગ્યો. એકી શ્વાસે મચી પડ્યો. પરસેવે રેબઝેબ થઈ ગયો, પણ અટક્યો નહીં. અચાનક એને ઘાંસની ગંજી હેઠળ એક કોથળો દેખાયો. એણે કોથળાનું મોં ખોલીને અંદર જોયું. એ ભયથી થથરી ઊઠ્યો...આટલાં બધા હથિયારો. એકે ૪૭ રાયફલો, રિવોલ્વરો, હૅન્ડગ્રેનેડ... એના હાથમાંથી કોથળો છૂટી ગયો... એ બે ડગલાં પાછળ ખસી ગયો. અચાનક બાઇકનો અવાજ આવ્યો. રાઘવ જોશે એવો મને ગોળીએ દઈ દેશે. એણે ફટાફટ કોથળાની આસપાસ ઘાંસની ગંજીઓ ગોઠવવાની શરૂઆત કરી... જેમ જેમ બાઇકનો અવાજ નજીક આવતો ગયો તેમ તેમ એની ઝડપ વધવા લાગી... એના ધબકારા વધી ગયા... એ હાંફી રહ્યો હતો.

**રણછોડે કોથળો ખોલીને અંદર જોયું. આટલાં બધાં હથિયારો. એના હાથમાંથી કોથળો છૂટી ગયો...**

'રણછોડે....' બહારથી રાઘવની બૂમ સંભળાઈ. ઘાંસની ગંજીઓથી કોથળો ઢંકાઈ ગયો, પણ કેટલીય ગંજીઓ રણછોડના કારનામાની ચાડી ખાતી આમતેમ પડી હતી. રણછોડનું મોં સૂકાઈ ગયું હતું... જીભ થોથવાઈ રહી હતી. એનામાં બોલવાની તાકાત નહતી.

'રણછોડ... તૂં યહાં ક્યા કર રહા હૈ... ઔર યે સબ ક્યા હૈ?' રૂમમાં ધસી આવેલા રાઘવે આસપાસ જોતાં પૂછ્યું.

'સા...પ. સાપ ઘૂસ આયા હૈ... ઉસે પકડને કી કોશિશ કર રહા હું...' રણછોડે સાપ પકડવાનો સાણસો બતાવતાં કહ્યું.

'અરે રણછોડ, સાપ જેસે ઘૂસ આયા હૈ વેસે હી ચલા જાયેગા. તૂ બહાર ચલ...' રાઘવ એને બહાર લઈ ગયો.

'તૂને કૂછ દેખા...? મેરા મતલબ હૈ... તૂને સાપ કો દેખા...?' એણે પાણીનો લોટો રણછોડને આપતાં પૂછ્યું

'હાં...દેખા,' રણછોડની આંખ સામે શસ્ત્રો તરવરતાં હતાં.

***

પુરોહિત રાત પડવાની રાહ જોતો હતો... રાધા રણછોડની રાહ જોતી હતી... રાઘવે શસ્ત્રો છૂપાવ્યા હોવાની રાધાને ગળા સુધીની ખાતરી હતી અને એની તપાસ રણછોડ જ કરી શકે એમ હતો. બીજી તરફ રાધાને પુરોહિતના પ્રોફાઇલની ઇન્તેજારી હતી. કોનો પ્રોફાઇલ પુરોહિતે તૈયાર કર્યો હશે. રાધાથી હવે વધુ રાહ જોવાય એમ નહતી. નૅશનલ સિક્યૉરિટી ઍડ્વાઇઝરે છુટ્ટો દોર આપી દીધા પછી રાઘવના કેસમાં ઢીલ પોસાય એમ નહતી. રાતે પુરોહિત મંદિરની દાનપેટીમાં ચિઠ્ઠી મૂકે અને પોતે ત્યાં જઈને ચિઠ્ઠી લઈ લે તે પહેલાં રાઘવનો ખેલ ખતમ કરવાનો એણે નિર્ણય લઈ લીધો.

'જગદીશ, તારી સ્કૂટીની ચાવી આપ...' એણે કહ્યું. જગદીશે ચાવી આપી, પણ એની આંખોમાં સવાલ હતો. રાધાએ નીચે ઊતરતાં મોં પર બુકાની બાંધી લીધી. બેજલમેડની બહાર એક ગલીને નાકે કાઈની રાહ જોતી ઊભી રહી. થોડીવારમાં રાઘવ મંદિર પરિસરમાંથી નીકળીને તબેલે જવા ત્યાંથી પસાર થયો. એનો તબેલા પર પાછો જવાનો એ રોજનો રસ્તો હતો. રાધાએ એને થોડે દૂર જવા દીધો પછી સ્કૂટી સ્ટાર્ટ કરી. સિંદૂરી સાંજ ઢળવામાં હતી ને શિયાળુ હવા વધુ ઠંડી થવા લાગી હતી. તબેલા સુધીના લગભગ દોઢેક કિલો મીટરના રસ્તા આગળ રાઘવની બાઇક અને પાછળ રાધાની સ્કૂટી પીછો કરી રહી હતી. પવનની સરસરાટી અને બાઇક-સ્કૂટીના અવાજ સિવાય બધું સૂમસામ હતો. અચાનક રસ્તાના વળાંક પર તબેલાથી પચાસેક મીટર રાઘવે બાઇક ઊભું રાખ્યું. રાધાએ એની નજીક સ્કૂટી ઊભી રાખી.

'નાગણને બિલ્લી પગે આમ પીછો કરતાં મેં પહેલી વાર જોઈ...' રાઘવ બોલ્યો.

'મને પ્રેમ કરતો હોવાનો ઢોંગ કરનારો તૂં અસ્સલમાં કોણ છે એ હું જાણી ગઈ છું...' રાધાએ કહ્યું.

'અને તારી અસલિયત... તારો મકસદ હું જાણી ગયો છું...' કહીને રાઘવે રાધાના મોં પર એક મુક્કો માર્યો. અચાનક મારેલા મુક્કાથી રાધા નીચે પટકાઈ ને તરત કરાટે સ્ટાઇલમાં બે પગ પર સટ્ટાક ઊભી થઈને રાઘવની છાતી પર લાત મારી...રાઘવ ચત્તોપાટ પડ્યો. રાધા કરાટેની પોઝિશનમાં બે હાથ ઉગામીને ઊભી રહી. રાઘવ એની તરફ ધસી આવ્યો કે તરત જ રાધાએ એના મોં પર મુક્કાબાજી શરૂ કરી...

'કોણ છે તું...? શું કાવતરું છે...?' રાધા બોલતી ગઈ ને મુક્કા મારતી ગઈ. સામે પક્ષે રાઘવ બે હાથ આડા કરીને મુક્કાથી બચવાના પ્રયાસ કરતો રહ્યો... અચાનક રાઘવે રાધાને ભરમાવા ખોટી બૂમ મારી. 'રણછોડ.....' રાધાનું ધ્યાન એ દિશામાં ગયું કે તરત જ રાઘવે રાધાની ગરદન પકડી લીધી.

'તું બતાવ... તારું શું કાવતરું છે...?' રાઘવ ગરદન કસી રહ્યો હતો... રાધાએ રાઘવના પેડું પર લાત મારી. રાઘવ બે હાથ પેડું પર મૂકીને ઊભો રહ્યો કે રાધાએ કુંગ ફૂના દેવપેચ શરૂ કર્યા... રાઘવ પણ કુંગ ફૂ જાણતો હતો... હવે બંને વચ્ચે કુંગ ફૂની ફાઇટ શરૂ થઈ... અચાનક રાઘવે બાઇક પાસે જઈને સીટ નીચેથી રિવૉલ્વર કાઢીને રાધાની સામે તાકી ને અચાનક એક અવાજ આવ્યો....'રા....ઘ.....વ.....'

રણછોડ ગન તાકીને ઊભો હતો... (ક્રમશઃ)■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# સાહિત્ય ને જીવનને એકાકાર કરતા કવિ દિનેશ દેસાઈ

ગુજરાતી સાહિત્યમાં વિવિધ સાહિત્ય પ્રકારોમાં એક જ સમયે કામ કરનારા થોડા ઘણા સાહિત્યકારોમાં એક અગ્રગણ્ય નામ છે કવિ દિનેશ દેસાઈ. આપણામાં ૬૪ કળાઓની વાત છે. સાહિત્ય અને જીવન એકાકાર થઈ જાય ત્યારે સાહિત્યના વાડા અને સીમાડા રહેતા નથી પણ એકાકાર થાય છે. આપણા આ સાહિત્યસર્જક દિનેશભાઈમાં સાહિત્યના લગભગ દરેક ભાગ અને વિભાગ એકબીજા સાથે સંપીને સહિયારું સર્જન કરતા હોય એમ લાગે છે. વાણિજ્યનો અભ્યાસ કર્યો અને સાહિત્યની ઉપાસના કરી. સાથે સાથે જેને ઉતાવળમાં સર્જાતું સાહિત્ય કહેવામાં આવે છે એવા પત્રકારત્વક્ષેત્રે અનેકવિધ અનુભવોની ગઠરી બાંધી જે તેમને જીવનલક્ષી સાહિત્ય સર્જવામાં ઘણી ઉપયોગી થઈ.

આમ તો સર્જકનો પરિચય એમનું સર્જન છે બાકી બધી ઓળખ છે. દિનેશભાઈ જાણીતા ગઝલકાર, સાહિત્યકાર અને સમૂહ માધ્યમના સંજય છે. માતા હંસાબહેન અને પિતા રજનીકાન્તભાઈના ઘરે ૧૨ ઑગસ્ટ, ૧૯૬૮ના રોજ અમદાવાદમાં જન્મ થયો. અમદાવાદમાં ૧૯૮૮માં કૉમર્સની ડિગ્રી લીધી. સમયના પગરવને પારખીને ડિપ્લોમા ઇન કમ્પ્યુટર ઍપ્લિકેશન અને ૧૯૯૦-૯૧માં પોસ્ટ ગ્રૅજયુએટ ડિપ્લોમા ઇન માસ કમ્યુનિકેશન, જર્નાલિઝમ ઍન્ડ ઍડ્વર્ટાઇઝમેન્ટનો અભ્યાસ કર્યો. જીવન સંગિની જયશ્રી ભટ્ટ નવલકથાકાર અને પુત્ર મહર્ષિ દેસાઈ ડિજિટલ સાઇબર સિરીઝમાં



દિનેશ દેસાઈ

૧૨ પુસ્તક આપે છે અને કુટુંબના સાહિત્યિક વારસામાં વંશવૃદ્ધિ કરે છે.

દિનેશ દેસાઈને બાળપણથી જ વાચન-લેખનનો રસ રહ્યો, ૧૯૮૬-૮૭માં એમની પ્રથમકૃત્તિ અનુક્રમે કાવ્ય અને લઘુકથા મુંબઈના ગુજરાતી સાહિત્ય સામાયિક 'પ્રખર'માં પ્રગટ થઈ.

એ સમય દરમિયાન રાજ્ય સરકાર યોજિત નવોદિત લેખકો માટેની નાટ્યલેખન તાલીમ શિબિરમાં એક સપ્તાહ સુધી વરિષ્ઠ સાહિત્યકારો રઘુવીર ચૌધરી અને સતીશ વ્યાસની નિશ્રામાં રહેવાની તક મળી.

સારો સાહિત્યકાર સાથે પત્રકાર બની શકે એ અપવાદ છે પણ સારા પત્રકાર ઉત્તમ સાહિત્યકાર જરૂર બની શકે એ નિયમ છે. નવું નવું જાણવાની વિચારવાની અને જનતા સમક્ષ લઈ જવાની ધગશ હોવાથી દિનેશભાઈ પત્રકારત્વના ક્ષેત્રે પદાર્પણ કરે છે. ઇ.સ. ૧૯૮૮-૮૯માં તેઓ રાજકોટથી પ્રગટ થતા દૈનિક શ્રી નૂતન સૌરાષ્ટ્રમાં સંવાદદાતા તરીકે જોડાયા. ત્યાર પછી એક એક સફળતાની સીડીઓ ચઢતા રહ્યા, 'સમભાવ', 'ગુજરાત સમાચાર', 'મુંબઈ સમાચાર', 'સંદેશ', 'લોકસત્તા જનસત્તા' પછી ઇલેક્ટ્રૉનિક માધ્યમમાં કાર્ય કર્યું. ટીવી-૯ ન્યૂઝની સર્વપ્રથમ ગુજરાતી ચૅનલથી શરૂ કર્યું. વચમાં પ્રિન્ટ મીડિયામાં ગતિવિધિ ચાલુ રાખી અને ઇ. સ. ૨૦૧૧થી ગુજરાત સરકાર સાથે જોડાયેલા છે. સંવાદદાતાથી લઈને ન્યૂઝ ઍડિટર સુધીના હોદ્દાઓ પર વિવિધ શહેરોમાં અને રાષ્ટ્રની રાજધાનીમાં કામ કર્યું. આ બધા અનુભવોથી સમયાંતરે ચાલતી સાહિત્ય ઉપાસના અને સર્જનાત્મકતા સમૃદ્ધ બની.

દિનેશભાઈ સરખી ઇયત્તતાથી ગુજરાતી અને હિન્દીમાં ગદ્ય અને પદ્ય લખે છે. હિન્દીમાં કાવ્ય, નવલકથા અને અન્ય પ્રકારોમાં ગતિશીલ છે.

રેડિયો અને ટી.વી. જેવાં માધ્યમો, વિદ્યાલયોમાં વિઝિટિંગ ફૅકલ્ટી તરીકે માનદસેવાઓ આપવી અને સમાજ પ્રત્યેના કર્તવ્યથી સભાન રહીને પર્યાવરણ જેવા વિષય પર જનજાગૃતિનું કાર્ય એમણે કર્યું છે. અનેક પ્રતિષ્ઠિત સામયિકો અને અખબારોમાં પ્રદાન કરતાં જ રહેવું એ સૌથી મુશ્કેલ કામ એમણે સહજતાથી પાર પાડ્યું છે.

એમની સાહિત્યિક અને સામાજિક ક્ષેત્રની કામગીરી બદલ એમને અનેક માન-અકરામોથી નવાજવામાં આવ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદનો શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક સહિત અનેક અવૉર્ડ પ્રાપ્ત થયા છે.

દિનેશભાઈ પ્રોલિફિક રાઇટર છે. તેમનાં ૧૧૦ પુસ્તકો પ્રગટ થયાં છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં છે. જેમાં શ્રી નરેન્દ્ર મોદી અને ગુજરાત તથા ભારતને લગતાં ૩૦ પુસ્તકોનો સમાવેશ થાય છે.

એમના ચાર ગઝલસંગ્રહ પ્રગટ થયા છે. (૧) સ્નેહના નામે (૨) કેફ (૩) પ્રેમઝરુખો અને (૪) અબીલ જેવો છું, ગુલાલ જેવો છું. એમણે કાવ્ય સંપાદન, બાળસાહિત્ય, હિન્દી ગઝલસંગ્રહ 'દિલ કા દરિયા', અને 'તન્હાઇ કે શહેર મેં' આપ્યા છે.

નવલકથા, લઘુ નવલ, નવલિકાસંગ્રહ લલિત નિબંધો, વિવેચન-અવલોકન, કાયદા વિષયક પુસ્તકો, પર્યાવરણ - વિજ્ઞાનનાં પુસ્તકો માસ મીડિયા -માસ કમ્યુનિકેશનના અભ્યાસક્રમ લક્ષી પુસ્તકો અને પ્રવાસને લગતાં પુસ્તકો લખ્યાં છે. ધર્મ, સાહિત્ય, સિનેમા, જીવનચરિત્ર, ગાંધીજી, સરદાર પટેલ અને નરેન્દ્ર મોદી પરના અભ્યાસપૂર્ણ લેખોને વાચકોએ વધાવી લીધા છે. એમની અનેક રચનાઓ હિન્દી અને મરાઠીમાં ભાષામાં અવતારવામાં આવી છે.

'અબીલ જેવો છું, ગુલાલ જેવો છું' કવિનો ચોથો ગઝલ સંગ્રહ છે જેમાં ૬૫ ગઝલ છે. આ કવિએ બહુ નથી લખ્યું પણ જે કંઈ આપ્યું છે તે ગુણવત્તાસભર અને લોકભોગ્ય આપ્યું છે. એમના કાવ્ય સર્જનમાં ગઝલ મોખરે છે. ગઝલ પંક્તિમાં પોતાની ઓળખ આપતી ગઝલમાં કવિ કહે છે :

*અબીલ જેવો છું, ગુલાલ જેવો છું*
*કરો તિલક શુભ-લાભ ભાલ જેવો છું*

વિવેચક જયેન્દ્ર શેખડીવાળાએ કહ્યું છે કે કવિશ્રી દિનેશ દેસાઈએ આ સંગ્રહમાં બહુધા ગઝલ પ્રકારની રચનાઓ સંગ્રહી છે. તેમાં કાવ્યતત્ત્વ સબળ રચનાઓ છે. જે આપણને આપણા ભાવકોદ્ગાર દ્વારા 'વાહ' કહેવડાવી જાય છે જેમ કે :

*એ સમય રેત પર નામ લખશે ફરી ફરી*
*જોઇ લો રેશમી સાંજ પાછી ફરી હશે*
****

*નાવ, નાવિક ને હલેસાં, કેટલા વાનાં ?*
*છે કઠિન આ ઝાંઝવાના જળ તરી જવું*
****

*શુભ લાભ સચરાચર સબ સુખ ઉમંગે*
*મંગલ હો સબ માનીત, હરિ સુમિરન સાધો*
****

*હરિનામની ભભૂત છે, લગાવ રંગ ભગવા*
*દુનિયા કહે સખીરી સહજ સમાધિ સાધો*
****

*બાંસરીના નાદમાં માધવ મળે*
*વાલિયાના રાફડે રાઘવ મળે*
****

*કાલની એ છોકરીના બાળપણને*
*રોજ હું શોધ્યા કરું છું આ ગલીમાં*
****

*એક ગમતી નદી દરિયો'ય છોડીને*
*વ્હેણ આ તરફ વળશે ખબર નો'તી*
****

*આમ તેઓ વૃક્ષારોપણ કરાવે છે*
*ઊગતા પ્હેલાં તો એને કપાવે છે*
****

*મળી તાકાત હો તો ચાર ડૂબી જો સમંદરમાં*
*નકામો છીછરો એવો કિનારો કોણ માંગે છે ?*
****

*જિંદગીમાં કોઇ અકારણ મળે*
*જીવવાનું બસ કોઇ કારણ મળે*
****

*શબ્દને વાચા ફૂટેલી જોઇએ*
*મૌનની ભાષા ઉકેલી જોઇએ*
****

*તરફડે છે મીન, સ્પર્શ પામવા*
*એક બસ એની હથેળી જોઇએ*
****

*ને મદીરાના તમે દુશ્મન હતા*
*પી રહ્યા છો જામ પણ લીધા વગર*
*કૈંક તો લીધું જ હોવું જોઇએ*
*કોઇ ના લથડી શકે પીધા વગર*
****

*પત્રમાં ગઝલ મળશે, એ ખબર નો'તી*
*આમ સપનુંય ફળશે એ ખબર નો'તી*
*ને વસંતે તમે સ્પર્શ્યા, અમે ખિલ્યા*
*સાવ કળ આમ વળશે, એ ખબર નો'તી*
****

*ફૂલોએ તો કદી બદનામ એને કર્યો નથી*
*ભમરાની, ઘેલછાની તિખારાની વાત કર*
****

*અંત વેળા મેં પુછેલા પ્રશ્નનો*
*આપજો ઉત્તર હવે દ્વિધા વગર*
****

*મારી, તમારી, આપણી પણ લાગવી જોઇએ*
*છે જો ગઝલની વાત સૌની લાગવી જોઇએ.* ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# તમારી લાગણી સાથે કોઈ રમત માંડે તો એને અટકાવો...!

જૂન, ૨૦૨૬ના શરૂઆતના દિવસોમાં અમૃતસરની એક ટીનેજર છોકરીએ આત્મહત્યા કરી લીધી. તેના પિતા તેની સ્કૂલ ફી ભરી શક્યા નહોતા એટલે ટીચરે આખા ક્લાસની વચ્ચે તેનું અપમાન કર્યું. તેને બધાની વચ્ચે ઉતારી પાડી એટલે તે છોકરીને લાગી આવ્યું અને તેણે જીવન ટૂંકાવી લીધું.

હૃદય હચમચાવી દે આવી ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે. થોડા મહિનાઓ અગાઉ જયપુરની એક સ્કૂલમાં એક અગિયાર વર્ષની છોકરીએ જીવન ટૂંકાવી લીધું. તેના તોફાની કલાસમેટ્સ ડિજિટલ સ્લેટમાં તેના વિશે અપમાનજનક શબ્દો લખીને તેને બતાવતા હતા અને એ સ્લેટ એકબીજાને આપીને તે છોકરીની મજાક ઉડાવતા હતા. તે છોકરીએ સંવેદનશીલ હતી. તેણે ઘણી વાર ક્લાસ ટીચરને ફરિયાદ કરી, પરંતુ એમણે તેની ફરિયાદને ગંભીરતાથી લીધી નહીં. એક દિવસ તો તે છોકરીના ક્લાસમેટ્સે હદ કરી નાખી. તેમણે તે છોકરીને બહુ હેરાન કરી એટલે તે છોકરીએ પોણો કલાક જેટલા સમયમાં ટીચરને પાંચ વખત ફરિયાદ કરી. ટીચરે તોફાની વિદ્યાર્થીઓને ઠપકો આપવાને બદલે તે છોકરીને જ કલાસમાં બધાની વચ્ચે ખખડાવી નાખી. તે છોકરી એટલી વિચલિત થઈ ગઈ કે પોતાના ગ્રાઉન્ડ ફ્લોર સ્થિત ક્લાસરૂમમાંથી બહાર નીકળીને સ્કૂલમાં ચોથા માળે ગઈ અને ત્યાંથી છલાંગ મારી દીધી... દુષ્ટ સહાધ્યાયીઓ અને સંવેદનાહીન ટીચરને કારણે તે નાનકડી છોકરીનાં જીવનનો અકાળે અંત આવી ગયો. તે શિક્ષિકાને સસ્પેન્ડ કરવામાં આવી, પણ તેના પાપે પેલી ગભરુ છોકરીએ જીવ ગુમાવી દીધો.



લાગણીશીલ વ્યક્તિઓ માટે પોતાની આજુબાજુના માણસોનો ખરાબ વર્તાવ સજારૂપ બની જતો હોય છે. વધુ પડતી સંવેદનશીલતા માણસને નુકસાન કરે છે. ઉપરોક્ત બંને કિસ્સામાં છોકરીઓ વધુ પડતી સંવેદનશીલ ન હોત અને લાગણીના પ્રવાહમાં તણાઈ ન ગઈ હોત તો કદાચ તે જીવન ટૂંકાવવા સુધી ન ગઈ હોત. તે બંને છોકરી તો નાની હતી, પણ પુખ્ત વયની વ્યક્તિઓનો પણ પોતાની લાગણીઓ પર કાબૂ ન હોય તો તેમના માટે જીવન નરક સમાન સાબિત થઈ શકે.

ઈ.ક્યુ. એટલે કે ઈમોશનલ કવોશન્ટ મજબૂત ન હોય એવી વ્યક્તિઓને તેમની આજુબાજુના માણસોનો ખરાબ વર્તાવ બહુ તકલીફ આપતો હોય છે. જે માણસોનો ઈ.ક્યુ. અત્યંત મજબૂત હશે તેમનામાં થોડીક નફ્ફટાઈ હશે, પણ જેનો ઈ.ક્યુ. નબળો હશે એટલે કે જેમનો પોતાની લાગણીઓ પર કાબૂ ન હોય એવા માણસોને કોઈ પણ નકારાત્મક સ્થિતિ વધુ તકલીફ આપે. જેમ કે સોશ્યલ મીડિયા પર કોઈ દુષ્ટ વ્યક્તિએ કોઈ વ્યક્તિ વિરુદ્ધ લખ્યું હોય તો જે વ્યક્તિ લાગણીશીલ હશે તે વિચલિત થઈ જશે અને જેનો ઈ.કયુ. સ્ટ્રોંગ હશે એટલે કે જે પોતાની લાગણીઓ પર કાબૂ રાખી શક્તી હશે એવી વ્યક્તિ વિરુદ્ધ કોઈ કશું લખશે તો તેનો પ્રતિભાવ અલગ હશે. તે કહેશે કે 'ઠીક છે. હાથી ચાલ્યો જાય અને તેની પાછળ કૂતરા ભસે તો હાથીને કોઈ ફરક નથી પડતો એમ મને પણ કોઈ ફરક નથી પડતો.' અને જે વ્યક્તિઓનો ઈ.કયુ. વધુ મજબૂત હશે એવો માણસ તો તેને સોશ્યલ મીડિયા પર ટ્રોલ કરનારાની એવી હાલત કરી નાખશે કે ટ્રોલ કરનારી વ્યક્તિ વિચલિત થઈ જશે.

કોઈ વ્યક્તિ લાગણીશીલ હોય તો લોકોના ખરાબ વર્તાવથી તેને નરક જેવી અનુભૂતિ થઈ શકે. આજના સમયમાં મોટાભાગના લોકો તમારી લાગણી સાથે રમવા માટે માનસિક શસ્ત્રરૂપી છરી-ચાકાઓ સજાવીને જ બેઠા છે. તમે વધુ પડતા સંવેદનશીલ હો તો માત્ર અજાણી વ્યક્તિઓ જ નહીં, પરંતુ અંગત મિત્રો કે સ્વજનો લાગણીનું શસ્ત્ર વાપરીને તમને માનસિક રીતે દબાવશે કે ક્યારેક કચડી નાખશે.

ઘણા કિસ્સામાં કોઈ વ્યક્તિ સામાન્ય ઝઘડા પછી આત્મહત્યા કરી લેતી હોય છે એનાથી વિપરીત રીતે કેટલાક કિસ્સાઓમાં આપણને એવું લાગે કે તકલીફમાં મુકાયેલી કોઈ વ્યક્તિ આત્મહત્યા કરી લેશે તે વ્યક્તિ માત્ર નાટક કરતી હોય છે અને આપણી લાગણી સાથે રમતી હોય છે. એવી વ્યક્તિ રોજ આપણને કોલ કરીને આપણને માનસિક ત્રાસ આપે અને તેની તકલીફ માટે આપણે જવાબદાર હોય એવો અહેસાસ કરાવે. આપણે ગુનાહિત લાગણી અનુભવવા માંડીએ કે આપણે તેને મદદ નથી કરી શકતા એટલે આપણે જાણે ગુનેગાર બની ગયા છીએ,પરંતુ તે વ્યક્તિ પોતાની તકલીફોનાં રોદણાં રડતાં-રડતાં ય મજેથી જીવતી હોય છે. કેટલાક માણસો તેમની આજુબાજુની લાગણીશીલ,સંવેદનશીલ વ્યક્તિને કોલ કરે અથવા રૂબરૂ મળીને કહે કે 'હું તકલીફમાં છું અને તમારે મને મદદ કરવી જ પડશે. નહીં તો મારે આપઘાત કરવો પડશે.' સંવેદનશીલ વ્યક્તિ ખેંચાઈને પણ તેને આર્થિક મદદ કરે અને પછી પેલી નફ્ફટ વ્યક્તિ પૈસા પાછા ન આપે. જેણે ખરા સમયે મદદ કરી હોય તે પૈસા પાછા માગે ત્યારે તેની સાથે ખરાબ વર્તાવ કરે,તેના કોલ રિસીવ કરવાનું બંધ કરી દે,તેના મેસેજના જવાબ ન આપે. મને પણ આવા કેટલાય અનુભવો થઈ ચૂક્યા છે.

ઘણા 'સ્માર્ટ' માણસો હોય છે તે લાગણીનું શસ્ત્ર વાપરીને પોતાની આજુબાજુની વ્યક્તિઓ પાસેથી પૈસા ઉછીના લે અને પછી જે વ્યક્તિ ઉછીના પૈસા આપ્યા હોય એ પૈસા પાછા માગે ત્યારે તેને એવો અહેસાસ કરાવે કે જાણે તેણે પૈસા પાછા માગીને ઘોર અપરાધ કર્યો હોય કે તેનું અપમાન કર્યું હોય. એવા નફ્ફટ અને દુષ્ટ લોકો માનસિક શસ્ત્રનો ઉપયોગ કરીને તેમની આજુબાજુની સંવેદનશીલ વ્યક્તિઓની લાગણી સાથે રમત કરતા હોય છે અને તેમનું શોષણ કરતા હોય છે. એટલે લાગણીશીલ માણસોએ પોતાનો ઈ.કયુ. એટલો તો મજબૂત કરવો જ જોઈએ કે કોઈ તેમની લાગણી સાથે રમત ન કરી જાય.

તમે સંવેદનશીલ હો તો ઘણા માણસો તમારો ઉપયોગ કે દુરુપયોગ કરતા રહેશે; તમને માનસિક રીતે દબાવતા રહેશે,પરંતુ જો તમારી લાગણીઓ પર તમારો કાબૂ હોય તો તમને તમારી આજુબાજુની ખેપાની વ્યક્તિઓની વાયડાઈથી કે તેમના વર્તાવથી બહુ ફરક નહીં પડે.

સાર એ છે કે આપણી લાગણી સાથે રમત કરવાનો અધિકાર કોઈને ન આપવો જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પરથમ ચાખીએ પાંઉભાજી

## ચટાકેદાર ઈતિહાસથી વર્તમાન સુધી ...

***ટાઇટલ્સ:***
***અંતિમ સત્ય જે જન્મે છે એ સ્વાદિષ્ટ ખાવા ચાહે છે. (છેલવાણી)***

મુંબઈની સડક પર અડધી રાત્રે, 'કોને પહેલાં પાંઉભાજી ખાવા મળે?' એ મુદ્દા પર રેકડી પાસે મુન્ના ને બબલુ નામના બે ગુંડાએ એકબીજાનું ખૂન કરી નાખેલું! તોય ત્યાં ઊભેલાં લોકો જરાંયે હલ્યા સુધ્ધા નહીં, કારણ કે એમણે વિચાર્યું કે 'હાશ, બે જણાં ઓછાં થયાં, હવે આપણો વારો જલદી આવશે!'

જી હાં, આગ-સ્વાદ-સુગંધનાં તાંડવ વચ્ચે ઊભેલાં પાંઉભાજી પ્રેમીઓમાં આવું ઝનૂન હોય છે, કારણ કે હીર-રાંઝા, રોમિયા-જુલિયટ જેવી જોડીઓ કરતાંયે વધારે કોઈ જોડીને યાદ કરવામાં આવતી હોય તો એ 'પાંઉ- ભાજી' છે! નોર્મલ લોકો માટે એ ફક્ત એક વાનગી છે, પણ સ્વાદઘેલાઓ માટે 'પાંઉભાજી' એક સિસકતી સંસ્કૃતિ છે, ફરસી ફિલોસોફી છે. છેક ૧૮૬૦ના દાયકામાં મુંબઈના રસ્તાઓ પર, ગરીબ મજૂરો માટે જન્મેલી વાનગી જે ભારત ભૂમિના ખૂણેખૂણે ને વિદેશમાં પણ ગોરા,બ્રાઉન,કાળા લોકોની જાન ને જીભ પર હવે 'સ્વાદસંક્રમણ' કરે છે.

થોડા વખત પહેલાં સાંભળ્યું કે એક પાંઉભાજીવાળાએ મુંબઇમાં ૧૨ કરોડનો ફ્લેટ લીધો ત્યારથી પાંઉભાજી વિશે વધુ રસ જાગ્યો ને પછી ખબર પડી કે...

બોલો, આપણને ખબર છે કે પરમ પ્રિય પાંઉભાજીની શોધ કઇ રીતે થઇ? પાંઉભાજીનો ઇતિહાસ છેક અમેરિકાના ગૃહયુદ્ધ અર્થાત્ સિવિલ વોર સાથે જોડાયેલો છે, જે લીંબુ નીચોવેલ, કાંદામસાલા છાંટેલ પાંઉભાજી જેટલો જ 'રસાસ્ફિંટાસ્ટિક' છે.

૧૮મી સદીમાં મુંબઈ બ્રિટિશ સામ્રાજ્યનું એક મહત્ત્વપૂર્ણ બંદર હતું. આ જ સમયમાં મુંબઈમાં કાપડની મિલોનો ઉદય થયો. ૧૮૫૪માં 'બોમ્બે સ્પિનિંગ એન્ડ વીવિંગ કંપની' નામની પહેલી મિલ શરૂ થઈ. ત્યાર પછી મુંબઈમાં ડઝનેક મિલો ફટાફટા ખુલવા માંડી. આ મિલો કપાસમાંથી દોરા ને કપડું તૈયાર કરતી, જે બ્રિટન સહિત વિશ્વભરમાં નિકાસ થતાં. પણ આ મિલોને લાભ, સૌથી વધુ અમેરિકાના ગૃહયુદ્ધને કારણે થયો.

૧૮૬૦ના દાયકામાં અમેરિકામાં અબ્રાહમ લિંકનની આગેવાનીમાં ગુલામી પ્રથા વિરુદ્ધ ગોરા-કાળાઓનું ગૃહયુદ્ધ શરૂ થયું. જેને કારણે કાળાં મજૂરો લડતમાં હતાં અને અમેરિકાનું કપાસ યુરોપ પહોંચતું અટકી ગયું તો મુંબઈની મિલોએ આ તક ઝડપી લીધી ને મોટા પ્રમાણમાં નિકાસ કરવા માંડ્યું. એટલે હવે મુંબઇની મિલોમાં દિન-રાત અવિરત કામ ચાલવા માંડ્યું. અમેરિકન મજૂરો અટક્યા એટલે ભારતના ગરીબ મજૂરોની પીઠ પર બોજો આવ્યો. મજૂરીની સરહદ નથી હોતી તેમ ગરીબનો કોઇ એક દેશ નથી હોતો. હવે યુપી,બિહાર,બંગાળ,બર્માના લોકો મજૂર મશીન નામે 'મુંબઈ'માં ઉભરાવા માંડ્યા. ૧૨-૧૪ કલાક ભૂખે પેટે મજૂરો મિલમાં પીસાતા ને પેટનો ખાડો પૂરવા આવેલ બિચારા મજૂરોને ઓછા પૈસામાં પેટ ભરીને ખાવાનું ક્યાંથી મળે? અહીં જ એન્ટ્રી થાય છે સ્વાદ સુંદરી પાંઉભાજીની!

***ઇન્ટરવલ:***
***સૂરજ ઝરા આ પાસ આ, આજ સપનો કી રોટી ખિલાયેંગે હમ.***
***ઓ આસ્માં, તૂ બડા મહેરબાં, તુઝકો ભી દાવત ખિલાયેંગે હમ. (શૈલેંદ્ર)***

-તો એ હાડચામ તોડતાં મિલમજૂરોને રાતે કામ બાદ કે બપોરનાં જરાક અમથા લંચટાઇમમાં ઝડપી ને સસ્તું જમવાનું જોઈતું હતું. મુંબઈના લારીવાળાઓએ આ જરૂરિયાતને પારખીને બટાટા, ટમેટા, કાંદા મિક્સ કરીને, મસાલાઓથી ભરપૂર ચટપટી ભાજી તૈયાર કરી. ભાજી સાથે આપવામાં આવતો પાંઉ એટલે નરમ ચપટો બ્રેડ, જેને પોર્ટુગીઝ વેપારીઓ ભારતમાં લાવેલા. જેને ઓછી મહેનતે વધુ પ્રમાણમાં બનાવી શકાય. અને આ પાંઉભાજી મજૂર વર્ગની 'મા' બની ગઇ જે રાતબેરાત ભૂખ ભાંગતી. જોકે ત્યારે સમાજનો એક ઉચ્ચ હિંદુ વર્ગ પાંઉભાજી ખાતો નહીં, કારણકે પાંઉ બનાવનારા વિધર્મીઓ હતા ને બ્રેડનો લોટ પગેથી ખૂંદવામાં આવતો એટલે જ એને 'પાંઉ' કહેવાય છે- એવી એક ધારણા હતી!

જોકે ગરીબનું પેટ તો ફક્ત ને ફક્ત એક જ ધર્મ જુએ છેઃ ભૂખ! મજૂરો માટે સસ્તી પેટ ભરતી અને સ્વાદમાં અદ્ભુત પાંઉભાજીએ મજૂરોના મનને મોહી લીધાં. લાલબાગ, પરેલ જેવા મિલ વિસ્તારોમાં રસ્તાની બાજુના ઢાબાઓ પર આ પાંઉભાજી આખી રાત મળતી. પાંઉભાજીવાળા ગરમાગરમ તવા પર મસાલા ને માખણનો ખેલ કરતા ને એમાંથી જન્મ થતો પાંઉભાજીનો જેની અવિસ્મરણીય સુગંધ, જે આજેય મુંબઈના રસ્તાઓ પર રસરાણ બનીને શાનથી વહે છે!




પછી તો સમય બદલાયો, મિલો એક પછી એક બંધ થતી ગઇ, પણ પાંઉભાજીનું સ્થાન કાયમ રહ્યું. પાંઉભાજી મુંબઈના રસ્તાઓથી લઈને દેશભરમાં અને વિશ્વભરમાં ફેલાઈ ગઈ. ચોપાટી, જુહુ બીચ જેવા સ્થળો પર પાંઉભાજીના સ્ટોલ્સને ખરી પ્રસિદ્ધિ મળી. આજે પાંઉભાજીને ચીઝ, પનીર અથવા મશરૂમ જેવા નવા અવતાર મળ્યા છે, પણ તેનો મૂળ સ્વાદ અને આત્મા એ જ છે ચટપટો, સસ્તો અને સૌને એક કરનારો.

કારણ કે કમ્બખ્ત, ભૂખ જેવી કોઇ એકતા નથી!

'એકતા' એ રીતે કે હિંદુ-મુસ્લિમ 'ભાઈ-ભાઈ'ની જેમ બે પાંઉની જોડી એક જ સાથે જોડાઈને પિરસવામાં આવે છે. 'અખંડિતતા', એ રીતે કે બટેટાં, કાંદા, ટામેટા વગેરે શાકભાજીઓનાં મિશ્રણથી બનેલી ભાજી આપણને સમજાવે છે કે આપણે લોકો ભલે અલગ અલગ ધર્મજાતિ ભાષાનાં છીએ, પણ આપણે ભાજીની જેમ હળીમળીને રહેવું! ભાજી, વનસ્પતિનું 'કોંબિનેશન છે', જેમ આપણું આ 'નેશન' છે! તો હવે જ્યારે તમે પાંઉભાજીનો સ્વાદ ચાખશો, ત્યારે ફક્ત સ્વાદ જ નહીં, પણ એની પાછળનો આ રસપ્રદ ઇતિહાસ પણ યાદ કરજો પાંઉભાજી ફક્ત એક વાનગી નથી. એ તો મુંબઈની મહેનત ને સર્જનશીલતાની ભૂખકથા છે.

અહીં દુઃખની વાત એ છે કે અમેરિકાનું ગૃહયુદ્ધ ને મુંબઈની મિલોનું શરૂ થવું ને એમાંથી જન્મેલી આ સ્વાદિષ્ટ વાનગી, જે હવે મોટી મોટી હોટેલોમાં ફેન્સી આઇટમ તરીકે પીરસવામાં આવે છે!

***એન્ડ ટાઈટલ્સ:***
***આદમ: પાંઉભાજી ખાઇશ?***
***ઇવ: ના, પીશ!*** ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# વિદેશી રોકાણકારોને રાહત આપવાથી ભારતીય શૅરબજારને રાહત થશે ખરી?

વિદેશી રોકાણકારોના એકધારા નેટ વેચાણ અને તેને પગલે ઘટતો જતો રૂપિયો, ઘટતું વિદેશી હૂંડિયામણ, ઘટતું શેરબજાર, ઈત્યાદિ ગંભીર ચિંતાનું કારણ બન્યા તેથી સરકારે વિદેશી રોકાણકારોને આકર્ષવા તેમને ચોકકસ પ્રકારની કરરાહતો અને સરળ સુવિધા આપવાની જાહેરાત કરી છે. રિઝર્વ બેંકે પણ આ વિષયમાં ગયા સપ્તાહમાં ચોકકસ રાહતો-સુવિધાઓ જાહેર કરી હતી.

ભારતીય શેરબજારમાં એફઆઈઆઈ (ફોરેન ઈન્સ્ટિટયુશનલ ઈન્વેસ્ટર્સ) સતત નેટ સેલર બન્યા રહીને બજારને નોંધપાત્ર નીચે લઈ ગયા છે, જેનાં વિવિધ કારણો છે, પરંતુ તેમાંથી અમુક કારણ હવે અટકવા યા બંધ થવાની તૈયારીમાં છે. જોકે આમ તો હજી આ અધ્ધર ગણાય, તેમ છતાં જો ખરેખર આ કારણો પૂરાં થઈ જાય પછી પણ એફઆઈઆઈનો રોકાણ પ્રવાહ ભારતમાં ઝડપી બનવાની શક્યતા ઓછી છે.

બીજી બાજુ જેમાં વિદેશી-ગ્લોબલ ઈન્વેસ્ટર્સ રોકાણ કરવા વધુ ઉત્સુક છે એવા સેકટરમાં ભારત હજી બહુ ધીમી ગતિએ આગળ વધી રહયું છે. આ સેકટરમાં અઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ), સેમિ-કન્ડકટર્સ, ચિપ્સ, ઈલેકટ્રિકલ વાહનોનો સમાવેશ થાય છે. તેથી જ ગ્લોબલ ઈન્વેસ્ટર્સનો પ્રવાહ તાઈવાન અને સાઉથ કોરિઆની બજારો તરફ વધી રહ્યો છે. આ બંને બજારોના માર્કેટ કેપ ભારતીય બજાર કરતાં ઉપર નીકળી ગયા છે. ભારતમાં આ સેકટર્સમાં રોકાણ પ્રવાહ વધે, મજબૂત કોર્પોરેટ હાઉસિસ આ સેકટર્સમાં રોકાણ કરવા સક્રિય બને તો ગ્લોબલ રોકાણકારો અહીં પણ રોકાણ વાળી કે વધારી શકે છે. સરકાર પણ આ વિષયમાં વધુ રસ લઈ નક્કર પગલાં ભરે અને તેને પ્રોત્સાહન આપે એ સમયની માગ છે.

યુએસ માર્કેટમાં પણ અઈ સેકટર સ્ટોકસમાં તેજી થઈ, પરંતુ આ તેજી કેટલી પાક્કી અને નક્કર એની સામે પણ કેટલાક સવાલ છે. જયારે કે એફઆઈઆઈ ભારતીય અર્થતંત્રમાં લોંગ ટર્મનો આશાવાદ ધરાવતા હોવાનું ચોકકસ માની શકાય.

આ જ રીતે, બીજી બાજુ નાણાકીય વરસ ૨૦૨૬માં જીડીપી ગ્રોથરેટ પણ ધારણાથી અલગ રહીને ૭.૭ ટકા જેવો ઊંચો અને કવાર્ટરલી (જાન્યુઆરીથી માર્ચ-૨૬) રેટ ૭.૮ ટકા જેવો ઊંચો રહ્યો છે. જોકે હવે તે ધીમો પડવાની શક્યતા છે. અત્યારે તો બજારની ચાલને અસર કરે તેવા વિવિધ પોઝિટિવ અને નેગેટિવ અથવા જોખમી બની શકે એવાં પરિબળો મોજુદ છે.

## શૅરબજાર કેમ વોલેટાઈલ?

યુએસ-ઈરાન વિવાદ, જિઓપોલિટિકલ સંજોગો-અનિશ્ચિતતા, ક્રૂડનાં ઊંચા ભાવ, રૂપિયાનું નીચું મૂલ્ય, ભારતમાં ધીમી પડેલી વિકાસની ગતિ બજારની વોલેટોલિટીનાં મુખ્ય કારણો છે, એક સૌથી મોટું કારણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું એકધારું નેટ સેલ્સ પણ છે. આ સિવાયના કારણો તો બધાં દેશોને લાગુ પડે છે, માત્ર ભારતને નહીં, આખરે વિદેશી સંસ્થાકીય ઈન્વેસ્ટર્સના રોકાણ પ્રવાહની ભારતીય શેરબજારને જરૂર છે એ ફરી સાબિત થયું. અલબત્ત, વિદેશી રોકાણકારોને પણ ભારતીય સ્ટોક માર્કેટની જરૂર ખરી, પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેમનો વળી ગયેલો રોકાણ પ્રવાહ, સતત વેચાણ મારફત ભારતમાંથી ઊપડતા જતાં તેમનાં નાણાંએ બજાર ઉપરાંત સરકારને પણ ચિંતા કરવા પર મજબૂર કર્યા અને ભારત સરકારે વિદેશી રોકાણકારોને ભારતમાં રોકાણ કરવાનું આકર્ષણ વધે, રાહતો વધે એવા નીતિવિષયક નવા પગલાં લેવાનું શરૂ કર્યું છે.

## સ્ટોક એકસચેંજીસ વચ્ચે પણ હરીફાઇ

વિશ્વના વિવિધ સ્ટોક એકસચેંજીસ અને વિવિધ એસેટેસ વચ્ચે પણ રોકાણ આકર્ષવા માટેની હરીફાઇ ચાલતી હોય છે, જેમાં આખરે તો અર્થતંત્ર અને કોર્પોરેટસની કામગીરી-કમાણી તેમ જ વિકાસદર મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. હાલ ભારતીય ઈકોનોમી જે સંજોગોમાંથી પસાર થઈ રહી છે તેને ધ્યાનમાં રાખતા તેને પણ વેગ અને બળ માટે પેટ્રોલ-ડિઝલ તેમ જ ગેસ- ઊર્જા સ્વરૂપે રાહતોની જરૂર પડી છે. આ હકીકતને લક્ષ્યમાં રાખી સરકારે વિદેશી રોકાણકારો માટે કરરાહત સહિત સરળતા રૂપી રાહતો જાહેર કરી છે. આ માટે વિવિધ દેશો સાથે દ્વિપક્ષીય કરારોની પણ સમીક્ષા થઇ રહી છે અને જેમાં જરૂરી સુધારા મારફત પણ વિદેશી રોકાણનો માર્ગ સરળ કરાશે. બાય ધ વે, વિદેશી કે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ પણ આખરે તો પ્યોર ઈન્વેસ્ટર જ છે, જેને જયાં વધુ લાભ, સુરક્ષા અને વિકાસ દેખાય ત્યાં વધુ જાય.

## ભારતની ગ્રોથ સ્ટોરી

તાજેતરમાં ગ્લોબલ સીટી ગ્રુપના ચીફે કરેલા નિવેદન મુજબ ભારતીય અર્થતંત્ર હાલ ભુરાજકીય અનિશ્ચિતતા અને સંજોગોનો સામનો કરી રહ્યું છે, પણ આ શોર્ટ ટર્મ છે.

ભારતની ટેક ટેલેન્ટ અને ડાઈવર્સ ઈકોનોમીને લીધે લાંબાગાળાની ગ્રોથ સ્ટોરી અકબંધ છે. તેમના મતે ભારતીય માર્કેટના વેલ્યૂએશન ઊંચા છે, પણ તેના ફંડામેન્ટલ્સ મજબૂત છે. ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સાઈકલિકલ ફેકટર્સની રાહ જુએ છે, વેલ્યૂએશન તેમને હજી ઊંચા લાગતા હોવાથી કંઈક અંશે કરેકશનની પણ રાહ જોવાય છે.

## સરકાર તથા રિઝર્વ બૅંકના અભિગમ

સરકાર અને રિઝર્વ બેંક વિદેશી રોકાણ આકર્ષવાના મામલે સાથે મળી કામ કરી રહી છે. રિઝર્વ બેંકના પગલાંનું લક્ષ્ય એ જ રહ્યું છે કે વિદેશી રોકાણ પ્રવાહ ભારતમાં વધુ આવે. એકબાજુ સરકાર વિદેશી હૂંડિયામણ દેશની બહાર વધુ ન જાય એ દિશામાં છે, જયારે બીજી બાજુ રિઝર્વ બેંક પાસેથી એ કામ લેવાઈ રહયું છે કે વિદેશી હૂંડિયામણનો પ્રવાહ ભારતમાં વધુ આવે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (એફપીઆઈ)ને સરકારી સિકયોરિટીઝમાં રોકાણ બાબતે કરરાહત સહિત વિવિધ સરળીકરણ કરી આપ્યા છે. એનઆરઆઈ-ઓસીઆઈ (ઓવરસીઝ સિટીઝન્સ ઓફ ઈન્ડિયા) માટે પણ રોકાણ પર પ્રોત્સાહન ઓફર થયા છે. અલબત્ત, આ તમામ પ્રયાસના પરિણામ તરત મળવા કઠિન છે. અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે સરકાર આ સંજોગોમાં વધુ આર્થિક સુધારા (ઈકોનોમિક રિફોર્મ્સ)ની દિશામાં પણ આગળ વધશે, જે અર્થતંત્રને વધુ સક્ષમ અને વિકાસલક્ષી બનાવવામાં સહાયરૂપ થશે. ભારતીય રોકાણકારોએ આશા અને ધીરજ જાળવી રાખવા જેવા છે. ■

---

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

# માનવ બૉમ્બની જેમ જ સ્ફોટક આત્મઘાતી કીડીઓ પણ હોય છે!

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની હત્યા શ્રીલંકાના અલગતાવાદી સંગઠન લિબરેશન ટાઇગર્સ ઑફ તમિલ ઇલમની માનવ બૉમ્બે કરી હતી જેનું નામ કલાઇવાની રાજરત્નમ ઉર્ફે ધનુ હતું. મરો ને મારોમાં માનનારા આતંકવાદીઓ માટે હ્યુમન બૉમ્બનો ઉપયોગ નવો નથી, પણ મુંગા જાનવર આત્મવિનાશી કે સ્વવિનાશી હોવાનું સાંભળ્યું છે?

વધુ આશ્ચર્યની બાબત એ છે કે આ આત્મઘાતી વૃત્તિ ધરાવનાર જીવ છે કીડી!

હા. આ કીડીને કોલોબોપ્સિસ સોન્ડર્સી (Colobopsis saundersi) કે મલેશિયન વિસ્ફોટક કીડી (Malaysian Exploding Ant) અથવા સુસાઇડ એન્ટ (Suicide Ant) તરીકે પણ ઓળખવામાં આવે છે. દક્ષિણ-પૂર્વ એશિયા (મલેશિયા, બ્રુનેઈ, થાઇલૅન્ડ અને બોર્નિયો)માં જોવા મળતી આ કાર્પેન્ટર કીડીની એક પ્રજાતિ પોતાની ઑટોથિસિસ તરીકે જાણીતી અનોખી સંરક્ષણ પદ્ધતિ અપનાવે છે જે આત્મઘાતી છે.

સંરક્ષણ અને આત્મઘાતી શબ્દો ભલે વિરોધાભાસી લાગે પણ હકીકત એવી જ છે. આ કીડી જોખમના સમયે જીવ આપીને પોતાના ભાઈભાંડું અને વસાહતને બચાવે છે. માનવી બીજાનો જીવ લેવા મરી જાય છે પણ ટચુકડી કીડી અન્યના જીવ બચાવવા મોતને વ્હાલું કરી લે છે. લગભગ ૧૫ પ્રજાતિઓની વિસ્ફોટક કીડીઓ પોતાની વસાહત અને સ્વજનોને બચાવવા માટે શાબ્દિક અર્થમાં વિસ્ફોટ કરતી કીડીઓ બની જાય છે.

આ શહાદત વધુ વિગતે સમજીએ.

આમ તો ઉત્ક્રાંતિનો મૂળભૂત હેતુ મોટેભાગે જીવિત રહેવાની ક્ષમતા વધારવાનો મનાય છે. અહિં સવાલ એ થાય છે કે કુદરતે એવી કીડીઓને શા માટે પ્રોત્સાહન-વ્યવસ્થા આપી કે જે પોતાને જ ખતમ કરી નાખે?

હકીકતમાં વસાહતમાં બધી કીડીને વિસ્ફોટ કરવાની પરવાનગી નથી હોતી. તો કઈ કીડીઓ આ કામ કરે છે? એમાં ઊંડા ઊતરવા માટે તે કીડીઓની વસાહતની આંતરિક કાર્યપદ્ધતિ વિશે જાણવું પડે.

કીડીઓ અસાધારણ હદના સામાજિક જીવ છે. તેઓ પોતાને સંગઠિત કરવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. એટલું જ નહિ, પોતાના હિત કરતાં વસાહતની જરૂરિયાતોને વધુ મહત્ત્વ આપવાની સ્વાભાવિક વૃત્તિ તેમના ડીએનએમાં છે. કેટલીક કીડીઓ વસાહતની સલામતીના વિચારને કલ્પનાતીત સીમાએ લઈ જાય છે અને પોતાના શરીરનું વિસ્ફોટ કરીને બલિદાન આપે છે.

આ વિસ્ફોટ કરવો એ માત્ર એક જ રીત છે જેમાં કામદાર ગણાતી કીડીઓ વસાહત માટે બલિદાન આપે છે. આ સિવાય અન્ય રીતો પણ એટલી જ અચંબિત કરનારી છે. દાખલા તરીકે વિસ્ફોટ કરી શકે તે માટેનું જૈવિક માળખું કોઈ પણ જીવજંતુના શરીર વિશેની સામાન્ય કલ્પનાથી પણ વધુ અચંબિતકારક છે.

બહુ દૂરના ભૂતકાળમાં જોઈએ તો કીડીઓનો જન્મ એક પ્રકારની ભમરીમાંથી થયો હતો, પરંતુ ઉત્ક્રાંતિએ કીડીઓ પર થોડું



અલગ રીતે કાર્ય કર્યું છે. વ્યક્તિગત સિદ્ધિ ને સફળતા કરતાં આખી વસાહતના હિત અને સલામતીને વધુ મહત્ત્વ અપાયું. કીડીઓમાં વસાહતના સભ્યો માટે સ્પષ્ટ શ્રેણીબદ્ધ વ્યવસ્થા હોય છે. વિસ્ફોટક કીડીઓ શા માટે આવું વર્તન કરે છે તે સમજવા માટે કીડીની દરેક જાતિની ભૂમિકા સમજવી જરૂરી છે.

કીડી સમાજમાં કડક ફરજ વિભાજન હોય છે. પ્રજનનક્ષમ માદાઓ રાણીઓ હોય છે. એક વસાહતમાં એક કે વધુ રાણીઓ હોઈ શકે છે. કેટલીક પ્રજાતિઓમાં તેઓ ૨૫ વર્ષથી પણ વધુ જીવે છે પણ દુર્લભ છે.

નર કીડીઓ સામાન્ય રીતે થોડા સમય માટે જ વસાહતમાં રહે છે. તેમનો એકમાત્ર હેતુ રાણી સાથે સંભોગ કરવાનો હોય છે, પછી તેઓ મરી જાય છે.

રસપ્રદ વ્યવસ્થા એ છે કે રાણી કે નર કીડીઓ વિસ્ફોટ કરતી નથી. આ કાર્ય કામદાર કીડીઓનું છે. એવું કેમ? આ કામદાર કીડીઓ માદા, અપ્રજનનક્ષમ અને પાંખ વિનાની હોય છે. તેઓ વસાહતનો મોટાભાગનો હિસ્સો બને છે અને પ્રજાતિ અનુસાર કેટલાક મહિનાથી એક વર્ષ સુધી જીવે છે. મોટી કામદાર કીડીઓ અથવા સૈનિક કીડીઓ સૌથી મોટી વંધ્ય માદાઓ હોય છે. તેમના માથા અને જડબાં મોટાં હોય છે અને તેઓ સૌના રક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. નાની કામદાર કીડીઓ કદમાં નાની હોવા છતાં મોટાભાગનું કામ કરે છે. કેટલીક રાણીની સંભાળ રાખે છે, કેટલીક ખોરાક શોધે છે અને અમુક તો વસાહતને ઘૂસણખોરોથી બચાવવા માટે પોતે જ વિસ્ફોટ કરે છે.

તેઓ ઘણીવાર ઝાડોમાં, ખાસ તો સુકાઈ ગયેલી ડાળીઓમાં માળા બનાવે છે. એક વસાહતમાં હજારો કીડીઓ હોઈ શકે છે.

તેઓ દિવસે આસપાસના ખોરાકની શોધમાં બહાર નીકળે છે. તેમના આહારમાં વનસ્પતિ, ફળો અને સંભવિત રીતે અન્ય જંતુઓનો સમાવેશ થાય છે.

૨૦૧૮ના સંશોધન અહેવાલ પ્રમાણે માળાના પ્રવેશદ્વાર પાસે એકથી છ કામદાર કીડીઓ તૈનાત રહે, જે અંદર-બહાર જતી દરેક કીડીને સ્પર્શીને તપાસે. આ દ્વાર નિરીક્ષકો ખોરાક શોધી લાવતી કીડીઓની પર નજર રાખે. શક્ય છે કે કોઈ કીડી ભૂલથી શિકાર સમજીને દુશ્મનને પણ વસાહતમાં લઈ આવે. તેથી પાછી ફરતી દરેક કીડીની તપાસ જરૂરી ગણાય.

અહિં મોટી કામદાર (સૈનિક) કીડીઓ ભાગ્યે જ માળાની બહાર જોવા મળે ને નાની કામદાર કીડીઓ વારંવાર બહાર જોવા મળે.

જ્યારે જોખમ અનુભવે ત્યારે તેઓ પોતાનો ગેસ્ટર (શરીરના પાછળના ગોળાકાર ભાગ) ઊંચો કરીને રક્ષણાત્મક સ્થિતિ ધારણ કરતી હતી. આ જ કીડીઓ પોતાનું બલિદાન આપવાની સૌથી વધુ શક્યતા ધરાવે. આ કીડીઓમાં વિશિષ્ટ રીતે વિકસિત અને મોટી બનેલી મેન્ડિબ્યુલર ગ્રંથિઓ હોય છે, જે તેમના વિસ્ફોટક સંરક્ષણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

કીડીઓના શરીરમાં બહાર તરફ ખૂલતી નળીઓ ધરાવતી અનેક એક્સોક્રાઇન તરીકે ઓળખાતી ગ્રંથિઓ હોય છે. આ ગ્રંથિઓના સ્રાવ વિવિધ કાર્યો કરે છે, જેમ કે ચેતવણી આપવી, વસાહતના સભ્યોની ઓળખ કરવી અને જીવાણુ વિરોધી સંરક્ષણ પૂરું પાડવું.

કેટલીક કીડીઓમાં આ ગ્રંથિઓ અસામાન્ય રીતે વિશાળ બની જાય છે અને હથિયાર તરીકે ઉપયોગમાં લેવાય છે.

જ્યારે નાની કામદાર કીડી જોખમ અનુભવે છે ત્યારે તે પોતાની ગ્રંથિઓમાં રહેલા ચીકણા અને બળતરા પેદા કરનારા પદાર્થ વડે ઘૂસણખોરને ભગાડે છે અથવા મારી નાખે છે.

વિસ્ફોટક કીડીઓએ આ ક્ષમતાને અતિશય સ્તરે વિકસાવી છે. આ વર્તનને ઓટોથિસિસ કહેવામાં આવે છે, જેનો અર્થ છે કોઈ અંગ ફાડી નાખીને આત્મવિનાશ કરવો. તેઓ પોતાના ગેસ્ટરને દબાવીને મેન્ડિબ્યુલર ગ્રંથિઓને ફાડી નાખે છે અને તેનો પદાર્થ બહાર કાઢે છે. આ સ્રાવ તેજસ્વી પીળા રંગનો હોય છે અને તેમાં મસાલા જેવી વિશિષ્ટ ગંધ હોય છે.

સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ સંકોચન એટલું જોરદાર હોય છે કે કીડીનું બાહ્ય કંકાલ ફાટી જાય છે, ગ્રંથિઓનો પદાર્થ બહાર નીકળી જાય છે અને પોતાની ફૂલેલી ગ્રંથિઓમાંથી ચીકણું અને ઝેરી પ્રવાહી છાંટે છે જે શિકારીઓને મારી નાખે છે અથવા ભગાડી દે છે. આમ તેઓ વસાહતની સુરક્ષા માટે પોતાનું બલિદાન આપે છે. આ પ્રક્રિયામાં બહાર આવતો કાટ લાગતો સ્રાવ હુમલાખોરોને ફસાવી દે છે અને દાઝે છે, અંતે કીડીનું મૃત્યુ થાય છે.

એક જાતની બ્રાઝિલિયન કીડીઓ (Forelius pusillus)ની વસાહતોમાં તો દર રાત્રે થોડા કામદાર સભ્યો પોતાનું બલિદાન આપે છે. સૂર્યાસ્ત સમયે તેઓ માળાના પ્રવેશદ્વારને બહારથી બંધ કરી દે છે અને પોતે જોખમી વાતાવરણમાં બહાર ફસાઈ જાય છે જેથી વસાહત સુરક્ષિત રહે.

અન્ય કેટલીક પ્રજાતિઓમાં કામદાર કીડીઓનું શરીર ફૂલી જાય છે અને તેઓ માળાની અંદર જ સ્થિર થઈ જાય છે. તેઓ જીવંત ખાદ્ય ભંડાર તરીકે કાર્ય કરે છે.

રોગનાં લક્ષણો છુપાવવાને બદલે, કીડી ચેપ લાગતાં જ ચેતવણી સંકેત છોડે છે જેથી વસાહતને જોખમ વિશે ખબર પડે.

આ ટચુકડી કીડીઓ પાસેથી મગજ સાથે હૃદય ધરાવતા માનવીએ કેટકેટલું શીખવાનું બાકી છેને? ■

---

ફોકસ

ધીરજ બસક feedback@bombaysamachar.com

# વર્ષાઋતુનું સ્વાગત કરતી લોકસંસ્કૃતિ હવે લુપ્ત થાય છે!

વડીલો કહે છે કે, પહેલાં વાદળોની સાથે જાતજાતના અવાજો અને ચોમાસાની આજીજી કરતી લોકપરંપરાઓ પણ પાછી ફરતી હતી. પરંતુ હવે માત્ર ઋતુ આવે છે. જી હા, તમે સાચું સાંભળ્યું. ભારતમાં ચોમાસું ક્યારેય માત્ર એક ઋતુ નહોતી, તે એક ઉત્સવ પણ હતો, એક સામૂહિક પ્રતીક્ષા પણ હતી, જે આખા સમાજને અંદરથી જોડી દેતી હતી. જૂનની કાળઝાળ બપોરે જયારે દૂર આકાશમાં વાદળોની પહેલી ઝાંખી રેખા દેખાતી, ત્યારે જોતજોતામાં ગામડાઓમાં એક અલગ જ ચહલપહલ મચી જતી હતી. લોકો પવનની દિશા પારખતા, બાળકો વૃક્ષો પર ચઢીને વાદળોને નિહાળતા અને સ્ત્રીઓ વરસાદનાં ગીતો ગાવાં લાગતી હતી. આ રીતે ચોમાસું માત્ર ખેતરો માટે જ નહોતું, પરંતુ લોકસંસ્કૃતિ માટે, જીવનના પુનરાગમન જેવું હતું.

પરંતુ બદલાતા સમયમાં આ સાંસ્કૃતિક સંસાર ધીમે-ધીમે ધૂંધળો થતો જઈ રહ્યો છે. આજે વરસાદ તો આવે છે, પણ તેનું સ્વાગત કરનારી લોકપરંપરાઓ નથી, ગીતો અને સામૂહિક ભાવનાઓ નથી. આ બધું જ ગાયબ થતું દેખાઈ રહ્યું છે. ક્યારેક ઉત્તર ભારત, બિહાર, બુંદેલખંડ, રાજસ્થાન અને પૂર્વાંચલના ગામડાઓમાં ચોમાસાની પ્રતીક્ષા એક સાંસ્કૃતિક ઘટના ગણાતી હતી. ઉનાળાના અંતિમ દિવસોમાં મહિલાઓ વરસાદના સ્વાગત માટે, તેની આજીજી કરવા માટે, ગીતો ગાતી. પ્રકૃતિ પ્રત્યે આદર, તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આપણી સામૂહિક લાગણીઓ હવે અદશ્ય થઈ રહી છે.

પહેલા જ્યારે જેઠ મહિનામાં ગરમી આવતી, ત્યારે આ ગીતોનો ઉપયોગ પૃથ્વીની તરસ છીપાવવા માટે વાદળોને વિનંતી કરવા માટે થતો. જૂનાં લોકગીતોમાં વરસાદ ફક્ત પાણી નથી, જીવન અને પ્રેમનું પ્રતીક છે, પરંતુ આજે મોબાઈલના સ્પીકર અને ફાસ્ટ ડિજિટલ સંગીતના યુગમાં આ બધી લોકપરંપરાઓ ગાયબ થતી જોવા મળી રહી છે.

નવી પેઢીના મોટાભાગના યુવાનોએ તો કજરી કે વર્ષા ગીતો ક્યારેય સાંભળ્યા જ નથી. ભારતનું લોકસંગીત જે ક્યારેક ઋતુઓ સાથે શ્વાસ લેતું હતું, તે હવે સ્ટેજ પ્રોગ્રામ્સ કે યુટ્યૂબ વીડિયો માટે માત્ર એક પરફોર્મન્સ બનીને રહી ગયું છે. ચોમાસાને આવકારવાની આપણા દેશમાં જે લાંબી લોકપરંપરાઓ હતી, જે પ્રકૃતિ સાથે ઊંડો સંવાદ સાધતી હતી, તે હવે ભાગ્યે જ ક્યાંક દેખાય છે. ગામડાના વડીલો ક્યારેક કીડીઓની હારમાળા જોઈને આકાશ તરફ નજર દોડાવતા અને ગણતરી કરવા લાગતા કે કેટલા કલાકોમાં વરસાદ આવી શકે છે. પક્ષીઓના અવાજ અને હવામાં રહેલા ભેજ પરથી હવામાનને ઓળખવામાં આવતું હતું. પેઢીઓના અનુભવથી વિકસેલું એ લોકજ્ઞાન હવે ક્યાંય રહ્યું નથી. જો ક્યાંક હશે પણ, તો તે મ્યુઝિયમ કે આર્કાઇવ્સમાં બંધ પડ્યું હશે, તેની અભિવ્યક્તિ તો હવે ક્યાંય જોવા મળતી નથી. આજે આપણે ચોમાસાના



આગમનને જાણવા માટે માત્ર હવામાન વિભાગ, આપણા મોબાઈલ એપ કે ટીવી ચેનલોના ભરોસે રહીએ છીએ કે તેઓ આપણને જણાવશે કે ચોમાસું ક્યારે આવશે અને ક્યારે નહીં. પ્રકૃતિને સમજવાની જે આપણા સમાજમાં એક સામૂહિક સમજ અને સંસ્કૃતિ હતી, તે લગભગ ગાયબ થઈ ગઈ છે.

રાજસ્થાન અને બુંદેલખંડ આ બાબતમાં સૌથી વધુ સમૃદ્ધ હતા. કદાચ આનું કારણ એ પણ હતું કે અહીં વરસાદ બીજા ઘણા પ્રદેશો કરતાં ઓછો હતો. તેથી, વરસાદને આમંત્રિત કરવા માટે વિવિધ લોક વિધિઓ કરવામાં આવતી હતી. કિશોરો અને યુવાનો ઘરે-ઘરે જઈને મેઘરાજાનાં ગીતો ગાતાં. કેટલીક જગ્યાએ, સ્ત્રીઓ સમૂહ પ્રાર્થના કરતી. આ પરંપરાઓ હવે કાં તો વડીલોની યાદોમાં અથવા પુસ્તકાલયોમાં સાંસ્કૃતિક પુસ્તકો પૂરતી મર્યાદિત છે. આપણે ભૂલી જઈએ છીએ કે આ પરંપરાઓ ન તો સંપૂર્ણપણે ધાર્મિક હતી કે ન તો પ્રકૃતિ પૂજા વિશેની અંધશ્રદ્ધાળુ માન્યતાઓમાંથી જન્મી હતી. હકીકતમાં, તે પ્રકૃતિ સાથે સંવેદનશીલ સુમેળ સાધવાની કળામાંથી જન્મી હતી. આ પરંપરાઓ સમાજને જોડતી હતી. આખા ગામની એક સામાન્ય ચિંતા રહેતી. આજે ભાગ્યે જ કોઈ સમસ્યાને લઈને આખું ગામ કે આખો મહોલ્લો ક્યારેય એક થતો હશે. ગામડામાં તો હજુ પણ વરસાદને લઈને એકમત હોઈ શકે છે. પરંતુ શહેરોમાં જો ચાર લોકો વરસાદની તરફેણમાં હશે, તો છ લોકો તેનો વિરોધ કરશે અને દલીલ કરીને સમજાવશે કે વરસાદને કારણે સામાન્ય જનજીવન કેવી રીતે અસ્તવ્યસ્ત થઈ જાય છે. જો કે ગામડાઓમાં હજુ પણ બહુમતી લોકો વરસાદની તરફેણમાં હશે જેથી ખેતરો બચે અને જીવન સરળતાથી આગળ વધે. પરંતુ હવે ગામડાઓમાં પણ જીવનશૈલી એવી થઈ ગઈ છે કે લોકો નથી ઈચ્છતા કે વરસાદ તેમનો આખો દિવસ બગાડે; લોકો ઈચ્છે છે કે જેટલી જરૂર હોય એટલો જ વરસાદ પડી જાય અને પછી હવામાન ચોખ્ખું થઈ જાય. કારણ કે સતત વીજળીના કડાકા-ભડાકા અને ગર્જનાવાળા હવામાનથી લોકોની ઝડપી જીવનશૈલી પર પ્રભાવ પડે છે.

આધુનિક મશીનો અને ઝડપથી બદલાતી કૃષિ વ્યવસ્થામાં પણ આ ભાવનાત્મક સંબંધ ધીમે-ધીમે નબળો પડતો દેખાઈ રહ્યો છે. બાળકોના જીવનમાં ક્યારેક ચોમાસું એક રોમાંચ બનીને આવતું હતું. કાગળની હોડીઓ બનાવવી, વરસાદમાં પલળવું, માટીની સુગંધ ઓળખવી, વૃક્ષોની નીચે ભેગા થઈને વાદળો ગણવા, આ બધું બાળપણનો એક હિસ્સો હતું. પરંતુ આજનું બાળક આ બધી વાતોને કોઈ અજાણી ઘટનાઓની જેમ સાંભળશે. કારણ કે આજનું બાળક મોટે ભાગે રૂમમાં બંધ રહે છે, સ્ક્રીન અને ડિજિટલ મનોરંજનમાં વ્યસ્ત રહે છે; વરસાદ હવે અનુભવ નહીં, માત્ર એક ‘અપડેટ’ બની ગયો છે. જો કે, માત્ર આધુનિકતાએ જ આ લોક સંસ્કૃતિને ગાયબ કરી દીધી હોય એવું નથી, આબોહવા પરિવર્તને પણ આની સાંસ્કૃતિક લયને બગાડી છે. અણધાર્યો વરસાદ, મોડું આગમન કે અચાનક અતિવૃષ્ટિ, ગ્રામીણ જીવનની પરંપરાગત વ્યવસ્થાને બદલી રહી છે. હવે હવામાન ભરોસાપાત્ર રહ્યું નથી. તેથી તેનાથી જોડાયેલી સાંસ્કૃતિક પરંપરાઓ પણ વિખરાવા લાગી છે અને નબળી પડીને અંતના આરે પહોંચી ગઈ છે. આધુનિક મશીનોથી ખેતી કરતા ઘણા ખેડૂતો માટે પણ વરસાદ હવે રોમાંચ કરતાં વધુ ચિંતાનું કારણ બની ગયો છે.

જો કે, આ બધું હોવા છતાં પણ વાર્તા સંપૂર્ણપણે નિરાશાજનક નથી. ભારતના ઘણા ભાગોમાં હવે ભારે સજાગતાથી લોક સંસ્કૃતિને બચાવવાના પ્રમાણિક પ્રયાસો થઈ રહ્યા છે. કજરી અને સાવણી ગીતો માટે લોક કલાકારો તૈયાર કરવામાં આવી રહ્યા છે. પરંતુ આના માધ્યમથી બચેલી આ સંસ્કૃતિ સ્ટેજ પર તો ખૂબ સારી રીતે જોવા મળે છે, પરંતુ સામાન્ય જનજીવનમાં ન તો આનો કોઈ વિકલ્પ રહ્યો છે અને ન તો આવા મોંઘા સાંસ્કૃતિક આયોજનો સામાન્ય લોકો માટે શક્ય છે. આજે લોક પરંપરા સાથે જોડાયેલા કાર્યક્રમો ‘કલાસિક’ અને ‘લક્ઝરી’ બની ગયા છે અને તેમાં અંધાધૂંધ પૈસા ખર્ચાય છે; જ્યારે એક જમાનામાં આ સામાન્ય લોકોની જીવન જીવવાની શૈલી હતી. તેથી આજે એ વાત જરૂરી છે કે આપણે આપણી જૂની લોક પરંપરાઓને પછાત કે જૂનવાણી ગણીને છોડી ન દઈએ, પરંતુ તેને આપણા ભૂતકાળની સાંસ્કૃતિક સમૃદ્ધિ તરીકે યાદ રાખીએ, તેને સાચવીને રાખીએ અને આપણા જીવનનો કોઈને કોઈ સ્વરૂપે હિસ્સો પણ બનાવી રાખીએ. કારણ કે જો આપણી આ જૂની લોક સંસ્કૃતિઓ સંપૂર્ણપણે નષ્ટ થઈ જશે, તો આપણે એક પ્રકારે આપણું સાંસ્કૃતિક અસ્તિત્વ પણ ગુમાવી બેસીશું.■

# આ તે કેવા ચોર!

હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

પોતાની લાઇબ્રેરી સમૃદ્ધ કરવા કેટલાંક લોકો પુસ્તકો ઉછીનાં મેળવે છે, કેટલાંક ચોરી કરી લે છે, બાકીના લેખક પાસેથી ભેટમાં માગી લે છે. આ લખનાર તો આગળ વધીને એમ પણ કહેવા તૈયાર છે કે મૂર્ખ લોકો પુસ્તકો ખરીદે છે અને ડાહ્યા માણસો તે પુસ્તકોથી પોતાની લાઇબ્રેરી સજાવે છે. ટૂંકમાં, પુસ્તકની ચોરી એ કંઈ ચોરી ન કહેવાય. વચ્ચે નૅશનલ બુક ટ્રસ્ટે અમદાવાદ ખાતે પુસ્તકમેળો ભર્યો હતો, જેમાં એક પુસ્તકપ્રેમી યુવક પુસ્તક ચોરતો પકડાઈ ગયો. પણ તેની આંખમાં, ચોરની આંખમાં હોય છે એવો અપરાધભાવ નહોતો, માત્ર પુસ્તકપ્રેમ જ છલકતો હતો તેની આંખમાં. આ કારણે તે યુવાનને ટોળાએ નિર્દોષ છોડી મૂક્યો. મારા ગીધુકાકા તો કહે છે કે એ ટોળામાં તે હાજર હોત તો સાહિત્યનું પુસ્તક ચોરવા બદલ એ છોકરાનું જાહેરમાં સન્માન કરત, કારણ એ જ કે યુવાપેઢી પુસ્તકોથી દૂર ભાગે છે એવું મહેણું આ યુવાને ભાંગ્યું ગણાય.

સૂગ અને સૌંદર્યની પેઠે ચોરી પણ વસ્તુગત નથી, ભાવનાગત છે. જો આવું ન હોત તો દિલ ચોરનાર પ્રેમીઓથી, ચોરીના ફોજદારી ગુનાસર જેલો કાયમ ભરાયેલી રહેત. આ ચોરી કોણ કરે છે એના પર પણ આધાર રાખવામાં આવે છે.

હોટેલમાં બે મિત્રો જમતા હતા. જમી રહ્યા બાદ બેમાંના એકે બે ચમચા ધોવા માંડ્યા. તેની સામે જોતાં બીજા મિત્રે તેને પૂછ્યું : ‘અલ્યા, તું કેમ ચમચા ધોવા માંડ્યો? એ તો વેઇટરનું કામ છે.’ ચમચા ધોનારે જવાબ આપ્યો : ‘ચમચા ધોઉં નહીં તો મારા કોટનું ખિસ્સું બગડે ને!’

આ તો જાણીતી રમૂજ છે, પણ તાજેતરમાં એક વૃદ્ધે જનપથ ખાતેના ઈન્ડિયા એમ્પોરિયમમાં સેન્ટ્રલ કૉટેજ કોર્પોરેશનમાંથી વટભેર ને ટટ્ટાર ચાલે બહાર નીકળવા માંડ્યું. ખૂબ જ ગૌરવશાળી ચહેરો ને સુઘડ પોષાકધારી આ સજ્જનને દરવાજા પર રોકતાં પહેરેગીરે નમ્રતાથી કહ્યું : ‘મુરબ્બી, વધતી ઉંમરને લીધે આપ સ્ટોરમાંથી લીધેલી વસ્તુઓનું બિલ ચૂકવવાનું ભૂલી ગયા લાગો છો.’ એ સજ્જને દ્વારપાળ પર તપી જતાં જણાવ્યું : ‘તું તારા મનમાં શું સમજે છે? મને તું ચોર માને છે ? તારા જેવા પાંચને નોકરી આપી શકું એટલો હું ધનિક છું.’ દરવાને સહેજે પણ ઉશ્કેરાયા વગર એ સજ્જનના માથા પરનો ટોપો ઉઠાવ્યો તો તેમાંથી પાંચ પ્રતિમાઓ ને ત્રણ સિલ્ક ટાઈઓ અજગરની જેમ બહાર ધસી આવી. તેમ છતાં સહેજ પણ ઝંખવાયા વગર એ સજ્જન બોલ્યા : ‘આ ચીજો મેં થોડા સમય પહેલાં જ આ સ્ટોરમાંથી ખરીદી છે. તું મને ચોર ધારી મારું અપમાન કરી રહ્યો છે. હું ખાંડની એક ફેક્ટરીનો માલિક છું.’ પોતે કેટલા પ્રતિષ્ઠિત ને આદરપાત્ર છે એની માહિતી આપવા તેમણે જ્યોતિષ પરના પોતાનાં લખાણો જે છાપામાં પ્રગટ થયેલા તેની ઝેરોક્ષ કોપીઓ દરવાન સામે ધરી દીધી, પણ આજે તે છાપામાં પોતાનું ભવિષ્ય ‘આપની આજ’ જોયા વગર જ આ સ્ટોરમાં આવ્યા હતા. દરવાને ચહેરા પર બને એટલી ગંભીરતા લાવી કહ્યું, ‘ખરીદીનું બિલ મને બતાવવામાં આપને સંકોચ થતો હોય તો પોલીસને બતાવો, હું અબઘડી પોલીસને બોલાવું છું.’ પોલીસનું નામ પડતાં જ એ બુઝુર્ગે ગભરાઈને કબૂલ કરી લીધું કે પોતે આ વસ્તુઓ તફડાવી છે. એ બદલ તેમણે માફી માગી, એ વસ્તુઓની કિંમત ચુકવી આપી. તેમનું પાકિટ પૈસાથી છલોછલ ભરેલું હતું. તે સાચે જ એક સુગર મિલના માલિક હતા.

દિલ્હીના આ સ્ટોરમાંથી એક પણ ગરીબ માણસે ક્યારેય ચોરી નથી કરીઃ લગભગ તો શ્રીમંત અને પ્રતિષ્ઠિત લોકો જ પોતાની આબરૂ હોડમાં મૂકીને ચોરી કરે છે. એક સર્વે પ્રમાણે, એમાંય શોપલિફ્ટરોમાં નેવું ટકા સ્ત્રીઓ હોય છે ને મોટા ભાગે વીસથી ચાળીસ વર્ષની અંદરની હોય છે. દિલ્હીના આ સ્ટોરમાંથી વસ્તુઓનું સ્થળાંતર કરવામાં હિન્દી તખ્તાનો મોટા ગજાનો કલાકાર, વિખ્યાત આંતરરાષ્ટ્રીય કૃષિવિજ્ઞાની અને યુ.પી.ની એગ્રિકલ્ચર યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પણ પકડાયા હતા. વાઇસ ચાન્સેલર જે દિવસે પકડાયા એ જ દિવસે તેમને ફોર્ડ ફાઉન્ડેશનની સ્કોલરશિપ પર વિમાનમાં અમેરિકા જવાનું હતું. અમેરિકામાં કદાચ સારી ટાઈ મળે કે ન મળે પણ એવું જોખમ શા માટે લેવું એમ માની તેમણે આ દુકાનમાંથી છ ટાઈઓ ઉપાડી લીધી હતી. ફક્ત છ ટાઇઓથી સંતોષ માનવાને બદલે તેમણે ચાંદીના દાગીના ને સુખડની છરી પણ તફડાવી હતી. ભગવાન શ્રીકૃષ્ણે બાળપણમાં માખણની ચોરી કરી હતી. એ માખણચોર કૃષ્ણની એક ફૂટ લાંબી મૂર્તિ પણ તેમણે ઓળવી લીધી હતી. શ્રીકૃષ્ણ તો કોલેસ્ટરોલની ઐસીતૈસી કરીને ખાધેલું માખણ પચાવી શકેલા, પણ આ મહાનુભાવ શ્રીકૃષ્ણને પચાવી ન શક્યા. તેમની જડતી કરવામાં આવી ત્યારે એ જ દિવસે અન્ય સ્ટેટ એમ્પોરિયમમાંથી ઉઠાવેલી ટાઈઓ પણ મળી આવી હતી. અમેરિકા જવાના દિવસે પૂરો સમય તેમણે બજારમાંથી પૈસો પણ ખર્ચ કર્યા વિના વસ્તુઓ એકઠી કરવા પાછળ વ્યતીત કર્યો હતો.

ગરમ કાપડની મોટી દુકાનનો માલિક, એક ન્યાયમૂર્તિ, એક રાજ્યના કાનૂની સલાહકાર અને દિલ્હીના જ એક ધીખતી પ્રેક્ટિસ ધરાવતા ડૉક્ટરની પત્ની વગેરેનો આ શોપલિફ્ટરોમાં સમાવેશ થાય છે. ડૉક્ટરની પત્નીથી દિલ્હીની ઠંડી સહન નહીં થવાથી તેણે એક કીમતી શાલ ચોરી હતી. એમ તો આપણી એક અત્યંત સોહામણી અને હિન્દી ફિલ્મોની નંબર વન ગણાતી પ્રતિષ્ઠિત ફિલ્મ અભિનેત્રી લંડનના એક સ્ટોરમાંથી બ્રેસિયર ચોરતાં પકડાઈ ગઈ હતી. પણ ઇમર્જન્સીને કારણે તેમ જ લંડન ખાતેના હાઈ કમિશ્નરની દરમિયાનગીરીને લીધે ફક્ત એકાદ-બે અખબારોમાં જ આ સમાચારો છપાયા હતાં. આપણા કેટલાક સારા અર્થાત્ નામી કવિઓ એક જમાનામાં અમદાવાદના ટાઉનહોલની હેવમોર રેસ્ટોરન્ટમાંથી ડિશોને ચમચા ચોરતા હતા. એક વ્યવસાય લેખે નહીં, પણ શોખ તરીકે અને હેવમોરના માલિકને આવી જાણ હોવાથી તે બિલમાં જ ડિશો ને છરી કાંટાની રકમ ઉમેરી દેતો.

આ પ્રકારની તફડંચી એક માનસિક રોગ છે. અંગ્રેજીમાં આ મનોવિકૃતિને ‘ક્લેપ્ટોમૅનિયા’ કહે છે. ચમકતી, ચળકતી ચીજવસ્તુ જુએ, પણ તે જોનારને કોઈ ન જોતું હોય એવી ક્ષણોમાં આ મનોરોગીનું મન એને હસ્તગત કે ખિસ્સાગત કરી લેવા તડપી ઊઠે. તેના મૂળ માલિકની નજર ચૂકવીને તે ચીજ સેરવી લે. હિન્દી ફિલ્મોના કોમેડિયન મહમૂદે તેની પત્ની (અભિનેત્રી મીનાકુમારીની બહેન) માધુરીને આ માનસિક રોગોને લીધે તલાક આપ્યાનું કહેવાય છે. એ મહેમૂદે પોતે જ એક ફિલ્મી મેગેઝિનના તંત્રી સમક્ષ એકરાર કર્યો હતો કે તેને પણ પાર્ટીઓમાં જઈ ચાંદીના ગ્લાસ, ચમચા, છરી-કાંટા વગેરે તફડાવવાની ટેવ હતી. એક ગામના નગરશેઠને એવી ટેવ હતી કે કોઈના ચળકતાં નવાં પગરખાં જુએ કે તેની આંખ ફરકે. એ બૂટ કે ચંપલમાંનું એક ચોરી લે-બૂટ યા ચંપલની જોડી ખંડિત થાય એ તેને બહુ ગમે. મુંબઈના એક અતિધનાઢ્ય શેઠને તેની પત્નીના આ પ્રકારના રોગની ખબર હતી એટલે પત્ની તેના ફૅમિલી ઝવેરીને ત્યાં કશુંક ખરીદવાને બહાને જવાની હોય ત્યારે તે શેઠ ઝવેરીને ફોનથી ખાનગીમાં જણાવી દેતો કે આજે એ તમારે ત્યાં આવવાની છે તો તે હાર કે કશું સગેવગે કરે તો તેને રોકશો નહીં, મને બિલ મોકલી આપજો.

શોપલિફ્ટિંગના આવા તો અનેક કિસ્સા છે. ચોરી તો ગરીબ પણ કરે છે ને શ્રીમંત પણ કરે છે. ફરક બંને વચ્ચે એ છે કે ગરીબ પોતાના પેટના રોગ-ભૂખને કારણે ચોરી કરે છે. જ્યારે શ્રીમંત પોતાના મગજના રોગને લીધે કરે છે. ■

# આખા ગામનું ખાડું આપ્યું

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com



કહેવત પાછળ રહેલી કથા જાણવાથી જ્ઞાન સાથે ગમ્મત તો મળે જ, સાથે સાથે સમજણનો વિસ્તાર થાય છે. આ સમજણ જ જીવન વિકાસમાં નાનું પણ મહત્ત્વનું યોગદાન આપે છે. સાથે સાથે ભાષાની બારીકીઓથી વાકેફ થવાય છે અને એના માધુર્યનો પરિચય પણ થાય છે. આજે એક કહેવત જાણીએ અને એના પાછળની કથાથી વાકેફ થઈ એનો મર્મ જાણીએ. કહેવત છે **આખા ગામનું ખાડું આપ્યું**. એક સમય હતો જ્યારે ગામડાના લોકો માટે મનોરંજનના વિકલ્પો અત્યંત મર્યાદિત હતા. જોકે, ભવાઈ મંડળીઓ ગામે ગામ ફરી ભવાઈના ખેલ કરતી જે જોઈ લોકો આનંદમાં આવી જતા. એમાંય જ્યારે ભવાઈ મંડળી વેશ કાઢતી ત્યારે લોકો હરખાઈ જતા.

એક ગામમાં ભવાઈયાની મંડળી આવી. ગામના નાના મોટા સહુ લોકો ભેગા થઈ ગયા. લોકો ગેલમાં આવ્યા એટલે મંડળીએ રમત માંડી. એમણે એક પછી વેષ કાઢવા માંડ્યા. ગણેશ, જુઠણ, મિયાંબીબી, ઝંડાઝૂલણ, કેરબા એમ જાતજાતના વેષ કાઢતા જાય અને પોતાની કળા બતાવતા જાય. એમાંય કેરબાનો વેષ (હાસ્યરસ અને કટાક્ષ પ્રધાન)માં જુદા જુદા પ્રકારનાં નૃત્યો જોઈ ગામના લોકો ખુશખુશાલ થઈ ગયા. અનેક લોકોએ રાજીખુશીથી આપી શકાય એવી ભેટ - બક્ષિસ નટ મંડળીને આપી. ગામડામાં ભવાઈની ટિકિટના દર બહુ સામાન્ય રાખવા પડતા હતા. એટલે એમાંથી જે આવક થાય એ ગુજારો કરી શકે એટલી પૂરતી નહોતી. આ પ્રકારે ગામના લોકોએ હોંશથી આપેલી બક્ષિસની રકમ બહુ કામ આવી જતી.

ભવાઈ જોવા આવેલા લોકોમાં એક વાણિયો પણ હતો. ગામના લોકો જે રીતે ઈનામની લહાણી કરતા હતા એ જોઈ વાણિયો રાજી રાજી થઈ ગયો. બીજાનું જોઈ એનાથી પણ બોલાઈ ગયું કે ‘જા એક ભેંસ આપી.’ આવી મોટી બક્ષિસની જાહેરાત થતા ભવાઈયા એકદમ ગેલમાં આવી ગયા અને વાણિયાના નામની ભૂંગળ વગાડી ‘થેઈ થેઈ તા તા થેઈ થેઈ’ કરીને જય બોલાવી.

વાણિયાથી બોલતા તો બોલાઈ ગયું, પણ પછી એને વિચાર આવ્યો કે ‘ડાહી માના દીકરા થઈ મેં આ શું કાચું કાપ્યું? વાણિયો રીઝે તો લે તાળી, પણ આખી ભેંસ આપવાની વાત કરી એ તો કેમ ખમાય? આ તો પથરા તળે હાથ આવી ગયો જે કેમે કરી કાઢવો જ રહ્યો.’

વાણિયાનું મનોમંથન ચાલી રહ્યું હતું અને આ બાજુ ભવાઈયાઓએ કજોડાનો વેષ કાઢ્યો. લોકોને મોજ પડી. કેટલાક લોકોએ ફરી ઈનામ આપ્યા અને વાણિયાએ પણ કહ્યું કે ‘મારા તરફથી બે ભેંસ.’ ભવાઈયા તો જાણે ન્યાલ થઈ ગયા. એમને પણ તાન ચડ્યું અને એક પછી એક વેષ કાઢવા માંડ્યા. વાણિયાને પણ જાણે પોરસ ચડ્યું હોય એમ બે - ત્રણ - ચાર ભેંસ બોલી ગયો. આ જોઈ ગામવાસીઓ ચોંકી ગયા કે પાઈ પણ છોડે નહીં એવા આ વાણિયાને આજે શેનું ભૂત ભરાણું છે?

પછી તો વાણિયાએ એકદમ જાહેરાત કરી દીધી કે **‘જાઓ આખા ગામનું ખાડું (ભેંસનું ટોળું) આપ્યું.’**

વાણિયાની આ જાહેરાતથી ગામના લોકો ચોંકી ગયા. સાગમટે બોલી ઉઠ્યા કે ‘અરે શેઠ! ગામનું ખાડું તમારાથી થોડી આપી દેવાય? ઘેલા થયા છો?’ વાણિયાને તો એટલું જ જોઈતું હતું. એણે તરત ફેરવી તોળ્યું. હેં હેં હેં કરી હસી પડ્યો અને ગામ લોકોને સામું સંભળાવી દીધું કે ‘આપવા બેઠા હોઈએ ત્યારે જીભના મોળા ન ઊતરાય. જો ખાડું ના અપાય તો આખી ભેંસ કોઈ આપી દે એવું સાંભળ્યું છે ક્યાંય? તમ તમારે સાંભળ્યા કરો ને. કહેનાર ઘેલો ને સાંભળનાર પણ....’ વાણિયાએ ચતુરાઈ વાપરી લપસેલી જીભમાંથી છૂટી ગયેલી ભેંસ બચાવી લીધી.

# એક કહેવત-અનેક સ્વરૂપ

ભાષા વૈભવ



બાર ગાઉએ બોલી બદલાય એ નિયમ અનેક કહેવતોને પણ લાગુ પડે છે. એક જ કહેવત જુદા જુદા રૂપક સાથે સરખો ભાવાર્થ જાળવી પ્રચલિત થયેલી જોવા મળે છે. આ વાત ઉદાહરણોથી સ્પષ્ટ થઈ જશે. તમે **ઊલમાંથી નીકળી ચૂલમાં પડ્યા** કહેવત જરૂર સાંભળી હશે. અમુક લોકોને તો જાત અનુભવ પણ થયો હશે. એક મુશ્કેલીમાંથી માંડ નીકળ્યા ત્યાં બીજી વધુ મોટી મુશ્કેલીમાં અટવાઈ ગયા એ એનો ભાવાર્થ છે. આ જ કહેવત **અલા ગઈ ને બલા આવી** સ્વરૂપે પણ પ્રસિદ્ધ છે. સુભાગ્ય ગયું અને દુર્ભાગ્ય આવ્યું એ અર્થ અહીં અભિપ્રેત છે. એનો અન્ય અવતાર છે **ઘરનાં ઉઠ્યા વનમાં ગયા ને વનમાં લાગી લાહ્ય**. નસીબ બે ડગલાં આગળ ને આગળ, મુસીબત પીછો ન છોડે જેવી વાત થઈ. **ઘરમાં ખાધે રાંડે ને બહાર ખાધે ભૂતે** કહેવતમાં પણ પરિસ્થિતિનો વિરોધાભાસ જોવા મળે છે. બેઉ જગ્યાએ તકલીફ. આ જ **ભાવ ભૂત મરે ત્યાં પલીત જાગે** કહેવતમાં જોવા મળે છે. એક પીડા પૂરી થાય ત્યાં બીજી હું આવી ગઈ એમ કહી જાણે હાજર થઈ જાય એવી વાત છે. **કફનફાડુ ગયો ને મેખમારુ આવ્યો** કહેવતમાં પણ એવો જ ભાવ પ્રગટ થાય છે. કફનફાડુ એટલે શબને ઓઢાડેલું કપડું ઉઠાવી જનારી વ્યક્તિ. મેખમારુ એટલે બહુ કનડગત કરનારો માણસ. એકથી બીજું વધુ નઠારું એ ભાવ છે. કોડીલી કન્યાના સંદર્ભમાં આ કહેવત **સુખને માટે સાસરે ગઈ ત્યાં દુઃખનાં ઊગ્યાં ઝાડ** સ્વરૂપે જોવા મળે છે.

ગરીબને માથે તૂટી પડતા મુશ્કેલીના પહાડના ભાવના પ્રતિબિંબ સમી કહેવત છે **બાર સાંધે ત્યાં તેર તૂટે**. જાણે કે મુસીબતો લાઈનમાં જ ઊભી હોય. ■

# આપણા સ્માર્ટ ફોન પર કબજો બીજાનો?! ... તો આપણને આની ખબર કેમ પડે?

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

ડિજિટલ યુગમાં આપણો સ્માર્ટ ફોન આપણી સુરક્ષા છે તો ક્યારેક એ જોખમ પણ ઊભું કરી દે છે. જીવનશૈલીનો ભાગ છે એમ કહેવા કરતાં જરૂરિયાત છે એ કહેવું વધારે યોગ્ય છે. ફોન ખોવાયો એના સમાચાર એટલા નથી બનતા જેટલા ફોન થકી ફ્રોડના બની રહ્યા છે. સમયાંતરે ડિજિટલ ફ્રોડ કે ડિજિટલ અરેસ્ટથી કરોડો રૂપિયા સાયબર ગઠિયો ખંખેરી ગયો એવા સમાચાર છાપે ચડે છે, પણ સ્માર્ટ ફોન હેક થઈ જાય તો? સ્માર્ટ ફોન હેક થઈ ગયો એવી ખબર કેવી રીતે પડે? ઈનકેસ ફોન હેક થઈ જાય ત્યારે સૌથી પહેલા શું કરવું જોઈએ? આજે આ વિષય પર વિગતવાર વાત કરીએ અને સમજીને એલર્ટ રહીએ.

સ્માર્ટ ફોનનો ઉપયોગ સૌ કોઈ કરે છે પણ એનું ઓબઝર્વેશન ભાગ્યે જ કોઈ કરતું હશે, કારણ કે સ્પીડના જમાનામાં વેઈટ કરવાનો સમય નથી. એટલે ઝટપટ એક્સેસ, ઝડપટ કામ. સૌથી પહેલા તો જ્યારે ફોન હેક થાય કે બીજા વ્યક્તિના હાથમાં એનો કંટ્રોલ જાય તો ફોન ધીમો પડી જાય અને કોઈ ચોક્કસ એક એપ્લિકેશન ચોંટવા લાગે છે. અર્થાત્ જે એપ્લિકેશન પર ક્લિક કર્યું હોય એ ખુલતા વાર લાગે, ક્લિક કર્યા બાદ લાંબા સમય સુધી તે રીસપોન્ડ ન કરે. સ્વિચઓફ કર્યા બાદ ફોન શરૂ થવામાં લાંબો સમય જાય. (હા, ફોનમાં વધારે પડતો ડેટા હોય ત્યારે પણ આવું બને, પણ એ સમયે હેક થયો હોય એવું ન માનવું), ફોન રીઝોલ્યુશન ઓટોમેટિક વધઘટ થવા લાગે. આવું થાય ત્યારે કોઈ ચોક્કસ વાયરસ કે માલવેર ફોન એપ્સ અને ઑપરેટિંગ સિસ્ટમની પાછળ કામ કરવા લાગે છે. બેટરી ઝડપથી વગર યુઝ કર્યે વપરાઈ જતી હોય તો ચેતજો. કોઈ એવી એપ્લિકેશન છે જે સ્ક્રિન પર દેખાતી નથી, પણ ઑપરેટિંગ સિસ્ટમ સાથે કામ કરે છે, જે બીજી બધી એપ્સમાંથી ડેટા મેળવીને કંઈ સળી કરે છે. આના કારણે આપણી બેટરી વગર વપરાશે ઓછી થઈ જાય છે. આવું થાય ત્યારે સમજવું કે નક્કી કંઈક ડખો છે.




મોબાઈલ ફોનમાં ઘણી એવી એપ્લિકેશન હોય છે જેનો ઉપયોગ દૈનિક ધોરણે થતો નથી, પણ ડાઉનલોડ કરેલી પડી હોય છે. આવી એપ્લિકેશનમાં ભાગ્યે જ કોઈ અપડેટ આવતી હોય છે. આવી એપ્લિકેશનની અચાનક નોટિફિકેશન આવે કે એનો લોગો અચાનક બદલે તો પહેલા પ્લેસ્ટોરમાં જઈને એ એપ્લિકેશન ચેક કરજો. અપડેટ કરવાના બદલે એનું ડિસ્ક્રિપ્શન વાંચજો. ડાયરેક્ટ અપડેટ પર ક્લિક કર્યું તો સમજો ડિજિટલ આફતને નોતરૂ આપ્યું. આ સિવાય જે તે એપ્લિકેશનના નામ કે લોગોને મળતી આવતી એપ્લિકેશન જે ડાઉનલોડ કરી જ નથી અને સ્ક્રિન પર દેખાય તો બી એલર્ટ. આવી એપ્સ પર ક્લિક કર્યા વગર જ અનઈન્સ્ટોલ કરી શકાય છે.

અચાનક કોઈ નવી એપ તમારી જાણ બહાર ડાઉનલોડ થઈને તમારી નજરે ચઢે તો સમજવું કે, એ ફોન હેક થયાનો સંકેત છે. તમારી જાણ બાહર કોઈ તો છે જે ફોનનો એક્સેસ કરીને એપ્સ ડાઉનલોડ કરીને વોચ રાખે છે. અચાનક ઈન્ટરનેટનો વપરાશ વધી જાય અને ડેટાપેક નક્કી કરેલા સમય કરતા પહેલા જ પૂરો થઈ જાય તો સમજવું કોઈ માલવેર માહિતીને ચોરી રહ્યું છે, જેની જાણ આપણને નથી. આવું ત્યારે જ થાય છે જ્યારે કોઈ એપ્લિકેશન રિમોટથી (દૂરની જગ્યાએથી) ઑપરેટ થતી હોય અને તેનો પહેલો ટાર્ગેટ ઈન્ટરનેટ ડેટા હોય. ખાસ કરીને ફ્રી વાયફાઈ ઝોનમાં આવું વારંવાર બનતું હોય છે. મોટાભાગના કેસમાં ઈન્ટરનેટ પર સર્ફિંગ કરતી વખતે જે તે વેબસાઈટ સિવાય કોઈ જાહેરાત આપમેળે પ્લે થતી નથી. ઉપરાંત કેટલીક એવી પણ વેબસાઈટ હોય છે જેમાં કોઈ જાહેરાત જ હોતી નથી, જેમ કે, ટિકિટ કે ફ્લાઈટ બુકિંગની સાઈટ. અમુક વિષય સંબંધી સાઈટ કરતા જાહેરાત અલગ પડે તો સમજવું કે દાળમાં કંઈક કાળું છે.

બ્રાઉઝર ખોલો અને સટાસટ જાહેરાતના પોપઅપ ખુલવા માંડે, જેને બંધ કરતા નાકે દમ આવી જાય ત્યારે સમજવું કે ફોન હેક થયો છે અને આ એક સાયબર હુમલો બની શકે છે. કોઈપણ બ્રાઉઝર બંધ હોય છતાં આવા પોપ આવવા માંડે ત્યારે પણ ચેતી જવું. ફોન હેક થયો હોય એવું લાગે તો ફોનને એરોપ્લેન મોડ પર મૂકી દો, આનાથી ઈન્ટરનેટ બંધ થશે છતાં ફોન ચાલુ રહેશે. આનાથી ડેટા ચોરી અટકશે. હેકિંગ માટે ઈન્ટરનેટ ચાલુ હોવું જરૂરી છે. શંકાસ્પદ એપ્લિશન અનઈન્સ્ટોલ કરી દો. તમામ સોશ્યલ મીડિયાના પાસવર્ડ બદલી દો, પ્રીમિયમ એન્ટિ વાયરલથી ફોન સ્કેન કરો, ઈન્ટરનેટ બંધ કરીને કરવાથી ઝડપથી ખ્યાલ આવશે. ફોનમાં જે પ્રોફાઈલ ચાલુ હોય તે લોગઆઉટ કરી ને ફોન સ્વિચ ઓફ કરી દો. આખરી ઉપાય, ફોન ફોર્મેટ કરી દો. ■

**આઉટ ઑફ બોક્સ**

ચેટજીપીટી ઑપન AI કંપનીની પ્રોડક્ટ છે પણ આની પાછળ માઈક્રોસોફ્ટ કંપનીનું રોકાણ છે. અઈ ઈમેજ બનાવવા આ ટુલ્સ સૌથી વધુ એક્યુરેટ છે.

# લુપ્ત થવાની આરે છે ઘડિઆલ

ફોકસ


કે.પી. સિંહ
feedback@bombaysamachar.com

ઘડિઆલ એ ક્રોકોડિલિયા વર્ગનું પ્રાણી છે. આ વર્ગ અંતર્ગત ચાર મુખ્ય જીવો આવે છે- એલિગેટર, કેમાન, મગર અને ઘડિઆલ. આમાંથી ઘડિઆલ એકમાત્ર એવું પ્રાણી છે જે ભારતીય ઉપમહાદ્વીપ સિવાય અન્ય ક્યાંય જોવા મળતું નથી. તે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને બર્મા (મ્યાનમાર)ની મુખ્ય નદીઓ તથા તળાવોમાં જ જોવા મળે છે. ભારતમાં તે ગંગા, મહાનદી, ચંબલ, સિંધુ, બ્રહ્મપુત્રા તેમજ ઇરાવતી નદી અને તેની સહાયક નદીઓ તથા ચિલ્કા સરોવરમાં જોવા મળે છે. જીવવિજ્ઞાનીઓનું અનુમાન છે કે તેનો ઇતિહાસ અને સામાજિક જીવન મગર જેવું જ હોવું જોઈએ. ઘડિઆલની શારીરિક સંરચના મગર જેવી જ હોય છે, પરંતુ પોતાના લાંબા થૂથુનના કારણે તે અલગથી ઓળખાઈ આવે છે. સામાન્ય રીતે ઘડિઆલની લંબાઈ ચાર મીટરથી છ મીટર સુધીની હોય છે. તેના શરીરનો રંગ ઓલિવ ગ્રીન હોય છે અને તેના પર ઘેરા રંગનાં નિશાન હોય છે. ઘડિઆલના શરીરના ઉપલા ભાગ પર કઠણ ભીંગડાંનું આવરણ હોય છે. તેનું મોં લાંબું અને પાતળું હોય છે. તેની લંબાઈ મસ્તકની પહોળાઈ કરતાં લગભગ છ ગણી હોય છે. નર ઘડિઆલના મોંના અગ્રભાગ પર ઘડા જેવો આકાર હોય છે. આ ઘડા જેવા આકારના કારણે જ તેને ‘ઘડિઆલ’ કહેવામાં આવે છે. નર અને માદા ઘડિઆલની સંરચના એકસરખી હોય છે, પરંતુ માદાના મોં પર આવો ઘડો હોતો નથી. ઘડિઆલના મોંના અંત ભાગમાં નસકોરાં હોય છે અને નર ઘડિઆલનું નાક થોડું ફૂલેલું હોય છે. આ નસકોરાં બંધ કર્યા પછી તે તેને ફુગ્ગાની જેમ ફુલાવીને ઘડા જેવું કરી લે છે.

ઘડિઆલના દાંત એવી રચના ધરાવે છે કે બંને જડબાં બંધ કરવા પર તે એવી રીતે ફિટ થઈ જાય છે કે તેના મોંમાં ફસાયેલી નાની માછલી પણ બહાર નીકળી શકતી નથી.

ઘડિઆલના આગળના પગમાં પાંચ-પાંચ આંગળીઓ અને પાછળના પગમાં ચાર-ચાર આંગળીઓ હોય છે તેમજ આંગળીઓમાં તીક્ષ્ણ નખ હોય છે. ઘડિઆલના પાછળના પગની આંગળીઓની વચ્ચે મજબૂત ત્વચાની ઝીણી પટ્ટી હોય છે જે તેને તરવામાં મદદ કરે છે. ઘડિઆલનો મુખ્ય ખોરાક માછલી છે. સાથે તે મગરની જેમ નાના-નાના સસ્તન જીવો, જળચર પક્ષીઓ અને કાચબા વગેરેનો પણ શિકાર કરે છે.

ઘડિઆલની શિકાર કરવાની પદ્ધતિ મગર કરતાં તદ્દન અલગ છે. ઘડિઆલ શિકારની શોધમાં પોતાની આંખો પાણીની અંદર અને નસકોરાં બહાર રાખીને તરતો રહે છે અને જેવો તે શિકારની નજીક પહોંચે છે કે તરત જ પોતાની આંખો બંધ



કરીને માથું પાણીની અંદર સરકાવી લે છે. હવે માત્ર તેનાં નસકોરાં જ પાણીની બહાર રહે છે. આ રીતે શિકાર તેને જોઈ શકતો નથી અને તે તેની વધુ નજીક પહોંચી જાય છે. અચાનક પાણીની અંદર તેના જડબાં ખૂલે છે અને તે શિકારને દબોચી લે છે. ઘડિઆલના પેટમાંથી ઘણી વખત સ્ત્રીઓનાં ઘરેણાં મળી આવ્યાં છે. આના કારણે લોકોમાં એવી માન્યતા બંધાઈ ગઈ છે કે ઘડિઆલ નરભક્ષી હોય છે.

સમાગમ કાળ દરમિયાન નર ઘડિઆલ માદાને આકર્ષિત કરવા માટે આ જ ઘડામાંથી એક વિશેષ પ્રકારનો લયબદ્ધ અવાજ કાઢે છે. આ અવાજ સાંભળીને માદા નરની નજીક પહોંચી જાય છે. સામાન્ય મગરની જેમ જ ઘડિઆલ પણ પાણીની અંદર જ સમાગમ કરે છે. સમાગમ પછી માદા ઘડિઆલ પાણીની બહાર, રેતીમાં ખાડો કરીને ૪૦થી ૬૦ જેટલા ઇંડાં મૂકે છે અને તેને રેતીથી ઢાંકી દે છે. તેના ઇંડાની લંબાઈ લગભગ ૯ સેન્ટિમીટર અને પહોળાઈ ૬ સેન્ટિમીટર હોય છે. ઇંડામાંથી બચ્ચાં બહાર નીકળે છે. જન્મ સમયે તેમનો રંગ ઝાંખો લીલો અને લંબાઈ ૩૫થી ૪૦ સેન્ટિમીટરની વચ્ચે હોય છે. જન્મના તરત જ બાદ માદા બચ્ચાંને પાણીમાં લઈ જાય છે અને ઉછેરની સાથે-સાથે તેમની સુરક્ષાનું કાર્ય પણ કરે છે. માદા ઘડિઆલ હંમેશા રેતીના ખાડામાં જ ઇંડા મૂકે છે. ઇંડામાંથી બચ્ચાં બહાર નીકળ્યા પછી માદા તેમને ખાડામાંથી બહાર કાઢવામાં મદદ કરે છે. તે તેમને પોતાના પંજા વડે સહારો આપીને ખાડામાંથી બહાર કાઢે છે અને એક-એક કરીને બધાને પાણીમાં લઈ જાય છે.

‘રેડ ડેટા બુક ઑફ કન્ઝર્વેશન’ અનુસાર, વીસમી સદીના પૂર્વાર્ધના અંતિમ સમયમાં તેમની સંખ્યા માત્ર ૬૦૦ જેટલી જ રહી ગઈ હતી, તેથી તેમને વિશ્વના વિલુપ્તપ્રાય એટલે કે દુર્લભ જીવ જાહેર કરવામાં આવ્યા હતા. ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# એમની માથે સદાય મોત ભમે છે

## હમણાં ૩ મેના રોજ 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી થઈ, પણ આજના યુદ્ધ-જંગ અથડામણના હિંસક માહોલમાં શું આજનો પત્રકાર મુક્ત મને એની ફરજ બજાવી શકે છે ખરો? જવાબ 'ના' છે અને સમગ્ર માહોલ ધાર્યા કરતાં વધુ બિહામણો છે...




આજે રશિયા યુક્રેનના જંગના ચાર વર્ષ થવા આવ્યા- જે અટકવાનું નામ લેતો નથી. ૨૮ ફેબ્રુઆરીથી છેડાયેલું ઈરાન- ઈઝરાયલ - અમેરિકાનું યુદ્ધ વિસ્તરતું જાય છે. આ ઉપરાંત આજે ચોતરફ નાની મોટી અથડામણ ચાલી રહી છે. એક સર્વેક્ષણનાં તારણ મુજબ આજની તારીખે ૩૫ જેટલાં દેશમાં ૬૦થી લઈને ૧૩૦ જેટલી નાની મોટી સશસ્ત્ર હિંસક અથડામણો ચાલી રહી છે !

આ બધા વચ્ચે જંગમાં અને જંગ સિવાય પણ પોતાની ફરજ બજાવતા માર્યા જતા પત્રકારો-ફોટોગ્રાફરની સંખ્યા ખરેખર ચોંકાવનારી છે.

સમય નક્કી નથી હોતો. દિશા નક્કી નથી હોતી, પણ નિયતિએ આગોતરા નક્કી કર્યું હોય તેમ એનો કાળ અકળ છતાં નિશ્ચિત હોય છે. 'સનનન્' કરતી કોઈ પણ દિશામાંથી બુલેટ આવે અને ક્ષણેકમાં એને વીંધી જાય.

આ સિનારિયો યુદ્ધ મોરચે દુશ્મનો સામે લડી રહેલા કોઈ લશ્કરી જવાનની વાત નથી, પણ કેટલીક વાર અદલોદલ આવી જ સ્થિતિમાં મૂકાય ગયેલા તસવીરકાર-પત્રકારની વાત છે.

ગયે અઠવાડિયે જ લેબેનોનના એક નગર વિસ્તાર પર ઈઝરાયલે કરેલા હુમલામાં અમલા ખાલીલ નામની લેબેનોની એક મહિલા પત્રકાર સપડાઈ ગઈ. ડ્રોન એટેક થયા પછી એણે એક શેલ્ટર હોમમાં આશરો લીધો તો એના પર પણ ઈઝરાયલી હુમલો થયો. એ વખતે ત્યાં હાજર રહેલી 'રેડ ક્રોસ' ટીમ ઈજાગ્રસ્ત અમલાને સારવાર માટે ત્યાંથી લઈ જવા પહોંચી, પણ ઈઝરાયલના સતત હુમલાને લીધે અમલા સુધી પહોંચી ન શકાયું, પણ એક યુવા આશાસ્પદ મહિલા પત્રકાર અમલા ખાલીલ સુધી કાળમુખુ મોત પહોંચી ગયું... આ ઘટના પછી મીડિયા જગતે અમલા ખાલીલની જવાંમર્દી અને શહીદીને સલામ કરી અને સાથે ઈઝરાયલના નિષ્ઠૂર હુમલાની સખત ટીકા પણ કરી.

આ જ રીતે પાંચેક વર્ષ પહેલાં એક ભારતીય ફોટો-જર્નાલિસ્ટે અફઘાન - તાલિબાનની અથડામણમાં જાન ગુમાવ્યો. એ ઘટના ખૂબ ગાજી હતી. એ ભારતીય તસવીરકારનું નામ હતું દાનિશ સિદ્દિકી.

તસવીરકાર વત્તા પત્રકારની કામગીરી બજાવી રહેલો આ ભારતીય યુવાન પાકિસ્તાન સીમા નજીકના વિસ્તારમાં અફઘાનિસ્તાન સેના તથા તાલિબાન ત્રાસવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણ-ઝપાઝપીનો સ-તસવીર હેવાલ લેવા પહોંચ્યો હતો.

યુદ્ધ જેવાં ખતરનાક મોરચા પર રિપોર્ટિંગ કરવું એના માટે નવું નહોતું. આવા માહોલમાં દાનિશે ઝડપેલી અનેક તસવીરોએ જગતભરના મીડિયાની જબરી 'વાહ..વાહ' મેળવી હતી. આવી એની એક તસવીર માટે પત્રકારત્ત્વમાં નોબેલ પારિતોષિક ગણાતા 'પુલિત્ઝર પ્રાઈસ' પણ દાનિશને ૨૦૧૮માં એનાયત થયું હતું. 'પુલિત્ઝર' જેવું બહુમાન મળ્યા પછી દાનિશ આવી જોખમી કામગીરી ટાળી શક્યો હોત, પણ આવી જવાંમર્દી જાણે દાનિશની રગેરગમાં વહેતી હતી. આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી 'રોયટર્સ' સાથે સંકળાયેલો દાનિશે અફઘાન મોર્ચે જવાની અસાઈન્મેન્ટ સામેથી માગી લીધી અને અફઘાન કમાન્ડો ટીમ તાલિબાનો પર ત્રાટકવાની હતી ત્યારે તાજેતરમાં આંખે દેખ્યો હેવાલ લેવા દાનિશ પણ સાથે જોડાયો. બન્ને લશ્કરી જૂથ વચ્ચે ચાલી રહેલી ભીષણ ફાયરિંગ વચ્ચે દાનિશ દિલધડક તસવીરો ઝડપી રહ્યો હતો ત્યારે અચાનક એક બુલેટ દાનિશને વીંધી ગઈ...

હજુ તો કેટલાંય સિદ્ધિનાં શિખર સર કરવાનાં સપનાં જોઈ રહેલા ૩૮ વર્ષીય દાનિશ સિદ્દિકીની આ 'ઓન ડ્યૂટી' શહીદીની નોંધ જગતભરના મીડિયાએ લીધી હતી. દેશના સીમાડા પર ફરજ બજાવતા લશ્કરી યોદ્ધા તો જંગ માટે સજ્જ હોય-પૂરતા તાલીમબદ્ધ હોય, પણ એક જમાનામાં તો પત્રકાર કે તસવીરકાર આવાં જોખમભર્યાં કામ માત્ર જોમ-જુસ્સાના જોરે પાર પાડતા. ઈતિહાસનાં જૂનાં થોથાં ફંફોળો તો જાણવા મળે કે પહેલાં વિશ્વયુદ્ધ વખતે બ્રિટન - ફ્રાન્સની સરકાર કોઈ પત્રકારને મોરચે જવાની પરવાનગી આપતી નહીં. આમ છતાં કેટલાક ગુના માટે ભાગેડુ એવા બાસિલ ક્લાર્ક અને ફિલિપ્સ ગીબ્સ નામના બે રિપોર્ટર છૂપી રીતે મોરચા પરથી બ્રિટિશ અખબારો માટે અહેવાલ મોક્લતા..!


'પુલિત્ઝર પ્રાઈસ' વિજેતા ભારતીય ફોટો જર્નાલિસ્ટ : દાનિશ સિદ્દિકી



લેબનોનની લેડી પત્રકાર અમલા ખાલીલ

કાળક્રમે પત્રકારો-ફોટોગ્રાફરની સાથે ટીવી ચેનલોની ટીમને પણ વોર ઝોનમાં જવાની પરવાનગી મળવા માંડી, જેથી જગતને કંપાવી મૂકે એવાં યુદ્ધની ખરી ભયાનકતાનો તાદશ ચિતાર મળે. જો કે, જેમ યુદ્ધ આધુનિક થતાં ગયાં તેમ વોર જોનમાં ડ્યૂટી બજાવતા પત્રકારો-ફોટોગ્રાફરો પણ વધુ તાલીમબદ્ધ થઈ ગયા છે..

ફોટો જર્નાલિસ્ટ દાનિશ સિદ્દિકીએ જે રીતે જાન ગુમાવ્યો તેવા કિસ્સા અગાઉ યુદ્ધ વખતે બન્યા છે અને આજે પણ બની રહ્યાં છે. થોડા ફ્લેશબેકમાં જઈએ તો....

પ્રથમ વિશ્વ યુદ્ધ (૧૯૧૪-૧૯૧૮) ૪ વર્ષ અને બીજું વિશ્વયુદ્ધ (૧૯૩૯-૧૯૪૫) ૬ વર્ષ ચાલ્યું. યુદ્ધ વખતે જે -તે દેશની સરકાર પત્રકારોને યુદ્ધ મોરચે જવાની પરવાનગી જલ્દીથી આપતી નહોતી. એ ઉપરાંત એ સમયે પ્રેસ સેન્સરશિપ હોવાથી બન્ને વિશ્વ યુદ્ધમાં કેટલા પત્રકારો-તસવીરકારોએ જાન ગુમાવ્યા એનો કોઈ અધિકૃત આંકડો મળતો નથી.

નજીકના ભૂતકાળના આંકડા તપાસીએ તો ૧૯૯૨થી લઈને આજ જૂન -૨૦૨૬ સુધીમાં ૨૫૬૭ પત્રકાર- તસવીરકારો યુદ્ધના મેદાનમાં માર્યા ગયા છે. એમાંય ૨૦૨૫નું વર્ષ પત્રકારો માટે ખરા અર્થમાં ખોફનાક નીવડ્યું. એકલા એ વર્ષે ૧૨૯ જર્નાલિસ્ટ ઓન ડ્યૂટી યુદ્ધના શિકાર બન્યા !

તાજા જંગની વાત કરીએ તો ૨૦૨૨થી શરૂ થયેલા યુક્રેન - રશિયા અથડામણમાં કુલ ૧૬ પત્રકાર- ફોટોગ્રાફરે જીવ ગુમાવ્યા છે તો ૫૩ જેટલા ગંભીર ઈજા પામ્યા છે.

આજે જગતભરનું ધ્યાન જેના પર છે એ ઈરાન -ઈઝરાયલ - અમેરિકા વચ્ચે રોજિંદી અથડામણમાં છેલ્લા હેવાલ મુજબ ૧૨ જેટલા પત્રકાર -ફોટોગ્રાફરે જાન ગુમાવ્યા છે...આ સમય જતા વધે પણ ખરો, કારણ કે આ જંગ હજુ લાંબો ચાલશે...

બીજી તરફ, પ્રિન્ટ -ઓડિયો- વીડિયો મીડિયા સાથે સંકળાયેલા બધા જ કંઈ જંગમોરચે માર્યા જાય છે એવું પણ નથી. અમેરિકાના અતિ પ્રતિષ્ઠિત અખબાર 'વોશિગ્ટન પોસ્ટ' અનુસાર છેલ્લાં દશકામાં પત્રકારો- ફોટોગ્રાફર- ટીવી કેમેરામેનની ટીમના ડ્રાઈવર- દુભાષિયા સહિત કુલ ૬૨૬ વ્યક્તિએ અન્ય ફરજ બજાવતી વખતે જાન ગુમાવ્યા છે. ઈસ્લામી ત્રાસવાદીઓ- ડ્રગ માફિયા અને અંધારી આલમના રીઢા અપરાધીઓ દ્વારા આ હત્યાઓ થઈ છે.

### આજે ૩૦૦થી વધુ પત્રકાર જેલમાં કેદ છે...!

#### ટ્રમ્પ પોતાની સ્ટાઈલમાં દબડાવી રહ્યા છે પત્રકારોને ...


પરદેશની જેલમાં પત્રકારો

આજે ચોતરફ આર્થિકથી લઈને યુદ્ધની એવી અફડાતફડી મચી છે કે એમાં વિશ્વભરના મીડિયા હાઉસ ગજબનું દબાણ અનુભવી રહ્યા છે. એક બાજુ પ્રેસ-ટીવી ચેનલ્સના લોકો સતત યુદ્ધ વાતાવરણ વચ્ચે એમની કપરી કામગીરી બજાવી રહ્યા છે ત્યારે એમના પર એક અલગ પ્રકારનું દબાણ પર લાદવામાં આવી રહ્યું છે એ છે પત્રકારોની આડેધડ ધરપકડ... ઈઝરાયલ, ઈરાક, તુર્કીયેકે (તુર્કી),,સુદાન, ચીન અને રશિયા સુધ્ધાં જેવા દેશમાં 'પત્રકાર આતંકવાદી સંસ્થા સામે સંકળાયેલો છે શત્રુ દેશનો વિદેશી એજન્ટ્સ કે જાસૂસ છે' એવા ખોટા આરોપસર પત્રકારોને જેલમાં ધકેલી દેવામાં આવે છે. આજની તારીખે ૩૩૦થી વધુ મીડિયાની વ્યક્તિઓ વિદેશી જેલમાં છે. એમાંથી અમુક તો છેલ્લાં પાંચ વર્ષથી કોઈ પણ કાયદાકીય કાર્યવાહી વગર જેલમાં સબડી રહ્યા છે !

બીજી તરફ અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પને તો પહેલેથી જ પ્રેસ મીડિયા સાથે છત્રીસ છે- એમની સાથે એવું વાંકુ પડ્યું છે કે ટ્રમ્પ સરકારની નીતિ રીતિનો વિરોધ કરનારા જાણીતાં અમેરિકન અખબારો 'વોશિગ્ટન પોસ્ટ - ન્યૂ યોર્ક ટાઈમ્સ વોલ સ્ટ્રીટ જર્નલ'ના પત્રકારોને ત્યાં દરોડા પાડવામાં આવે છે અને એમના માલિકો વિરુદ્ધ કેસ પણ દાખલ કરવામાં આવે છે ! ■

આપણે ત્યાં પણ ફરજ બજાવતા પત્રકારોનાં માથે મોત ભમતું રહે છે. છેલ્લાં ૬ વર્ષના આંકડા પર નજર ફેરવીએ તો આપણે ત્યાં ભ્રષ્ટ રાજકારણી તથા રીઢા અપરાધીઓ વિરુદ્ધ તેજાબી અહેવાલ લખવા બદલ ૪૦ જેટલાં જર્નાલિસ્ટ-ફોટોગ્રફરની ધોળે દિવસે હત્યા થઈ અને ૧૯૮થી વધુ પર જીવલેણ હુમલા પણ થયા છે. આમાંની મોટાભાગની ઘટના ઉત્તર પ્રદેશ- બિહાર અને મધ્ય પ્રદેશની છે.

આપણે ત્યાં પર્યાવરણને દૂષિત કરીને લૂંટનારા કેટલાંક રીઢા ગુનાખોરો પણ છે. એમની વિરુદ્ધ ઝુંબેશ ચલાવનારા કેટલાક પત્રકારો હંમેશાં મોતના ભય નીચે જ એમની ફરજ બજાવતા રહે છે. છેલ્લાં ૧૨ વર્ષમાં ૨૮ જેટલાં આવા નિડર પત્રકારો માર્યા ગયા છે. નાનાં ગામ- કસબા- ટાઉનમાં પત્રકારોની સ્થિતિ વધુ વિષમ હોય છે. ત્યાંના પત્રકારોનાં અસ્તિત્વને સામ-દામ-દંડ-ભેદથી સહેજ રીતે ભૂંસી શકાય છે.

આવા મુશ્કેલ માહોલમાં નિષ્ઠાવાન-જાંબાઝ પત્રકાર જ ગુંડાગર્દી સામે ટકકર લઈને ટકી શકે છે. એમને પણ આપણે ૭ સલામ કરવી જોઈએ. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# કન્ઝ્યુમરનો વિશ્વાસ બનાવશે વિશ્વસનીય બ્રાન્ડ



ગયા અઠવાડિયે આપણે જોયું કઈ રીતે એક ઍરલાઇને કટોકટીનો સામનો કરી તેને પોતાની બ્રાન્ડ માટે આશીર્વાદ રૂપ સાબિત કર્યું. આ શક્ય ત્યારે બન્યું જ્યારે તેમણે કન્ઝ્યુમરને મધ્યમાં રાખ્યો અને નહિ કે પોતાના નફાને. લાંબા ગાળાનો વિચાર હતો. મુદ્દો તે છે કે લોકોનો વિશ્વાસ તમારામાં હોવો તે ઘણી અગત્યની વાત છે, પછી તે પરિવારમાં હોય, સમાજમાં હોય કે વેપારમાં હોય. બ્રાન્ડ માટે આજે વધુ કપરાં ચઢાણો છે કન્ઝ્યુમરનો વિશ્વાસ જીતવા માટે અને જીત્યા પછી ટકાવી રાખવા માટે. કન્ઝ્યુમર-ગ્રાહક બ્રાન્ડ શા માટે ખરીદે છે? બ્રાન્ડ ખરીદવા માટે તે વધારે પૈસા પણ આપે છે, શા માટે? કારણ કે બ્રાન્ડ ક્વૉલિટીનું આશ્વાસન આપે છે. તેને વિશ્વાસ છે કે બ્રાન્ડ તેને વૅલ્યુ અને અનુભવનો સંતોષ આપશે. આજે ઘણી બધી બ્રાન્ડ એક જ કૅટેગરીમાં ઉપલબ્ધ છે અને કન્ઝ્યુમરના એક્સપેક્ટેશન પણ વધી ગયા છે. થોડા સમય પહેલાં વિશ્વાસ ઘણાં બધાં પરિબળોમાંનુ એક પરિબળ હતું, પરંતુ આજે વિશ્વાસ કન્ઝ્યુમર માટે બ્રાન્ડની પસંદગીનું મહત્ત્વનું પરિબળ છે. બ્રાન્ડ જો ક્વૉલિટી, કમિટમેન્ટ, કૉસ્ટ અને કમ્યુનિકેશન આમાંથી એકમાં પણ ઊણું ઊતર્યું અથવા કન્ઝ્યુમરને ખરાબ અનુભવ થયો તો તમારી બ્રાન્ડ ગમે તેટલી મોટી હશે, સશક્ત હશે, કન્ઝ્યુમર પોતાનો અનુભવ લોકો સુધી ચપટી વગાડતાંમાં સોશ્યલ મીડિયાના સહારે પહોંચાડશે. ઘણી નામી બ્રાન્ડ્સ સાથે આપણે આ થતું જોયું છે કે કઈ રીતે બ્રાન્ડ એક નાનકડી ભૂલના કારણે કન્ઝ્યુમરનો વિશ્વાસ ગુમાવે છે.

નોકિયા, કોડાક જેવી દુનિયાભરમાં નંબર વન ધરાવતી સશક્ત કંપનીઓએ પણ કન્ઝ્યુમરનો વિશ્વાસ ગુમાવ્યો છે. કદાચ કન્ઝ્યુમરને જે જોઈતું હતું તે બ્રાન્ડ ન આપી શકી. તેથી કહી શકાય કે કન્ઝ્યુમરને જે જોઈયે છે જો તેનો અભ્યાસ કરી હું મારી બ્રાન્ડ તૈયાર કરીશ તો કદાચ કન્ઝ્યુમરનો વિશ્વાસ જીતવો આસાન થઈ પડશે. અર્થાત્ અમુક સમય પહેલાં લીડિંગ બ્રાન્ડ્સ જે શેખી દાખવતી હતી કે હું બ્રાન્ડ છું તેથી મારા પર વિશ્વાસ રાખો તે આજના કન્ઝ્યુમર સામે નહીં ચાલે.

આજનો કન્ઝ્યુમર અલગ છે, તેનો વિશ્વાસ તરફ જોવાનો નજરિયો પણ અલગ છે. તે કોઈ પણ અજાણ વ્યક્તિ સાથે શૅર કૅબમાં ટ્રાવેલ કરે છે, ઑનલાઇન ન સાંભળેલી બ્રાન્ડનો માલ ખરીદે છે અને પૈસા પણ પહેલાં ચૂકવે છે, રેસ્ટોરેંટનું નામ ન સાંભળ્યું હોય ત્યાંથી ખાવાનું ઑર્ડર કરે છે. ફૂડ ઑર્ડરિંગ ઍપ દ્વારા વેકેશન પર જાય છે ત્યારે જેને ઓળખતો પણ નથી તેના ઘરે એક બેડરૂમ ભાડે રાખી તે સ્થળનો આનંદ મેળવે છે. તે આ બધી ચીજો બેઝિજક કરે છે, કારણ કે તે અજાણી વ્યક્તિ કે રેસ્ટોરેંટની બ્રાન્ડ સામે ફાઇવ સ્ટાર રેટિંગ છે. આથી કહી શકાય કે બ્રાન્ડ પરના વિશ્વાસની પરિભાષા બદલાઈ રહી છે. આજનો કન્ઝ્યુમર તે એકલ દોકલ કન્ઝ્યુમર નથી, આખેઆખી કમ્યૂનિટી છે અને આ કમ્યૂનિટી બ્રાન્ડ પર વિશ્વાસ કરવો કે નહીં તે નક્કી કરે છે. કમ્યૂનિટી જો ફાઇવ સ્ટાર આપશે તો તમે આંખ બંધ કરી તે બ્રાન્ડ પર ભરોસો કરશો અને નહીં કે બ્રાન્ડ તમને કહેશે કે હું બ્રાન્ડ છું તેથી મારા પર ભરોસો કરો.

બ્રાન્ડ માટે વિશ્વાસ મેળવવા માટેનાં બે મહત્ત્વનાં પરિબળ છે; ઑથેન્ટિસિટી (અધિકૃતતા) અને ઑનેસ્ટી ( પ્રામાણિકતા). જો આ બે પરિબળને સ્થાપિત કરવામાં બ્રાન્ડ સફળ થશે તો કન્ઝ્યુમરનો વિશ્વાસ મેળવશે અને તેનાથી સેલ્સ વગર કીધે વધશે. જો વિશ્વાસ વધતો રહેશે બ્રાન્ડ પર તો બ્રાન્ડ પ્રીમિયમ ચાર્જ કરીને પણ નફો વધારી શકશે અને કન્ઝ્યુમર પ્રીમિયમ વિના સંકોચે આપશે. ઑનેસ્ટી અને ઑથેન્ટિસિટી ઉપરાંત બ્રાન્ડે પોતાની કામગીરી પર પણ ધ્યાન આપવું પડશે. તમે જો તમારા કર્મચારીઓ કે સમાજ માટે કશુંક કરશો તો આજનો કન્ઝ્યુમર તેને વખાણશે. ઉદાહરણ તરીકે, તમે મહિલા સશક્તીકરણ પર ભાર આપશો, ગામોમાં અને જરૂરતમંદો માટે શાળાઓ ખોલસો જેથી બાળકો ભણી શકે વગેરે. આવી વાતો કન્ઝ્યુમરને તમારી વધુ નજીક લાવશે. આ ઉપરાંત પારદર્શકતા હોવી જોઈયે, તમે જે છો તેમ કન્ઝ્યુમર સામે પેશ આવો. જો ભૂલ થઈ હોય તો તેને છુપાવાની કોશિશ ન કરો, સ્વીકારો અને આગળ વધો. જો મારી પ્રોડક્ટ કે સર્વિસમાં કોઈ ખામી રહી ગઈ હશે તો તેને હું સુધારીશ તેમ સ્વીકારો. આ વાત કન્ઝ્યુમરને ગમશે. તમને એક પારદર્શક બ્રાન્ડ તરીકે સ્વીકારી વધુ એક મોકો આપશે.

સૌથી મહત્ત્વનો મુદ્દો એટલે સાતત્યતા. સમયે સમયે નવાં ઉત્પાદનો, ટક્નૉલૉજી સપોર્ટ, સ્કીમ્સ લાવ્યા કરે જે કન્ઝ્યુમરને જકડી રાખે અને બ્રાન્ડ પરનો તેનો વિશ્વાસ વધતો રહે. બ્રાન્ડ નવી હોય કે સશક્ત હોય સફળ થવા માટેનું પરિબળ બંને માટે એક જ છે, કન્ઝ્યુમરનો વિશ્વાસ જીતવો. માર્કેટમાં ઘણી નવી બ્રાન્ડો આવી છે જે જૂની અને જાણીતી બ્રાન્ડ્સ નથી છતાં તેઓ પર લોકોએ વિશ્વાસ જતાવ્યો અને ધીરે ધીરે આજે તેઓ લીડિંગ બ્રાન્ડ બની રહી છે. તેથી કહી શકાય કે આજના કન્ઝ્યુમરના અવિશ્વાસની દરખાસ્તથી બચવું હશે તો લીડિંગ બ્રાન્ડ નહીં પણ વિશ્વસનીય બ્રાન્ડ બનવાનું લક્ષ્ય સેવવું પડશે. ■

વિશેષ

અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# આ છે ખરા શિક્ષક...

## ગામડાનાં બાળકોને આપે છે ફ્રીમાં શિક્ષણ દાન



આ છે આસામના પામોહી ગામનાં શિક્ષક ઉત્તમ ટેરોન, જે નિસ્વાર્થભાવે સેંકડો વિદ્યાર્થીઓને ભણાવી રહ્યાં છે. કેટલાંક વર્ષો અગાઉ તેઓ ગામમાં તેમનાં મિત્રો સાથે ફરતાં હતાં. ક્યારેક બળતણ માટેનાં લાકડાં વેચતાં હતાં. એ વખતે તેમનું ધ્યાન ગયું કે કેટલાંક બાળકો ભણવાને બદલે કાદવ અને કીચડમાં રમી રહ્યાં છે. એ જ વખતે તેમને વિચાર આવ્યો કે આ બાળકોને તો શાળામાં શિક્ષણ લેવું જોઈએ. એ વિશે ઉત્તમે કહ્યું કે,'મેં તેમનાં માતા-પિતાને એ બાબત વાત કરી કે બાળકોને મારા ઘરે મોકલજો. મેં મારા ઘરનાં તબેલાને ક્લાસરૂમમાં પલટી નાખ્યો અને તેમને મફતમાં ભણાવવાનું શરૂ કર્યું. મારી મમ્મી આ બાળકો માટે જમવાનું બનાવતી હતી.'

ઉત્તમના ખિસ્સામાં એ વખતે માત્ર ૮૦૦ રૂપિયા હતા. તબેલાને ક્લાસરૂમ બનાવીને જે નેક શરૂઆત કરવામાં આવી હતી તે આજ દિન સુધી અવિરત ચાલી રહી છે. ઉત્તમે એક નોન-પ્રોફિટ સ્કૂલ 'પારિજાત એકેડેમી'ની શરૂઆત ૨૦૦૩માં કરી હતી. એમાં ૪૦૦ બાળકોને નિઃશુલ્ક શિક્ષણ અપાય છે.

કહેવાય છે કે જે નસીબમાં લખાયેલું હોય એ થઈને જ રહે છે. આપણે વિચારીએ છીએ કાંઈક અલગ અને નિયતીમાં કાંઈક અલગ જ હોય છે. આવું જ કાંઈક ઉત્તમ સાથે પણ થયું હતું. તેમને ટીચર નહોતું બનવું પણ બાળકોની સ્થિતિએ તેમને એક ઉત્તમ દરજ્જાના શિક્ષક બનાવી દીધા છે. એ વિશે ઉત્તમે કહ્યું કે, 'મેં યોગ કરવાનું શરૂ કર્યું હતું અને મારે મિથુન દા અને ગોવિંદાની જેમ ડાન્સમાં એક્સપર્ટ બનવું હતું. જોકે એ સપનું તો પૂરું થઈ શક્યું નહીં. ટીચિંગ મને કંટાળો આપનારી નોકરી લાગી હતી, પરંતુ બાળકોની હાલત જોઈને મારી અંદર એક શિક્ષક જાગી ગયો.'

લોકોને જેમ-જેમ જાણ થવા લાગી કે ઉત્તમ ફ્રીમાં બાળકોને ભણાવે છે તો વધુમાં વધુ બાળકો ભણવા આવવા લાગ્યા. હાલમાં વીસ ગામના બાળકોને ઉત્તમ શિક્ષણ આપે છે. સાથે જ જે ખૂબ દૂરથી આવતા હોય તેમનાં માટે હોસ્ટેલની પણ સુવિધા છે. એ વિશે ઉત્તમ જણાવે છે કે, 'મેં જ્યારે આ સ્કૂલની શરૂઆત કરી તો મને લાગ્યું કે એ માત્ર ૨-૩ વર્ષ ચાલશે. જોકે પેરન્ટ્સનો મારા પરનો વિશ્વાસ જોઈને મને જવાબદારીનો એહસાસ થયો અને હું નવા ક્લાસરૂમ શરૂ કરતો ગયો.'

આ શાળા આસામ રાજ્ય બોર્ડ દ્વારા સંલગ્ન છે. આ શાળા વીસ હજાર સ્ક્વેર ફીટના વિસ્તારમાં પથરાયેલી છે. એમાં લાઈબ્રેરી, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર્સ અને કોમ્પ્યુટર લેબ પણ છે. સાથે જ બાળકોને અન્ય પ્રવૃત્તિઓ જેવી કે, સીવણકામ, સ્પોર્ટસ અને ડાન્સ પણ શીખવાડવામાં આવે છે. એનો ઉદ્દેશ જણાવતાં ઉત્તમ કહે છે કે, 'અમે બાળકોના સ્કિલ ડેવલપમેન્ટ પર ધ્યાન આપીએ છીએ જેથી કરીને ભવિષ્યમાં તેમનાં માટે રોજગારના દ્વાર ખોલાવી શકાય. અમારા વિદ્યાર્થીઓને અમે ખેતી અને કોમ્પ્યુટર સ્કિલ્સ પણ શીખવીએ છીએ. અમારા લર્નિંગ સેન્ટરમાં અમે વણાટકામ શીખવીએ છીએ. તેઓ કોટન, સિલ્કની સાડીઓ અને શાલ પણ બનાવે છે.'

આ શાળામાં બાળકોને ભણાવવાનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે તેઓ શિક્ષિત બને અને પગભર ઊભાં રહે. ઉત્તમનું કહેવું છે કે, 'હું આમાંથી કોઈ નફો નથી કમાતો. જોકે આ કામ મને લાખો કરોડોની આત્મસંતુષ્ટિ આપે છે. આ ગરીબ બાળકો જો ભણશે તો તેઓ સ્વમાનભેર જીવી શકશે અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ કામ કરશે.' ■




# રોજનીશી - શબ્દ તો સાંભળ્યો હશે!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

પંદરેક વર્ષની તૃષા છેલ્લા થોડા દિવસથી થોડી ઉદાસ રહેતી હતી. ઘરમાં અને ભણવામાં ધ્યાન નહોતી આપી શકતી. શરૂઆતમાં તો એની મમ્મીને લાગ્યું કે બહેનપણીઓ સાથે કંઈ દલીલો થઈ હશે એટલે આવું વર્તન કરે છે, પણ દિવસે-દિવસે એ વધુ અળગી થતી ગઈ. તૃષાના માતા-પિતાને હવે ચિંતા થવા લાગી કે એવું તે શું થયું કે તૃષાનું વર્તન આટલું બદલાઈ ગયુ છે!

લગભગ એક મહિનો આવું ચાલ્યું. આખરે તૃષાની મમ્મી એક સુંદર દેખાતી ડાયરી લઈ આવી અને તૃષાનાં સ્ટડી ટેબલ પર મૂકી દીધી. મમ્મી જાણતી હતી કે તૃષાને લખવા - વાંચવાનો ખૂબ શોખ છે. એ જે વાત કોઈને ના કરી શકતી કદાચ આ ડાયરીમાં લખે તો મન હળવું થઈ જાય, એ હેતુથી મમ્મી તૃષા માટે ડાયરી લાવી હતી. અને બે-ચાર દિવસમાં સાચે જ જાણે ચમત્કાર થયો. તૃષાએ ઘરમાં બધાની સાથે બેસી વાતો કરવાનું અને ધીમે ધીમે મૂળ સ્વભાવ જેવું હસી મજાક કરવાનું પણ શરૂ કર્યું. એક મહિનામાં તો એ એકદમ પહેલાં જેવી જ થઈ ગઈ. કારણ હતું, એણે રોજ ડાયરી લખવાનું શરૂ કર્યું હતું.

જૂના જમાનાનો એક પ્રચલિત શબ્દ છે રોજનીશી. આ શબ્દને જૂના જમાનાનો એટલે કહ્યો, કારણ કે હાલની પેઢી રોજનીશી નહીં, પણ ડેઈલી ડાયરી લખે છે, જેને એ 'જરનલિંગ' પણ કહે છે. યુવા પેઢી કદાચ કાગળ અને પેનથી નહીં પણ ફોનની નોટ્સમાં લખે છે. જો કે એમાં ખોટું કંઈ નથી, લખાય છે એ જ મહત્ત્વનું છે.

રોજનીશી એટલે દૈનિક નોંધ. સવારથી ઊઠીને રાત્રે સુતા સુધી જે કંઈ પ્રવૃત્તિ કરી હોય કે કોઈ ઘટના હૃદયને સ્પર્શી ગઈ હોય એ બધું જ વિગતવાર નોંધવાની પ્રક્રિયા એટલે રોજનીશી. કોઈ આખી દિનચર્યા નોંધે તો કોઈ હિસાબ લખે, તો કોઈ માત્ર એ જ વાત પાનાં પર ઉતારે જે તેમને મનને વળગી હોય. મોટાભાગે રોજનીશી રાત્રે લખવામાં આવે. આખો દિવસ તો નોંધપોથી સાથે લઈને ફરાય નહિં તદ્‌ઉપરાંત આખા દિવસનો મેળ નોંધવા માટે દિનચર્યા પૂરી થવાની રાહ પણ જોવી પડે ને!

રોજનીશી ખૂબ અંગત છે. એ લખવાનો હેતુ કોઈથી કંઈ છુપાવવાનો નથી હોતો, પણ જાતની નીકટ આવવાનો પ્રયત્ન હોય છે. રોજનીશીનો લખવાનો વિચાર આવવો એ જ પોતાની જાત સાથે પ્રામાણિક રહેવાનાં વચન બરાબર છે.

સામાન્ય રીતે આપણે જે પણ લખીએ છીએ એ મન સ્વીકારે તો જ નોંધપોથીમાં સ્થાન પામે છે અને જો મન ન સ્વીકારતું હોય તો લખ્યા પછી તેનું મૂલ્યાંકન પણ થતું હોય છે.

'ડ્રાકુલા' ફિલ્મનું એક ફેમસ પાત્ર મિના મુરેનાં કહેવા મુજબ રોજનીશી પોતાની જાત સાથેનો ધીમો સંવાદ છે.

રોજનીશી લખવાનાં ઘણાં ફાયદા છે. રોજનીશી લખવાથી મનમાં ઘૂંટાતી લાગણીને વાચા મળે છે. જે કોઈને નથી કહી શકતાં તે લખવાથી મન હળવું થઈ જાય છે. કેટલીક વાર તમને સાંભળનાર ફક્ત કાગળ હોય છે. રોજનીશી લખવાથી જીવનમાં શિસ્ત અને વિચારોમાં સ્થિરતા તેમ જ પારદર્શકતા આવે છે. આપણે પોતાનાં જ વિચારોને તટસ્થપણે જોઈ શકીએ છે. લખીને ફરી વાંચીએ ત્યારે આપણે ક્યાં સાચા ને ક્યાં ખોટાનો પોતે જ ખ્યાલ

આવે છે, સાક્ષીભાવ કેળવાય છે. વડીલો કહેતાં કે લખેલું બોલે. આમ રોજનું રોજ કામનું-નકામું બધાની નોંધ રાખવાની આદતથી પોથી ખોલતાવેંત જ જોઈતી માહિતી મળી રહે છે. કવિ વિલિયમ વર્ડ્સવર્થ કહે છે તેમ કાગળને હૃદયનાં શ્વાસ વડે ભરી દો એટલે કે દિલની બધી જ લાગણી કાગળ પર લખીને ઠાલવી દો. આમ કરવાથી મનનો બોજ હળવો થાય છે.

અલબત્ત, પહેલાનાં લોકોની અને અત્યારનાં યુવાનોની રોજનીશી લખવાની પદ્ધતિમાં જમીન આસમાનનો ફરક છે. પહેલાં લોકો સાદી સીધી નોંધપોથી વસાવતાં જે વર્ષે બદલાતી. જ્યારે હવે સુશોભનવાળી ડાયરી કે જરનલનો જમાનો છે.

અને કદાચ એટલે જ રોજનીશીનાં બદલે એ જરનલ અથવા ડાયરી તરીકે જ ઓળખાય છે. જો કે અત્યાઆધુનિક મોબાઈલ અર્થાત્ સ્માર્ટ ફોનમાં જરનલીંગ કરવું વધુ સરળ લાગે છે કદાચ કે જેમાં કાગળ, પેન અને સમય ત્રણેયની બચત થાય છે. માધ્યમ જે હોય તે, મહત્ત્વ વિચારોને લખવાનું, તેને નોંધવાનું છે.

આ બધી વાત વચ્ચે તમને એ પૂછવાનું કે તમે ક્યારેય રોજનીશી લખી છે? જો ના લખી હોય તો ક્યારેક પ્રયત્ન જરૂર કરજો! રોજનીશી વિશે **બોલો, તમે શું કહો છો?** ■

# ડિઝાસ્ટર મૅનેજમેન્ટ: આપત્તિના આ સૈનિકોની શાનદાર કરિયર

**કરિયર**

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

કેટલીક કરિયર માત્ર નોકરી નથી હોતી, પરંતુ સમાજ સેવાનું એક નવું નામ હોય છે. ડિઝાસ્ટર મૅનેજમેન્ટ એવી જ એક કરિયર છે. જ્યારે કોઈ વિસ્તારમાં કોઈ આપત્તિ આવે છે ત્યારે સૌથી પહેલાં આપત્તિ સામે આવીને ઊભા રહેનારા સૈનિકો આપત્તિનો ભોગ બનેલા લોકો માટે દેવદૂત સમાન હોય છે. ભલે તેઓ માત્ર પોતાનું કામ કરી રહ્યા હોય, પરંતુ લાખો લોકોની દુઆ તેમને મળે છે. તેથી આ કરિયર માત્ર નોકરી પૂરતી સીમિત નથી, તે પીડિત લોકોના આશીર્વાદ અને દુઆ મેળવવાનો હકદાર પણ બનાવે છે. જ્યારે ક્યાંક પૂર આવે છે, ભૂકંપથી ઇમારતો ધરાશાયી થઈ જાય છે, જંગલોમાં આગ લાગી જાય છે, ઔદ્યોગિક અકસ્માતો થાય છે અથવા આધુનિક પ્રકારની ગંભીર મુશ્કેલીઓ સામે આવે છે જેમ કે ભયાનક રોડ અકસ્માત, ટ્રેનનું પાટા પરથી ઊતરી જવું કે તાજેતરનાં વર્ષોમાં 'લૂ'નો પ્રકોપ વગેરે આપત્તિઓ સમયે જેઓ કમર કસીને પીડિત લોકોની મદદ માટે સૌથી આગળ આવીને ઊભા રહે છે તેમને ડિઝાસ્ટર મૅનેજમેન્ટના સૈનિકો અને રેસ્ક્યૂ નિષ્ણાતો કહેવામાં આવે છે. જ્યારથી દુનિયા ક્લાઇમેટ ક્રાઇસિસથી ઘેરાઈ છે ત્યારથી સમગ્ર વિશ્વમાં કુદરતી આપત્તિઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. ચોમાસા દરમિયાન ઘણી જગ્યાએ વાદળો ફાટવાં, દરિયાઈ તોફાન, ભયાનક પૂર વગેરે સમયે સૌથી આગળ આ જ લોકો જોવા મળે છે. ચાલો વ્યવસ્થિત રીતે સમજીએ કે આ રેસ્ક્યૂ નિષ્ણાતો એટલે કે આપત્તિના સૈનિકો શું-શું કામ કરે છે અને આખરે ડિઝાસ્ટર મૅનેજમેન્ટ શું હોય છે?



## ડિઝાસ્ટર મૅનેજમેન્ટ

સામાન્ય રીતે જ્યારે ક્યાંક પૂર, ભૂકંપ, આગ લાગવાની દુર્ઘટના, કોઈ ફૅક્ટરીમાં વિસ્ફોટ કે કોઈ પણ પ્રકારની ઔદ્યોગિક દુર્ઘટના-જેમ કે રાસાયણિક ગળતર વગેરે, રોગચાળો કે કોઈ મોટી દુર્ઘટના ઘટે છે ત્યારે આ દરમિયાન બચાવ અને રાહત કાર્ય માટે જે પ્રશિક્ષિત લોકો સૌથી પહેલાં પહોંચે છે તેઓ વાસ્તવમાં ડિઝાસ્ટર મૅનેજમેન્ટના લોકો હોય છે. તેઓ માત્ર રાહત સામગ્રી જ નથી વહેંચતા પરંતુ આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓથી આપત્તિ સામેના બચાવ કાર્યમાં નેતૃત્વ પૂરું પાડે છે અને તે સમયે જે પણ સૌથી જરૂરી અને સૌથી યોગ્ય વૈજ્ઞાનિક નિર્ણય હોય તે લે છે. તાજેતરનાં વર્ષોમાં આપત્તિઓમાં ખૂબ જ વધારો થયો હોવાથી આ નિષ્ણાતોની માગ પણ ઘણી વધી ગઈ છે.

## તેઓ શું-શું કરે છે?

આપત્તિ વ્યવસ્થાપન સાથે જોડાયેલા લોકો ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઑપરેશન ચલાવે છે. કોઈ જોખમી વિસ્તાર જ્યાં આપત્તિ આવવાની આશંકા હોય તેનું મૂલ્યાંકન કરે છે અને સંભવિત આપત્તિનો સામનો કરવાની તૈયારીઓ કરે છે. આપત્તિ સમયે પીડિત લોકો માટે ભોજન, પાણી, તબીબી સારવાર વગેરેની વ્યવસ્થા કરે છે એટલે કે રાહત પ્રબંધનની જવાબદારી તેમના શિરે હોય છે. આપત્તિમાંથી બચી ગયેલા લોકોને ફરીથી સામાન્ય જીવનમાં પાછા લાવવા માટે તેમનું પુનર્વસન કરે છે. ફૅક્ટરીઓ અને કંપનીઓમાં અકસ્માતો રોકવાની યોજના બનાવે છે અને જો અકસ્માત થઈ જાય તો લોકો માટે રાહત તેમજ બચાવ કાર્ય કરે છે. આ સાથે જ તાજેતરના દિવસોમાં તેમનું સૌથી મુખ્ય કામ આબોહવા પરિવર્તનના જોખમોથી પીડિત લોકોની મદદ કરવાનું બની ગયું છે.

## ભવિષ્યમાં તેમની માગ

ડિઝાસ્ટર મૅનેજમેન્ટ પ્રોફેશનલ્સની માત્ર આજે જ ભારે માગ નથી, આવનારાં વર્ષોમાં પણ તેમની માગ ખૂબ વધારે રહેવાની છે. ભારતમાં ક્લાઇમેટ ચેન્જના કારણે જે રીતે પૂર, વાવાઝોડું અને હિટવેવના કિસ્સાઓ વધી રહ્યા છે એ જોતાં લાગે છે કે આવનારાં વર્ષોમાં રાહત અને પુનર્વસન કાર્યક્રમો ચલાવતા પ્રોફેશનલ્સની મોટા પાયે માગ ઊભી થશે. તાજેતરના દાયકાઓમાં જે રીતે ઔદ્યોગિક વિસ્તરણ થયું છે, કેમિકલ અને મૅન્યુફૅક્ચરિંગ ઉદ્યોગો વધ્યા છે, તેના કારણે અનેક પ્રકારની સુરક્ષા સમસ્યાઓ પણ ઊભી થઈ છે અને આ સમસ્યાઓમાંથી રાહત અપાવવાનું કામ આ નિષ્ણાતો જ કરે છે. રાજ્ય સરકારો અને કંપનીઓ હવે પહેલાં કરતાં વધુ ડિઝાસ્ટર પ્લાનિંગ કરી રહી છે. કારણ કે એક તરફ જ્યાં બચાવ માટે જરૂરી ટેક્નૉલૉજી અને સુવિધાઓ પહેલાં કરતાં વધુ ઉપલબ્ધ છે, તો બીજી તરફ આ બાબતે લોકો પણ જાગૃત થયા છે અને તેથી જ તેની માગ વધી છે.

## આ ક્ષેત્રમાં કારકિર્દી

- ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઑફિસર
- રેસ્ક્યૂ સ્પેશ્યાલિસ્ટ
- ફાયર ઍન્ડ સેફ્ટી એક્સપર્ટ
- ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી મૅનેજર
- આપત્તિ તાલીમ નિષ્ણાત
- ક્લાઇમેટ રિસ્ક એનાલિસ્ટ
- એનજીઓ અને આંતરરાષ્ટ્રીય એજન્સી નિષ્ણાત

## અભ્યાસ અને મુખ્ય અભ્યાસક્રમો

આ ક્ષેત્રની સારી બાબત એ છે કે અહીં અલગ-અલગ બૅકગ્રાઉન્ડ ધરાવતા લોકો આવી શકે છે. ખાસ કરીને આ ક્ષેત્રમાં જવા માટે આ વિષયો સૌથી વધુ ઉપયોગી છે-ભૂગોળ, પર્યાવરણ વિજ્ઞાન, સિવિલ એન્જિનિયરિંગ, પબ્લિક ઍડ્મિનિસ્ટ્રેશન, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન.

જ્યાં સુધી આ ક્ષેત્રમાં જવા માટે કયા અભ્યાસક્રમો મદદરૂપ થઈ શકે છે તેનો સવાલ છે, તેની વિગતો આ પ્રમાણે છે:

* ડિપ્લોમા ઇન ડિઝાસ્ટર મૅનેજમેન્ટ
* બીએ/બીએસસી ઇન ડિઝાસ્ટર મૅનેજમેન્ટ
* એમએસસી ડિઝાસ્ટર મૅનેજમેન્ટ
* એમબીએ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ
* ફાયર એન્ડ સેફ્ટી કોર્સ

## અભ્યાસ માટેની અગ્રણી સંસ્થાઓ

* નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ
* ઇન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી
* ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ
* જામિયા મિલિયા ઇસ્લામિયા
* યુનિવર્સિટી ઑફ મદ્રાસ

## ઍડ્મિશન કેવી રીતે મેળવવું?

આ ક્ષેત્રમાં ઍડ્મિશન મેળવવા માટે દરેક સંસ્થાની પ્રક્રિયા અલગ-અલગ હોય છે, પરંતુ સામાન્ય રીતે આ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ૧૨મું ધોરણ કે ગ્રૅજ્યુએશન છે. ત્યાર બાદ મેરિટના આધારે ઍડ્મિશન લિસ્ટ તૈયાર કરવામાં આવે છે. ઘણી જગ્યાએ આના માટે એન્ટ્રન્સ એક્ઝામ લેવાય છે, તો ઘણી જગ્યાએ પ્રવેશ પરીક્ષા વિના માત્ર મેરિટના આધારે પસંદગી થઈ જાય છે. પ્રવેશ પરીક્ષા પછી ઘણી સંસ્થાઓમાં ઇન્ટરવ્યુ લેવાની પ્રથા પણ છે. વાસ્તવમાં જ્યાં ઍડ્મિશન લેવા ઇચ્છુક લોકોની લાઇન ખૂબ લાંબી હોય છે અને સીટો મર્યાદિત હોય છે, ત્યાં ઍડ્મિશન મેળવવાની ઇચ્છા રાખનારાઓએ આ તમામ તબક્કાઓ પાર કરવા પડે છે.

આ ક્ષેત્રમાં જવા માટે સૌથી મહત્ત્વનો ગુણ સ્ટ્રેસ હેઠળ નિર્ણય લેવાની ક્ષમતા હોવી તે છે, કારણ કે આપત્તિના સમયે માત્ર થોડી સેકન્ડોની અંદર જ નિર્ણયો લેવા પડે છે. જો નિર્ણય લેવામાં સહેજ પણ ચૂક થઈ જાય તો લોકોનો જીવ જઈ શકે છે. આ ક્ષેત્રમાં જોડાનારા લોકો માટે શારીરિક અને માનસિક રીતે મજબૂત હોવું પણ એટલું જ જરૂરી છે, કારણ કે ઘણી વખત અત્યંત કપરી પરિસ્થિતિઓમાં કામ કરવું પડે છે. આ ક્ષેત્ર માટે નેતૃત્વ ક્ષમતા પણ અનિવાર્ય છે, કારણ કે રેસ્ક્યૂ મૅનેજમેન્ટ એ એક ટીમ વર્ક છે અને ગમે ત્યારે કોઈએ પણ ટીમનું નેતૃત્વ કરવું પડી શકે છે. આ ક્ષેત્ર માટેનો બીજો એક જરૂરી ગુણ ગભરાયા વિના લોકો સાથે વાતચીત કરવાનો છે.આપત્તિના સમયે મોટાભાગના લોકો ગભરાયેલા હોય છે અને તેમનામાં કોઈ પણ પ્રકારની નિર્ણય લેવાની ક્ષમતા બચી હોતી નથી. આવી પરિસ્થિતિમાં ધીરજ જાળવી રાખવી અને યોગ્ય નિર્ણય લેવાની હિંમત હોવી પણ ખૂબ જ જરૂરી છે.

## જોબ ક્યાં મળે?

નૅશનલ ડિઝાસ્ટર રિસ્પૉન્સ ફોર્સ (એનડીઆરએફ), રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, વિવિધ પ્રકારની ઔદ્યોગિક કંપનીઓ ખાસ કરીને ઑઇલ, કેમિકલ, ગૅસ અને મૅન્યુફૅક્ચરિંગ ક્ષેત્રે કાર્યરત કંપનીઓમાં ડિઝાસ્ટર મૅનેજર્સની જરૂર હોય છે. આ ઉપરાંત ઍરપોર્ટ અને મેટ્રો પ્રોજેક્ટ્સ, હૉસ્પિટલો, એનજીઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો, કૉર્પોરેટ અને સેફ્ટી વિભાગો તથા અન્ય ઘણાં ક્ષેત્રોમાં ડિઝાસ્ટર મૅનેજમેન્ટની તાલીમ મેળવેલા લોકોને નોકરી મળે છે. જ્યાં સુધી કમાણીનો સવાલ છે, આ ક્ષેત્રના પ્રોફેશનલ્સને શરૂઆતમાં ૩૦થી ૬૦ હજાર રૂપિય સુધી મળે છે. ત્યાર બાદ જેમ-જેમ તેમનો અનુભવ વધે છે તેમ તેમ તેમનો પગાર ૧ લાખથી ૩ લાખ રૂપિયા સુધી પહોંચી જાય છે. આ ક્ષેત્ર સમગ્ર વિશ્વને પોતાના દાયરામાં લે છે એટલે ભારત બહાર પણ ડિઝાસ્ટર મૅનેજમેન્ટમાં તાલીમબદ્ધ લોકો માટે નોકરીની ઘણી તકો રહેલી છે.

અને હા, જો તમે ઇચ્છો તો પોતાનું કામ પણ શરૂ કરી શકો છો; જેમ કે સેફ્ટી ટ્રેનિંગ સેન્ટર ખોલીને, ઔદ્યોગિક સુરક્ષા અંગે કન્સલ્ટેશન આપીને, આપત્તિ સામેની તૈયારીઓની તાલીમ આપીને તેમજ શાળાઓ અને સંસ્થાઓ માટે સેફ્ટી ઑડિટ કરીને. ■

# સંડે ગાર્ડન ટાઇમ
# મહિલાઓ માટે બની રહ્યું છે નવું 'સેલ્ફ કૅર'


**પ્રકૃતિ**

અનુ આર.
feedback@bombaysamachar.com

આખા અઠવાડિયા દરમિયાન ઘર, ઑફિસ, બાળકો, રસોડું અને ઘરની અન્ય તમામ જવાબદારીઓ વચ્ચે કામકાજી મહિલાઓ માટે રવિવાર માત્ર આરામનો દિવસ નથી રહ્યો. તેના બદલે મોટી સંખ્યામાં મહિલાઓ હવે રવિવારના પોતાના 'ગાર્ડન ટાઇમ'ને માનસિક શાંતિ અને આત્મિક સંતુલનની નવી રીત માનવા લાગી છે. બાલકનીમાં વાવેલા તુલસીના છોડને પાણી પાવું, ફૂલવાળા છોડના સૂકાં પાંદડાં હટાવવાં, નવાં બીજ લાવવાં, તેને વાવવાં અને તેના અંકુરણની આતુરતાથી રાહ જોવી, થોડો સમય છોડની વચ્ચે વિતાવવો, તેમની સાથે વાતચીત કરવી, આ બધું હવે માત્ર એક શોખ નથી રહ્યો, પણ આધુનિક 'સેલ્ફ કૅર'નો એક હિસ્સો બની ગયો છે.

જી હા, શહેરોની આ ઝડપી જિંદગીમાં હરિયાળી ધીમે-ધીમે ઓછી થઈ રહી છે, પરંતુ લોકોમાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ ખતમ નથી થયો. ખાસ કરીને મહિલાઓએ ઘરના નાના-નાના ભાગોમાં પોતાની એક લીલીછમ દુનિયા વસાવવાનું શરૂ કરી દીધું છે. કોઈના ઘરે અગાશી પર શાકભાજી ઊગી રહી છે, તો કોઈની ગૅલેરી તાજી કોથમીર અને ફુદીનાથી મહેકી રહી છે. ઘરમાં વાવેલા મરચાના છોડમાંથી મરચાં તોડવા એ એક એવો આત્મિક સુખનો અહેસાસ છે જે એટલો જ આનંદ આપે છે જેટલો પોતાના માટે મોંઘી સાડી ખરીદવામાં મળે છે. આ જ કારણ છે કે હવે ઘણી મહિલાઓ રવિવારની સવારે મોબાઇલ અને ટીવીથી દૂર રહી, સારો એવો સમય છોડની સાથે, હરિયાળી સાથે અથવા તો એમ કહીએ કે શાંતિ સાથે વિતાવે છે.

નિષ્ણાતો માને છે કે છોડની વચ્ચે સમય વિતાવવાથી માત્ર તણાવ જ ઓછો નથી થતો, પરંતુ માટીને સ્પર્શ કરવાથી, છોડની સંભાળ રાખવાથી અને નવાં પાંદડાંઓને ઊગતાં જોવાથી મનમાં સકારાત્મકતાનો સંચાર થાય છે. કદાચ આ જ તારણને કારણે આજકાલ 'ગાર્ડનિંગ થેરેપી' પણ ખૂબ જ ચર્ચામાં રહેલો શબ્દ બની ગયો છે જે મનોવૈજ્ઞાનિકોના મતે માનસિક થાક દૂર કરવાનો એક સરળ ઉપાય છે. રસપ્રદ વાત એ છે કે આ ટ્રેન્ડમાં ગૃહિણીઓ અને નોકરિયાત મહિલાઓ વચ્ચે કોઈ ભેદભાવ નથી. નોકરિયાત મહિલાઓ માટે જ્યાં અઠવાડિયાભરની દોડધામ પછી ગાર્ડન ટાઇમ 'ડિજિટલ ડિટોક્સ' બની જાય છે ત્યાં ગૃહિણીઓ માટે રોજબરોજના કામથી હટીને આ તેમની અંગત પસંદગી કે 'હોબી' છે.



આજકાલ સોશ્યલ મીડિયા પર પણ 'સંડે ગાર્ડન રૂટિન' ખૂબ જ લોકપ્રિય ટ્રેન્ડ બની ચૂક્યો છે. મહિલાઓ ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર પોતાના છોડની તસવીરો, જૈવિક ખાતર બનાવવાની રીતો અને નાના-નાના ગાર્ડન સેટ-અપ શૅર કરે છે, જેનાથી એ મહિલાઓને પણ પ્રેરણા મળે છે જેઓ હજુ સુધી આ 'મી ટાઇમ'થી દૂર છે. કિચન ગાર્ડનિંગનું એક આકર્ષણ સ્વાસ્થ્ય પણ છે.

ઘરમાં ઉગાડવામાં આવેલી લીલી શાકભાજી અને હર્બ્સ લોકોને તાજગીનો અહેસાસ કરાવે છે. ઘણી મહિલાઓ બજારના બદલે ઘરમાં ઊગેલી મેથી, પાલક, ફુદીનો અને ટામેટાંનો ઉપયોગ કરવાનું વધુ પસંદ કરે છે. આનાથી એક ફાયદો એ પણ થાય છે કે બાળકોને પણ છોડ અને ખોરાક વચ્ચેના સંબંધને સમજવાની તક મળે છે. આ બધા સિવાય, મહિલાઓમાં વધતી પર્યાવરણીય જાગૃતિ પણ આ ટ્રેન્ડને મજબૂત કરી રહી છે. પ્લાસ્ટિકના કુંડાને બદલે માટીના કુંડા વાપરવા, રસોડાના કચરામાંથી ખાતર બનાવવું અને પાણીનો મર્યાદિત ઉપયોગ કરવો, આ એવી આદતો છે જે શહેરી ઘરોમાં ખૂબ જોવા મળી રહી છે. આ નાના પ્રયાસથી પણ પર્યાવરણને મજબૂતી મળી રહી છે.

નિષ્ણાતો માને છે કે છોડની વચ્ચે સમય વિતાવવાથી આપણું ભાવનાત્મક સ્વાસ્થ્ય વધુ સારું બને છે. જ્યારે આપણે આપણા છોડ પર ખીલેલું ફૂલ જોઈએ છીએ ત્યારે આપણને એવો સંતોષ અનુભવાય છે જેની કિંમત થોડા રૂપિયામાં આંકી શકાતી નથી. આજકાલ બજારમાં પણ કિચન ગાર્ડનિંગને સરળ બનાવવા માટેના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. જેમ કે સેલ્ફ-વૉટરિંગ પોટ્સ, વર્ટિકલ ગાર્ડન સ્ટૅન્ડ, માઇક્રોગ્રીન્સ કિટ અને જૈવિક બીજ સરળતાથી મળી રહે છે. આ જ કારણ છે કે ફ્લૅટ સંસ્કૃતિમાં ગાર્ડનિંગનું આકર્ષણ સતત વધી રહ્યું છે, જે મહિલાઓના સ્વાસ્થ્યને તો સુધારે જ છે, સાથે-સાથે તેનાથી પરિવારમાં એક અલગ જ પ્રકારની આત્મીયતા પણ ઊભી થાય છે અને થોડીવાર માટે જ સહી, ડિજિટલ દુનિયાથી અંતર જાળવવાની તક પણ મળે છે. ■

## તમારા નાના એવા ઘરમાં આ રીતે શરૂ કરો કિચન ગાર્ડન

- કિચન ગાર્ડન માટે ઘરની એવી જગ્યા પસંદ કરો, જ્યાં દિવસ દરમિયાન ઓછામાં ઓછો ત્રણથી ચાર કલાક તડકો આવતો હોય.
- શરૂઆત તુલસી, ફુદીનો, કોથમીર જેવા સરળતાથી ઊગી શકે તેવા છોડથી કરો.
- આ છોડ માટે રસોડાના જૈવિક કચરામાંથી ખાતર બનાવો.
- તમારા કિચન ગાર્ડન માટે જૂના ડબ્બા, બૉટલ કે ડોલનો ઉપયોગ કરો.
- અઠવાડિયામાં એક દિવસ છોડની સફાઈ અને સંભાળ માટેનો સમય નક્કી કરો.
- જંતુનાશકોના બદલે બને તેટલા કુદરતી ઉપાયો અપનાવો, સાથે જ આ કામમાં બાળકોને પણ તમારી સાથે જોડો. આનાથી તેમનામાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ વધશે.

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૧૪૯-એ)

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

■ વિધુર, 67 એકલા 3 BHK, Educated, સુખી, સાધનસંપન્ન, સમકક્ષ પાત્ર આવકાર્ય. 9833354052 (દહેજ નહીં). (૧૧૩૭-એ)

**55 સુધીની મહિલા**

**સિંગલ પાત્ર (ભરાવદાર બાંધો) આવકાર્ય સંપર્ક- 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૬૯૨)**

**52 સુધીની**

**સુશિક્ષીત, આકર્ષક પર્સનાલીટી ધારક મહિલા, અંધેરી સ્થિત વેલસેટલ્ડ પ્રોફેશનલ પુરુષ માટે આવકાર્ય સેતુ- 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૬૯૪)**

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry). (1069-A)**

### ૧૦. મહિલાઓ માટે




(બી-૧૭૭૩૬)

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવો: 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ


MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684


### ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**

વિજય સેલ્સની બાજુમાં, off. S.V.Road, Rera Approved હાઈરાઈસ ટાવરમાં, Amenities સાથે, 1 બેડરૂમ, 1.5 બેડરૂમ, 2 બેડરૂમ (Possession :- March 2027). વ્યાજબી ભાવે વેચાણથી લેવા Direct Party Contact:- પરેશ પટેલ 9223577250. (જેપી-૪૫૬૫-સી)

**જુહુ**

3 BHK 1100 કાર્પેટ, સંપૂર્ણપણે ઈલેક્ટ્રોનિક્સથી સજ્જ ભાડા માટે ઉપલબ્ધ છે. એજન્ટ: 8850666935. (એસડીબી-૩૩૫૦)

**જુહુ**

4 BHK 2350 કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ અને 4 BHK 2086 કાર્પેટ વેચાણ માટે ઉપલબ્ધ એજન્ટ: 8850666935. (એસડીબી-૩૩૪૯)

**બોરીવલી (વેસ્ટ) લીવલાયસંસથી**

**એલ.ટી. રોડ, 2 બેડરૂમ નવું બિલ્ડિંગ (55000/- ભાડું / 2,00,000) આશર એસ્ટેટ: 9820010600. (૧૧૪૨-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**ભાડેથી. વલ્લભબાગ એક્ષટેનશન, 2 બેડરૂમ, હોલ, કિચન, 700'+કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૧૬૬-એ)**

**Sewri New Launch**

Biggest Land Parcel
5 acres, Lodha Group
7 star amenities,
Possn 5 years
Sample Flat Ready
Nr Sewri Worli Connector
3 bhk 1150 cpt 4.75 cr
4 bhk 1700 cpt 8.20 cr
4 Large 2300 Cpt 11.5 Cr
Genuine Buyers,
By Appointment Only
Pre Sales Suvarna
**+91 98190 82468**

(B-17651)

**પાર્લા (વેસ્ટ)**

ભાડેથી બે બેડરૂમ હોલ કિચન, 700 કાર્પેટ, ફર્નિશ્ડ, સન્યાસ આશ્રમ. દલાલ માફ. રાજેશ 9320656987. (એસડીબી - ૩૩૩૬)

**કાંદિવલી ઈસ્ટ**

કલ્પતરુ ટાવર્સ, 2.5, 3.5 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ, જીમ, એમેનીટીસ, સ્ટેશન, હાઈવે, નજીક, રેડી પઝેશન ઓસી. - 9920445444. (બી-૧૭૬૯૫)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**KANDIVALI WEST**

સુંદરબાગમાં / મથુરાદાસ રોડ પાસે, ફ્લેટ લેવા / વેચવા - 9867932447. (બી-૧૭૬૯૦)

**ANDHERI (W)**
**Off Veera Desai Rd**
**2 BHK for Sale**

- Near Andheri Sports Complex
- 640' + 100' Mofa cpt
- 6th Flr - Semifurn
- 1 Parking - With OC

**JAGDISH PAREKH**
**79 77 355 123**

(1157-B)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**

**વેચાણથી - રો-હાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન. સંપર્ક:- 9323650893/ 9222710284. (૧૧૦૩-સી)**

**મલાડ (વેસ્ટ)**

માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા. ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૨૮૬)

**લાલબાગ**

1 બેડ 380 (1.45), 2 બેડ 650 (2.50), 3 બેડ 780 (3.90), યુઝેબલ કારપેટ all in પરેલ 1 બેડ 390 (160)440 (1.70), 475' (180) All in વડાલા 6 બેડ 3000' (12), 3 બેડ 1500 (6) 3/4 બેડ 2000'/ 2250 (7) યુઝેબલ કારપેટ માટુંગા સેન્ટ્રલ 4 બેડ 2800'(12), 3 બેડ 2000" (9/.50) 1400' (8) હિન્દુ કોલોની 3 બેડ 1100' (5) લેવા વેચવા જય જિનેન્દ્ર - લક્ષ્મીચંદ સંગોઇ 9223222537. (બી-૧૭૭૧૫)

**માટુંગા**

બે બેડરૂમ સાડા ચાર કરોડનો પછી સારો ઉપાય વડાલા બે ફ્લેટ ખરીદો સાડા ચાર કરોડમાં. વિનોદ ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૭૭૧૩)

### ૧૨. યાત્રા સહેલગાહ

**AC યાત્રાઓ**

**જન્માષ્ટમી વ્રજયાત્રા 2 સપ્ટેમ્બરે, શ્રાવણમાં દ્વારકા 9 સપ્ટેમ્બરે ગ્લોબલ ટૂર્સ- 9967894750. (બી-૧૭૬૯૩)**

### ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**

**નવો ફુલ્લી ફર્નિશ્ડ 2 બેડરૂમ, હાયર ફ્લોર, સતરા પાર્ક પાસે, (ગુજરાતી, મારવાડી, જૈન લોકાલીટીમાં) (પાર્કિંગ સાથે - 2.75 Cr) 7666644727. (૧૧૫૫-એ)**

**HEAVY DEPOSIT**

**નાલાસોપારા (ઈસ્ટ) તુલિંજ રોડ, રાધે ક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લિફ્ટ નથી). 12,000/- ભાડેથી અથવા 9 લાખ હેવી ડિપોઝીટથી આપવાનો. (ઓનર) 7666644727. (૧૧૬૪-આઈ)**

**શ્રી નિકેતન | M/S Dipti Enterprises**
**લીંક રોડ કાંદીવલી (વેસ્ટ)**
- રેડી પજેસન નો GST,
- O.C. Received
- 1-2-3 BHK ના ફ્લેટો
- Rate Rs 25000/- psf onwards

**9819603333**
**9920177007**
**9920390666**

(બી-૧૭૬૨૯)

**REDEVLOPMENT ગયેલા**

**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૧૬૪-એફ)**

**૨ ફ્લેટની હરાજી - વેચાણ**

**સાંડુ ગાર્ડન, ચેમ્બુર ૧૪૮૧ - ચો.ફુટ અને ૮૧૫ - ચો. ફૂટ, મુળ કિંમત ૩.૫૯ કરોડ અને ૨.૪૧ કરોડ. વધુ વિગતો માટે કોલ:- ૯૩૨૦૬ ૬૭૭૭૮. (એસડીબી-૩૩૩૯)**

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો.ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૧૬૦-એ)

**મલાડ (વેસ્ટ)**

2 બેડરૂમ ફ્લેટ્સ ઓ.સી. સાથે નરસિંગ લેન, ગોરસવાડી G+12 ટાવરમાં રેડી પઝેશન 621' કાર્પેટ, ભવ્ય એન્ટ્રન્સ લોબી, 10 ફૂટ સીલિંગ હાઈટ, જિમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીસીટીવી, ડિજિટલ લોક. જૈન મંદિર, હવેલી સ્ટેશનથી નજીક. વાસ્તુશાસ્ત્ર મુજબ, રિઝર્વ પાર્કિંગ. માત્ર ૪ ફ્લેટ્સ બાકી સંપર્ક : 9920501051. (જેપી/૪૫૬૩-ઈ)

**દેવલાલી**

**વેચાણથી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમનાં જૂજ ફ્લેટ બાકી, કબજો ફક્ત ૩ મહિનામાં, મહારેરા રજિસ્ટર પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર. સોલ એજન્ટ: પરેશ રાયચંદ ધરમશી- 9930803959, 9930106054. (૧૦૮૪-ડી)**

**ચંદાવરકર રોડ**

**બોરીવલી - વેચાણથી - 3 બેડરૂમ, 820', હવાઉજાસવાળો, હાયરફ્લોર, ક્લીયર ટાઈટલ, PARKING + OC. લોન શક્ય. (2.85) KAPADIA : 9833115909 / 022 - 28996187. (૧૧૬૪-એ)**




(B-17735)

### ૧૭. જગ્યા આપવી છે

**વડાલા માટુંગા**

જૂના લિફ્ટ વગરના મકાન ત્રીજે માળે ફ્લેટ વેચવા વિનોદ : ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૭૭૧૨)

**PAREL LALBAUG**

4 Bed Jodi Flat Ready OC Flat Project with Jain Mandir Builder finish, Racecourse views Higher Floors 1700 Cpt. 9.10 cr, also, 5 BHK, 2100 cpt. 12.60 cr + duty 5 acres Freehold Plot, Genuine Buyers Call Himesh Jain +918655700319. (B-17650)

**BORIVALI WEST**

Available 1, 2, 3, 4 Bed at Jairaj Nagar, Shimpoli, Devidas Lane, S. V. Road in New Buildings with all Amenities (Range 1.35 Crore to 8 Crore) Anmol Homes - 8655733919 / 7738485818. (B-17656)

**PARSI-COLONY, DADAR**

Near 5 Gardens, 3 BHK with Balconies on Lease, Garden Facing, Higher Floor, Covered Car Parking, Immediate Possession. Nikita : 98211 06163. (1158-A)

**BREACH CANDY, PEDDAR ROAD**

1 & 2 BHK on Ownership / Lease Seafacing Throw away price must Sell Today Many More New Proposal Brokers Welcome. For details Contact 9987310819 / 02231487278. (1138-A)

### ૧૮. જગ્યા જોઈએ છે

**1 બેડરૂમ**

ભાડેથી જોઈએ - કાંદિવલી (વેસ્ટ) મહાવીર નગર, દહાણુકરવાડીમાં 8879181869. (૧૧૬૩-એફ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રુષભ ઉપાધ્યાય **9049625073**
હિતેષ ઉપાધ્યાય **9326470109**

(એસડીબી-૩૨૬૫)

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિક્રોલી (વેસ્ટ)**

ભાડેથી. L.B.S રોડ, એવરેસ્ટ મસાલાની બાજુમાં, ઓફિસ - 1000', ૧લે માળે, રોડ સાઈડ હસમુખભાઈ - 9819004896. (૧૧૬૬-જી)

**મહાકાલી મેઈન રોડ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 1500 ફૂટ શોરૂમ ડિસ્ટ્રીબ્યુશન માટે ભાડે આપવાનો છે. મોબાઈલ 9821028630 (સમય ૧૦ થી ૬). (૧૧૨૦-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**કાંદિવલી (વેસ્ટ)**

**મહાવીરનગર, રોડ સાઈડ શોપ, 625' કારપેટ, દરેક રીટેલ અને હોલસેલ ધંધા લાયક, [1,50,000/- ભાડેથી] તેમજ [4.50 કરોડ વેચાણથી] આપવાની. ''આશર એસ્ટેટ:- 9820010600. (૧૧૬૪-ડી)**

**બોરીવલી (વેસ્ટ)**

**યોગી નગર અને એક્સર રોડના જંક્શને જુના ભાડાની 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 70,00,000/-). 7666644727. (૧૧૬૪-એચ)**

**PRELEASED જોઈએ**

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી. (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૧૬૪-જી)**

**મલાડ (વેસ્ટ)**

**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે.- 9820054730, 9920041841. (એસડીબી-૩૨૮૫)**

160' CARPET + 150' LOAFT Ground Floor for Rent Near Imperial Cinema, Lamington Road, Best for Auto Parts / Electronics / Courier Service 9821782861. (B-17672)

**CHEMBUR'S GRAND NEW BUSINESS**

**Destination Modern Commercial Office Spaces. Strategic Location. Excellent Investments Potential. Never Before Opportunity. Visit Today for Exclusive Launch Offers. 9702396969 & 9769609660. (1139-A)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**COMMERCIAL PREMISES**

Borivali to Malad. Buy, Sell, Rent in Prime Locations. "Hardik" 9819381681. (JP/ 4560-B)

**CHURCHGATE**

One Offices for Sale Carpet 230. Rate 1.23 Cr Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsapp 70218 31500. (B-17711)

### ૨૩. મનોરંજન

**પ્રાર્થના - બજેટ મુજબ**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૧૬૨-સી)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત,**

**સંગીત સંધ્યા, સાંજી, અધિક માસ ભજન, ANNIVERSARY. મનસુખભાઈ: 9326801860. (૧૧૨૯/એ)**

### ૨૫. શૈક્ષણીક

25 YEARS EXPERIENCED Parsi Accountancy Tutor gives Group Accountancy Tuitions of not more than 5 Students of F.Y.J.C. and S.Y.J.C. Students at his Residence in Andheri East with Very Nominal Monthly Fee. Contact: Minoo Sir - 9833049291. (B-17722)

### ૩૨. જમીન - મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**

**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ સંપર્ક:- 9323650893/ 9222710284. (૧૧૦૩-એ)**

**વડોદરા ઈલોરા પાર્ક પાસે**

**ઓપન પ્લોટ વેચવાનો છે. ૨૦૦૦ ચોરસ ફૂટ. પંકજભાઈ (ઓનર) 09820069644. (૧૧૬૩-ઈ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**

(ફી પછી) લોકો દૂર દૂરથી દરેક કામ અર્જન્ટ કરાવે. તૂટેલા પ્રેમીનું મિલન, છુટાછેડા, શત્રુનાશ, સ્પેશિયાલિસ્ટ. 7069168345. (બી-૧૭૬૭૫)

**સચોટ જ્યોતિષ**

**જન્મતારીખ સમય વોટ્સએપ કરો. લગ્નયોગ ક્યારે ભાગ્યોદય ક્યારે ફી લેવામાં આવતી જ નથી, વાતો ન કરો. રિઝલ્ટ માગો. 7304586200. (૧૧૩૬-એ)**

BIRTH-CHART ANALYSIS / Astrological Solutions WhatsApp to 8796287768. (B-17723)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ




(બી-૧૭૬૮૯)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**

બિલ્ડિંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફિલિંગ તેમજ રીપેરીંગ અને પેઈન્ટીંગ : 9892901140, 9987694771. (૧૧૨૪-બી)

### ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# 'હત્યા કરીને જેલમાં જઈશ'

## મોબાઈલ સ્ટેટસ વર્ષભર રાખીને સગીરે ગામવાસીને પતાવ્યો

પુણે: પુણેના શિરુર તાલુકામાં બનેલી આંચકાજનક ઘટનામાં સગીર વયના છોકરાએ હત્યા કરીને જેલમાં જવા સંદર્ભેનું વૉટ્સઍપ સ્ટેટસ આખું વર્ષ મોબાઈલ પર રાખ્યા પછી ગામવાસીની કરપીણ હત્યા કરી હતી. વર્ષ અગાઉ થયેલા વિવાદનો રોષ મનમાં ધરબી રાખી સગીરે ઘરબહાર સૂતેલા પડોશના ગળા પર કોયતાના ઘા ઝીંક્યા હતા.

પુણે ગ્રામીણની શિક્રાપુર પોલીસે આપેલી માહિતી અનુસાર રવિવારની મધરાત બાદ દોઢ વાગ્યાની આસપાસ વરુડે ગામની રાનમળા વસ્તી ખાતે બાળાસાહેબ બબન તાંબે (૪૩)ની હત્યા કરવામાં આવી હતી. તાંબે ઘરની બહાર ઓટલા પર સૂતો હતો ત્યારે અંધારામાં તેના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકવામાં આવ્યા હતા. આ પ્રકરણે સોમવારે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે રાનમળા વસ્તીમાં જ રહેતા સગીરને શંકાને આધારે તાબામાં લીધો હતો. પૂછપરછમાં સગીરે હત્યાનો ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો. પોલીસના કહેવા મુજબ તાંબે અને સગીર વચ્ચે એક વર્ષ અગાઉ ઝઘડો થયો હતો. આ વિવાદનો સગીરને ગુસ્સો હતો. એમાં ચાર દિવસ પહેલાં પણ બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રોષ મનમાં ધરબી સગીરે કોયતાથી હુમલો કરી તાંબેની હત્યા કરી હતી. હત્યા બાદ લોહીથી ખરડાયેલો કોયતો સગીરે ઘર નજીક સંતાડી રાખ્યો હતો, જે પોલીસે તાબામાં લીધો હતો. ■

# કુંભાર સમુદાયના વ્યવસાયને ઉત્તેજન આપતો સરકારી નિર્ણય

મુંબઈ: રાજ્યના કુંભાર સમુદાય માટે રાહતના સમાચાર છે. રાજ્ય સરકારે છેલ્લા કેટલાક વર્ષોથી પડતર રહેલી કુંભાર સમુદાયની માગણીને એક જ ઝટકામાં મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકારે કુંભાર સમુદાયને વીજ ઉત્પાદન પ્લાન્ટમાંથી ૭૦૦ બ્રાસ માટી અને રાખ પૂરી પાડવાનો મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી કુંભાર સમુદાયના વ્યવસાયને લાભ થશે. રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ગુરુવારે મીડિયાને આ અંગે માહિતી આપી હતી.

પરંપરાગત વ્યવસાયમાં રોકાયેલા કુંભાર સમુદાયને વીજ ઉત્પાદન પ્લાન્ટમાંથી ૭૦૦ બ્રાસ માટી અને રાખ આપવા અંગેનો સરકારી ઠરાવ જારી કરવામાં આવ્યો છે. કુંભાર સમુદાય ઘણા વર્ષોથી આ માગણી કરી રહ્યો હતો. સમુદાયને ખાતરી આપવામાં આવી હતી કે પરંપરાગત વ્યવસાય ચાલુ રહેશે. કુંભાર સમુદાય માટે એક નીતિ લાવવામાં આવી છે. મહેસૂલ વિભાગે તમામ કુંભાર સમુદાયોને તેમના પરંપરાગત વ્યવસાયને જાળવી રાખવા માટે મોટી રાહત આપી હોવાનું મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું.

કુંભાર પરિવારોની નોંધણી મામલતદાર અને અધિકારીઓ દ્વારા કરી આઈ-કાર્ડ આપવામાં આવશે. આઈ-કાર્ડ પર આખા વર્ષ દરમિયાન ૭૦૦ બ્રાસ સુધીની માટીનો પુરવઠો મળશે. આ નિર્ણયથી મૂર્તિ બનાવનારાઓ અને ગામના લોકોને ભવિષ્યમાં ઘણો ફાયદો થશે એમ બાવનકુળેએ જણાવ્યું હતું. ■

# નાશિક કુંભ મેળો: શિલાન્યાસ સમારોહ સંપન્ન

નાશિક: સિંહસ્થ કુંભ મેળા ૨૦૨૭ની તૈયારીઓના ભાગરૂપે ગુરુવારે નાશિકના પંચવટી વિસ્તારમાં રામકુંડ ખાતે ધ્વજ સ્તંભ શિલાન્યાસ પૂજન અથવા ધ્વજસ્તંભ શિલાન્યાસ સમારોહ યોજાયો હતો. આ સમારોહનું આયોજન ગંગા ગોદાવરી પંચકોઠી (તીર્થ) પુરોહિત સંઘ, નાશિક દ્વારા કરવામાં આવ્યું હતું. ગોદાવરી મંદિર પર સ્થાપિત થનારા ૩૧ ફૂટ ઊંચા ધ્વજદંડ અને સિંહસ્થ કુંભ મેળાના ૫૧ ફૂટ ઊંચા સ્તંભનું પૂજન રામાનંદાચાર્ય નરેન્દ્રાચાર્ય મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાષ્ટ્રના કુંભ મેળા પ્રધાન ગિરીશ મહાજન હાજર રહ્યા હતા. આ પ્રસંગે બોલતા મહાજને જણાવ્યું હતું કે 'આવતા વર્ષે નાશિક - ત્ર્યંબકેશ્વરમાં સિંહસ્થ કુંભ મેળો યોજાશે અને ૧૨ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ અહીં આવે તેવી અપેક્ષા છે. આ મહા ધાર્મિક મંડળના સફળ સંચાલનની જવાબદારી ફક્ત સરકાર અને વહીવટીતંત્રની જ નહીં, પરંતુ દરેક નાગરિકની પણ છે. ■

# મુંબઈથી ઉપડેલી ટ્રેનમાં દારૂની બિન્ધાસ્ત હેરફેરઃ મુસાફરોએ બુટલેગરને પકડ્યો

## દમણ-વાપીનું નેટવર્ક ખુલ્યુંઃ બાવીસ ડબ્બાની ટ્રેનમાં એકપણ રેલવે પોલીસ નહીંઃ સુરક્ષા રામભરોસે

મુંબઈ સમાચાર એક્સક્લુઝિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધીનો કાયદો પોકળ સાબિત થાય તેવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે. ફરી આ વાત સાચી સાબિત કરતી ઘટના ટ્રેનમાં બની હતી અને ખુદ દારૂની હેરાફેરી કરનારાએ સાબિત કર્યું હતું કે તેમને પોલીસનો કોઈ ખૌફ નથી. આ સાથે રેલવેની બેદરકારી પણ નજરે ચડી હતી કારણ કે બાવીસ ડબ્બાની ટ્રેનમાં એક પણ રેલવે પોલીસ હાજર ન હતી. મુંબઈથી ઉપડતી અને બાડમેર જઈ રહેલી હમસફર એક્સપ્રેસ ૨૧૯૦૧ માં સુરત અને વડોદરા વચ્ચે દારૂની ખેપ મારતો એક શખસ ઝડપાયો હતો. ખેપિયો દારૂની બેગ સાથે બાથરૂમમાં ઘૂસી એક કલાકથી બેસી રહ્યો હતો. મુંબઈ સમાચારના પ્રતિનિધિએ આ ખેપિયાને ઝડપી પાડ્યો હતો અને અન્ય મુસાફરોએ તેની પૂછપરછ કરી હતી. આ ઘટના ત્યારે વધુ ગંભીર બની જ્યારે જાણવા મળ્યું કે બાવીસ ડબ્બાની આ આખી ટ્રેનમાં એક પણ રેલવે પોલીસનો જવાન ફરજ પર હાજર નહોતો. મુસાફરો અને ટિકિટ ચેકર સહિતના રેલવે કર્મચારીની હાજરીમાં જ જ્યારે આ શખ્સની પૂછપરછ કરવામાં આવી હતી ત્યારે તેણે કબૂલ્યું હતું કે તે વાપીથી દારૂનો માલ લઈને નીકળ્યો છે અને આ તેનું રોજનું કામ છે.

આ ખેપિયાએ કબૂલ્યું કે દમણથી આ માલ આવે છે અને વાપીના કુખ્યાત બુટલેગર શિવા માટે તે આ હેરાફેરી કરે છે. તેને કોઈ ડર નથી લાગતો તેમ પૂછવામાં આવતા તેણે જો પકડાઈશ તો જેલ થશે, તેવો જવાબ આપ્યો હતો. ટીસીએ મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે ટ્રેનમાં એકપણ રેલવે પોલીસ હાલમાં હાજર નથી. હમસફર એક્સપ્રેસ બાવીસ ડબ્બાની ટ્રેન છે અને લગભગ ૧૩ કલાકની લાંબી મુસાફરી કરી મુંબઈથી બાડમેર પહોંચે છે. ટ્રેનમાં વૃદ્ધો, બાળકો અને મહિલાઓ લાંબી મુસાફરી કરતા હોય ત્યારે કોઈપણ ઘટના ઘટી શકે છે, તેવા સમયે રેલવે પોલીસનું હોવુ અત્યંત આવશ્યક છે, તેમ પણ મુસાફરોએ જણાવ્યું હતું. રેલવે જેવી અત્યંત મહત્ત્વની અને એકસાથે સેંકડો મુસાફરોનું વહન કરતી જાહેર પરિવહનની સેવામાં સુરક્ષાની કોઈ વ્યવસ્થા જ નહીં તે પણ ચિંતાનો વિષય છે.

આ સાથે અન્ય એક ગંભીર બાબત એ હતી કે આ દારૂ નકલી હોવાની ચર્ચા મુસાફરો કરી રહ્યા હતા. આ પ્રકારે નકલી દારૂની હેરફેર થતી હોવાથી લોકોના આરોગ્ય સામે પણ ગંભીર સવાલો થઈ રહ્યા છે. આવા જ નકલી દારૂને લીધે લઠ્ઠાકાંડ જેવી જીવલેણ ઘટનાઓ ઘટતી હોય છે.

જોકે આ પહેલો કિસ્સો નથી કે ટ્રેનમાં દારૂની હેરાફેરી પકડાતી હોય, આવી ઘટનાઓ કચ્છ એક્સપ્રેસ સહિતની ટ્રેનમાં બનતી આવે છે ત્યારે રેલવેએ આ મામલે વધુ ગંભીર થઈ સખત પગલાં લેવાની જરૂર છે. આ સમગ્ર ઘટનાના વીડિયો મુંબઈ સમાચારના ડિજિટલ પ્લેટફોર્મ્સ પર છે. વાચકો વીડિયો જોઈ પોતાના પ્રતિભાવો આપી શકે છે. ■

# ભાવનગરના તળાજાની બૅંકોમાં અધધધ ₹ 300 કરોડનું સોનું પડ્યું હોવાનો અંદાજ, સોનું ગીરવે મૂકી લેવાય છે લોન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકની સમૃદ્ધ ખેતીને કારણે આર્થિક રીતે સમૃદ્ધ છે તો બીજી તરફ આ વિસ્તારના રહીશોએ પોતાનું સોનુ ગીરવે મૂકીને લોન પણ લીધી છે. રાષ્ટ્રીયકૃત,સહકારી,ખાનગી બૅંકો મળી અહીં ૧૨ બૅંકો કાર્યરત છે જે સોના ઉપર ધિરાણ કરેછે. બૅંકોના સંચાલકો સાથે વાત કરતા તેઓના અંદાજ મુજબ એક એક બૅંકમાં કમસે કમ ૨૫ કરોડ રૂપિયાનું સોનુ ગીરવે મૂકવામાં આવ્યું છે.

જમીનો, કોમર્શિયલ મિલકતોના જે સોદાઓ પડી રહ્યા છે એ જોતાં તળાજા પંથક આર્થિક રીતે ઘણો જ સમૃદ્ધ માનવામાં આવે છે, તેની સામે બીજી વાસ્તવિકતા એ પણ છે જેમાં હજારો પરિવારોએ પોતાનું કિંમતી સોનું ગીરવે મૂકીને લોન લેવાની ફરજ પડી હોય.

બૅંકો દ્વારા ગોલ્ડ લોનની ગ્રાહકોને આકર્ષવા ખાસ જાહેરાત પણ કરવામાં આવે છે. કારણ કે સોનુ ગીરવે મૂકો એટલે તેની કિંમત અંકાઇ ગયા બાદ ગ્રાહકોને તાત્કાલિક ધિરાણ પણ આપી દેવામાં આવે છે. બૅંકના સૂત્રોએ જણાવ્યું હતું કે તળાજા પંથકમાં ગોલ્ડ લોનનું ધિરાણ પણ ઉંચું છે. સામાન્ય બૅંકો કહી શકાય તેવી બૅંકોએ કમસે કમ ૨૫ કરોડ રૂપિયાનું ધિરાણ કર્યાનો અંદાજ છે. મોટી ખાનગી બૅંકો, રાષ્ટ્રીયકૃત બૅંકોનું ગોલ્ડ પરનું ધિરાણનો આંકડો ઘણો જ મોટો હોઇ શકે છે. જેમા કમસેકમ રૂ.૩૦૦ કરોડનું ધિરાણ કર્યાનો અંદાજ લગાવવામાં આવે છે.

એક બૅન્કના મેનેજર અને તેના કર્મચારીએ જણાવ્યું હતુ કે અમે જિલ્લાની અન્ય બૅંકોમા પણ કામ કરેલ છે. મહુવા, શિહોરમાં ઉદ્યોગકારોને લઈ મોટી રકમના ટ્રાન્ઝેક્શન હોય શકે પરંતુ નાના ગ્રાહકોની સંખ્યા અને તેના દ્વારા થતા ટ્રાન્જેક્શનની સરેરાશ કાઢવામાં આવે તો જિલ્લામાં તળાજાનું સ્થાન અને બૅંકનો ધંધો સારો કહી શકાય.

પોલીસ લોક્દરબાર ભરે ત્યારે ભલે ખાનગી વ્યાજ વટાવવાળાની ફરિયાદ ન થતી હોય, પરંતુ અહીં ખાનગી ધિરાણ આપવાવાળાની સંખ્યા ઘણી મોટી છે. ૧%થી લઈ જેની જેવી ત્રેવડ હોય તેવું વ્યાજ વસૂલવામાં આવે છે. તેમાંના પણ અનેક લોકો સોના પર ધિરાણ આપે છે.

અનેક વ્યક્તિઓ એવા છે જે મોંઘા મોબાઈલથી લઈ ટૂ વ્હિલર, ફોર વ્હિલર લોન દ્વારા મેળવે છે. બજારમાં મોંઘા મોબાઈલ, ફોર વ્હિલર, ટુ વ્હિલર લઈને એન્ટ્રી નાખતા બે પાંચ મહિનામાં જ હપ્તાઓ ભરી ન શકવાના કારણે ગીરવે મૂકીને તેના પર પણ ધિરાણ લે છે. ૧૫-૨૦ લાખની ફોર વ્હિલર ગીરવે મૂકી તેના પર પાંચ-સાત લાખનું ધિરાણ મેળવનાર વધી રહ્યા છે, જેને લઈ આ ધંધો હવે વધી રહ્યો છે. ■

# સાળંગપુર હનુમાનજી દાદાના ટ્રેડમાર્કના નિર્ણય સામે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અને સંતોનો ઉગ્ર વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના બોટાદ જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં દાદાના પ્રતીકોના ટ્રેડમાર્ક લેવાના સાળંગપુર ટ્રસ્ટના નિર્ણયથી ગુજરાતભરના સંતો, ધાર્મિક આગેવાનો અને દાદાના ભક્તોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી છે અને તેની સામે સનાતન ધર્મના વિવિધ વર્ગોમાંથી વિરોધનો સૂર ઊઠ્યો છે. તેમનો દાવો છે કે, સનાતન ધર્મમાં દેવી-દેવતાઓનાં સ્વરૂપો સાર્વજનિક છે, ત્યારે તેને ટ્રેડમાર્ક હેઠળ સુરક્ષિત કરવાનો નિર્ણય સનાતન પરંપરાની વિરુદ્ધ છે. આ મામલે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અને ગુજરાતની અનેક સનાતન સંસ્થાના સંતો-મહંતોએ આકરો વિરોધ નોંધાવ્યો છે. સનાતન સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ જ્યોતિર્નાથ મહારાજ અને જૂનાગઢના મેંદરડાના સુખરામદાસ બાપુએ કોપીરાઈટ અને ટ્રેડમાર્ક મામલે વિરોધ કરતાં મામલો ગરમાયો છે. જ્યારે હિન્દુ ધર્મના પ્રતિકોના ટ્રેડમાર્ક મામલે બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી અને હેમાંગ રાવલે પણ સાળંગપુર મંદિર ટ્રસ્ટના આ નિર્ણયની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજે સાળંગપુર ટ્રસ્ટના નિર્ણયને સનાતન ધર્મના મૂળ તત્ત્વો વિરુદ્ધ ગણાવ્યો છે. તેમણે સનાતન પરંપરા અને ધાર્મિક વારસાના સંરક્ષણની માગ કરી છે. આ મામલે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ભગવાન પર ભક્તોનો અધિકાર છે, કોઈ એક ટ્રસ્ટનો એકાધિકાર નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સનાતન ધર્મ કોઈ બ્રાન્ડ કે કોર્પોરેટ સંપત્તિ નથી. કોઈપણ વ્યક્તિ કે સંસ્થા તેના પર માલિકીનો દાવો કરી શકે નહીં.

જ્યારે આ મુદ્દે કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે પણ કહ્યું હતું કે, કષ્ટભંજન અને સંકટમોચન નામ છે, જે આપણા શાસ્ત્રોમાં લખેલું છે, ગણપતિદાદા વિઘ્નહર્તા શાસ્ત્રોમાં લખેલું છે, આ બધાં નામનો કોપીરાઈટ કેવી રીતે હોઈ શકે? અમે વર્લ્ડ બ્રાહ્મણ એજ્યુકેશન અને અન્ય સનાતની સંસ્થાઓએ ભેગા મળીને આનો વિરોધ કરવાનું નક્કી કર્યું છે. ટૂંક સમયમાં અમે સાળંગપુર પણ જઈશું, ત્યાંના લોકોને પહેલા સમજાવીશું કે આ ટ્રેડમાર્ક અને કોપીરાઈટ પાછો ખેંચી લે, નહીં તો અમે ચેરિટી કમિશનર, ટ્રેડમાર્ક રજિસ્ટ્રી અને જરૂર પડે તો હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટમાં પીઆઈએલ પણ દાખલ કરીશું. આ મામલે જ્યોતિર્નાથ મહારાજ અને સુખરામદાસ બાપુ સહિતના ગુજરાતના અનેક સાધુ-સંતો અને ધાર્મિક આગેવાનોએ માગ કરી હતી કે, મૂર્તિ અને તેના નામને લઈને લેવામાં આવેલા કાનૂની નિર્ણયો અંગે સ્પષ્ટતા કરવામાં આવે અને વિવાદાસ્પદ પગલાં પર પુનર્વિચાર કરવામાં આવે. સંત સમાજે ચેતવણી આપી હતી કે જો તેમની લાગણીઓને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો આગામી સમયમાં વધુ ઉગ્ર વિરોધ કાર્યક્રમો પણ જાહેર કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર હનુમાનજી દેશ-વિદેશના કરોડો ભક્તોની અતૂટ આસ્થા, શ્રદ્ધા અને ભક્તિનું એક પવિત્ર કેન્દ્ર છે. સાળંગપુર મંદિર પરિસરમાં આવેલી ૫૪ ફૂટ ઊંચી પંચધાતુમાં નિર્મિત શ્રી હનુમાનજી મહારાજની સૌથી ઊંચી પ્રતિમા 'કિંગ ઓફ સાળંગપુર' ની પ્રતિમા અને મંદિરના ગર્ભગૃહમાં આવેલી કષ્ટભંજન દેવની મૂર્તિને કોપીરાઇટ અને ટ્રેડમાર્કના સર્ટિફિકેટ આરક્ષિત કરાયા છે. મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામીએ તમામ સર્ટિફિકેટ કષ્ટભંજન દેવના ચરણોમાં અર્પણ કર્યા હતા. હવે આ કોપીરાઈટ અને ટ્રેડમાર્ક મામલે વિવાદ સર્જાયો છે.

જો કે, આ મામલે મંદિર વહીવટી સમિતિએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, આ નોંધણીનો હેતુ ક્યારેય ભગવાન કે ભક્તોની શ્રદ્ધા પર માલિકી હક સ્થાપિત કરવાનો નથી. ભગવાન સર્વના છે અને સદાય સર્વના જ રહેશે તે ભાવ સાથે હનુમાનજી દાદાની અસીમ આસ્થાને આંચ ન આવે અને મંદિરની આગવી ઓળખને કાનૂની સંરક્ષણ મળી રહે તે માટે જ આ નિર્ણય લેવાયો છે. ■

# રાજકોટના સાંઢિયા પુલનું ઉદ્ઘાટન કર્યા બાદ ખોડલધામના નરેશ પટેલ સાથે હર્ષ સંઘવીની મુલાકાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટવાસીઓ ઘણા સમયથી રાહ જઈ રહ્યા હતા તે સાંઢિયા પુલ શનિવારે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. રાજકોટ મનપા દ્વારા રૂ. ૭૪ કરોડના ખર્ચે બનાવવામાં આવેલો આ પુલ કાર્યરત થતાં રાજકોટ અને જામનગર વચ્ચેનો પ્રવાસ ઝડપી અને આરામદાયક બની શકે અને લાખો વાહનચાલકોના સમય અને ઈંધણ બચશે. જોકે આ પુલના ઉદ્ઘાટન બાદ હર્ષ સંઘવી ખોડલધામના ચેરમેન નરેશ પટેલને મળ્યા હતા. તેમની વચ્ચેની અડધો કલાકની બેઠક રાજકીય વર્તુળોમાં વધારે ચર્ચાનો વિષય બની હતી.

નરેશ પટેલે આ મુલાકાત અંગે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી ચા-પાણી પીવા માટે મારા ઘરે આવ્યા હતા. માત્ર સામાજિક ચર્ચાઓ જ થઈ હતી. આ સિવાય અન્ય કોઈ ચર્ચા નથી થઈ. વર્ષ ૨૦૨૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોય આ મુલાકાતને મહત્ત્વની ગણવામાં આવે છે.

મીડિયા દ્વારા મળતી માહિતી અનુસાર નરેશ પટેલ સાથેની મુલાકાત પહેલા સંઘવી લોકગાયક ઓસામાણ મીરના ઘરે પણ ગયા હતા. ■

# 'સ્વામિત્વ યોજના'ના અમલમાં ગુજરાત દેશમાં મોખરે

## ૧૮.૫૦ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતે 'પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજના'ના અસરકારક અમલીકરણ દ્વારા સમગ્ર દેશ માટે એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અત્યાધુનિક ડ્રોન ટેક્નોલોજીથી ગ્રામ્ય મિલકતોનું સચોટ સર્વેક્ષણ અને મેપિંગ કરીને રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૧૮.૫૦ લાખથી વધુ ગ્રામીણ મિલકતોના કાયદાકીય દસ્તાવેજ તરીકે 'પ્રોપર્ટીકાર્ડ' તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨માં સ્વામિત્વ યોજના બીજા તબક્કાની કામગીરી શરૂ થઇ હતી અને આજે અસરકારક આયોજન દ્વારા રાજ્ય આ યોજનાના અમલીકરણમાં દેશભરમાં પ્રથમ સ્થાને છે. આંકડાઓ પર નજર કરીએ, તો આ તબક્કામાં દેશભરના ૫૮,૧૯૭ ગામોમાં ડ્રોન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને કુલ ૩૨,૩૫,૨૬૦ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા હતા. તેમાં ફક્ત ગુજરાતે જ ૧૪,૯૦૦ ડ્રોન ફ્લાઇટ્સ દ્વારા ૧૧,૫૧૧ ગામોનું પ્રમોલગેશન પૂર્ણ કરીને સૌથી વધુ ૧૮,૫૦,૬૧૪ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કર્યા છે. રાજ્યની આ સિદ્ધિ એટલા માટે પણ વિશેષ છે કે, યોજનાના બીજા તબક્કામાં દેશભરમાં તૈયાર થયેલા કુલ પ્રોપર્ટી કાર્ડમાંથી ૫૦ ટકાથી વધુ પ્રોપર્ટી કાર્ડ ફક્ત ગુજરાતમાં તૈયાર થયા છે.

સર્વે ઓફ ઇન્ડિયા, ગુજરાત મહેસૂલ વિભાગ અને ગુજરાત પંચાયતી રાજ વિભાગના સંયુક્ત પ્રયાસોથી આ મહાઅભિયાનને સફળતા મળી છે. ડ્રોન સર્વેક્ષણ અને જીઆઇએસ આધારિત મેપિંગથી ગ્રામ્ય આયોજન વધુ પારદર્શી બન્યું છે. આ પ્રક્રિયામાં જિલ્લા સ્તરે મહેસાણા (૧,૬૬,૫૦૪ કાર્ડ) અને અમદાવાદ (૧,૫૩,૧૨૫ કાર્ડ) સૌથી આગળ રહ્યા છે. આ ઉપરાંત, ખેડા, બનાસકાંઠા અને આણંદ જિલ્લામાં પણ ૧-૧ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. ■

# સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ હવે બોટાદ રૂટથી જશે, વધારે સ્ટેશનો પર રોકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રેલ્વે બોર્ડે સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસના રૂટમાં ફેરફારને મંજૂરી આપી છે. હાલમાં રાજકોટ રૂટ પરથી મુસાફરી કરતી આ ટ્રેન ટૂંક સમયમાં બોટાદ રૂટ પરથી દોડશે, તેવી માહિતી રેલવેનાં સૂત્રોએ આપી હતી.

આ ફેરફારથી મુસાફરોની મુસાફરીના કલાકોમાં ૧૦થી ૧૫ મિનિટનો ઘટાડો થશે અને આ સાથે રેલવે વધારે સ્ટેશનો પર રોકાશે, તેવી માહિતી પણ મળી હતી.

નવા રૂટ મુજબ, ટ્રેન નં. ૨૬૯૦૧ સવારે ૬:૦૦ વાગ્યે સાબરમતીથી ઉપડશે અને બપોરે ૧૨:૫૦ વાગ્યે વેરાવળ પહોંચશે, જે મુસાફરી કરવામાં ૬ કલાક અને ૫૦ મિનિટ લેશે. રાજકોટ રૂટ પર ટ્રેન સવારે ૫:૨૫ વાગ્યે સાબરમતીથી ઉપડશે અને બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે, જે મુસાફરીમાં ૭ કલાક લેશે. તેથી, નવા રૂટથી અમદાવાદથી વેરાવળ જતા મુસાફરો માટે ૧૦ મિનિટની બચત થશે.

દરમિયાન, પરત ફરતી વખતે, ટ્રેન હાલમાં વેરાવળથી બપોરે ૨:૪૫ વાગ્યે ઉપડશે અને રાત્રે ૯:૩૫ વાગ્યે સાબરમતી પહોંચશે, જેમાં ૬ કલાક અને ૫૦ મિનિટનો સમય લાગશે. હવે, નવા રૂટ મુજબ, ટ્રેન નંબર ૨૬૯૦૨ વેરાવળથી બપોરે ૩:૫૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૧૦:૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે, જેમાં મુસાફરીનો સમય ૬ કલાક અને ૩૫ મિનિટનો રહેશે. આ કિસ્સામાં, મુસાફરોનો સમય વધુ બચશે, કારણ કે મુસાફરીનો સમયગાળો ૧૫ મિનિટ ઓછો થશે.

અગાઉના રૂટ પર, સાબરમતી અને વેરાવળને બાદ કરતા પાંચ સ્ટેશન વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ અને જૂનાગઢ હતા. નવા રૂટ પ્રમાણે ગાંધીગ્રામ, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ઢસા અને જૂનાગઢ એમ સાત સ્ટેશન પર ઊભી રહેશે. ■

# વડોદરાના ડભોઈમાં ટ્રાન્સમિશન ટાવર પડી ભાંગતા ત્રણ શ્રમિકનાં મોત, ત્રણ ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડભોઈ તાલુકાના ભાવપુરા ગામ નજીક બાંધકામ દરમિયાન હાઇ-ટેન્શન ટ્રાન્સમિશન ટાવર ધરાશાયી થતાં પશ્ચિમ બંગાળના ત્રણ કામદારોનાં મોત થયાં હતાં અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા.

આ અકસ્માત સુરતના વડોદરા અને ઓલપાડ વચ્ચે ૭૬૫ કેવી ટ્રાન્સમિશન લાઇન નાખવાના સ્થળે થયો હતો. મળતી માહિતી અનુસાર પાવર ગ્રીડના નેજા હેઠળ હાથ ધરવામાં આવેલા આ પ્રોજેક્ટમાં મોટા ટ્રાન્સમિશન ટાવર્સનું નિર્માણ અને હાઇ-વોલ્ટેજ પાવર લાઇન્સનું કામ સામેલ છે. આ કામ ખાનગી કોન્ટ્રાક્ટર ટ્રાન્સરેલ લાઇટિંગ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ શ્રમિકો જ્યારે કેબલ ખેંચવાનું કામ કરતા હતા ત્યારે અચાનક લોખંડનું માળખું ડગમગી ગયું હતું અને ટાવરનો પાયો ખસી જતા માળખું તૂટી પડ્યું હતું, તેવી માહિતી મળી હતી.

ઘટનાસ્થળે હાજર છ કામદાર સ્ટીલના ફ્રેમવર્ક નીચે ફસાઈ ગયા હતા. સ્થાનિકો અને ઈમર્જન્સી કામદારને બચાવ્યા બાદ, તે બધાને વડોદરાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં માથા અને આંતરિક ઇજાઓને કારણે ત્રણ કામદારનાં મોત થયાં હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું, જ્યારે બાકીના ત્રણ કામદાર સારવાર હેઠળ છે અને તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

દરમિયાન, ડભોઈ પોલીસ સ્ટેશનની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. તપાસમાં મદદ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) ના અધિકારીઓને પણ બોલાવવામાં આવ્યા હતા.

અધિકારીઓ આ ઘટનાના કારણની તપાસ કરી રહ્યા છે, જેમાં માળખાકીય અથવા બાંધકામ સંબંધિત ખામીઓની શક્યતાનો પણ સમાવેશ થાય છે. દરમિયાન, ટીએલએલ અને પાવર ગ્રીડના અધિકારીઓએ આ ઘટના અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. ■

# રાજકોટની આજી નદીમાંથી આઠ વર્ષ પહેલા બાળકના મળેલા માથાનું રહસ્ય ખૂલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં એક કેસ માટે પકડાયેલા આરોપીની તપાસ દરમિયાન આઠ વર્ષ જૂના કેસનો ભેદ ઉકેલાયો હતો. રાજકોટ પોલીસે આઠ વર્ષ જૂના કેસને ઉકેલવામાં સફળતા મેળવી હતી. વર્ષ ૨૦૧૮માં અહીંની આજી નદીના પટ્ટમાંથી એક બાળકનું કપાયેલું ધડ વિનાનું માથું મળ્યું હતું.

આ બાળક પશ્ચિમ બંગાળના એક પરિવાનું હોવાનું ડીએનએ ટેસ્ટ બાદ બહાર આવ્યું હતું. બાળકને ક્રૂરતાપૂર્વક ઢોરમાર મારી મોતને ઘાટ ઉતારી દેનારા અને પછીથી શરીરના ટુકડા કરી તેને ફેંકી દેનારા કોન્ટ્રાક્ટર અજીતમૌલા પહેલેથી રાજકોટ જેલમાં બંધ છે. હવે તેની સામે આ કેસ બદલ પણ કાર્યવાહી કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. આ ઘટના બન્યા બાદ તત્કાલીન રાજકોટ પોલીસ અધિકારીઓએ ઘટનાનો ભેદ ઉકેલવા તમામ શક્ય પ્રયાસો કર્યા હતા, જેમાં બે લાખ જેટલા મોબાઈલ ડેટા કલેક્શનના એનાલિસિસ અને બાળકની ઓળખ આપનાર વ્યક્તિ માટે રૂ. ૫૦,૦૦૦ના ઈનામની જાહેરાતનો સમાવેશ થાય છે. જોકે પોલીસને સફળતા ન મળતા ઘટનાના ૧૧૪ દિવસ બાદ બાળકની અંતિમવિધિ કરવામાં આવી હતી, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી. વર્ષ ૨૦૨૫માં રાજકોટ એસઓજી અને પોલીસે સોનીબજારમાં બાળ મજૂરી સંદર્ભે મોટી રેડ પાડી હતી. તે સમયે પશ્ચિમ બંગાળના ઠેકેદાર આરોપી અજીતમૌલાને ઝડપી પાડવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં એમએસપી ખરીદીમાં ૧૩ ગણો વધારો, ખેડૂતોને ૧૦ વર્ષમાં ૬૫,૫૭૦ કરોડ રૂપિયા મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં લઘુતમ ટેકાના ભાવ પર કૃષિ પેદાશોની ખરીદીમાં નોંધપાત્ર વધારો થયો છે, જેના કારણે લાખો ખેડૂતો વધુ આત્મનિર્ભર બન્યા છે. સત્તાવાર માહિતી અનુસાર, રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ટેકાના ભાવે ₹૬૫,૫૭૦ કરોડના મૂલ્યના ૧.૦૫ કરોડ મેટ્રિક ટન કૃષિ પેદાશોની ખરીદી કરી છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર છેલ્લા દસ વર્ષમાં રાજ્યમાંથી ૫૨.૪૮ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરીને ખેડૂતોને રૂ.૩૧,૯૪૧ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. જ્યારે કપાસના વૈશ્વિક ભાવમાં ઘટાડાના સમયમાં પણ સરકાર દ્વારા ૨૫.૨૩ લાખ મેટ્રિક ટન કપાસની ખરીદી કરીને ખેડૂતોને રૂ.૧૭,૭૫૯ કરોડનું રક્ષણ કવચ પૂરું પાડવામાં આવ્યું છે.

રવી પાકના મુખ્ય આધાર ગણાતા ચણાની ૧૬.૮૧ લાખ મેટ્રિક ટન ખરીદી સામે ખેડૂતોને રૂ. ૯,૫૪૯ કરોડ ચૂકવવામાં આવ્યા છે. જ્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતના ખેડૂતોના મહત્ત્વના પાક તુવેરની ૪.૯૭ લાખ મેટ્રિક ટન ખરીદી કરીને રૂ.૩,૨૨૨ કરોડનું વળતર આપવામાં આવ્યું છે. આ ઉપરાંત રાયડો, સોયાબીન, અડદ અને મગ જેવા પાકોની ખરીદીથી પણ હજારો નાના અને સીમાંત ખેડૂતોને સીધો લાભ મળ્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭માં માત્ર ૨.૦૧ લાખ ખેડૂતો પાસેથી રૂ.૧,૭૭૫ કરોડની ખરીદી થઈ હતી. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૪ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ.૨૩,૮૦૦ કરોડ મૂલ્યની ૩૨.૫૪ લાખ મેટ્રિક ટન ઊપજ ખરીદવામાં આવી છે. ખેડૂતોની સંખ્યામાં ૭ ગણો અને ખરીદીના મૂલ્યમાં ૧૩ ગણો વધારો આ યોજનાની સફળતાનો પુરાવો માનવામાં આવે છે.

ખરીદી પ્રક્રિયામાં ટેક્નોલોજીના ઉપયોગથી ખેડૂતોને મોટો ફાયદો થયો છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ચુકવણી સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા થતી હોવાથી વચેટિયાઓની ભૂમિકા ઘટી છે અને પારદર્શિતા વધી છે. છેલ્લા દાયકામાં વિવિધ પાકોના ટેકાના ભાવમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ■

# ગોધરાની કુખ્યાત 'સિગ્નલ ફળિયા ગેંગ' સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી, છ આરોપીઓ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોધરા શહેરમાં સંગઠિત ગુનાખોરી માટે કુખ્યાત 'સિગ્નલ ફળિયા ગેંગ' સામે પોલીસે કાર્યવાહી હાથધરી છે. પોલીસે આ ગેંગ વિરુદ્ધ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (ગુજસીટોક) હેઠળ ગુનો નોંધ્યો છે. આ સંગઠિત ગેંગ વિરુદ્ધ અત્યાર સુધીમાં અલગ-અલગ પોલીસ મથકોમાં કુલ ૫૪ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસ તપાસમાં ગેંગ સાથે સંકળાયેલા વધુ આઠ આરોપીઓના નામ પ્રકાશમાં આવ્યા હતા. જેમાંથી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને છ નવા આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ પોલીસ પકડથી બચવા માટે હાલ ફરાર થઈ ગયા છે. ફરાર આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે અને જુદી જુદી જગ્યાએ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

આ ગેંગના મુખ્ય સાગરીતોમાંના એક એવા ખાલિદ ઉર્ફે ચકલાને પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે તેના રિમાન્ડ મંજૂર કર્યા છે. ખાલિદ સામે ભૂતકાળમાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં આઠ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ગેંગના આરોપીઓ પાકિસ્તાન સાથે પણ કનેક્શન ધરાવે છે, આરોપીઓના પાકિસ્તાન પ્રવાસ અંગેની વિગતો સામે આવી ત્યારે રાજ્ય અને કેન્દ્રની વિવિધ ગુપ્તચર તથા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ■




## ભારતમાં વર્લ્ડ કપના ક્રેઝનો કરિશ્મા




કેરલમના તિરુવનંતપુરમમાં ગઈ કાલે સેન્ટ ઍન્ડ્રૂઝ બીચ નજીક રોનાલ્ડો, મેસી, નેમારના સંયુક્ત કટઆઉટ. (પીટીઆઇ)




કોલકાતામાં બ્રાઝિલના ફ્લૅગ તેમ જ નેમાર અને રાફિન્યાના કટઆઉટવાળી તસવીર પાસે ફૂટબૉલ રમી રહેલા બાળકો.



બાંદરામાં મેસીનું તોતિંગ મ્યૂરલ જેમાં તેના મોંને બારી તરીકે બનાવવામાં આવ્યું છે. આ પ્રચંડ તસવીરના લૉન્ચિંગ વખતે ભારતીય ફૂટબૉલ લેજન્ડ બાઈચુન્ગ ભૂટિયા પણ ઉપસ્થિત હતો.

## અમેરિકાના પહેલી જ મૅચમાં વિક્રમો

કૅલિફોર્નિયા અહીં (ભારતીય સમય અનુસાર) શનિવારે સવારે લૉસ ઍન્જલસ સ્ટેડિયમમાં ફિફા વર્લ્ડ કપના મુખ્ય યજમાન અમેરિકા (ઞજ્ઞઅ)એ પારાગ્વે (ફ્ફિલીફ઼ુ)ને ૪-૧થી હરાવીને બહુમૂલ્ય ત્રણ પોઇન્ટ મેળવી લીધા હતા. અમેરિકાના ફૉલારિન બાલગન (ઇફહજ્ઞલીક્ષ)નું આ મૅચમાં સૌથી મોટું યોગદાન હતું તેણે સૌથી વધુ બે ગોલ કર્યા હતા. અમેરિકાએ ફૂટબૉલ વર્લ્ડ કપમાં પહેલી જ વખત મૅચમાં ચાર ગોલ કર્યા અને ૪-૧ના પોતાના સૌથી મોટા માર્જિનથી જીત્યું. ફર્સ્ટ હાફની ૩-૦ની સરસાઈ પણ અમેરિકા માટે વિક્રમ છે.

મૅચની શરૂઆત ૭મી મિનિટમાં ઑન ગોલથી થઈ હતી. અમેરિકાના હદક્ષેત્રમાં પારાગ્વેના ખેલાડી બૉબાડિલાથી ભૂલથી ગોલ થઈ ગયો હતો જેને લીધે અમેરિકાએ ત્યારે જ ૧-૦થી સરસાઈ મેળવી હતી. ■

## આજે વર્લ્ડ કપમાં કઈ મેચ?

**હૈતી વિરુદ્ધ સ્કૉટલેન્ડ, સવારે ૬.૩૦ વાગ્યાથી**

**ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ તુર્કી, સવારે ૯. ૩૦ વાગ્યાથી**

**જર્મની વિરુદ્ધ ક્યૂરસો, રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી**

(તમામ ટાઈમિંગ ભારતીય સમય મુજબના છે)

## ઇંગ્લૅન્ડના ફૂટબોલર્સને વર્લ્ડ કપમાં રમતાં પહેલાં જ ઝટકોઃ બધો સામાન ચોરાઈ ગયો, ફક્ત એક ફૂટબૉલ બચ્યો!

કૅન્સસ સિટીઃ ૧૯૬૬ના ફિફા વર્લ્ડ ચૅમ્પિયન ઇંગ્લૅન્ડની ટીમની આ વખતના વર્લ્ડ કપમાં પ્રથમ મૅચ ગ્રૂપ-એલમાં છેક બુધવારે (ભારતીય સમય મુજબ મધરાત બાદ ૧.૩૦ વાગ્યાથી) ડલાસમાં ક્રોએશિયા સામે રમાવાની છે એટલે તેઓ અમેરિકા પહોંચી ગયા બાદ બને એટલી વધુ પ્રૅક્ટિસ કરવામાં વ્યસ્ત છે, પરંતુ તેમને જંગ પહેલાં જ ચોરીચપાટી કરતી ગૅન્ગનો કડવો અનુભવ થઈ ગયો.

ઇંગ્લૅન્ડની એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ કૅન્સસ સિટીમાં બ્રિટિશ ખેલાડીઓ સ્વૉપ સૉકર વિલેજમાં રહે છે જ્યાં તેમણે પ્રૅક્ટિસ કર્યા પછી જે સામાન (કિટ)રાખ્યો હતો એમાંથી મોટા ભાગની ચીજવસ્તુઓની ચોરી થઈ ગઈ હોવાનું મનાય છે. કૅપ્ટન હૅરી કેન અને તેના સાથી




ખેલાડીઓના બૂટ, હેડ-કોચ (મૅનેજર) થૉમસ ટકલનો પણ સામાન તેમ જ થોડા ફૂટબૉલ આ બધું ટીમના એક વાહનમાંથી ચોરાઈ ગયું હતું. કૅન્સસ સિટી પોલીસે તરત જ તપાસ શરૂ કરી હતી અને બે જણને અટકમાં લેવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. ■

## ઓપનિંગમાં લોકોના દિલ જીતનાર શકિરા વિશે આ જાણો છો?

મેક્સિકો સિટીઃ અહીં ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં ગુરુવારની પ્રથમ ઓપનિંગ સેરેમનીમાં ડાન્સ મૂવ્ઝ અને પૉપ સૉન્ગથી કરોડો લોકોના દિલ જીતી લેનાર કોલમ્બિયાની વિશ્વવિખ્યાત પૉપ સિંગર શકિરાનો સ્ટેજ પર્ફોર્મન્સમાં મનમોહક તથા આકર્ષક લુક જોઈને તેમ જ તેનો ડાન્સ જોઈને ઘણાને લાગતું હશે કે માત્ર પૉપ વર્લ્ડ તેની જિંદગી હશે અને આ જ પ્રૉફેશનમાં હંમેશાં વ્યસ્ત રહેતી હશે અને લાખો ડૉલર કમાતી હશે. જોકે હકીકત એનાથી જુદી જ છે.



### ફિફા પર્ફોર્મન્સની ૧૦૦ ટકા રૉયલ્ટીનું દાન

૪૯ વર્ષની શકિરાએ ફિફાની પહેલાં જ જાહેર કર્યું હતું કે તે ફિફા વર્લ્ડ કપના ઓપનિંગના પર્ફોર્મન્સથી જે કંઈ રૉયલ્ટી મળશે એ બધી રૉયલ્ટી (૧૦૦ ટકા) ફિફા સાથે સંલગ્ન ગ્લોબલ સિટિઝન એજ્યૂકેશન ફંડ માટે દાનમાં આપી દેશે. શકિરાએ આ વખતના વર્લ્ડ કપ માટેના 'ડાઇ ડાઇ...' ઍન્થમ પર સાથી પર્ફોર્મર બર્ના બૉય તથા અન્ય કોરિયોગ્રાફર્સ સાથે ડાન્સ કર્યો હતો અને હજારો પ્રેક્ષકો તેમ જ કરોડો ટીવી-દર્શકોને જલસો કરાવી દીધો હતો. શકિરા પૉપ સૉન્ગના પર્ફોર્મન્સથી તેમ જ મૉડલિંગથી કરોડો ડૉલર કમાઈ છે જેમાંથી તેણે ખાસ્સી રકમ ડોનેટ કરી છે.

### ગરીબ બાળકો સાથે કેમ પર્ફોર્મ કર્યું?

શકિરાએ વર્લ્ડ કપના ગુરુવારના પ્રથમ ઓપનિંગમાં પ્રૉફેશનલ્સ ડાન્સર્સ સાથે પર્ફોર્મ કરવા ઉપરાંત ગરીબ બાળકો સાથે પણ પોતાના મશહૂર ગીતની ધૂન પર ડાન્સ કર્યો હતો અને એ પાછળનું કારણ તેણે એક વીડિયોમાં જણાવ્યું છે. શકિરા કહે છે, 'ઘણાને વિચાર આવ્યો હશે કે મેં ફિફા વર્લ્ડ કપ જેવી સર્વોચ્ચ ટૂર્નામેન્ટના ઓપનિંગમાં બૅકઅપ ડાન્સર્સ તરીકે કેમ ગરીબ વિસ્તારોના અને ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકોને જ પસંદ કર્યાં? મારા માટે તો કારણ સાવ સરળ છે. બે અઠવાડિયાં પહેલાં કોઈકે એક વીડિયો અપલોડ કર્યો હતો જેમાં મેં જોયું કે કેટલાંક ગરીબ બાળકો (જેઓ પ્રૉફેશનલ નહોતા છતાં...) ગરીબ પરિવારોના વિસ્તારમાં વ્યાવસાયિક ડાન્સર્સની જેમ પર્ફોર્મ કરી રહ્યાં હતાં. તેઓ ન તો પ્રૉફેશનલ્સની જેમ કોઈ ખાસ આઉટફિટમાં હતાં અને ન તેમની પાસે મોંઘાદાટ વાજિંત્રો હતાં. તેઓ તો લાકડાને કાપીને એની સાથે સ્ટ્રિંગ જોડીને બનાવેલા ગિટારની તાલે મન મૂકીને નાચી રહ્યાં હતાં. તેઓ બૉટલને માઇક બનાવીને ગીતો ગાતાં હતાં. એ તો ઠીક, પણ તેઓ ઉઘાડા પગે ડાન્સ કરી રહ્યાં હતાં. આ બધું હોવા છતાં તેઓ ડિસ્કોથેકમાં પ્રૉફેશનલ્સની ઢબે ડાન્સ કરી રહ્યાં હોય એ રીતે જબરદસ્ત ઊર્જા સાથે પર્ફોર્મ કરી રહ્યાં હતાં. મેં જોયું કે એમાંના મોટા ભાગના બાળકો ગરીબ પરિવારના અને સમાજના તડછોયેલા અશ્વેત વર્ગનાં હતાં. હું નાની હતી ત્યારે કોલમ્બિયામાં મેં આવી ગરીબી બહુ નજીકથી જોઈ હતી. આ બાળકોનો વીડિયો જોઈને મેં નક્કી કર્યું કે હું તેમને મોટી ઇવેન્ટના સ્ટેજ પર લાવીશ. હું વિચારતી હતી કે તેમને જિંદગીમાં આવો મંચ ફરી ક્યાં મળવાનો! મેં એ પણ નક્કી કર્યું કે વર્લ્ડ કપની ઓપનિંગમાં હું જે કંઈ કમાણી કરીશ એ ગરીબ બાળકોના શિક્ષણ માટે દાનમાં આપી દઈશ.'

### હું વાકા...વાકા...સૉન્ગને લીધે બે પુત્રોની મમ્મી બની છુંઃ શકિરા

પૉપ સિંગર શકિરાએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે તે તેના બન્ને પુત્રને 'વાકા...વાકા...' કહીને બોલાવે છે. 'વાકા...વાકા...' ૨૦૧૦ના ફિફા વર્લ્ડ કપનું સુપર-ડુપર હિટ થીમસૉન્ગ છે જે શકિરાએ ગાયું હતું. તે વધુમાં કહે છે, '૨૦૦૬માં હિપ્સ ડૉન્ટ લાય...સૉન્ગ સુપરહિટ થયા બાદ મેં ૨૦૧૦ના વર્લ્ડ કપ માટે વાકા...વાકા...સૉન્ગ લખ્યું હતું અને એ અરસામાં હું ફૂટબોલર જેરાર્ડ પિકને પહેલી વખત મળી હતી અને અમે એકમેકના પ્રેમમાં પડ્યાં હતાં.'

### જેરાર્ડથી અલગ થઈ ગઈ છે

જેરાર્ડ પિકથી શકિરાને બે પુત્ર થયા છે. મિલાન ૧૩ વર્ષનો અને સશા ૧૧ વર્ષનો છે. શકિરા ૨૦૨૨માં જેરાર્ડથી અલગ થઈ ગઈ હતી. શકિરા કહે છે, 'મારા આ બન્ને પુત્રના જન્મ વાકા...વાકા...સૉન્ગની જ દેન છે અને એટલે હું તેમને પ્રેમથી એ નામે બોલાવું છે. એ થીમસૉન્ગ મને વર્લ્ડ કપના મંચ સુધી લઈ ગયું હતું અને ત્યાર બાદ બન્ને પુત્રના જન્મ થયા હતા.' ■

## ખરો ફિફા વર્લ્ડ કપ સોમવારથીઃ જાણો શા માટે...

*અજય મોતીવાલા*

મુંબઈઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં શકિરા, નોરા ફતેહી અને અન્ય સિંગર્સ તથા ડાન્સર્સના પર્ફોર્મન્સ સાથે કુલ ત્રણ-ત્રણ એક્સાઇટિંગ ઓપનિંગ થઈ ગયા અને ત્રણેય યજમાન દેશ (મેક્સિકો, કૅનેડા, અમેરિકા)એ અપરાજિત રહીને પોતાને આંગણે ફૂટબૉલ જગતની આ સર્વોચ્ચ તથા સર્વોત્તમ ટૂર્નામેન્ટની શરૂઆત કરી, પરંતુ ભારત સહિત અનેક દેશોના કરોડો સૉકરપ્રેમીઓ ખરેખર તો લિયોનેલ મેસી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, કીલિયાન ઍમ્બપ્પે, અર્લિંગ હાલૅન્ડ જેવા સુપરસ્ટાર ખેલાડીઓના પર્ફોર્મન્સનો ઇન્તેજાર કરી રહ્યા છે. એટલું જ નહીં, હાઇએસ્ટ પાંચ વખત ટાઇટલ જીતનાર બ્રાઝિલ તથા ૨૦૧૪ના વિજેતા જર્મની જેવા ટોચના દેશની ટીમોને થોડી વાર બાજુ પર રાખીએ તો લોકોને ખરેખર તો આર્જેન્ટિના, પોર્ટુગલ, ફ્રાન્સ, સ્પેન અને ક્રોએશિયા જેવા સૌથી ફેવરિટ દેશોની મૅચ જોવામાં જ રસ હશે અને એ દિવસ હવે થોડો જ દૂર છે.

તમને યાદ હશે કે ૨૦૧૦માં સાઉથ આફ્રિકામાં સ્પેનની ટીમે ફાઇનલ જીતીને સનસનાટી મચાવી દીધી હતી. નેધરલૅન્ડ્સ સામેના ફાઇનલ મુકાબલામાં છેક (૯૦ મિનિટની મુખ્ય મૅચ બાદ સ્ટોપેજ ટાઇમમાં) ૧૧૫મી મિનિટ સુધી એકેય ગોલ નહોતો થયો. બન્ને ટીમ ૦-૦થી બરાબરીમાં હતી અને પરિણામ લાવવા પેનલ્ટી શૂટઆઉટ થશે એની પાક્કી સંભાવના હતી. જોકે ૧૧૬મી મિનિટમાં ઇનિએસ્ટાએ ગોલ કરીને સ્પેનને ઐતિહાસિક અને દિલધડક જીત અપાવી હતી.

એ જ ડાર્ક-હૉર્સ સ્પેનની ગ્રૂપ-એચમાં આ વખતે સોમવારે (ભારતીય સમય અનુસાર) રાત્રે ૯.૩૦ વાગ્યે કેપ વર્ડે જેવા ટચૂકડા દેશ સામે પ્રથમ મૅચ છે. ત્યાર બાદ મંગળવારે બેલ્જિયમ અને ઉરુગ્વે જેવી ધરખમ ટીમ પણ પોતપોતાના ગ્રૂપમાં અનુક્રમે ઇજિપ્ત તથા સાઉદી અરેબિયા સામે રમશે અને પછીથી ઇરાન અને ન્યૂ ઝીલૅન્ડનો મુકાબલો ફૂટબૉલ ઉપરાંત અન્ય સિરિયસ કારણસર અત્યંત મહત્ત્વનો બની રહેશે. ઇરાનનું અમેરિકા સાથે હજી પણ યુદ્ધ ચાલી રહ્યું છે અને એ ગંભીર પરિસ્થિતિમાં ઇરાનની ફૂટબૉલ ટીમ અમેરિકાની ધરતી પર વર્લ્ડ કપની મૅચ રમશે. મંગળવારે (ભારતીય સમય મુજબ સવારે ૬.૩૦ વાગ્યાથી) કૅલિફોર્નિયાના લૉસ ઍન્જલસ સ્ટેડિયમમાં ઇરાનના ફૂટબોલર્સ રમવાનું શરૂ કરશે ત્યારે નવો ઇતિહાસ સર્જાશે. કારણ એ છે કે કોઈ બે દેશ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હોય ત્યારે એ જ બેમાંથી એક દેશની ધરતી પર એના દુશ્મન-દેશની ટીમ ફૂટબૉલ મૅચ રમે પહેલી જ વખત બનશે. આ મૅચ વખતે સ્ટેડિયમમાં અભૂતપૂર્વ સુરક્ષા કવચ મોજૂદ હશે અને કરોડો ટીવી-દર્શકોની નજર પણ સતતપણે ઇરાનના ખેલાડીઓ પર હશે.

જોકે ખરો જંગ મંગળવારે (ભારતમાં મધરાત પછી) શરૂ થશે. તમે સમજી જ ગયા હશો? હા, મંગળવારે રાત્રે ૧૨.૩૦ વાગ્યે ઍમ્બપ્પેના ફ્રાન્સની સેનેગલ સામે ટક્કર શરૂ થશે. ત્યાર બાદ રાત્રે ૩.૩૦ વાગ્યે પ્રૉફેશનલ ફૂટબૉલમાં બે વર્ષથી ધમાલ મચાવતા હાલૅન્ડના નોર્વેનો મુકાબલો ઇરાક સાથે થશે. આ બે મુકાબલાના રોમાંચમાંથી લોકો હજી બહાર આવ્યા હશે ત્યાં તો (બુધવારે સવારે ૬.૩૦ વાગ્યે) લિયોનેલ મેસીનો જાદુ કરોડો ફૂટબૉલપ્રેમીઓના દિલોદિમાગ પર ફરી વળશે. તે થોડો અનફિટ છે, પણ પ્રાર્થના કરીએ કે તે આ પહેલી મૅચથી જ રમશે. બાય ધ વે, આ તેનો કદાચ છેલ્લો વર્લ્ડ કપ છે. આર્જેન્ટિના આ મૅચમાં અલ્જિરિયા સામે જીતીને ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકેની પ્રતિષ્ઠા જાળવવા કોઈ કસર બાકી નહીં રાખે.

ભારતીય સમય અનુસાર બુધવારે સવારે ૯.૩૦ વાગ્યે ઑસ્ટ્રિયા અને જૉર્ડનની મૅચ બાદ લગભગ ૧૨ કલાક સુધી ફૂટબૉલનું બ્યૂગલ શાંત પડી જશે. એ જ દિવસે રાત્રે ૧૦.૩૦ વાગ્યે કરોડો ફૂટબૉલપ્રેમીઓ મહિનાઓથી જેની રાહ જોઈ રહ્યા છે એ સુપરસ્ટારની મૅચ શરૂ થશે. હા, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો આ વખતે તો પોર્ટુગલને વર્લ્ડ કપ જિતાડવાનું વર્ષો જૂનું સપનું પૂરું કરવા મક્કમ છે. પોર્ટુગલની આ મૅચ મધ્ય આફ્રિકાના ડીઆર કૉન્ગો દેશ સામે રમાશે અને જેમ ૧૯૯૦ના દાયકામાં આફ્રિકન દેશ કૅમેરુને સૌને ચોંકાવી દીધા હતા એવું કામ કૉન્ગો આ વખતે ન કરી જાય એનું રોનાલ્ડોનું પોર્ટુગલ ખાસ ધ્યાન રાખશે. બુધવારે મધરાત બાદ ૧.૩૦ વાગ્યાથી રમાનારી ક્રોએશિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચેની મૅચ પણ જરાય મિસ નહીં કરતા.

તો ચાલો તૈયાર થઈ જાઓ...૨૩મા રિયલ ફિફા વર્લ્ડ કપના રોમાંચક મુકાબલા માણવા. ■

## દિલધડક ડ્રૉઃ કૅનેડા પહેલા જ યજમાનપદમાં અણગમતા વિક્રમથી બચી ગયું!

ટોરન્ટોઃ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપના ૯૬ વર્ષના ઇતિહાસમાં ફક્ત એક જ વખત એવું બન્યું છે કે યજમાન દેશ ઘરઆંગણે રમાતી આ ટૂર્નામેન્ટમાં પોતાની પહેલી જ મૅચ હારી ગયું હોય અને એવું ૨૦૨૨માં કતારના કિસ્સામાં બન્યું હતું, પરંતુ શુક્રવારે (ભારતીય સમય મુજબ મધરાત બાદ) રમાયેલી મૅચમાં કૅનેડાઆ અણગમતા વિક્રમની બરાબરી કરવાથી બચી ગયું હતું.

કૅનેડામાં પહેલી જ વખત સૉકર વર્લ્ડ કપ રમાઈ રહ્યો છે. અમેરિકા અને મેક્સિકો પણ આ વખતની ટૂર્નામેન્ટમાં સહ યજમાન છે. શુક્રવારે રાત્રે કૅનેડા યુરોપના દેશ બોસ્નિયા ઍન્ડ હરઝેગોવિના સામેના પરાજયથી માંડ માંડ બચ્યું હતું. બંને દેશ વચ્ચેની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી.

બોસ્નિયાના યોવો લ્યૂકિચે ૨૧મી મિનિટમાં મૅચનો પ્રથમ ગોલ કર્યો હતો. ત્યાર પછી પણ બોસ્નિયાના ડિફેન્ડરોએ સંરક્ષણ દીવાલ મજબૂત બનાવી રાખી હતી એટલે ફર્સ્ટ હાફના અંત સુધી કૅનેડા ગોલ કરીને બરાબરીમાં નહોતું આવી શક્યું.


સેકન્ડ હાફમાં બંને દેશ વચ્ચેની રસાકસી વધુ તીવ્ર બની હતી જેમાં કૅનેડાની ટીમ વધુ આક્રમક અભિગમ સાથે રમવા લાગી હતી. મૅચની ૭૬ મિનિટમાં કૅનેડાના ફૉર્વર્ડ ખેલાડીઓએ બોસ્નિયાની સંરક્ષણ દીવાલ ભેદી હતી અને કૅનેડાને સૌપ્રથમ ગોલ અપાવ્યો હતો. ફૂટબૉલ વર્લ્ડ કપના ઇતિહાસમાં કૅનેડાનો આ પહેલો ગોલ હતો. ટોરન્ટોના સ્ટેડિયમમાં ૪૩,૦૦૨માંથી મોટાભાગના પ્રેક્ષકો કૅનેડા-તરફી હતા અને તેઓ એક્સરખા લાલ ડ્રેસમાં સજ્જ હતા. કાઇલ લેરિને ૭૬મી મિનિટમાં ગોલ કરતા જ કૅનેડા-તરફી તમામ પ્રેક્ષકો આનંદના અતિરેકમાં ઝૂમી ઉઠ્યા હતા અને એકબીજાને અભિનંદન આપીને ગર્વ અનુભવતા હતા. કૅનેડાના ફૂટબૉલ માટે આ અભૂતપૂર્વ ક્ષણો હતી.

### પ્રથમ યજમાનપદ, પહેલો ગોલ, પ્રથમ પોઈન્ટ

કૅનેડાને ઐતિહાસિક ગોલ કાઈલ લેરીને અપાવ્યો હતો. ૭૬મી મિનિટ કૅનેડા ફૂટબૉલના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે, કારણકે ફૂટબૉલ વિશ્વના ૩૦મા નંબરના દેશ કૅનેડામાં પહેલી જ વખત ફિફા વર્લ્ડ કપ રમાઈ રહ્યો છે અને આ દેશ પાછલી તમામ છ વર્લ્ડ કપ મૅચ હાર્યા પછી પહેલી જ વખત મૅચને ડ્રોમાં લઈ જવામાં સફળ થયો છે. વર્લ્ડ કપના ઈતિહાસમાં કૅનેડાનો આ પહેલો જ ગોલ હતો અને એને પહેલી જ વખત એક પોઈન્ટ મળ્યો છે. ■

**નોરા ફતેહીનો શાનદાર પર્ફોર્મન્સ**

ટૉરન્ટોમાં શુક્રવારે ભારતીય અભિનેત્રી અને મૂળ કૅનેડાની નોરા ફતેહી તથા અન્ય સાથીઓની રંગારંગ અને રોમાંચક ઓપનિંગ સેરેમની બાદ જોરદાર રસાકસી વચ્ચે મેચ શરૂ થઈ હતી.



## ક્રિકેટના મેદાન પરથી...

## મહિલા વર્લ્ડ કપમાં આજે ભારત વિ. પાકિસ્તાન

બર્મિંગમઃ ઇંગ્લૅન્ડમાં મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતનો કટ્ટર હરીફ પાકિસ્તાન સામે મુકાબલો છે. ભારતની આ પહેલી જ મૅચ છે. પાકિસ્તાનની કૅપ્ટન ફાતિમા સના ઈજા પામી હતી. ભારતે નવેમ્બરમાં વન-ડેનો વર્લ્ડ કપ પહેલી વખત જીતી લીધો હતો. ■

## ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ પહેલાંના અભિયાનમાં ગિલ ઍન્ડ કંપનીનો વિજયીઆરંભ

### ▸ નવા બે બોલર ગુર્નુર-હર્ષના તરખાટ પછી ગિલ-રાહુલની આતશબાજી

ધરમશાલાઃ ભારતે અહીં શનિવારે અફઘાનિસ્તાનને પ્રથમ વન-ડેમાં ૧૩ બૉલ અને સાત વિકેટ બાકી રાખીને હરાવી દીધું હતું અને ત્રણ મૅચની સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી હતી. એ સાથે, ભારતે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપના અભિયાનનો જીત સાથે આરંભ કર્યો છે.

ભારતે વરસાદને પગલે પચીસ-પચીસ ઓવરની ટૂંકાવાયેલી મૅચમાં ૨૨.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૫ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. કૅપ્ટન શુભમન ગિલ ૮૪ રન, ૬૬ બૉલ, બે સિક્સર, અગિયાર ફોર) ઓપનિંગમાં આવ્યા બાદ છેક સુધી આઉટ નહોતો થયો. તેણે રોહિત શર્મા (૧૬ રન) સાથે ૪૬ રનની ઓપનિંગ ભાગીદારી કર્યા બાદ ઇશાન કિશન (૩૪ રન) સાથે ૭૦ રનની ભાગીદારી, શ્રેયસ ઐયર (૧૨ રન) સાથે ૨૬ રનની ભાગીદારી તથા છેલ્લે કેએલ રાહુલ (૩૯ અણનમ, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) સાથે ૫૩ રનની અતૂટ ભાગીદારી કરી હતી. રોહિતને બૅટિંગ દરમ્યાન બૉલ વાગતાં ઈજા થઈ હતી. ઝિયા ઉર રહમાન અને રાશીદ ખાને એક-એક વિકેટ લીધી હતી. રોહિત રનઆઉટ થયો હતો.

એ પહેલાં, અફઘાનિસ્તાને પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૨૪.૫ ઓવરમાં ૧૯૪ રન બનાવ્યા જેમાં ઓપનર રહમનુલ્લા ગુરબાઝના ૧૦૨ રનનો ફાળો હતો. ગુરબાઝે ૧૦૨ રન ૫૧ બૉલમાં આઠ સિક્સર, આઠ ફોરની મદદથી બનાવ્યા હતા. ગુરબાઝ આ વન-ડે મૅચમાં ટી-૨૦ જેવું (વૈભવ સૂર્યવંશી જેવું કહીએ તો પણ ખોટું નથી) રમ્યો. તેણે ૪૮ બૉલમાં અફઘાનિસ્તાન વતી ફાસ્ટેસ્ટ સેન્ચુરી ફટકારી. તે પોતાના ૧૦૨ રનના સ્કોર પર પાર્ટ-ટાઇમ પેસ બોલર નીતીશ રેડ્ડીના બૉલમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો.

નવા ફાસ્ટ બોલર ગુર્નુર બ્રારે ૨૭ રનમાં ત્રણ વિકેટ અને નવા સ્પિનર હર્ષ દુબેએ ૪૭ રનમાં ત્રણ વિકેટ લીધી. બે-બે વિકેટ અર્શદીપ અને નીતીશ રેડ્ડીએ મેળવી હતી. ભારતીય ટીમને આઇપીએલની ટીમ જેવો ૧૯૫ રનનો મેળવી શકાય એવો ટાર્ગેટ મળ્યો હતો. ■

## કાઉન્ટીમાં માનવની ત્રણ વિકેટ

રાજસ્થાન રાજ્યના યુવાન સ્પિનર માનવ સુથારને ભારત વતી આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત ફળી ત્યાર પછી હવે ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટ પણ શરૂઆતથી માફક આવવા લાગી છે. તેની આ પહેલી જ કાઉન્ટી ટૂર છે. માનવે યૉર્કશર સામેની ચાર દિવસીય મૅચમાં પ્રથમ દાવમાં ત્રણ વિકેટ મેળવી. માનવ વૉરવિકશર ટીમ વતી રમે છે. ■

# ઈલૉન મસ્કની કંપનીનો જબરદસ્ત પબ્લિક ઈશ્યુ

## સ્પેસએક્સ કરોડપતિ બનાવશે કે રોડપતિ એ તો નિવડે ત્યારે, પણ રોકાણકારે સારાં સપનાં જોવાં

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

અમેરિકન સ્ટોક માર્કેટની ઇતિહાસનો સૌથી મોટો આઇપીઓ કંપની સ્પેસએક્સનું ૧૨ જૂન ૨૦૨૬ના લિસ્ટિંગ થયું હતું. ૭૫ બિલ્યન ડૉલર્સનું આઇપીઓ લગભગ ૩થી ૪ ગણો ઓવર સબસ્ક્રાઇબ થયેલો અને ૧૩૫ ડૉલરના ઇસ્યૂ પ્રાઇઝ સાથે તેનું માર્કેટ કેપ થઇ ગયું. ૧.૭૫ ટ્રિલ્યન ડૉલર અને આ સાથે જ એલન મસ્ક દુનિયાના પ્રથમ ટ્રિલ્યનર બની ગયા છે. જ્ઈડ ના લિસ્ટિંગ પહેલા મસ્કની એસેટ હતી ૮૧૩ બિલ્યન ડૉલર્સની અને દુનિયામાં પ્રથમ નંબરના ધનાઢ્ય વ્યક્તિ હતા જેના પછી બીજા નંબરે છે ગૂગલના સ્થાપક લરી પેજ જેની એસેટ વેલ્યુ છે. ૨૮૮ બિલ્યન ડૉલર્સ એલન મસ્કની એસેટની વેલ્યુના માત્ર ૩૫ ટકા !

એલન મસ્કની કંપની સ્પેસએક્સનો આઇપીઓ નેસડેક્સ ઉપર ૧૫૦ ડૉલરના ભાવે ઓપન થયો જે ઉપરમાં ૧૭૬.૫૨ ભાવે પહોંચ્યો અને અંતમાં ૧૧૬ ડૉલરના ભાવે બંધ થયો હતો. પણ શુક્રવારે માર્કેટ ક્લોઝ થયા બાદ પણ સ્પેસએક્સનો શેર ૩.૫ ટકાના ઉછાળા સાથે ૧૬૬.૭૬ના ભાવે ટ્રેડ થતો હતો. જેનું પોસ્ટ માર્કેટ વોલ્યુમ હતુ ૧૬ મિલ્યન! દિવસ દરમિયાન ૫૦૦ મિલ્યન શેરનું ટ્રેડિંગ થયું જે ફેસબુકના ૨૦૧૨ના લિસ્ટિંગના પ્રથમ દિવસના ટ્રેડિંગ વોલ્યુમ ૫૮૦ મિલ્યન પછી બીજા નંબરે આવે છે. લિસ્ટિંગ સાથે જ સ્પેસએક્સનું માર્કેટ કેપર ૨ ટ્રિલ્યન ડૉલર્સની આસપાસ થઇ ગયું છે.

એનાલિસ્ટોના મતે ૧૩૫ ડૉલરની આઇપીઓનું વેલ્યુએસન બહુ વધારે છે જેની ખરી વેલ્યુ ૬૫ ડૉલરની હોવી જોઇએ તેથી જોવાનું રહે છે કે આઇપીઓના ઇફોરિયા પછી અલ્ટિમેટલી ભાવ ક્યાં સેટલ થાય છે પણ જે રીતે નેસ્ડેકની ભાવની ચાલ છે તેના ઉપરથી સ્પેસએક્સ શેરનો ૬૫ ડૉલરનો ભાવ ટચ કરે તેવી શક્યતા બહુ ઓછી લાગે છે.

સ્પેસએક્સ હવે માત્ર રૉકેટ બનાવતી કંપની નથી રહી પણ તે એરોસ્પેસ, ગ્લોબલ કોમ્યુનિકેશન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું મિક્સ છે જેમાં ૬૦ ટકાનો સૌથી મોટો હિસ્સો છે. સ્ટારલિન્ક ઇન્ટરનેટનો જેણે ૨૦૨૫માં ૧૧.૪ ટ્રિલ્યન ડૉલર્સનું બિલિંગ કરેલ છે. સ્ટારલિન્કની લો અર્થે ઓર્બિટ સેટેલાઇટ ઉપર મોનોપોલી છે અને એલન મસ્કનું લક્ષ્ય છે ૧૦,૦૦૦૦ સેટેલાઇટ ઓર્બિટમાં સ્થાપવાની.

માર્ચ ૨૦૨૬માં સ્પેસએક્સ એન્થોપીક કંપની સાથે સ્પેસએક્સનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભાડે આપવાનો કરાર કરેલ છે. જે મુજબ એન્થ્રોપીક કંપની સ્પેસએક્સને દર મહિને ૧.૨૫ બિલ્યન ડૉલર્સ સ્પેસએક્સને માત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વેલ્યુ કેટલી હશે?

ઇન્ડેક્સ ફંડની ભારે માંગ :

સ્પેસેક્સ વિશ્વની સૌથી મોટી કંપનીઓમાંની એક કંપની તરીકે બજારમાં પ્રવેશી હોવાના કારણે નેસડેક્સ ઇન્ડેક્સ પ્રોવાઇડર્સ મતલબ નેસ્ડેક ૧૦૦માં એન્ટ્રી મેળવવાના ૫થી ૧૫ દિવસમાં પ્રવેશ મેળવવાના તેના નિયમોમાં બદલાવ કરેલ છે. આના કારણે ઇન્સ્ટિટ્યૂટસ ઇન્વેસ્ટરોએ ભાવની પરવાહ કર્યા વગર બજાર ભાવે શેર ખરીદવા જ પડશે.

અવાસ્તવીક વેલ્યુએશન :

ઇસ્યૂ ભાવ ૧૩૫ ડૉલરના હિસાબે ૧.૭૩ ટ્રિલ્યન ડૉલર્સની આ કંપનીનો પ્રાઇઝ ટુ સેલ રેશિયો ૯૪નો છે જે હાલની ૫ મોટી ટેક કંપનીઓના પ્રાઇઝ ટુ સેલ રેશિયો ૧૨ કરતાં બહુ વધારે છે. એનાલિસ્ટોનું એમ પણ કહેવું છે કે આ એઆઇનું ભૂત જયારે ઉતરશે ત્યારે આ ટેક કંપનીઓ સાચી વેલ્યુએશનની ખબર પડશે પણ શું આ એઆઇ ભૂત છે કે સ્વીકારવી પડે તેવી હકીકત તે બહુ મોટો પ્રશ્ન છે. અને હા ઘણી વખત આ સરખામણીઓ પણ અસ્થાને છે. જયારે કંપની એલન મસ્કની હોય ! ફેસબુકમાં પણ શરૂઆતમાં આવુ કહેવાતું હતું. પણ તે બધા આખરે ખોટા પડયા હતા. સ્પેસએક્સનો શેર ફંડામેન્ટલના હિસાબે નહીં પણ ભવિષ્યની શકયતાઓ અને ભાવિ ઇન્કમના આધારે પર્ફોમ કરશે.

આ વર્ષે ઓપનએઆઇ અને એન્થ્રોપીક પણ કદાચ આઇપીઓ લાવે તેવી હવા છે.

ડિપ્લોસીસ :

સ્પેસએક્સ કાંઇ નફો કરતી કંપની નથી. ૨૦૨૫માં સ્પેસએક્સે ૪.૯૪ બિલ્યન ડૉલર્સનો લોસ કરેલો છે અને ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં પણ ૪.૨૮ બિલ્યન ડૉલર્સનો લોસ બુક કરેલ છે. સ્પેસએક્સ ૨૦૦૨ની સ્થાપના પછીનો એક્યુમુલેટેડ લોસ છે ૪૧.૩ ટ્રિલ્યન ડૉલર્સનો જે ૭૫ બિલ્યન ડૉલર્સના આઇપીઓનો લગભગ ૫૫ ટકા છે. પણ આ લોસનું મુખ્ય કારણ છે એઆઇ ડેટા : સેન્ટર્સ અને સ્ટારશિપના રૉકેટ પ્રોગ્રામ પાછળ થઇ રહેલો મોટો ખર્ચ.

આજથી માત્ર ૯ વર્ષ પહેલાં એલન મસ્કની એસેટ વેલ્યુ હતી ૧૭.૯ બિલ્યન ડૉલર્સ તે માણસ આજે ૯ વર્ષમાં ટ્રિલ્યનર છે. જેના પાસે સ્પેસેક્સના ૩૮ ટકા શેરની માલિકી છે. ટ્રમ્પ સાથેના વણસેલા સંબંધોની તેને કોઇ અસર થયેલ નથી. સાઉથ આફ્રિકન બેઝડ સેલ્ફમેડ એલન મસ્કની એચિવમેન્ટસ આજની પેઢી માટે જીવંત ઉદાહરણ છે કે ડેર ટુ ડ્રીમ!

સ્પેસેક્સ આઇપીઓના લીડ અંડરરાઇટર જે.પી. મોર્ગને તેની ટીમ અને સ્પેસએક્સના ૨૫૦ કર્મચારીઓ સાથે પોસ્ટ લિસ્ટિંગ સેલિબ્રેશન પ્લાન કરેલ છે. જેમાં જે.પી. મોર્ગન હેડક્વોર્ટરને નિયોન લાઇટથી શણગારવામાં આવશે. આમ વોલ સ્ટ્રીટમાં ઘણા વર્ષે ફેસ્ટિવ એટમોસફીઅર જોવા મળેલ છે. સ્પેસએક્સ તેના રોકાણકારોને ભવિષ્યમાં કરોડપતિ બનાવશે કે રોડપતિ તે તો ભવિષ્ય જ કહેશે પણ રોકાણકારોએ સારા ભવિષ્યના સ્વપ્ના જોવા અસ્થાને તો નથી જ લાગતા. ■

# મે મહિનામાં ખાદ્યતેલની આયાત ૬.૭ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત મે મહિનામાં ખાસ કરીને ક્રૂડ સોયાબીન તેલનાં શિપમેન્ટમાં વધારો થવાને કારણે ખાદ્યતેલની આયાત ૬.૭ ટકા વધીને ૧૩.૩૯ લાખ ટનની સપાટીએ રહી હોવાનું તાજેતરમાં સ્થાનિક ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશન દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં દેશમાં ખાદ્યતેલની આયાત મે, ૨૦૨૫ના ૧૨,૫૪,૮૮૩ ટન સામે વધીને ૧૩,૩૮,૯૩૬ ટનની સપાટીએ રહી છે. જેમાં મુખ્યત્વે ક્રૂડ સોયાબીન તેલની આયાત મે, ૨૦૨૫ના ૩,૯૮,૫૮૫ ટન સામે વધીને ૪,૯૩,૮૫૪ ટનની સપાટીએ રહી હોવાથી આયાતમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વધુમાં ગત મે મહિનામાં અખાદ્યતેલની આયાત પણ મે, ૨૦૨૫નાં ૧૨,૦૪૦ ટન સામે બમણાં કરતાં વધીને ૨૬,૨૦૨ ટનના સ્તરે રહી હોવાથી કુલ વનસ્પતિ તેલની આયાત પણ મે, ૨૦૨૫ના ૧૨.૬૭ લાખ ટન સામે આઠ ટકાના વધારા સાથે ૧૩.૬૫ લાખ ટનના મથાળે રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

વધુમાં એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત નવેમ્બર મહિનાથી શરૂ થયેલા તેલ વર્ષ ૨૦૨૫-૨૬ના પહેલા સાત મહિનામાં દેશની કુલ વનસ્પતિ તેલની આયાત ગત વર્ષના સમાનગાળાના ૮૩.૩૯ લાખ ટન સામે ૧૨ ટકા વધીને ૯૩.૬૫ લાખ ટનના સ્તરે રહી હતી. જેમાં ખાદ્યતેલની આયાત વર્ષાનુવર્ષ ધોરણે ૧૩ ટકા વધીને ૯૨.૧૭ લાખ ટન (૮૧.૩૧ લાખ ટન)ની સપાટીએ અને અખાદ્યતેલની આયાત ગત સાલના સમાનગાળાના ૨,૦૭,૫૦૫ ટન સામે ઘટીને ૧,૪૭,૭૧૦ના સ્તરે રહી હોવાનું જણાવ્યું હતું.

એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત મે મહિનામાં સ્પર્ધાત્મકતા વધવાથી ખાસ કરીને પામતેલ સામે સોયાબીન તેલનું પ્રીમિયમ સંકડાઈ જવાને કારણે ક્રૂડ સોયાબીન તેલની આયાતમાં વધારો થયો છે. નોંધનીય બાબત એ છે કે ગત પહેલી જૂનના રોજ સરકારે ક્રૂડ પામતેલ પરની ટૅરિફ વૅલ્યૂ વધારીને ટનદીઠ ૧૨૧૮ ડૉલર અને આરબીડી પામોલિનની ટનદીઠ ૧૨૨૨ ડૉલર કરી હતી, જ્યારે ક્રૂડ સોયાબીન તેલની ટૅરિફ વૅલ્યૂમાં સાધારણ ઘટાડો કરવામાં આવ્યો હતો.

જોકે, ગત મે મહિનામાં આરબીડી પામોલિનની કોઈ આયાત નોંધાઈ નહોતી, પરંતુ વર્તમાન તેલ મોસમના પહેલા સાત મહિનામાં અર્થાત્ ગત નવેમ્બરથી મે દરમિયાન આરબીડી પામોલિનની આયાત ગત સાલના સમાનગાળાના ૮,૨૬,૮૦૦ ટન સામે ઘટીને ૪૭,૨૭૦ ટનના સ્તરે રહી હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે આરબીડી પામોલિનની આયાતમાં ઘટાડો સરકારના ક્રૂડ અને રિફાઈન્ડ તેલની આયાત જકાત વચ્ચેના નોંધપાત્ર તફાવતની નીતિ પ્રતિબિંબિત કરે છે. આ નીતિથી ક્રૂડતેલની આયાતમાં વધારો થાય છે અને સ્થાનિકમાં રિફાઈનિંગ અને મૂલ્યવર્ધન થવાથી ઉદ્યોગ પ્રોત્સાહિત થાય છે.

જોકે, એસોસિયેશને નોંધ્યું હતું કે નેપાળ સાથે થયેલા સાફ્ટા કરારને કારણે નેપાળને શૂન્ય ટકા આયાત જકાતનો લાભ મળતો હોવાથી નેપાળથી થતી આયાતમાં નોંધપાત્ર વધારો થયો છે. ■


## ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધ: તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વ્યાજદર વધવાની શક્યતાએ વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ૨.૩ ટકાનો ઘટાડો, રોકાણકારોની નજર ૧૬ જૂનની ફેડરલની બેઠક પર

## સ્થાનિક સોનામાં સાપ્તાહિક ૪.૧૭ ટકાનો કડાકો બોલાતા માગમાં સળવળાટ

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકા અને ઈરાને એકબીજા પર હુમલાઓ ચાલુ રાખતા વૈશ્વિક બજારમાં ગત ગુરુવાર સુધી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત અને ક્રૂડતેલના ભાવમાં મક્કમ વલણ રહ્યું હોવાથી ફુગાવામાં વધારો થવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા એકંદરે સોનામાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, ગત શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સપ્તાહના અંત સુધીમાં ઈરાન સાથે શાંતિ કરાર થઈ જવાનો આશાવાદ વ્યક્ત કરવાની સાથે ઈરાન પર લશ્કરી હુમલાઓ બંધ કરવામાં આવ્યા હોવાનું જણાવતાં ક્રૂડતેલના ભાવ ચાર ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૮૬.૭૧ ડૉલર આસપાસ રહ્યા હતા, તેમ જ વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારાતરફી વલણ રહેતાં અન્ય કૉમૉડિટી સાથે વૈશ્વિક સોનામાં ધીમો સુધારો આવ્યો હતો. તેમ છતાં સાપ્તાહિક ધોરણે ભાવમાં સતત બીજા સપ્તાહે ઘટાડાતરફી વલણ રહેતાં અંદાજે ૨.૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર રોકાણકારોમાં વ્યાજદરમાં વધારાની ચિંતા સપાટી પર હોવાથી સપ્તાહના અંતે સોનામાં સુધારો મર્યાદિત માત્રામાં જોવા મળ્યો હતો.

વૈશ્વિક બજારોને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સાપ્તાહિક ધોરણે ઘટાડાતરફી વલણ રહ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત પાંચમી જૂનના રૂ.૧,૫૪,૨૩૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૧,૫૦,૭૬૮ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં રૂ. ૧,૪૪,૭૮૨ અને ઉપરમાં રૂ. ૧,૫૨,૫૮૪ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૪.૧૭ ટકા અથવા તો રૂ. ૬૪૩૮ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૮૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૫૬,૯૦૮ના બંધ સામે રૂ. ૨,૪૧,૧૬૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૩૨,૫૯૧ અને ઉપરમાં રૂ. ૨,૪૫,૯૩૮ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૫.૫૭ ટકા અથવા તો રૂ. ૧૪,૩૨૬ના ગાબડાં સાથે રૂ. ૨,૪૨,૫૮૨ના મથાળે બંધ રહ્યા હતા.

એકંદરે ગત સપ્તાહે સ્થાનિકમાં સોનાના ભાવ ગત બીજી એપ્રિલ પછીની સૌથી નીચી રૂ. ૧.૪૪ લાખ આસપાસની સપાટી સુધી તૂટ્યા હોવાથી રોકાણલક્ષી માગ ઉપરાંત રિટેલ સ્તરની પણ બાયબૅકમાં લેવાલી નીકળી હોવાનું હૈદરાબાદસ્થિત એક બુલિયન ડીલરે જણાવતાં ઉમેર્યું હતું કે ઘટ્યા મથાળેથી માગનો ટેકો મળતાં સ્થાનિકમાં ડીલરો ભાવ જે આગલા સપ્તાહે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૮૭ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા તેની સામે ગત સપ્તાહે ઔંસદીઠ ૩૫ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરતા હતા. વધુમાં મુંબઈસ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે ગત સપ્તાહે જ્વેલરોએ પણ ભવિષ્યની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા સ્ટોક કરવાનું શરૂ કર્યું હોવાનું જણાય છે. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત મે મહિનામાં સરકારે સોના-ચાંદીની આયાત જકાતમાં વધારો કરતાં રોકાણકારોની નફારૂપી વેચવાલી નીકળતાં વર્ષમાં પહેલી વખત સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં ચોખ્ખો બાહ્યપ્રવાહ જોવા મળ્યો હતો.

ગત ગુરુવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સામેની લશ્કરી કાર્યવાહી બંધ રાખવાની સાથે ટૂંક સમયમાં જ ઈરાન સાથે શાંતિ કરાર થવાની શક્યતા વ્યક્ત કરી હોવાથી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાની શક્યતા સપાટી પર આવી હતી. જોકે, ઈરાને શાંતિ કરાર અંગે કોઈ અંતિમ નિર્ણય ન લીધો હોવાનું જણાવ્યું હોવા છતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું અને સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગમાં ઘટાડો થયો હોવાથી વધતા ફુગાવાના સંજોગોમાં ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ગત સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવમાં સાધારણ સુધારો જોવા મળ્યો હતો અને સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હતો. વધુમાં ક્રૂડતેલના ભાવમાં વધારો થવાને કારણે ગત સપ્તાહે અમેરિકાના જાહેર થયેલા મે મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ તથા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા ઊંચી સપાટીએ રહ્યા હોવાથી આ વર્ષના અંત આસપાસ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં સપ્તાહ દરમિયાન સોનાની મંદીને ટેકો મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે સપ્તાહના અંતે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ડિસેમ્બર અંતમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારે તેવી ૫૭ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી ટેકાની અને ૪૩૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૮થી ૭૨ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે. તેમ જ સ્થાનિકમાં આગામી સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૨,૦૦૦થી ૧,૫૨,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૬,૦૦૦થી ૨,૪૯,૦૦૦ની રેન્જમાં રહે તેમ જણાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૨૨૭.૧૭ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ત્રણ ટકા વધીને ૪૨૩૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૬૮.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો હોવા છતાં અગાઉ ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી આગામી ટૂંકાથી મધ્યમ સમયગાળા દરમિયાન ફુગાવાલક્ષી દબાણ જોવા મળે તેવી શક્યતા ઝોનેર મેટલ્સના ઉપપ્રમુખ અને સ્ટ્રેટેજિસ્ટ પીટર ગ્રાન્ટે જણાવ્યું હતું. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાના આશાવાદ અને અમેરિકાએ લશ્કરી કાર્યવાહી અટકાવી હોવાનું જણાવ્યું છે. જોકે, ઈરાને અમેરિકાના શાંતિ પ્રસ્તાવ અંગે કોઈ નિર્ણય ન લીધો હોવાનું જણાવ્યું હોવાથી અમુક અંશે બજારમાં અસમંજસની સ્થિતિ હોવાનું તેમણે ઉમેર્યું હતું. વધુમાં ગત સપ્તાહના અંતે યુબીએસએ આગામી ટૂંકા સમયગાળા માટે વૈશ્વિક સોનાનો લક્ષ્યાંક ઘટાડીને ઔંસદીઠ ૩૮૫૦થી ૪૦૦૦ ડૉલરનો મૂક્યો છે. ■

# ગૌમાતાઓની પૂંજાબાપુ પાંજરાપોળમાં 'અધિક'માં 'અધિક' ગૌદાન આપી, 'અધિક' પુણ્ય મેળવવાનો જાહેર અનુરોધ

પુરુષોત્તમ માસના પરોપકારી પુણ્યકાળમાં ગૌદાન એજ શ્રેષ્ઠદાન છે એમ આપણા શાસ્ત્રકારોએ વર્ણવ્યું છે. ગૌસેવા એ જ શ્રેષ્ઠ પ્રભુસેવાના એક માત્ર ઉમદા ઉદ્દેશ્યને વરેલી છેલ્લાં ૬૫ વર્ષથી અમરેલી જિલ્લાના રાજુલામાં કાર્યરત પૂ. પૂંજાબાપુ દ્વારા સ્થાપિત અને શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ દ્વારા સંચાલિત પાંજરાપોળમાં આશરે ૯૨૫થી વધુ અંધ, લંગડી, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી વસૂકી ગયેલી ગૌમાતાઓ અને અનાથ વાંછરડાઓની સેવા થાય છે. આ પાંજરાપોળ / સંસ્થાનો નિભાવ માત્ર દાતાઓના ગૌદાનથી થાય છે અને સહાયની અત્યંત જરૂર છે. પાંજરાપોળની બીમાર, વિકલાંગ ગૌમાતાઓ હરીફરી શકે અને તંદુરસ્ત રહે એવા એક માત્ર શુભ આશય અને ભાવનાથી... ગૌચારણ માટે લેવાયેલી ભૂમિ માટે 'ભૂમિદાન યોજના'માં માત્ર રૂ. ૫૧,૦૦૦/- + આપનાર દાતાઓના નામ સોનેરી અક્ષરે તક્તિમાં અંકિત કરવામાં આવશે. પાંજરાપોળની વધુ વિગતો તેમ જ અનુદાન આપવા અંગે કપોળ વૈષ્ણવ શ્રેષ્ઠી ગોપાલદાસ પારેખનો સંપર્ક કરવો. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૭૧.૧ કરોડ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત પાંચમી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૧.૧ કરોડ ડૉલર ઘટીને ૬૮૧.૬૧૦ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું આરબીઆઈએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૯૩.૮ કરોડ ડૉલર વધીને ૬૮૨.૩૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ અનામતોમાં સૌથી બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૭૦૪ અબજ ડૉલર ઘટીને ૫૪૩.૪૪૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવાતી હોય છે.વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૯૭૫ અબજ ડૉલર વધીને ૧૧૪.૫૭૫ અબજ ડૉલરની સપાટીએ અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧.૮ કરોડ ડૉલર વધીને ૧૮.૭૬૫ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૪.૮૨૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

# છૂટાછવાયાં કામકાજે ખાદ્યતેલમાં ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સપ્તાહના અંત ઉપરાંત બૅન્કો પણ બંધ હોવાથી હાજર,ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હતા. જોકે, રવાનગીનાં છૂટાછવાયાં કામકાજ થયાં હતાં અને ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫, સોયા રિફાઈન્ડના જૂન અને જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, પતંજલિ ફૂડ્સના આબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ તથા જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, ગોકુલ એગ્રોના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને જીવનના આરબીડી પામોલિનના રૂ.૧૪૫૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૬૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૩૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫થી ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૭૫થી ૧૪૮૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦થી ૧૫૨૫માં થયા હતા.

હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫, સિંગતેલના રૂ. ૧૫૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦ અને સરસવના રૂ. ૧૬૧૦ના મથાળે રહ્યાં હતા. ■

# ટીનમાં સ્ટૉકિસ્ટોની લેવાલીએ વધુ ₹ બાવનની તેજી

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બાવનની તેજી આવી હતી, જ્યારે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં બ્રાસ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. બેથી પાંચનો સુધારો, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો ઘટાડો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બાવનની તેજી સાથે રૂ. ૫૨૪૪ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લા બે સત્રમાં ટીનના ભાવમાં રૂ. ૧૩૪ની તેજી આવી છે. વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૪૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૭૩ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૮૫ અને રૂ. ૮૮૫ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે તમામ ધાતુઓના ભાવ વધી આવ્યા બાદ આજે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૩૧૫, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૮૧ અને કોપર સ્ક્રેપ હેવી તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૩૦૮ અને રૂ. ૧૭૩૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ .૧૩૧૮, રૂ. ૧૨૯૮, રૂ. ૧૨૦૯ અને રૂ. ૨૧૧ના મથાળે ટકેલા રહ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં થયા હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ છતા સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૬થી ૪૧૮૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરો માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૬૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ - ટેન્ડર નં.: 47-2026-27 થી 48-2026-27 & 50-2026-27 થી 51-2026-27

| નં. | ઈ -ટેન્ડર નં | કાર્ય નું નામ | ટેન્ડર કિંમત રુ. | ઈએમડી રુ. |
|---|---|---|---|---|
| 1 | 47-2026-27 | ભાવનગર મંડળના મંજૂર કામ અંતર્ગત જોરાવરનગર અને ચૂડા રેલવે સ્ટેશનોનો પુનર્વિકાસ, 03 સ્ટેશનનો પુનર્વિકાસના (જોરાવરનગર, પાનેલી મોટી અને ચૂડા) | 48992837.33 | 979900.00 |
| 2 | 48-2026-27 | ભાવનગર મંડળના મંજૂર કામ અંતર્ગત 8 NSG-6 શ્રેણીના સ્ટેશનો પર હાલના સ્તરથી ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મ બનાવવા માટે ખોડિયાર મંદિર, કુંડલી અને જાળિયા સ્ટેશનો પર પ્લેટફોર્મ ઊંચું કરવાની કામગીરી. | 35422558.80 | 708500.00 |
| 3 | 50-2026-27 | PRCL વિભાગના ઢસા-પીપાવાવ સેકશનમાં વરિષ્ઠ વિભાગીય ઈજનેર (C) ના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલા 27 લેવલ ક્રોસિંગ પર પોર્ટા કેબિનના સ્થાને ડ્યુટી બંકની વ્યવસ્થા. | 40005615.93 | 800100.00 |
| 4 | 51-2026-27 | ભાવનગર મંડળ : ગોંડલ રેલવે સ્ટેશન ખાતે ગુડ્સ શેડ સંબંધિત સુવિધાઓની વ્યવસ્થા. | 72809912.22 | 1456200.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 19/06/2026 બિડિંગ બંધ થવાની તારીખ: 03/07/2026 NIT ને રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ - 11/06/2026 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. BVP 056

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



## જ્યારે શુદ્ધતા બને જીવનશૈલી

# મનોરની અલખ ગીર ગૌશાળાના કૃષ્ણદેવ ડેરી ફાર્મ સેન્ટરનું A2 દૂધ અને ૧૦૦ ટકા શુદ્ધ ઘી

## નામ એક, લાભ અનેક

**બાળકોના વિકાસથી લઇને વડીલોના આરોગ્ય સુધી દૂધ આપણા જીવનનો અભિન્ન ભાગ છે, પરંતુ વધતી જાગૃતિ વચ્ચે હવે લોકો માત્ર દૂધ નથી ખરીદતા; તેઓ વિશ્વાસ, સ્ત્રોત અને શુદ્ધતા પસંદ કરે છે**

સવારની શરૂઆત ચાના કપથી થાય, બાળકોને સ્કૂલમાં મોકલતાં પહેલાં દૂધનો ગ્લાસ તૈયાર થાય, વડીલો રાતે હળદરવાળું દૂધ પીએ અને રસોડામાં ઘીનો વઘાર પડે. ભારતીય પરિવારોમાં દૂધ અને ઘી માત્ર ખાદ્યપદાર્થ નથી, જીવનશૈલીનો એક ભાગ છે. કદાચ એટલા માટે જ આજે લોકોના મનમાં એક સવાલ વધુ ગાઢ બનતો જાય છે કે જે દૂધ આપણે રોજ પીએ છીએ એ ખરેખર કેટલું શુદ્ધ છે? થેંન્કસ ટુ સોશ્યલ મીડિયા આજે લોકો પ્રોડક્ટ્સનાં લેબલ વાંચતા થયા છે અને પોતે જે ખાય અથવા પીએ છે એ ૧૦૦ ટકા શુદ્ધ છે કે નહીં એની તપાસ કરીને પછી જ એ લે છે.

થોડાં વર્ષો પહેલાં સુધી દૂધ ખરીદતી વખતે લોકો માત્ર ભાવ પૂછતા હતા, હવે લોકો સવાલ પૂછે છે : ગાય કઇ જાતની છે? પશુઓને શું ખવડાવવામાં આવે છે? દૂધ ક્યાંથી આવે છે? એમાં કોઇ ભેળસેળ છે? આ પરિવર્તન માત્ર બજારનું નથી, પરંતુ ગ્રાહકોની વધતી જાગૃતિનું પ્રતિબિંબ છે.

આ જ બદલાતી જરૂરિયાત વચ્ચે કૃષ્ણ ડેરી ફાર્મે પોતાના A2 ગીર ગાયના દૂધ અને શુદ્ધ ઘી સાથે એવી વ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે. જ્યાં ભાર માત્ર ઉત્પાદન પર નહીં, પરંતુ આખી પ્રક્રિયાની શુદ્ધતા પર હોય, ફાર્મથી ગ્રાહક સુધી પહોંચતી દરેક કડીમાં પારદર્શિતા જાળવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

krishndev DAIRY FARM

### શા માટે A2 ?

A2 દૂધ વિશે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ચર્ચા વધી છે. દેશી ગીર ગાયોના દૂધમાં મળવા વિશિષ્ટ પ્રકારના પ્રોટીનને કારણે ઘણા લોકો હવે આ દૂધને પોતાની રોજિંદી જીવનશૈલીમાં સ્થાન આપી રહ્યાં છે. ખાસ કરીને બાળકો, વડીલો અને આરોગ્ય પ્રત્યે સજાગ પરિવારોમાં A2 દૂધ પ્રત્યેનો રસ સતત વધતો જોવા મળે છે. A2 ગીર ગાયના દૂધમાં A2 બીટા-કેસીન પ્રોટીન હોય છે, જે સામાન્યપણે મળતા દૂધમાં રહેલા A2 બીટા-કેસીનની તુલનામાં સરળતાથી પચી જાય છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે A2 દૂધ, A1 દૂધ સાથે સંકળાયેલા પાચન સંબંધી તકલીફોનું જોખમ ઘટાડે છે.




### કિંમત અને ઉપલબ્ધતા

| A2 ગીર ગાયનું દૂધ | |
|---|---|
| ૧ લિટર કાચની બોટલ | રૂ. ૨૩૦ |

| શુદ્ધ ઘી | |
|---|---|
| ૧ કિલો | રૂ. ૫૦૦૦ |
| ૫૦૦ ગ્રામ | રૂ. ૨૫૦૦ |

### આ દૂધને શું બનાવે છે ખાસ ?

લેક્ટોઝ પ્રત્યે સંવેદનશીલ લોકો માટે ઉત્તમ જે લોકોને સામાન્ય દૂધ પચવામાં તકલીફ પડે છે તેમને માટે A2 દૂધ એક આશીર્વાદ સમાન છે. એની રચના પાચનને સરળ બનાવે છે અને પ્રચલિત દૂધનો એક સક્ષમ વિકલ્પ પૂરો પાડે છે.

▸ પોષક તત્ત્વોથી ભરપૂર A2 ગીર ગાયનું દૂધ કેલ્શિયમ, પોટેશિયમ અને ફોસ્ફરસ જેવાં ખનિજ તત્ત્વોથી સમૃદ્ધ છે. જે મજબૂત હાડકાં અને દાંત સારી સ્નાયુ કામગીરી, બ્લડપ્રેશર નિયંત્રણ અને સારા કોલેસ્ટરોલ (HDL) માટે અત્યંત આવશ્યક છે.

▸ રોગ પ્રતિકારક શક્તિ અને આંખોનું સ્વાસ્થ્ય વિટામિન-A રોગપ્રતિકારક શક્તિ જાળવવા માટ અનિવાર્ય છે અને એ A2 દૂધમાં ભરપૂર માત્રામાં મળે છે. વિટામિન-A નું વધુ સેવન રોગપ્રતિકારક કોષોની કાર્યક્ષમતા વધારે છે. એ ઉપરાંત એ આંખના રેટિના અને કોર્નિયાના સ્વાસ્થ્યને જાળવી, મોતિયો આવવાનું જોખમ ઘટાડવામાં મદદ કરે છે.

▸ મગજ અને જ્ઞાનાત્મક ક્ષમતા A2 દૂધના નિયમિત સેવનથી જ્ઞાનાત્મક ક્ષમતામાં સુધારો થાય છે જે યાદશક્તિ વધારવા માટે ઉત્તમ ટોનિક છે-ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે ઘણું ઉપયોગી.

▸ આરોગ્યપ્રદ ચરબી A2 ગીર ગાયના દૂધમાં કુદરતી રીતે ઓમેગા ફેટી એસિડ હોય છે જે મગજના વિકાસ અને રોજિંદી ઊર્જા માટે સહાયક છે.

▸ આયુર્વેદિક મહત્ત્વ આયુર્વેદ, ગીર ગાયના દૂધને સાત્ત્વિક, શીતલ, પોષણક્ષમ અને તમામ વયજૂથ માટે ઉપકારક ગણાવે છે. A2 દૂધ પચનાગ્નિને ટેકો આપે છે અને ઝેરી તત્વો ઉત્પન્ન કર્યા વિના, રોજ પીવા માટે પણ યોગ્ય છે.

કૃષ્ણદેવ ડેરી ફાર્મની વિશેષતા માત્ર ગીર ગાયો પૂરતી મર્યાદિત નથી. અહીં ગાયોની સંભાળ, ખોરાક, આરોગ્ય અને દોહનની પ્રક્રિયા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. ગાયોની તંદુરસ્તી સારી હોય તો જ દૂધની ગુણવત્તા જળવાય એ વિચાર સાથે સમગ્ર વ્યવસ્થા રચાયેલી છે.

આજે શહેરના જીવનમાં એક મોટો પડકાર એ છે કે કુદરતી વસ્તુઓ સુધી પહોંચવું મુશ્કેલ બનતું જાય છે. આવી સ્થિતિમાં કાચની બોટલમાં પહોંચતું દૂધ અનેક લોકો માટે માત્ર પેકેજિંગ નથી, પરંતુ વિશ્વાસનું પ્રતીક બની રહ્યું છે. પ્લાસ્ટિકની થેલીઓ અને અત્યાધુનિક પ્રક્રિયાઓ વચ્ચે કાચની બોટલ ઘણા પરિવારોને જૂના સમયની યાદ અપાવે છે, જ્યારે દૂધનો અર્થ સીધો અને સાદો હતો. તેઓ કાચની બોટલ પણ ઢાંકણ સીલ કરીને આપે છે

### કૃષ્ણદેવ ડેરી ફાર્મનું શુદ્ધ ઘી

દૂધ પછી વાત આવે ઘીની, વર્ષો સુધી ઘીને લઇને અનેક ગેરસમજ ઊભી થઇ, પરંતુ હવે ફરી લોકો પરંપરાગત ખોરાક તરફ પાછા ફરી રહ્યાં છે. રસોડામાં વપરાતું ઘી માત્ર સ્વાદ માટે નહીં, પરંતુ જીવનશૈલીનો ભાગ બની રહ્યું છે. કૃષ્ણદેવ ડેરી ફાર્મનું શુદ્ધ ઘી પણ પરંપરાગત પદ્ધતિ અને ગુણવત્તા જાળવવાના પ્રયાસ સાથે તૈયાર કરવામાં આવે છે.

આખરે વાત માત્ર દૂધ કે ઘીની નથી. વાત એ છે કે આજે ગ્રાહક વધુ સજાગ બન્યો છે. તે માત્ર વસ્તુ નથી ખરીદતો. તે પોતાના પરિવાર માટે વિશ્વાસ પસંદ કરે છે.

કારણ કે જ્યારે વાત બાળકોની હોય, વડીલોના આરોગ્યની હોય અને રસોડાની શુદ્ધતાની હોય ત્યારે પસંદગીમાં બેદરકારી માટે કોઇ અવકાશ રહેતો નથી.

કદાચ એટલા માટે જ હવે પ્રશ્ન માત્ર 'દૂધ પીઓ છો ને?' નો નથી.

પ્રશ્ન એ છે કે...

'તમે તમારા પરિવાર માટે શું પસંદ કરો છો?'

**શું ખાસ કૃષ્ણદેવ ડેરી ફાર્મની પ્રોડક્ટસને ખાસ**

- ★ દેશી ગીર ગાયનું A2 દૂધ
- ★ કાચની બોટલમાં ઉપલબ્ધતા
- ★ ગુણવત્તા અને શુદ્ધતા પર ભાર
- ★ ગાયોની સંભાળ કેન્દ્રમાં રાખતી પદ્ધતિ
- ★ પરિવાર કેન્દ્રિત અભિગમ
- ★ પરંપરા અને આધુનિક જાગૃતિનો સમન્વય.

વધુ વિગતો અને ઓર્ડર કરવા માટે સંપર્ક કરો : 8652500001 / 8652500009.
krishndevdairyfarm.com


### હજી પાંચ દિવસ વરસાદ નહીં, પણ ગરમી ભયંકર

# મુંબઈ, થાણે, પાલઘર અને રાયગડ માટે યલો અલર્ટ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચોમાસું બેસવાને હજુ વાર છે. મુંબઈ સહિત ઘણી જગ્યાએ ગરમી અને ભેજનું પ્રમાણ વધી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ સુધી વરસાદની શક્યતા ઓછી છે. ચોમાસું સક્રિય થવામાં થોડો સમય લાગશે. પરિણામે ખેડૂતોની ચિંતા વધી ગઈ છે, કારણ કે વાવણીમાં વિલંબ થવાની સંભાવના છે. અલ નીનોના કારણે ચોમાસાના આગમનમાં મોડું થયું છે.

જૂન અડધો મહિનો વીતી ગયો હોવા છતાં વરસાદનું નામોનિશાન નથી. રાજ્યના કેટલાક ભાગમાં ઝાપટા પડી ગયા. આ અપવાદ બાદ કરતા સમગ્ર રાજ્ય વરસાદે ડિંગો બતાવ્યો છે. ગરમી વધવાથી જનતા ત્રસ્ત છે. પરસેવો વળી રહ્યો છે અને ઘણા લોકો લૂનો ભોગ પણ બની રહ્યા છે. આગામી દિવસોમાં મુંબઈમાં ગરમીની તીવ્રતાના સંકેતો

(જુઓ પાનું ૪) ▸▸

### હવે હૉસ્પિટલોનો વારો

# દર્દીઓને કોઇ પણ ફાર્મસીમાંથી દવા ખરીદવાનો અધિકાર, દબાણ કર્યું તો કડક કાર્યવાહી

મુંબઈઃ તુકારામ મુઢેને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ત્યારથી તેમની આક્રમક કાર્યશૈલીએ બધાને ચોંકાવી દીધા છે. ગુટખા અને પનીર પછી, તેમણે હવે સીધું ધ્યાન હોસ્પિટલો તરફ વાળ્યું છે. તેમણે હોસ્પિટલ વહીવટ અને મેડિકલ સ્ટોર્સની મનસ્વીતાને રોકવા માટે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે હોસ્પિટલોના મનસ્વી સંચાલનને રોકવા અને દર્દીઓની નાણાકીય લૂંટને રોકવા માટે કડક માર્ગદર્શિકા જારી કરી છે.

ઘણીવાર ખાનગી કે મોટી હોસ્પિટલોમાં દર્દીઓને તેમની પોતાની હોસ્પિટલ સાથે જોડાયેલી ફાર્મસીઓમાંથી જ

(જુઓ પાનું ૪) ▸▸

## ગુટખાની હેરફેરઃ હવે એમસીઓસીએ હેઠળ થશે કાર્યવાહી

મહારાષ્ટ્રઃ મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત ગુટખાના ગેરકાયદેસર કારોબારને જડમૂળથી નષ્ટ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મોટી તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યના ઇતિહાસમાં આવી કાર્યવાહી પ્રથમવાર થવા જઇ રહી છે, આ કાર્યવાહી અંતર્ગત ગુટખા વેચનારની સાથે સાથે તેનાથી જોડાયેલા માફિયાઓ વિરુદ્ધ એમસીઓસીએ હેઠળ મામલો

(જુઓ પાનું ૪) ▸▸

# 'ઓપરેશન ટાઇગર' માટે શિંદે પંચાંગ જોઈ રહ્યા છે

## કોઈ પણ ઘડીએ ઓપરેશન પૂર્ણ થઇ શકેઃ કેન્દ્રીય પ્રધાનનો દાવો

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં હાલમાં 'ઓપરેશન ટાઇગર' વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે. શિવસેના યુબીટીના કેટલાક સંસદ સભ્યો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના સંપર્કમાં હોવાની વારંવાર ચર્ચા થાય છે. આ વાતાવરણમાં શિવસેનાના નેતા અને કેન્દ્રીય રાજ્ય પ્રધાન પ્રતાપરાવ જાધવે દાવો કરી જણાવ્યું છે કે ઓપરેશન ટાઇગર અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે અને પૂર્ણ થવાના આરે છે. શિવસેનાના મુખ્ય નેતા એકનાથજી શિંદે સાહેબ યોગ્ય સમય અને ક્ષણ નક્કી કરશે ત્યારે આ ઓપરેશન પૂર્ણ થશે. તેમના નિવેદનથી ઠાકરે જૂથમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે.

કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવ પરભણી જિલ્લાના ગંગાખેડ

(જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણથી નવી મુંબઈ જવા હવે થાણે નહીં ઊતરવું પડે

### કલવા-ઐરોલી રેલવે કોરિડોરના કામને વેગ

થાણેઃ કલ્યાણ, કલવા, થાણે અને નવી મુંબઈ વચ્ચે દરરોજ મુસાફરી કરતા હજારો પ્રવાસીઓ માટે રાહતના સમાચાર છે. છેલ્લા ૧૦ વર્ષથી અટકેલા કલવા-ઐરોલી રેલવે કોરિડોરના કામને હવે વેગ મળ્યો છે અને તેનું પ્રત્યક્ષ કામ પણ શરૂ થઈ ગયું છે. આ મોટા પ્રોજેક્ટને કારણે ભવિષ્યમાં લોકોનો પ્રવાસ વધુ સરળ અને ઝડપી બનશે.

હાલમાં કલ્યાણ-કસારાથી નવી મુંબઈ જતા મુસાફરોને થાણે સ્ટેશન પર લોકલ બદલવી પડે છે, જેના કારણે ત્યાં ભારે ભીડ થાય છે. આ ભીડના ઉકેલ માટે સેન્ટ્રલ રેલવે કલવા થી ઐરોલી વચ્ચે ૮ કિલોમીટરનો નવો રેલ્વે કોરિડોર બનાવી રહી છે, જેથી બંને વિસ્તારો વચ્ચે સીધી ટ્રેન સેવા શરૂ થશે.

આ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન મેળવવા અતિક્રમણ હટાવવાનું કામ શરૂ છે, જેમાં પહેલા તબક્કામાં આશરે ૧૫૦ ઝૂંપડાં હટાવવામાં આવ્યા છે. રેલ્વે પ્રશાસને આ પ્રોજેક્ટને બે તબક્કામાં વહેંચ્યો છે. પહેલા તબક્કામાં 'દિઘે' રેલવે સ્ટેશનનું કામ પૂરું થઈ ગયું છે અને તે મુસાફરો માટે ખુલ્લું મુકાયું છે. જ્યારે બીજા તબક્કે કલવા-ઐરોલી રેલવે લાઇનનું નિર્માણ કરવામાં આવશે, જેમાં આશરે ૩.૩ કિલોમીટરનો ભાગ એલિવેટેડ હશે. આ કોરિડોર પૂરો થતાં જ વાશી અને બેલાપુર તરફથી આવતી લોકલ ટ્રેનો સીધી કલ્યાણ તરફ દોડી શકશે, જેનાથી થાણે સ્ટેશન પરની ભીડ ઓછી થશે.■

### આર્થિક મંદીની ઐસીતૈસી

# ભારત ૨૪ કલાકમાં ૯૪ ટકા વિદેશી દેવું ચૂકવી શકે એમ છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે દેશમાં આર્થિક મંદીની ચિંતાઓને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે ભારત પાસે એક જ દિવસમાં તેના ૯૪ ટકા વિદેશી દેવાની ચુકવણી કરવાની ક્ષમતા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના કાર્યકાળ નિમિત્તે મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ફડણવીસે અગાઉના વર્ષોની આર્થિક પરિસ્થિતિને યાદ કરતા કહ્યું કે એક સમય હતો જ્યારે ભારતની વિદેશી દેવાની ચુકવણી કરવાની ક્ષમતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવતી હતી. લોકો કહેતા હતા કે જો આઈએમએફ અને વિશ્વ બેંક ભારતને બચાવવા નહીં આવે તો દેશનું અર્થતંત્ર તૂટી પડશે કારણ કે તેની પાસે વિદેશી દેવું ચૂકવવા માટે પૂરતા પૈસા નથી. આજે, જો જરૂર પડે તો ભારત એક જ દિવસમાં ૯૪ ટકા વિદેશી દેવું ચૂકવી શકાય એમ છે.

મુખ્ય પ્રધાને એમ પણ જણાવ્યું હતું કે કે મંદીની વારંવાર આગાહીઓ છતાં દેશ વિશ્વમાં સૌથી વધુ વિકાસ દર નોંધાવી રહ્યો છે. મંદીની આગાહી કરનારાઓ ખોટા પડ્યા છે. જાન્યુઆરી-માર્ચના ત્રણ મહિનામાં ભારતનો જીડીપી ૭.૮ ટકા વૃદ્ધિ સાથે મજબૂત રહ્યો છે. ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે અને ૪.૫ ટ્રિલિયન ડોલરનો આંકડો પાર કરી ચૂક્યું છે અને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર દેશ આગળ વધી રહ્યો છે. (પીટીઆઈ)■

# રિઝર્વ બૅન્કે મુંબઈની મોગાવીરા બૅન્ક પર પ્રતિબંધ મૂક્યા

મુંબઈઃ ભારતીય રિઝર્વ બેંકે ગ્રાહકોના હિતોને ધ્યાનમાં રાખીને મુંબઈની મોગાવીરા કોઓપરેટિવ બેંક સામે કડક કાર્યવાહી કરી છે. બેંકની કથળી રહેલી નાણાકીય સ્થિતિને કારણે આરબીઆઈએ આ બેંક પર અનેક પ્રતિબંધો મૂક્યા છે. હવે બેંકના ખાતાધારકોને તેમના ખાતામાંથી મહત્તમ ૧ લાખ રૂપિયા ઉપાડવાની મંજૂરી આપવામાં આવશે. આ પ્રતિબંધો ૧૨ જૂનના દિવસે કામકાજ બંધ થયા પછી અમલમાં આવ્યા છે અને આગામી છ મહિના સુધી અમલમાં રહેશે. આ પ્રતિબંધોની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

(જુઓ પાનું ૪) ▸▸

# મધ્ય-હાર્બરમાં આજે બ્લોક

મુંબઈઃ મુંબઈમાં વિકેન્ડ દરમિયાન પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વની કામગીરી માટે મેગા બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. મેગાબ્લોકનાં કારણે પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

પશ્ચિમ રેલવે દ્વારા હાર્બર લાઈનમાં બાંદ્રા અને ગોરેગાંવ સ્ટેશન વચ્ચે સવારે ૧૦.૩૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા સુધી જમ્બો બ્લોક રાખવામાં આવશે. આ જમ્બો બ્લોક રેલવે દ્વારા સિગ્નલિંગ , એન્જિનિઅરિંગ અને ઓવરહેડ ઇકવીપમેન્ટના મેન્ટેનન્સના કામ માટે રાખવામાં આવશે. પશ્ચિમ રેલવેના મુખ્ય અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, બ્લોક દરમિયાન મધ્ય રેલવેની હાર્બર લાઈન સેવાઓમાં

(જુઓ પાનું ૪) ▸▸

# પાલિકા સ્તરે પણ શરૂ થશે 'લાડકી બહિણ' યોજનાઃ સરકારને મોકલાયો પ્રસ્તાવ

મુંબઈઃ રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' યોજનાની તર્જ પર મુંબઈ મહાનગરપાલિકાએ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી જરૂરિયાતમંદ મહિલાઓ માટે 'સ્વાભિમાન નિધિ' યોજના શરૂ કરવાનો વિચાર કર્યો છે. ઘરકામ કરતી મહિલાઓ, રસોઈકામ તેમજ અન્ય અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારોને દર મહિને ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાનો આ પ્રસ્તાવ છે અને તે માટે રાજ્ય સરકાર પાસે મંજૂરી માગવામાં આવી છે. આ યોજનાને કારણે મહાનગરપાલિકા પર દર મહિને ૭૫ થી ૧૦૦ કરોડ રૂપિયાનો વધારાનો આર્થિક બોજ પડવાની શક્યતા છે.

તાજેતરમાં યોજાયેલી મહાનગરપાલિકાની ચૂંટણીમાં શિવસેના (યુબીટી) એ તેમના જાહેરનામામાં મહિલાઓને આર્થિક સહાય આપવાની યોજનાનો ઉલ્લેખ કર્યો હતો.

ચૂંટણી પછી વિરોધ પક્ષના નેતા કિશોરી પેડણેકરે આ પ્રસ્તાવ ગૃહના નેતા ગણેશ ખણકરને મોકલ્યો

(જુઓ પાનું ૪) ▸▸

**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**